
માત્થાની સુવાર્તા

ચરીઃ.

A COMMENTARY ON ST. MATTHEW'S GOSPEL.



ગાલીલ
સમારીઆ
યહુદ
ઈદુમીઆ
ગેરાસા

૫૫૦૯

A COMMENTARY
ON THE
GOSPEL ACCORDING TO ST. MATTHEW,

BY

R. W. SINCLAIR,
GOGHA.

માત્થીનાં સુવાર્ત્તા.

સટીક.

રચનાર

આર. ડબ્લ્યુ. સિંકલેર.
ગોઘા.

અમદાવાદમાં

મામાંની હવેલી મધ્યે અમદાવાદ યુનાઈટેડ પ્રીન્ટીં-
ગ અને જનરલ એજંસી કંપની "લિમિટેડ" ના
પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૪૯——ઈ. સ. ૧૮૯૩.

કિમ્મત ૧૨ આના.

PREFACE.

IN this little book I have tried to explain, in a way that the Native Christians of Gujarat and Kathiawad would understand, the difficulties met with in St. Matthew's Gospel; and I have added such historical and geographical notes as were likely to prove of use. I have followed the comments of no one particular writer; but I am much indebted to the volume on St. Matthew's Gospel in the "Cambridge Bible for Schools" series, and in a less degree to Dean Plumptre's Commentary edited by Bishop Ellicott, and to the learned Commentary of Dr. Morison.

For the matter of this book I alone am responsible, but in the language and the style, I have been greatly helped by Mr. Job Bhana, Mr. Jacob Gangaram, and most of all by a Hindu friend who has placed his time and talents at my disposal in a most liberal manner. I have

also to thank my friend Mr. Scott for his kindness in reading over the manuscript.

I conclude with the hope that this book may prove useful to many a Native Christian, in helping him to a better understanding of the life and work of the great Saviour of mankind.

Gogha.
November 1892. } R. W. SINCLAIR.

પ્રસ્તાવના.

માથ્થીની સુવાર્તા વાંચતાં દેશી ખ્રીસ્તીઓને કઠણ લાગે તથા એકદમ સમજાય નહિ એવી વાતોનો આ નાના પુસ્તકમાં સરલતાથી ખુલાસો કરવામાં આવ્યો છે. ભૂગોળ તથા ઈતિહાસ સંબંધી પણ કેટલીક બાબતોની સ્પષ્ટ સમજુતી આપેલી છે. આ પુસ્તકની અંદર જે ટીકા લખી છે, તે બીજાં પુસ્તકો ઉપરથી માત્ર તરજુમો છે, એમ ન સમજવું; પરંતુ ટીકાના બે ત્રણ અંગ્રેજી ગ્રંથોની મેં સારી પેઠે સહાય લીધેલી છે, ને તેમાંથી ઉતારા કરેલા છે. હજી મને ગુજરાતી ભાષાનો જોઈએ તેટલો અનુભવ નથી થયો, તેથી મારે મારૂં લખાણ સુધરાવવું પડયું છે. આ સંબંધમાં મી. અયુબ ભાણા, મી. યાકુબ ગંગારામ, અને વિશેષે કરીને એક હિંદુ મિત્રે ઉદારતાપૂર્વક મને જે મદદ આપેલી છે, તે માટે હું તેમનો આભારી છું. વળી રેવરંડ સ્કોટ સાહેબને પણ મારૂં લખાણ વાંચી જવાની મેં તસ્દી આપેલી છે.

આ પુસ્તક વાંચવાથી જગતના મહાન તારનાર ઈસુ ખ્રીસ્ત, તેના બોધ, અને કામ વિષે, દેશી ખ્રીસ્તીઓને વધારે સમજણ પડે અને તેમને તે તરફ વધારે પ્રીતિ ઉત્પન્ન થાય એવી મારી નમ્ર પ્રાર્થના છે.

ગોધા.

નવેંબર, ૧૮૯૨. R. W. SINCLAIR.

જુના કરારનાં પુસ્તક.

ઉત=ઉત્પત્તિ.
નિ=નિર્ગમન.
લે=લેવીય.
ગણુ=ગણુના.
પુ=પુનર્નિયમ.
યહ=યહોશુઆ.
ન્ય=ન્યાયાધીશ
રૂથ=રૂથ.
સમ=સમુએલ.
રા=રાજા.
કા=કાલવૃત્તાંત.
એઝ=એઝરા.
નહ=નહેમયા.
એસ=એસ્તેર.
યુ=અયુબ.
ગી=ગીત.
દૃષ્ટ=દૃષ્ટાંતવચન.
સભ=સભાશિક્ષક.
સુલ=સુલેમાનનું ગીત.
યશ=યશાયા.
યર=યર્મેયા.
વિ= ,, વિલાપ.
હજ=હજકીએલ.
દા=દાનીએલ.
હો=હોશીઆહ.
યોએ=યોએલ.
આ=આમોસ.
ઓ=ઓબાદયા.
યુન=યુના.
મી=મીકાહ.
ના=નાહુમ.
હબ=હબાકુક.
સફ=સફનીયાહ.
હા=હાગાય.
જખ=જખરીયા.
મલ=મલાકી.

નવા કરારનાં પુસ્તક.

મા=માત્થી.
માર્ક=માર્ક.
લુ=લુક.
યો=યોહાન.
પ્રે=પ્રેરિતોનાં કૃત્ય.
રૂ=રૂમી.
કર=કરીંથી.
ગલ=ગલાતી.
એફ=એફેશી.
ફિલ=ફિલિપી.
કલ=કલોસી.
થેસ=થેસ્સાલોનીકી.

તીમ=તીમોથી. પી=પીતર.

તીત=તીતસ. યો=યોહાન.

ફ્લ=ફીલેમોન. યહુ=યહુદા.

હેબ=હેબ્રી. પ્રક=પ્રકટીકરણ.

યા=યાકુબ.

ઈત્ય=ઈત્યાદિ.

અ=માત્થીનો અધ્યાય.

ક=ચાલતા અધ્યાયની કલમ.

પ્રસ્તાવના.

પાલીસ્ટાઈન દેશમાં ગાલીલના સમુદ્ર કાંઠે કાપરનાહુમ નામે એક બંદર હતું, તેમાં આલફીનો દીકરો લેવી નામનો એક માણસ રહેતો હતો. એ ગામ હેરોદ આંટીપાસ રાજાના તાબામાં હતું, ને એમાં લેવી જકાતદારનું કામ કરતો હતો. એક દિવસ તે દાણ લેવાની ચોકીપર બેઠો હતો, ત્યારે ઈશુએ તેની પાસે આવીને કહ્યું કે "મારી પાછળ આવ" એ સાંભળી તે એકદમ ઉઠી તેની પાછળ ગયો. આ બનાવ પહેલાં લેવીને ખ્રિસ્તની સાથે ઓળખાણ હતી કે નહીં એ વિષે શાસ્ત્રમાં કંઇ લખેલું નથી પરંતુ એવું અનુમાન થાયછે કે તેણે ઘણીવાર ખ્રિસ્તનો ઉપદેશ સાંભળ્યો હશે ને તેજ કારણથી તેનું મન તેની સાથે જવાને ખેંચાયું. માર્ક ૧; ૧૬–૧૮ અને યોહાન ૧; ૩૫–૪૨ આ બે વાકયોનો મુકાબલો કરતાં પહેલા વાક્યથી એવું માલમ પડેછે કે શીમોનને તથા આંદ્રીઆને પહેલાં ઈશુની સાથે કંઈ ઓળખાણ નહીં હતી, પણ બીજા વાકય ઉપરથી એમ દેખાય છે કે તેઓને શિષ્ય થવાને તેડ્યા, તે અગાઉ ખ્રિસ્તની સાથે ઓળખાણ થએલી હતી, ને એજ પ્રમાણે કદાચ લેવીને પણ ખ્રિસ્તની સાથે ઓળખાણ થઈ હશે. વિદ્વાનો કહેછે કે લેવીને ઈશુએ તેડ્યો ત્યાર પછી તેનું એક નવું નામ માત્થી એટલે "દેવની બક્ષીસ" એવું પાડ્યું. ત્યારપછી તેણે ખ્રિસ્તને તથા તેના શિષ્યોને જમવા નહોતર્યા, અને પછી તે ખ્રિસ્તની પાછળ પોતાનું સર્વ મુકીને ગયો.

સુવાર્ત્તામાં જે જગાએ બાર શિષ્યોનાં નામ લખેલાંમાં

આવ્યાં છે, તે શિવાય શાસ્ત્રમાં બીજે કોઈ પણ ઠેકાણે માથી એ નામ વાંચવામાં આવતું નથી. વળી સંભવ છે કે લેવી શ્રીમંત હતો, તોપણ સ્વભાવે તે ઘણોજ નમ્ર હતો કેમકે પોતે પ્રેરિતોના નામની યાદી લખતાં તે પોતાને "માત્થી દાણી" એમ કહેછે, તો એ પ્રમાણે કહેવામાં તે પોતાની દીનતા બતાવેછે, કારણ કે યહુદી લોકો દાણી લોકોને ઘણા નીચ જુલમી તથા પાપી ગણતા હતા.

ઈશુ ખ્રિસ્ત યહુદીઓનો ખરેખર વચનદત્ત રાજાછે, અને આગળ જતાં તે સર્વ દેશનો રાજા થશે, એવો માત્થીને પૂર્ણ વિશ્વાસ હતો, માટે જે આવનાર મશીહ તેજ ઈશુ છે એ સ્થાપન કરવા તેણે વિશેષે કરી આ સુવાર્ત્તા યહુદી લોકને સારૂ લખી. એમ છે તોપણ એ સુવાર્ત્તા બધી દુનિયાને સારૂ છે. કેમકે ખ્રિસ્તનું રાજ્ય આખી પૃથ્વી ઉપર ફેલાશે, એવું એમાં વાંચવામાં આવેછે, અને એ કારણને લીધે માગી લોકનું ખ્રિસ્તના જન્મ વખતે આવવું તથા ઈશુને લઇને મરિયમનું મિસરમાં જવું, અને કનાની બાઇડીની દીકરીને સાજી કરવી એ વાતો માત્ર એજ સુવાર્ત્તામાં આવેછે.

માત્થીની સુવાર્ત્તા વિશેષે કરીને યહુદી લોકોને માટે લખેલી હતી, તે વિષે પ્રમાણ.

૧. ઘણી જુની હેબ્રી ભવિષ્યવાત તેમાં લખેલી છે.
૨. ખ્રિસ્તમાં ઘણી ભવિષ્યવાતો પુરી થયેછે એમ બતાવેછે.
૩. યહુદી શબ્દ કે યહુદી લોકોની રીતભાતનો ખુલાસો કવચિતજ કરેછે.
૪. ઈસુના પહાડપરના ભાષણમાં મુસાના નિયમ-

શાસ્ત્રની વાતો લખેછે.

૫. ઈબ્રાહીમથી તથા દાઉદથી માંડીને ખ્રિસ્તની વંશાવળી આપેછે.

૬. મંદીરનો પડદો ફાટવા વિષેવર્ણન છે.

૭. લાટીન ભાષાના થોડાજ શબ્દો આવેછે.

૮. "આકાશનું રાજ્ય" એ વાક્ય ઘણું કરીને યહુદીઓનું કહેવાયછે, તે વાક્ય માત્થી વારંવાર લખેછે.

વિદ્વાનો કહેછે કે માત્થીએ પોતાની સુવાર્ત્તામાં કાળાનુક્રમ બીના લખી નથી, વળી એ સુવાર્ત્તા વિષે બીજા પણ બે અભિપ્રાય છે. એટલે કેટલાએક કહેછે કે પ્રથમ એ સુવાર્ત્તા ગ્રીક ભાષામાં લખેલી હતી, પણ બીજાઓ કહેછે કે તે હેબ્રી ભાષામાં હતી, અને પાછળથી તેનો ગ્રીક ભાષામાં તરજુમો કરવામાં આવ્યો.

કેવળ માત્થીની સુવાર્ત્તામાં વર્ણવેલા ચમત્કાર, દ્રષ્ટાંત, બોધ તથા પરચુરણ વાતો.

ચમત્કાર.

૧. બે આંધળા દેખતા કર્યાામાં આવ્યા. ૯; ૨૭–૩૧.

૨. પીતરને માછલીના મોંમાંથી રૂપીઓ મળ્યો. ૧૭; ૨૪–૨૭.

દ્રષ્ટાંત.

૧. કડવા દાણાનું. ૧૩; ૨૪–૩૧.

૨. સંતાડેલું દ્રવ્ય. ૧૩; ૪૪.

૩. ઘણા મુલ્યનું મોતી. ૧૩; ૪૫–૪૬.

૪. જાળ વિષેનું. ૧૩; ૪૭–૫૦.

૫. નિર્દય ચાકર. ૧૮; ૨૩–૩૫.

૬. દ્રાક્ષવાડીના મજુર. ૨૦; ૧–૧૬.

૭. બે દીકરા વિષેનું. ૨૦; ૨૮–૩૨.
૮. રાજાના કુંવરનું લગ્ન. ૨૨; ૧–૧૪
૯. દશ કન્યાઓનું. ૨૫; ૧–૧૩.
૧૦. તાલંત વિષે. ૨૫; ૧૪–૩૦.

બોધ.

૧. પહાડઉપરના ઉપદેશનો કેટલોક ભાગ. અ.૫.૬. ૭.
૨. કષ્ટ કરનારા તથા ભારથી લાદેલાઓને નહોતરૂં. ૧૧; ૨૮–૩૦.
૩. મિથ્યા વાત વિષે. ૧૨; ૩૬–૩૭.
૪. પીતરપરનો આશીર્વાદ. ૧૬; ૧૭–૧૯.
૫. નમ્રતા તથા માફ કરવા વિષે. અ. ૧૮.
૬. પરમેશ્વર યહુદીઓનો ત્યાગ કરેછે. ૨૧; ૪૩.
૭. ઈશુ ફરોશીઓને તથા શાસ્ત્રીઓને દોષિત ઠરાવેછે. અ. ૨૩.
૮. ન્યાયના દિવસની હકિકત. ૨૫; ૩૧–૪૬.
૯. ઈશુ પ્રેરિતોને સર્વ દેશોમાં સુવાર્તા પ્રગટ કરવા મોકલેછે. ૨૮; ૧૮–૨૦.

પરચુરણ વાતો.

૧. બીજાઅધ્યાયમાં લખેલી બધી વાત એટલે માગી લોકનું આવવું, બાળહત્યા, મરિયમનું મિસરમાં જવું, ને ત્યાંથી નાજરેથમાં પાછું આવવું.
૨. ફરોશીઓ તથા સાદુકીઓ યોહાનની પાસે બાપ્તિસ્મા પામવા આવ્યા. ૩; ૭.
૩. પીતર પાણીપર ચાલવા લાગ્યો. ૧૪; ૨૮–૩૧.
૪. ઈશુ કર આપેછે. ૧૭; ૨૪–૨૭.
૫. યહુદાનો બંદોબસ્ત, તેનો પસ્તાવો અને મરણ.

૨૬; ૧૪-૧૬; ૨૭; ૩-૧૦.

૬. પિલાતની વહુનું સ્વપ્ન. ૨૭; ૧૯.

૭. યરૂશાલેમમાં મરી ગએલા પવિત્રોનું પુનરૂત્થાન. ૨૭; ૫૨.

૮ ઈશુની કબરપર ચોકી મુકી તેનું વર્ણન. ૨૭;૬૨-૬૬

૯. જુઠું બોલવા સારૂ ચોકીદારોને લાંચ આપી. ૨૮; ૧૧-૧૫.

૧૦. ધરતીકંપ વિષે. ૨૮; ૨.

પ્રભુ ઈશુ ખ્રિસ્તના જન્મની વેળાએ કેટલાએક જંગલી દેશો શિવાય આંખી દુનિયાપર રૂમી રાજ્ય ચાલતું હતું. અને તેમનો બાદશાહ સીઝર આગસ્તસ રાજ્ય કરતો હતો. પણ થોડા વરસ પછી તેનું મરણ થયું. માટે એના પછી તીબેરીઅસ ગાદીપતિ થયો. અને તેની કારકીર્દિમાં યહુદીઓએ ઈશુને વધસ્તંભે જડાવીને મારી નાંખ્યો. તીબેરીઅસ ઘણો જુલમગાર તથા ક્રૂર હતો અને પોતાની પ્રજા ઉપર બળાત્કાર ચલાવતો, માટે ઘણું કરીને આ કારણને લીધે સેતાને ઈશુને કહ્યું કે જો તું પગે પડી મારૂં ભજન કરશે, તો આ સઘળાં હું તને આપીશ. આ પરીક્ષણ ઘણું ભારે હતું, કેમકે કદાચ ઈશુને તેથી એમ વિચાર આવે કે હું આ ક્રૂર રાજાને ઠેકાણે રાજ્ય ચલાવું તો કેવું સારૂં.

એ વખતે પાલીસ્ટાઈન દેશમાં પણ રૂમી રાજ્યની સત્તા ચાલતી હતી; ને તેમના તરફથી નીમાઈને એ દેશ ઉપર હેરોદ રાજા રાજ્ય ચલાવતો હતો. એજ હેરોદની બીકથી યુસફ, મરિયમને તથા ઈશુને લઈને મિસર દેશમાં નાશી ગયો હતો. ત્યાર પછી થોડા વખતમાં હેરોદ મરણ પામ્યો ને તેના રાજ્યના વિભાગ પડ્યા, તેમાં આર્ખેલાઉસને ભાગે

યહુદા તથા સમારીઆ પ્રાંત આવ્યા. અને આન્ટીપાસને ગાલલ તથા પેરિયા મળ્યા. આર્ખેલાઉસ પોતાના બાપના જેવોજ ક્રૂર ને જુલમી હતો; તેથી જ્યારે યુસફ, મરિયમને તથા ઈશુને લઈને મિસરમાંથી પાછો આવ્યો, ત્યારે તે યહુદા પ્રાંત પડતો મેલીને ગાલીલ પ્રાંતમાં રહેવા ગયો હતો. આખરે આર્ખેલાઉસનો જુલમ એટલો બધો વધી ગયો કે રૂમી સરકારે તેને પદભ્રષ્ટ કરી દેશપાર કર્યો, અને તેને બદલે એક રૂમી ગવર્નરની નીમણુક કરી. દેશપર રૂમી રાજ્યની સત્તા તથા નિયમ ચાલતાં હતાં તોપણ યહુદી લોકોને પોતાના ધર્મના નિયમો ચલાવવાનો હક રહ્યો હતો. માટે રૂમીઓએ નહીં પણ યહુદીઓએ ઈશુનો ત્યાગ કર્યો. અગર જો કે યહુદીઓએ ઈશુનો ત્યાગ કર્યો તોપણ વાત એમ બની કે પોતાના શાસ્ત્ર પ્રમાણે ઈશુને પત્થરે મારી શક્યા નહીં, કારણ કે કોઈને મારી નાખવાનો અધિકાર તેઓના હાથમાં હતો નહીં. એ અધિકાર રૂમી સરકારે પોતાના સ્વાધીનમાં રાખ્યો હતો, માટે યહુદીઓએ ઈશુને વધસ્તંભે જડવા રૂમી ગવર્નરને સોંપ્યો ને તેથી એમાં ઘણી ભવિષ્યવાત પુરી થઈ.

ઈસ્વીસનના આરંભમાં બધી દુનિયા ઉપર લડાઈ બંધ હતી, અને પાલીસ્ટાઈન દેશમાં રૂમી, ગ્રીક, યહુદી ઈત્યાદિ બીજા ઘણા દેશોના લોકો રહેતા હતા, માટે ઈશુ તે લોકોને પોતાની સુવાર્તા ઘણી શાંતિથી પ્રગટ કરી શક્યો. વિદેશીઓની ચાલ તે વખતે કેવી હતી, તે રૂમીઓના પત્રના પહેલા અધ્યાયપરથી માલમ પડે છે. પૂજા કરવામાં અપવિત્રતા, બાળહત્યા, ગુલામગીરી અને આપઘાત કરવો, તેમજ ગ્લાડીયેટર નામે કેટલાએક માણસો હતા જેઓ

લોકોની આગળ ભલાઈ કરી બતાવવાને બહાને એકબી-જાને લૂંટી નાખતા હતા.

વળી કેટલાએક માણસોનો એવો પણ વિચાર હતો કે જેઓ સ્ત્રી, ઘર, છૈયાં છોકરાંનો ત્યાગ કરીને વનવાસ કરે તેઓ પવિત્ર તથા ધાર્મિક ગણાય, પણ ઈશુએ બતાવ્યું કે જગતનો ત્યાગ કરી વનવાસ કરવાથી કોઈ માણસ પવિત્ર તથા ધાર્મિક થઈ શકતો નથી. પણ તેના ઉપર વિશ્વાસ રાખી જગતના સર્વ કાર્ય વહેવાર ચલાવતાં ને સર્વ પાપથી દૂર રહી વર્તતાં હરેક માણસ ખરો ધાર્મિક થઈ શકેછે. કેમકે તેણે પોતાના શિષ્યોને સારૂ એવી પ્રાર્થના કરી કે તું તેઓને જગતમાંથી ન કહાડ પણ તેઓને જગતની સર્વ ભુંડાઈથી બચાવ.

પુરાતન સ્થાપના પ્રમાણે પરમેશ્વર ઉત્પન્ન કરનાર અને રાજા દેખાય છે પણ નવીન સ્થાપના પ્રમાણે પ્રીતિવાન બાપ જણાયછે, જુના કરારમાં પરમેશ્વર ઈબ્રાહીમ ઈસહાક અને યાકૂબનો દેવ, પણ નવા કરારમાં તે સર્વ દેશ જાતિઓનો પિતા થાયછે.

યહુદીઓ શિવાય, પ્રાચીનકાળના લોકો પાપ એટલે શું એ સમજતા નહોતા. ઘણા લોક એમ ધારતા હતા કે આત્મા પાપ કરતો નથી, પણ શરીર કરેછે માટે કોઈપણ રીતે શરીરને વશ રાખીએ તો પાપથી દૂર રહીશું. તે કારણથી તેઓ વનવાસ કરતા, પાપ કરવામાં કંઈ ગુન્હો નથી, પાપ એ ઈશ્વરનો વાંક છે તેમજ પાપ વિરૂદ્ધ ટકી રહેવું એ અશક્યછે, એમ તેઓ સમજતા. વળી મરણ પછી આપણો નાશ થશે કે નહીં તે વિષે પણ જુદા જુદા મત હતા.

પરમેશ્વર સર્વ દેશ જાતિઓનો પિતાછે, ને સર્વ માનવ જાત એક બીજાનાં ભાઇ બહેન છે, એમ તે કાળના વિદેશીઓ માનતા નહોતા, પણ બધા પરદેશી અને અજાણ્યા માણસો શત્રુ છે માટે જેમ બને તેમ તેઓને મારી નાંખવા, તેમની માલમિલકત લૂટી લેવી, તેમની પાંસે ગુલામગીરી કરાવવી, અને જે કોઇ પારકો માંણસ નજરે પડે તેને દુશ્મન ગણવો એવા તેઓના વિચાર હતા, એ કારણથી ઇશ્વર આપણ બધાનો બાપ છે, અને તેનાથી સ્થાપન થએલો એકજ ધર્મ છે, એવી વાત તે વખતના લોકોએ કદી સાંભળી નહીં. પણ પર્વત ઉપર ને મેદાનમાં, જંગલમાં અને શેહેરમાં, નદી અને દરીઆમાં, જુદા જુદા દેવ દેવીઓ વસીને રાજ્ય ચલાવેછે, અને યુદ્ધ સમયે જેઓનો દેવ વધારે સમર્થ તેઓ જય પામેછે એવો તેઓનો વિશ્વાસ હતો.

ખ્રિસ્તી ધર્મના પ્રસારથી ઘણીએક ખોટી ચાલ તથા રીવાજ બંધ થયાંછે. પ્રાચિન કાળે જો કંઇ નવું કામ કરવાનું કે નવો મત પ્રવર્ત્તાવવાનો હોય તો સર્વ મળી વિચાર કરતા, અને જે રીત પ્રમાણે બાપદાદા કે સ્વદેશના લોકો ચાલતા તે રીત પકડતા હતા, એમ છતાં જો કોઇ જુની રીતને પોતાની મેળે બદલી નાંખતો તો લાગતા વળગતાઓને ઘણું અજાયબ જેવું લાગતું. પરમેશ્વરે દરેક મનુષ્યને હાથ, પગ, બુદ્ધિ ઇત્યાદિ દાન આપ્યાંછે, માટે પોતાની બુદ્ધિથી કે પૈસાથી કે શરીરના અવયવથી જેવાં કર્મ જેણે કર્યાં, તેની પાસેથી તે હિસાબ લેશે, અને પોતાની ન્યાત કે સગાં સ્નેહીના સંપ્રદાય પ્રમાણે પાપ કરે તો પણ તેની સજા મળશે એવી નવી સમજ ખ્રિસ્તી

ધર્મથી આખી દુનિઆમાં દાખલ થઈ. સ્ત્રી કે પુરૂષ, મિત્ર કે શત્રુ, સર્વ પર પ્યાર કરવો, એ ખ્રિસ્તી ધર્મની મુખ્ય આજ્ઞા છે, માટેજ રફતે રફતે ખ્રિસ્તી લોકોમાંથી ગુલામ-ગીરી બંધ થઈ, ને દીન દુઃખીપરનો પ્યાર વધ્યો. યુદ્ધના સમયનાં ઘણાં ક્રૂર ને ઘાતકી કામ બંધ પડ્યાં. સ્ત્રી જાતને પરમેશ્વરે માત્ર સંતતિ ઉપજાવવા અને ધણીની ગુલામગીરી કરવાજ બનાવી છે, તેને વિદ્યા ભણાવવી નહીં પણ અજ્ઞાન રાખવી એવું જે ક્રૂર અને મિથ્યા મત તે પણ એજ ધર્મે મૂકાવી દીધું.

યહુદી લોકો પ્રભુની સેવા ભક્તિ ભેગ વિનાની નિર્મળ અને પવિત્રપણે કરી શકે, માટે પરમેશ્વરે તેઓને બીજા લોકોથી જુદા પાડી જે દેશની ચોતરફ દરીઆ પહાડ નદીઓ ને જંગલો આવ્યાંછે એવા દેશમાં વસાવ્યા. અને એજ કારણથી પરદેશી લોક તેઓની સાથે વિશેષ સં-બંધ બાંધી શક્યા નહીં. પાલીસ્ટાઈનમાં સહેલથી પ્રવેશ કરી શકાય એવું નહોતું, તોપણ એની અને મિસર દેશની જમીન ઘણીજ રસાળ ને ફળદ્રુપ હતી માટે એ બન્ને દેશો જીતી લેવા ઘણીવાર પરદેશી લશ્કરો ચઢી આવતાં, તેથી આખરે એક પછી એક અસુરી, મિસરી, અને રૂમી-ઓના તાબામાં એ દેશ પડ્યો. જોકે પાલીસ્ટાઈન દેશ એવે મુશ્કેલ ઠેકાણે હતો કે પરદેશી લોકો તેની સાથે સ-હેલાઈથી સંબંધ બાંધી શકે નહીં, તોપણ તે પૃથ્વીના એવા ભાગપર હતો કે તેને બાબીલોન, દમસ્ક અને મિસરના રસ્તા મળતા માટે એ કારણને લીધે તેની સાથે બીજા દેશોનો મોટો વેપાર ચાલતો માટે તેમાં ઘણા પરદેશી લોકો આવી વસ્યા. આ વખતે બધા દેશમાં વેપારી તથા ભણેલા

લોક ગ્રીક ભાષા સમજી શકતા હતા માટે એ ભાષામાં ખ્રિસ્તની સુવાર્તા લખવામાં આવી. વળી યહુદી લોકો જે મુસાના નિયમ પ્રમાણે દેશમાંથી વરસમાં એકવાર પાસ્ખા પર્વ પાળવા યરૂશાલેમમાં મળતા હતા તેઓને ખ્રિસ્તે ઉપદેશ કર્યો. એવાં એવાં બીજાં ઘણાં કારણોથી ખ્રિસ્તની સુવાર્તા જલદી ફેલાવ પામી.

કુરાન, પુરાણ ને વેદાદિ પુસ્તકો વાંચવાથી માલમ પ્રડે છે કે જે પ્રાણી અને વનસ્પતિ કેવળ એકજ દેશમાં થાયછે તેઓનુંજ તેમાં વર્ણન છે, પણ પાલીસ્ટાઈન દેશમાં ઊંચા પર્વત, સપાટ મેદાન ને નીચી ખીણોછે, માટે તેમાં તરેહ તરેહનાં ઝાડ જાનવર વનસ્પતિ અને હવા છે કે જે બીજા દેશોમા પણ જોવામાં આવેછે. જેમકે યર્દેનનદી નીચા પ્રદેશમાં વહેછે, માટે ત્યાંની હવા પ્રાણી ઝાડ ઇત્યાદિ આપણા દેશના જેવાં છે. વળી યરૂશાલેમ ઉંચા ડુંગરપર વસેલું છે તેથી ત્યાં શિયાળામાં બરફ પડેછે, એવી રીતે એ દેશમાં પ્રાણી, વનસ્પતિ, હવા વગેરે જેવું ત્યાં છે તેવું બીજા દેશોમાં પણ જણાયછે. માટે એવા દેશમાં લખાએલાં જે શાસ્ત્રો ને તેમાં આપેલા દૃષ્ટાંતો તે બધા દેશના લોકોના સમજવામાં આવે એવાં છે.

આ સુવાર્તા ખ્રિસ્તની સુવાર્તા છે અને તે માત્થીએ આશરે ઇ. સ. ૬૦ માં લખી.

પ્રશ્નો.

૧. ઇશુની પાછળ કેટલાએક શિષ્યોના જવા પછી ક્યા ક્યા શિષ્યોનાં નામ બદલવામાં આવ્યાં?

૨. ઇશુના જન્મ અને મરણ વખતે પાલીસ્ટાઈન દેશમાં કયા રાજાઓ રાજ્ય કરતા હતા?

૩. આ સુવાર્તા કઇ ભાષામાં અને કોને માટે લખવામાં આવી ?

૪. યહુદી લોકોએ ઇશુનો ત્યાગ કર્યો, પણ પત્થરે માર્યો નહીં, અને રૂમી રીત પ્રમાણે વધસ્તંભે જડ્યો, એવી રીતે બીજા કોઇ પણ દેશમાં કોઈ પણ વખતે બની શકયું નહીં તેનું શું કારણ ?

૫. મિસરથી પાછાં વળતાં મરિયમ ઇશુને લઇને ગાલીલ પ્રાંતમાં શામાટે ગઇ ?

માત્થીની લખેલી સુવાર્ત્તા:

૧. ઇશુ ખ્રીસ્ત જે દાવુદનો દીકરો, જે ઇબ્રાહીમનો દીકરો, તેની વંશાવળી.

અધ્યાય પહેલો. કલમ ૧–૧૭.

ઇશુની વંશાવળી. લુક ૩; ૨૩–૩૮ વાંચો.

ક. ૧. માત્થી હેબ્રી રીત પ્રમાણે ઈશુની વંશાવળી આપેછે. ઉત. ૫; ૧ જુઓ. યહુદી લોકોની વંશાવળીની નોંધ સાનેડ્રીન નામની એક મહાસભાની દેખરેખ હેઠળ ઘણી સંભાળથી સાચવી રાખવામાં આવી હતી.

"ઇશુ ખ્રિસ્ત" એ ગ્રીક ભાષાના શબ્દો છે તેનો અર્થ ઇશુ=તારનાર અને ખ્રિસ્ત=અભિષિક્ત કે ઠરાવેલો. હેબ્રી ભાષામાં ઈશુનું યહોશુઆ અને ખ્રિસ્તનું મશીહ એવાં નામોછે. જુના કરારમાં મશીહ કે અભિષિક્ત એકજ વાર વાંચવામાં આવેછે. દા. ૯; ૨૫–૨૬ અને નવા કરારમાં બે વાર આવેછે. યો. ૧; ૪૧: ૪; ૨૫.

"દાઊદનો દીકરો" આ મશીહનું સૌથી સાધારણ નામ હતું. મા. ૧૫; ૨૨: ૨૦; ૩૦: ૨૧; ૯: ૨૭; ૪૨. માત્થીએ આ સુવાર્ત્તા વિશેષે કરીને યહુદીઓને સારૂ લખી માટે તેથી ઇસુ દાઊદનો દીકરો અને આવનાર જે મશીહ તે એજ છે, એમ તે સાબીત કરેછે; પણ લુકે વિદેશીઓને સારૂ લખી, માટે તેણે વિદેશી અને યહુદી સર્વ લોકનો જે સ્રા

૨ ઈસહાક ઈબ્રાહીમનો દીકરો, યાકુબ ઈસહાકનો દી-
કરો, યહુદા તથા તેના ભાઈઓ યાકુબના દીકરા,
૩ થામારને પેટે ફારેસ તથા ઝારા યહુદાના દીકરા,
હેસરૂન ફારેસનો દીકરો, આરામ હેસરૂનનો દીકરો,
૪ આમીનાદાબ આરામનો દીકરો, નહશુન આમીના-
૫ દાબનો દીકરો, સલમોન નહશુનનો દીકરો, રાહાબને
પેટે બવાઝ સલમોનનો દીકરો, રૂથને પેટે ઓબેદ

પિતા આદમ, તેનો દીકરો ઈશુ એમ દેખાડવાની તેની મરજી છે. માત્થી અને લુકની લખેલી વંશાવળી એક બીજાથી કેટલીક વાતમાં જુદી છે અને તે વિષે લોકો જુદા જુદા મત બતાવેછે; પરંતુ તેનો એવો ખુલાસો છે કે માત્થી જે વંશાવળી આપેછે તે રાજવંશની ને તેમાં તે દેખાડેછે કે ઈશુ દાઉદની ગાદીનો વારસ છે. પણ લુક મૂળની વાસ્તવિક વંશાવળી દેખાડેછે, કે જાણે યુસફ ખરૂં જોતાં હેલીનો દીકરો તો પણ યાકુબનો વારસ. ગણ. ૨૭; ૮-૧૧.

૩. "થામાર" યહુદી વંશાવળીમાં ઘણું કરીને બાઈડીનું નામ લખવામાં આવતું નહોતું, તોપણ કેટલીક વેળા લખેલું છે. જેમકે ઉત. ૨૫; ૧: ૩૬; ૧૦:

૫. "બવાઝ" યહુદી લોકો વિદેશી લોકો સાથે લગ્ન સંબંધ કરવા ચહાતા નહોતા, તોપણ બવાઝે વિદેશી રૂથની સંગાતે લગ્ન કર્યું. તેનું કારણ ઘણું કરીને એવું હતું કે બવાઝ પોતે પરદેશી સ્ત્રી રાહાબનો દીકરો હતો, માટે તે પરદેશી રૂથની સાથે લગ્ન કરવા ખુશી હતો.

૬ બવાઝનો દીકરો, યસી ઓબેદનો દીકરો, અને દાવુદ
રાજા યસીનો દીકરો હતો.

અને ઉરીયાની જે વહુ હતી તેને પેટે સુલેમાન દાવુદ
૭ રાજાનો દીકરો, રહબઆમ સુલેમાનનો દીકરો, આ-
બીયા રહબઆમનો દીકરો, આસા આબીયાનો દીકરો,
૮ યહોશાફાટ આસાનો દીકરો, યોરામ યહોશાફાટ-
૯ નો દીકરો, ઉઝીયા યોરામનો દીકરો, યોથામ ઉઝી-
યાનો દીકરો, આહાઝ યોથામનો દીકરો, હઝકી-
૧૦ યા આહાઝનો દીકરો, મનાસ્સા હઝકીયાનો દીક-
રો, આમોન મનાસ્સાનો દીકરો, યોશીયા આમોન-
૧૧ નો દીકરો, અને બાબેલમાં પ્રવાસ જવાને વખતે
યકનીયા તથા તેના ભાઇઓ યોશીયાના દીકરા હતા.

---

૬. લુકની સુવાર્તામાં સુલેમાનને બદલે નાથાન લખેલું છે તો રાજાની વંશાવળી પ્રમાણે સુલેમાન બરાબર છે, પણ વાસ્તવિક વંશાવળી પ્રમાણે નાથાન યુસફનો પુર્વજ છે. ઉરીયાની વહુનું નામ બાથશેબા એ પોતાના વરના જેવી ઘણું કરીને "હિતી" હતી. ૨ સમ. અ. ૧૧. ૧૨.

૮. "ઉઝીઆ યોરામનો દીકરો" આ જગ્યાએ અહા-ઝીયા, યોઆશ અને અમાઝીયા એ ત્રણ નામ મુકી દીધેલાં છે. ૧ કાલ. ૩; ૧૧-૧૨.

૧૧. "યકનીયા" એટલે યહોયાકીમ અને બારમી કલમમાં જે યકનીયા છે તેનો અર્થ યહોયાકીન. તેનાં પ્રમાણ એવાં છે કે—

૧. યહોયાકીનને એક ભાઈ હતો. પણ યહોયાકીમને ત્રણ ભાઈઓ હતા. ૧ કાલ. ૧૫; ૧૬.

૨. યકનીયાથી ઈશુ સુધી ચાદ પેઢી, પણ પં-

૧૨ અને બાબેલમાં પ્રવાસી થયા પછી સલથાઈલ ય-
કનીયાનો દીકરો, ઝરૂબાબેલ સલથાઈલનો દીકરો,
૧૩ અબીહુદ ઝરૂબાબેલનો દીકરો, એલીયાકીમ અબી-
હુદનો દીકરો, આઝોર એલીયાકીમનો દીકરો,
૧૪ સાદુક આઝોરનો દીકરો, આખીમ સાદુકનો દીકરો,
૧૫ એલીહુદ આખીમનો દીકરો, એલીયાઝર એલીહુદનો
દીકરો, માત્થાન એલીયાઝરનો દીકરો, યાકુબ મા-
૧૬ ત્થાનનો દીકરો, અને મરિયમનો વર યુસફ યાકુબ-
નો દીકરો હતો એ [મરિયમ] થી ઈશુ જે ખ્રીસ્ત
કેહેવાયછે તે જન્મ્યો.

હેલા યકનીયા આગળની ચોદ પેઢીમાં ગણવામાં આવેછે, માટે જે યકનીયા ૧૧મી તથા ૧૨મી કલમમાં છે તે બે ઉજુદા છે.

૩. ૧ કાલ ૩; ૧૫, ૧૭ જુઓ.

૧૨. "સલથાઈલ" એ ઘણું કરીને નેરીનો દીકરો, લુ. ૩; ૨૭. પણ યહોયાકીનનો વારસ હતો.

૧૩. ખરૂં જોતાં ઝરૂબાબેલ સલથાઈલનો ભાઈ પદ્યા તેનો દીકરો પણ સલથાઈલનો વારસ. ૧ કાલ. ૩; ૧૭–૧૯. ઝરૂબાબેલની અટક રેશા હતી, માટે લુ. ૩; ૨૭ મી કલમમાં રેશા ને ઝરૂબાબેલ જુદાં જુદા હતા એમ સમજવું નહીં, પણ રેશા ફકત ઝરૂબાબેલની ઓડક છે. અબીહુદ=યહુદા, (લુ. ૩; ૨૭) એ બેઉ નામ એક જણનાં છે.

૧૬. ઘણું કરીને યુસફ હેલીનો દીકરો ને યાકુબનો વારસ હતો. કેટલાએક કહેછે કે યાકુબ ને હેલી બેઉ ભાઇઓ હતા, ને મરિયમ યાકુબની દીકરી હતી. લુ. ૩; ૨૪.

૧૭ માટે ઈબ્રાહીમથી દાવુદ સુધી સઘળી મળીને ચૌદ પેહેડી; અને દાવુદથી બાબેલમાં પ્રવાસકાળ સુધી ચૌદ પેહેડી; અને બાબેલમાં પ્રવાસકાળથી ખ્રીસ્ત સુધી ચૌદ પેહેડી થઈ.

૧૮ અને ઈશુ ખ્રીસ્તનો જન્મ એમ થયો કે તેની મા મરિયમનો વિવાહ યુસફ જોડે થયા છતાં, તેઓનો મિલાપ થયા અગાઉ તે પવિત્ર આત્માથી ગર્ભવંતી

આ વંશાવળી મરિયમની નહીં પણ યુસફની છે, કેમકે યહુદી નિયમ પ્રમાણે ઈશુ યુસફનો પુત્ર હતો. જો કે ખરૂં જોતાં ઈશુ દેવનો પુત્ર છે, તોપણ માનુની વંશાવળી પ્રમાણે યુસફ ઈશુનો બાપ કહેવાય ને ઈશુ તેનો વારસ ગણાય.

૧૭. વંશાવળીના સરખા ભાગ કરવા એવી યહુદીઓની રીત હતી, અને એમ કરવામાં કેટલાંએક નામ મુકી દેવામાં આવ્યાં છે, જેમકે ૮ મી કલમમાં ત્રણ અને ૧૩ મી કલમમાં એક નામ મુકી દીધુંછે.

કલમ ૧૮–૨૫. ઈશુના જન્મ વિષે. લુ. ૧; ૨૬—૫૬: ૨; ૪–૭ વાંચો.

૧૮ ઈશુના જન્મ વિષે આ સુવાર્ત્તામાં નથી લખેલી એવી ત્રણ વાતો લુકની સુવાર્ત્તામાં છે.

૧. મશીહના જન્મ વિષે સંદેશો કહેવા મરિયમ પાસે એક દૂત આવેછે.

૨. મરિયમ એલીશાબેતને મળવા જાયછે.

૩. ગાલીલથી બેથલેહેમ સુધીની મુસાફરી.

સૃષ્ટિનો નિયમ છે કે માતા પિતાને યોગે સંતતિ ઉત્પન થાય, પણ શાસ્ત્રથી માલમ પડેછે કે આદમને

૧૯ થએલી જણાઈ. અને તેનો વર યુસફ નીતિવાન
છતાં, ને તેનું ઉઘાડું અપમાન કરવા ન ચહાતાં,
૨૦ તેણે તેને ગુપ્ત રીતે મુકી દેવાનું ધાર્યું. પણ એ સંબંધી
તે વિચારતો હતો, ત્યારે જુઓ, પ્રભુના દૂતે તેને સ્વપ્નમાં
દર્શન આપીને કહ્યું કે, ઓ યુસફ, દાઉદના દીકરા,
તારી વહુ મરિયમને તેડી લાવવાને બીહો મા; કાંજે
૨૧ તેમાં જે ગર્ભ રેહેલો છે તે પવિત્ર આત્માથી છે. ને

માબાપ નહોતાં, તેમજ હવાને પણ પુરૂષથી બનાવવામાં આવી અને ઈશુ ફક્ત સ્ત્રીથી જન્મ્યો. તો એમ કરવું તે કંઈ ઇશ્વરને અશકય નથી. ઈશુના જન્મમાં ઇશ્વર અને માનવનો ભાગ હતો.

૧૯. "નીતિવાન" એટલે મુસાના નિયમ પાળનાર, માટે મરિયમને ફારગતી આપવી એવું તેણે ધાર્યું. ફારગતી આપવાની બે રીત હતી.

૧. ન્યાયાધીશો આગળ ઉઘાડી રીતે ફરિયાદ કરીને આપવી. પુ. ૨૨; ૨૩–૨૪.

૨. ખાનગી રીતે સાક્ષીઓ આગળ કારણ કહ્યા શિવાય ફારગતીનો કાગળ આપવો. પુ. ૨૪; ૧.

યુસફનો વિચાર બીજી રીત પ્રમાણે ફારગતી આપવાનો હતો.

૨૧. ઈશુ એટલે તારનાર કેમકે પોતાના લોકોને તેઓનાં પાપમાંથી તારશે; પણ ઘણા યહુદીઓ એમ માનતા હતા કે મશીહ આવશે ત્યારે તે રૂમી રાજ્યના તાબામાંથી અમારો છૂટકો કરશે.

ઈશું એ નામ દૂતે મરિયમને પ્રથમથીજ જણાવ્યું હતું. લુ. ૧; ૩૧.

તે દીકરો જણશે, ને તું તેનું નામ ઈશુ પાડશે; કેમકે
જે પોતાના લોકોને તેઓનાં પાપમાંથી તારશે તે એ-
૨૨ જ છે. હવે એ બધું એ માટે થયું, કે પ્રભુએ ભ-
૨૩ ભવિષ્‍વાદીથી જે કહ્યું હતું તે પુરૂં થાય કે, "જુઓ,
કુંઆરી ગર્ભવંતી થશે, ને દીકરો જણશે, ને તેનું
નામ તેઓ ઈમાનુએલ પાડશે," જેનો અર્થ એ છે
૨૪ કે, દેવ આપણી સાથે. ત્યારે યુસફે ઉંઘમાંથી ઉઠીને

૨૨, ૨૩. (આ કલમમાં માત્થીના પોતાના શબ્દો છે). યશ. ૭; ૧૪ વાંચો. કેટલીકવારે એમ બનેછે કે ભવિષ્યવાદી વર્તમાન કાળ વિષે બોલેછે, ને તે વખતે તે પુરૂ થાયછે, પણ ઘણાં વરસ પછી એમ બનેછે કે તેજ ભવિષ્ય કોઈ બીજી વાતને મળતું આવેછે, ને એજ પ્રમાણે શાસ્ત્રમાં કેટલીએક ભવિષ્યવાણી છે કે જે વર્તમાન તથા ભવિષ્ય એ બેઉ કાળને લાગુ પડેછે.

પ્રશ્નો.

૧. ઈશુની વંશાવળીમાં બેને ઘણું કરીને ત્રણ પરદેશી સ્ત્રીઓનાં નામ આવેછે તેઓ કોણ?

૨. લુકની અને માત્થીની સુવાર્તાની વંશાવળીમાં જે ફેરફાર છે તેનો ખુલાસો શું?

૩. મરિયમને ઈશુ શિવાય બીજા દીકરા હતા કે નહીં?

૪. મુસાના નિયમ પ્રમાણે કોઈ વિવાહ કરેલી સ્ત્રી વ્યભિચાર કરે તો શી સજા થતી? અને ઈશુના વખતમાં તે સજા રદ થએલી હતી કે નહીં?

૫. નવા કરારમાં કેટલી મરિયમ વિષે આપણા વાંચવામાં આવેછે?

જેમ પ્રભુના દૂતે તેને આજ્ઞા આપી હતી તેમ કીધું,
૨૫ એટલે પોતાની વહુને તેડી લાવ્યો. અને તે પોતા-
નો પહેલો દીકરો જણી ત્યાં સુધી તેણે તેને જાણી
નહિ; ને તેણે તેનું નામ ઈશુ પાડયું.

---

૬. કેવી કેવી પ્રકારના માણસોને અભિષેક કર-
વામાં આવતો હતો?

૭. જુના કરારમાં, કેટલા યહોશુઆ વિષે આપણાં
વાંચવામાં આવેછે?

૮. યુસફ ઈશુનો બાપ નહોતો ત્યારે માત્થીની
અને લુકની સુવાર્ત્તાપરથી ઈશુ દાઉદનો દીકરો
છે એ કેમ સાબીત થાય?

અધ્યાય બીજો.

ક. ૧ લી. હેરોદ રાજા (અ. ૨; ૧–૧૬) ને દશ વહુઓ હતી તેમાંની ચારની વિગત નિચે પ્રમાણે.

૧. મારીઆમ. (માકાબીના વંશમાંની એક સગી)
- આરીસ્તોબોલસ
  - હેરોદીઆસ. અ. ૧૪; ૩—૧૧.

૨. મારીઆમ.
- હેરોદ ફીલીપ પહેલો=હેરોદીયાસ એની વહુ (અ. ૧૪; ૩) (અ. ૧૪; ૩—૧૧)
  - સાલોમે (અ. ૧૪; ૬–૧૧)

૩. માલયાકે.
- આર્ખેલાઉસ (અ. ૨; ૨૨)
- હેરોદ આંટીપાસ=એક પછી એક વહુ કરેલી. (અ. ૧૬;૩. લુ. ૩;. ૧)
  - ૧ આરેતાસની દીકરી (૨ કર. ૧૧;૩૨ આરે.વિષે)
  - ૨ હેરોદીયાસ (અ. ૧૪; ૩)

૪. કલેઓપાત્રા.
- ફીલીપ બીજો=સાલોમે એની વહુ (અ. ૧૪; ૬–૧૧)

૨ હવે હેરોદ રાજાના વખતમાં યહુદાના બેથલેહેમમાં
ઇશુ જન્મ્યો, ત્યારે જુઓ, માગી લોએ પૂર્વથી ય-

ઈસ્વીસન ઠરાવવામાં આશરે ત્રણ વરસની ભૂલ પડેલી છે કેમકે ઈ. સ. પૂ. ત્રીજે વરસે ખ્રિસ્ત જન્મ્યો હતો.

મરિયમ તથા યુસફ આ વખતે બેથલેહેમમાં શા સારૂ આવ્યાં હતાં ? તે વિષે લુ. ૨; ૧-૭ વાંચો.

ભરવાડોને દર્શન, તથા ઈશુની સુનત કરાવવા મંદિરમાં જવું, ને ત્યાં શીમીયન તથા આના સાથેનો મળાપ એ હકીકત માત્થી મુકી દે છે. લુ. અ. ૨ જો જુઓ.

" બેથલેહેમ "= રોટલીનું ઘર, એ દાઉદ રાજાનું શેહેર યરૂશાલેમની દક્ષિણે આશરે છ માઈલ દૂર હતું; એનું જુનું નામ એફ્રાથ હતું. ઉત. ૩૫; ૧૯.

" હેરોદ " એ ઈદુમી છતાં પાલીસ્ટાઈન દેશનો રાજા થયો, તે સ્વતંત્ર નહોતો, પણ જેમ કાઠીઆવાડમાં ઘણા નાના રાજાઓ ઇંગ્રેજી રાજ્યના તાબામાં છે, તેમજ હેરોદ પણ રૂમી સરકારના તાબામાં રહી રાજ્ય કરતો હતો. એનું મરણ જે વરસથી ઈસ્વીસન શરૂ થયો, તેના આગળના વરસમાં થયું. હેરોદ નામના જેટલા માણસો થયા, તેઓમાં ફકત આનેજ રાજાનો ખેતાબ મળ્યો હતો. હેરોદ આન્ટીપાસ કેવળ મહેરબાનીથીજ રાજા કહેવાયો છે. (માર્ક ૬; ૧૪). હેરોદ આખા દેશનો રાજા હતો પણ તેના મરણ પછી રાજ્યના વિભાગ થયા. ત્યારે યહુદા, સમારીઆ, અને ઈદુમીઆમાં આર્ખેલાઉસ; ને ગાલીલ તથા પેરીઆમાં આન્ટીપાસ અને ત્રાખોનીતીસમાં ફીલીપ રાજ્ય કરતો હતો.

" માગીઓ " એ અસલના વખતમાં મીદીઆ દેશના

૨ યરૂશાલેમમાં આવીને પુછ્યું કે, યહુદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે? કેમકે પુર્વમાં અમે તેનો તારો જોયોછે, ને તેનું ભજન કરવાને આવ્યા છિયે.
૩. અને એ સાંભળીને હેરોદ રાજા તથા તેની સાથે આખું

એક કુળના લોક હતા; આ વખતે તેઓ જરતોસ્તની આજ્ઞા પ્રમાણે સૂર્ય તારા અગ્નિ વગેરેની પૂજા કરતા ને જેમ હિંદુઓ સૂર્ય તારા ગ્રહો ઉપરથી જોશ વર્તી ભવિષ્ય કહેછે તેમ તેઓ પણ કહેતા.

"યરૂશાલેમ". નું જુનું નામ યેબુસ હતું. ન્યા. ૧૯; ૧૦. દાઉદ રાજાએ તેને જીતી સર કર્યું હતું. ૨ સમ. ૫; ૬—૯.

"યશુનો જન્મ" કયા મહિનામાં થયો એ નક્કી નથી, પણ ઘણું કરી માર્ચ કે એપ્રિલમાં થયો હશે એમ સંભવે છે. કેટલાએક લોકો માનેછે કે નાંતાલમાં ખ્રિસ્ત જન્મ્યો; પણ એ વાતને કંઈજ આધાર નથી. વિદ્વાનો કહેછે કે પ્રાચિનકાળે મૂર્તિપૂજક લોકો ડિસેંબર મહિનામાં હોળીના જેવો એક તહેવાર પાળતા પણ જ્યારે તેઓ ખ્રિસ્તી થયા ત્યારે તેને બદલીને નાતાલનો તહેવાર ઠરાવ્યો.

૨. "યહુદીઓનો રાજા" એ ખિતાબ વધસ્તંભના ઉપર કરેલા લેખમાં પણ આવેછે. અ. ૨૭; ૩૭. ઘણા પ્રાચિનકાળથી પૂર્વ ભણીના દેશોમાં આ વાત ચાલતી હતી કે યહુદી લોકોમાં એક મોટો રાજા પ્રગટ થશે. માટે માગી લોકો જે તારાને તેઓ રાજાનો તારો સમજતા હતા તેને જોઇને તેઓ યહુદીઓના મુખ્ય નગર યરૂશાલેમમાં તેનો શોધ કરેવા આવ્યા.

૩. "આખું યરૂશાલેમ પણ ગભરાયું" તે એવી બહિકનું

૪ યરૂશાલેમ ગભરાયું. પછી તેણે સઘળા મુખ્ય યા-
જકોને તથા લોકોના શાસ્ત્રીઓને એકઠા કરીને તે-
૫ ઓને પુછયું કે, ખ્રીસ્તનો ક્યાં જન્મ થશે? ત્યારે
તેઓએ તેને કહ્યું કે, યહુદાના બેથલેહેમમાં; કેમકે
૬ ભવિષ્યવાદીએ એમ લખ્યું છે કે, "ઓ યહુદા દેશ
માંહેલા બેથલેહેમ, તું યહુદાના સુબાઓમાં કોઈ પ્ર-
કારે કોઈથી નાનું નથી, કાંજે તારા અંદરથી એક અ-
ધિપતિ નિકળશે, જે મારા ઈસ્રાઈલી લોકોનું પાલન

થી કે આ જે હેરોદ રાજા એવો ઘણો નિર્દય છે તે હવે શું કરશે? કદાચ એ નવા રાજા સાથે લડાઈ કરશે કે શું?

૪. "મુખ્ય યાજકો". એટલે જેઓ પ્રથમ પ્રમુખ્ય યાજકને ઠેકાણે આવ્યા પણ પછીથી તેમને એ પદવી છોડવી પડેલી, તેઓ તથા ચોવીશ વર્ગના આગેવાનો. ૧ કા. અ. ૨૪ મો.

"શાસ્ત્રીઓ" એ મુસાના નિયમ શાસ્ત્રની નકલ લખતા તથા તેનો ખુલાસો પણ કરતા, લુકની સુવાર્તામાં તેમને પંડિતો કહ્યા છે. લુ. ૭; ૩૦:૧૧;૪૫.

૫. "યહુદાનું બેથલેહેમ" કહેવાનું કારણ એ છે કે બીજું ઝબુલોનનું પણ બેથલેહેમ હતું. યહો. ૧૯;૧૫.

૬. મી. ૫; ૨ જુઓ. બલામની ભવિષ્ય વાતને લીધે લોકોની એવી ધારણા હતી કે મસીહ આવશે, ત્યારે તારો ઉગશે. ગણ. ૨૪; ૧૭. ઈશુ પછી ઘણે વરસે એક ખોટો મસીહ ઉભો થયો, જેણે બારખોખાબ (=તારાનો દીકરો) એવું નામ ધારણ કર્યું હતું.

૭ કરશે." ત્યારે હેરોદે તે માગીઓને ગુપ્ત રીતે બો-
લાવીને તેઓને સારી પેઠે પૂછ્યું કે, તારો કઈ વેળા
૮ દેખાયો હતો? અને તેણે તેઓને બેથલેહેમમાં મો-
કલતી વેળાં કહ્યું કે, તમે જઈને તે બાળક માટે સા-
રી પેઠે શોધ કરો, ને જડ્યા પછી મને ખબર કરો,
૯ એ માટે કે હું પણ આવીને તેનું ભજન કરૂં. ત્યારે
તેઓ રાજાનું સાંભળીને ગયા, ને જુઓ, જે તારો
પૂર્વમાં તેઓએ દીઠો હતો તે તેઓની આગળ ચા-
લતો ગયો, ને બાળક હતો તે ઠેકાણાના ઉપર આ-
૧૦ વીને થંભ્યો. અને તેઓ તારાને જોઈને મહા આ-
૧૧ નંદથી હરખાયા. અને ઘરમાં જઈને તેઓએ બા-
ળકને તેની મા મરિયમની પાસે દીઠો, ને પગે પ-
ડીને તેનું ભજન કીધું; પછી તેઓએ પોતાના જોહો-
ણા છોડીને સુનું તથા લોબાન તથા બોળનું તેને
૧૨ નજરાણું કીધું; અને હેરોદ પાસે પાછા જવું નહિ,
એમ સ્વપ્નમાં ચેતવણી મળવાથી તેઓ બીજે માર્ગે
પોતાના દેશમાં પાછા ગયા.

---

૭. સારી પેઠે ખબર કહાડવાનું કારણ સોળમી કલમમાં છે.

૮. શાસ્ત્રીઓના તથા યાજકોના કહ્યાને લીધે હેરોદે માગીઓને બેથલેહેમમાં જવા સારૂ મોકલ્યા ત્યાર પછી તારો રસ્તા ઉપર ફરીથી દેખાયો.

૧૧. એવો રીવાજ હતો કે રાજાની મુલાકાત કરવામાં કંઈ નજરાણું આપવું. ગી. ૬૮; ૨૯: ૭૨; ૧૦. જે વિદેશીઓએ ઈશુને માન્યો, તેઓમાં આ માગી લોકો પહેલા હતા.

૧૩ અને તેઓ પાછા ગયા એટલે, જુઓ, પ્રભુના
દૂત સ્વપ્નમાં યુસફને દર્શન આપીને કહ્યું કે, તું
ઉઠ, ને બાળક તથા તેની માને લઈને મિસરમાં
નહાસી જા, ને હું તને કહું ત્યાં લગી ત્યાંજ રહે,
કેમકે બાળકને મારી નાંખવા સારૂ હેરોદ તેની
૧૪ શોધ કરવાનો છે. ત્યારે તે ઉઠીને બાળક તથા તે-
૧૫ ની માને રાત્રે લઈને મિસરમાં ગયો; ને હેરોદના
મરણ લગી ત્યાં રહ્યો, એ માટે કે પ્રભુએ ભવિષ્ય
વાદીથી જે કહ્યું હતું તે પુરૂં થાય, કે, "મિસરમાંથી
૧૬ મેં મારા દીકરાને બોલાવ્યો." જ્યારે હેરોદે જોયું કે
માગીઓએ મને ઠગ્યો છે ત્યારે તે ઘણો ગુસ્સે થયો,
ને તેણે તે માગીઓને જે વેળા સંબંધી ચોકસાઇથી

---

૧૩. દુકાળ કે પરદેશી લોકોની સતાવણીને લીધે યહુ-
દી લોકો વારંવાર મીસર દેશમાં નાશી જતા. ૧
રા. ૧૧; ૪૦. યેર. ૪૬; ૭. આલેક્ષાંદ્રીઆ
જે મીસર દેશમાંનું મોટું બંદર હતું. તેમાં
વસ્તીનો પાંચમો ભાગ યહુદીઓનો હતો ને એ શિ-
વાય બીજે ઘણે ઠેકાણે વસેલા હતા. માટે ઈશુ અને
તેનાં માબાપ જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં ઘણું કરીને
પોતાના સ્વદેશીઓની સાથે રહ્યાં હશે. આ વખતે
તેઓ મીસરમાં જઈ શક્યાં કારણ કે ત્યાં પણ રૂમી
રાજ્ય ચાલતું હતું.
૧૫. ઇશુ મીસરમાં ઘણું કરી થોડાજ મહીના રહ્યો.
હો. ૧૧; ૨ માં જે ભવિષ્યવાત કહેલી છે, તે
વાત પ્રથમ ઇસ્રાએલી ઈતિહાસ માટે કહેવામાં આ-
વી હતી. નિ. ૪; ૨૨—૨૩. અ. ૧; ૨૨, ૨૩મી
કલમની ટીકા ઉપર ધ્યાન આપવું.

પુછયું હતુ, તે વેળા પ્રમાણે બે વર્ષના તથા તેથી
સઘળા નાનાં બાળકોને બથલેહેમમાં તથા તેની સ-
૧૭ ઘળી સીમમાં, મોકલીને મારી નંખાવ્યાં. ત્યારે ય-
રમીઆ ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં થયું
૧૮ કે, "શોકનો તથા રડવાનો તથા મોટા વિલાપનો
પોકાર રામામાં સંભળાયો, રાહેલ પોતાનાં બાળકો
સારૂ રડતી, ને દીલાસો પામવાને નહોતી ચહાતી,
કાંજે તઓ નથી."
૧૯ અને હેરોદના મરણ પછી, જુઓ, પ્રભુના દૂતે
મિસરમાં યુસફને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે,
૨૦ તું ઉઠ, ને બાળક તથા તેની માને લઇને ઈસ્રાઈલ
દેશમાં જા, કેમકે જેઓ બાળકનો જીવ લેવાને

---

૧૬. "સઘળાં નાનાં બાળકો" કેવળ નર બાળકોને મારવામાં આવ્યા. બે વરસની અંદરનાં નક્કી કરવાને આટલી ઉમરનાંનો ઘાત કર્યો. બેથલેહેમ નાનું ગામ હતું, માટે બે વરસ સુધીનાં બાળકો થોડાજ મળ્યાં હશે.

૧૮. યર. ૩૧; ૧૫. "રાહેલ" બેથલેહેમ પાસે દટાઈ હતી. ઉત. ૩૫; ૧૯. રામા અને બેથલેહેમ બેન્યામીન કુળની હદમાં હતાં. યરમીયાના વખતમાં યહુદી લોકોને બાબેલમાં લઈ ગયા પહેલાં રામામાં કેદ કર્યાં હતાં. બેન્યામીનની મા, રાહેલ પોતાનાં બાળકોને સારૂ રડે છે, એવી ભવિષ્યવાદી ઉપમા આપે છે, અને આ કલમમાં માત્થી એજ ઉપમાને મજકુર વાતને લાગુ પાડે છે.

૨૦. "તેઓ" ઘણું કરીને હેરોદ વિષેજ લખેલું છે.

૨૧ શોધ કરતા હતા, તેઓ મરી ગયા છે. ત્યારે તે
ઉઠીને બાળક તથા તેની માને લઇને ઇસ્રાએલ દે-
૨૨ શમાં આવ્યો. પણ આરખેલાઉસ પોતાના બાપ
હેરોદને ઠેકાણે યહુદામાં રાજ્ય કરેછે, એ સાંભ-
ળીને તે ત્યાં જવાને બિહીધો, તો પણ સ્વપ્નમાં
ચેતવણી મળેલી હોવાથી ગાલીલના પ્રાંતમાં
૨૩ વળ્યો. અને તે નાઝારી કહેવાશે, એવું ભવિષ્ય
વાદીઓનું કહેલું પુરૂં થવા સારૂ નાઝારેથ કહે-
વાએલા નગરમાં તે આવી રહ્યો.

બહુ વચનમાં લખવાની એવી એક રીત હતી. નિ. ૪; ૧૯.

૨૨. "આર્ખેલાઉસ" પોતાના બાપના જેવોજ જુલમી હતો. એને રાજ્ય કરવાને માત્ર આઠ વરસ થયાં એટલામાંજ દેશનિકાલ કરવામાં આવ્યો, અને તેનું રાજ્ય (સમારીયા, યહુદા ને ઈદુમીયા) રૂમી સરદાર પોંતસપીલાતને સોંપવામાં આવ્યું.

"તો પણ" ને બદલે "પણ" વાંચવું.

ગાલીલ પ્રાંત તે વખતે આર્ખેલાઉસના ભાઈ હેરોદ આન્ટીપાસના તાબામાં હતો. હેરોદ આન્ટીપાસ એ ભુંડો હતો, પણ એટલો બધો કુર નહોતો.

૨૩. "નાઝરી" એવા શબ્દની ભવિષ્યવાત જુના કરારમાં નથી, ગાલીલના રહેવાશીઓને બીજા લોકો બહુજ જંગલી ગણતા (યો. ૭; ૫૨); ને વિશેષે કરીને નાઝરેથના લોકોને વધારે ધિક્કારતા હતા (યો. ૧; ૪૬. પ્રે. ૨૪; ૫). પણ જે નામ (નાઝરી) મશ્કરીને સારૂ આપેલું હતું. તેજ નામ ખરૂં જોતાં

સન્માન્ય કે માન આપનારૂં હતું, કેમકે એવા નામ-
થી એક નહીં પણ અનેક ભવિષ્યવાતનો અર્થ પુરો
થયો. નાઝરેથનો અર્થ ડાળી અને આવનાર જે મ-
શીહ તેને એ ઉપમા ઘણીવાર આપેલી છે. યશા.
૧૧; ૧: ૫૩; ૨. નાઝરેથ યુસફનું અને મરિયમનું
ગામ હતું. લુ. ૧; ૨૬—૨૭: ૨; ૩૯.

પ્રશ્નો.

૧. નવા કરારમાં હેરોદ નામના કેટલા રાજા છે?

૨. પાલેસ્ટાઇનમાં કેટલા પ્રાંત હતા ને ઈશુની હેયાતીમાં તે કોના તાબામાં હતા ?

૩. યરૂશાલેમ, નાઝરેથ, રામા અને બેથલેહેમ એ કયા પ્રાંતમાં છે ?

૪. યરૂશાલેમનું બીજું નામ તથા તેનો ઈતિહાસ કહો ?

૫. હેરોદે શા માટે બે વરસ સુધીનાંજ બાળકોને મારી નંખાવ્યાં ?

૬. હાલમાં પ્રભુનો દૂત શું આપણને સ્વપ્નમાં દર્શન આપેછે? અને જો નથી આપતો તો તેનું કારણ શું ?

૭. મીસર દેશમાં કોઈ બીજા વખતે કોઈ ઈસ્રાઈલીઓ ગયા હતા ?

૮. બેથલેહેમમાં જન્મવું, મીસર દેશમાં નાસી જવું, અને બાળહત્યા, એઓમાં કયી અને કોની ભવિષ્યવાત પુરી થઈ ?

૯. મશીહના જન્મના ઠેકાણા વિષે હેરોદને કેમ માલમ ના પડ્યું ?

૧૦. ઈશુના જન્મ વિષે કયી કયી વાત માત્થી મુકી દેછે અને કયી કયી લખે છે ?

૩ અને તે દહાડાઓમાં યોહાન બાપ્તિસ્મા કરનાર
પ્રગટ થયો, અને યહુદાના રાનમાં ઉપદેશ ક-
૨ રતાં, એમ કેહેતો કે, તમે પસ્તાવો કરો; કાંજે

અધ્યાય ત્રીજો.

ક. ૧–૧૨. યોહાન બાપ્તિસ્મા કરનાર રાનમાં ઉપદેશ કરે છે. મા. ૧; ૨–૮. લુ. ૩; ૧–૧૮. યો. ૧; ૧૫–૩૪: ૩; ૨૫–૩૬.

૧. યોહાનની મા, એલીસાબેથ અને ઈશુની મા, મરિયમ એ બેઉ પિતરાઈ બેનો થતી હતી. જાખરીયા લેવી કુળનો અને યુસફ યહુદા કુળનો હતો, તોપણ તેઓ માહોમાંહે લગન સંબંધ કરી શકતા હતા. જેમકે હારૂન યાજકની વહુ યહુદા કુળની હતી. નિ. ૬; ૨૩. ગણ. ૧; ૭. જુઓ. જો કોઈ સ્ત્રી વારસ હોય તો એમ બનતું નહોતું. ગણ. ૩૬; ૮, ૯.

"તે દહાડાઓમાં" એટલે ઈશુ અને તેનાં મા બાપ નાઝરેથમાં રહેતાં હતાં, તે દિવસોમાં. ખરૂં જોતાં જે વાત અ. ૨; ૨૩ માં આવેછે તે પછી ત્રીશ વરસે આ બનાવ બન્યો. નિ. ૨; ૧૧.

"રાન" આ રાન યહુદાના પૂર્વ ભાગમાં હતું.

૨. "આકાશનું રાજ્ય" કેવળ માથ્થીજ આ વાકય વાપરેછે. મશીહ તેનો રાજા થવાનો હતો. દા. ૭; ૧૪. ને તે પોતાનું રાજ્ય ચલાવવા આ દુનિયામાં આવેછે માટે જે લોકો તેનો હુકમ નહીં પાળે તેને તે પોતાના રાજ્યમાંથી દૂર કરી નાશ કરશે, માટે તે કારણને લીધે પસ્તાવો કરો.

૩ આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. કેમકે જેના
વિષે યશાયા ભવિશ્યવાદીએ કહ્યું હતું કે, "રા-
નમાં પોકારનારની વાણી, એટલે પ્રભુનો મા-
ર્ગ તૈયાર કરો, તેના રસ્તા સીધા કરો," તે
૪ એજ છે. અને તે યોહાનનાં લૂગડાં ઉંટનાં
રૂઆંનાં હતાં, ને તેની કમ્મરે ચામડાનો પટો
હતો, ને ટીડો તથા રાની મધ તેનો ખોરાક
૫ હતો. ત્યારે યરૂશાલેમના તથા યહુદાના સર્વ
લોક તથા યરદનની ચારોગમના લોક તેની પાસે
૬ બહાર ગયા. અને પોતાનાં પાપ કબુલ કરીને

---

૩. "યશાયા ભવિષ્યવાદીએ કહ્યું" યશા. ૪૦; ૩ જુઓ. યહુદી લોક બાબેલ દેશમાંથી પાછા આવશે તે વિષે ભવિષ્યવાદી એ વાત બોલેછે. અ. ૧; ૨૨, ૨૩ ઉપર જે ટીકા છે તે પર ધ્યાન દેવું.

"ટીડો તથા રાની મધ" હજી પણ ત્યાંના ગરીબ લોક એજ ખોરાક ખાયછે. શાસ્ત્રમાં એ દેશને દુધ મધથી વહેનારો દેશ કહ્યો છે. લે. ૨૦; ૨૪. વળી ૧ સમુ. ૧૪; ૨૫. લે. ૧૧; ૨૧, ૨૨ જુઓ.

"બાપ્તિસ્મા" આપવું એ કંઈ નવો રીવાજ નહોતો, યહુદી લોકોની મંડળીમાં જો કોઈ બીજો પારકો માણસ મળવા ચહાય તો તેઓ બાપ્તિસ્મા કરી તેને દાખલ કરતા હતા. પોતાના લોકોને એ સંસ્કાર આપતા નહોતા, માત્ર વિદેશીઓનેજ આપતા. પરંતુ યોહાન તો ફરોશીઓ તથા સાદુકીઓ એ સર્વ લોકોને બાપ્તિસ્મા આપતો હતો. આ સંસ્કાર આપવાની રીત કેમ નીકળી તે વિષે નિ. ૨૯; ૪.

૭ યરદનમાં તેને હાથે બાપ્તિસ્મા લીધું. પણ ફરો-
શીઓમાંના તથા સાદુકીઓમાંના ઘણાને તેના
બાપ્તિસ્મા સારૂ આવતા જોઇને તેણે તેઓને
કહ્યું કે, ઓ સર્પોના વંશ, આગામી ક્રોધથી
૮ નહાસવાને કોણે તમને ચેતાવ્યા ? તો પસ્તાવાને

લે. ૮; ૬: ૧૪; ૮ જુઓ. યોહાનની સુવાર્તાનો ૧લો અધ્યાય અને ૨૫મી કલમ પરથી જણાય છે, કે બાપ્તિસ્મા એ ખ્રિસ્તના આવવાની નિશાની છે. ઘણું કરી યશ. ૧; ૧૬. હજ. ૩૬; ૨૫. જાખ. ૧૩; ૧ માં લખેલી ભવિષ્યવાત પરથી એવી આશા ફેલાઈ.

૭. "ફરોશી" ફરોશીઓ પ્રથમ મકાબીઓના વખતમાં માલમ પડ્યા. યહુદી લોકોમાં તેઓએ ઘણો સુધારો કર્યો ને મુસાના નિયમ તથા તે પરની ટીકા (તાલ-મુદ) અક્ષરે અક્ષર ઘણીજ સખત રીતે પાળતા હ.. ને એમ આત્મિક રીતે નહીં, પણ કેવળ ઉપર ઉપરથી પ્રભુની આજ્ઞા માનવા લાગ્યા. જેઓ વધારે સખત રીતે મુસાના નિયમ પાળે, તેઓ ઝેલોટીશ કહેવાતા હતા. લુ. ૬; ૧૫. તેઓને પરદેશી રાજ્યનો ઘણો અણગમો હતો. બધા યહુદીઓ પાપી હતા પણ એમ માલમ પડેછે કે ઇસુએ ફરોશીઓને તથા સાદુકીઓને તેઓના ઢોંગ તથા અભિમાનને લીધે વિશેષ ઠપકો આપ્યો. પોતાના યહુદી ધર્મમાં એક પણ વિદેશી માણસ દાખલ થાય માટે તેઓ ઘણીજ મહેનત કરતા. અ. ૨૩; ૧૫. તો પણ સાધારણ યહુદી ભાઇઓને ધિક્કારતા હતા.

૯ શોભતાં ફળ ઉપજાવો; અને એમ કહેવાનું તમારા મનમાં ન ધારો કે, ઇબ્રાહીમ અમારો બાપ છે; કેમકે હું તમને કહુંછું કે આ પત્થરોમાંથી દેવ ઇબ્રાહીમને સારૂ છોકરા ઉપજાવી

યો. ૭; ૪૯. દાનધર્મ ઉપવાસ અને પ્રાર્થના કરવા ભૂલતા નહોતા, અને સાબાથનો દિવસ બહુજ કાળજીથી પાળતા હતા. તેમનો મત હતો કે પુનરૂત્થાન, દૂતો તથા ન્યાયનો દિવસ છે. એ લોકોમાં મુખ્ય બે પંથ હતા; પેહેલા શમાઈનાં ને બીજા હિલેલના મતાનુસારી. હિલેલ કરતાં શામાઈની આજ્ઞા વધારે સખત હતી.

"સાદુકી" એ નામ જાદોક ઉપરથી પડયું. એ જાદોક સુલેમાન રાજાના વખતમાં પ્રમુખ્ય યાજક હતો. સાદુકીઓને રૂમી રાજ્ય ઘણું પસંદ હતું. તેઓમાં ઘણા શ્રીમંત અમીર ઉમરાવ યાજકો વગેરે મોઢા માણસો હતા. તાલમુદ ઉપર તેઓનો બીલકુલ વિશ્વાસ નહોતો. મરણ પછી જીંદગી નથી; દૂત, આત્મા કે ભૂતો નથી પણ જે જીવેછે તે મરતી વેળા નાશ પામેછે, એમ તેઓ માનતા હતા. પ્રે. ૨૩; ૮. ફરોશીઓને તથા સાંદુકીઓને અરસપરસ વારંવાર વાદવિવાદ થતો.

૯. "ઈબ્રાહીમ અમારો બાપ" યહુદી લોકોની આ બોલવાની સાધારણ રૂઢી હતી. યો. ૮; ૩૩—૩૭. રાબીઓ લોકોને એવી શીખામણ આપતા કે જે કોઈ સુંનતી છે તે ગેહેના (નરક) માં પડશે નહીં.

૧૦ શકેછે. અને હમણાજ ઝાડોની જડપર કુહાડો
મુક્યો છે, માટે જે ઝાડ સારૂં ફળ નથી આ-
પતું તે દરેક કપાયછે, ને અગ્નિમાં નંખાયછે.
૧૧ પસ્તાવાને સારૂ હું પાણીએ તમારૂં બાપ્તિસ્મા
કરૂંછું ખરો, પણ જે મારી પાછળ આવનાર
છે તે મારા કરતાં સમર્થ છે, હું તેના ચંપલ ઉ-
ચકવા યોગ્ય નથી; તે પવિત્ર આત્માએ તથા
૧૨ અગ્નિએ તમારૂં બાપ્તિસ્મા કરશે. તેનું સુપડું
તેના હાથમાં છે, ને તે પોતાની ખળીને પુરી
સાફ કરશે, ને પોતાના ઘઉં ભંડારમાં ભરશે,
પણ ભુસું ન હોલવાનાર અગ્નિમાં બાળીનાંખશે.

---

૧૦ "ઝાડોની જડ પર કુહાડો" મુકયોછે અને માળી તે કાપવાની તૈયારીમાં છે, માટે ઉતાવળથી પાપ મુકી દઈને રૂડાં કામ કરો, કેમકે નાશથી બચી જવાનો વખત થોડો છે. જો ડાળી ઉપર કુહાડો હોય તો તે શિક્ષા છે પણ જડ કપાય તો પુરો નાશ થશે.

૧૧. "પાણી" એ ઉપરથી શુદ્ધ કરેછે. પણ અગ્નિ ઉપરથી તથા અંદરથી સર્વ જગ્યાએથી બાળીને શુદ્ધ કરેછે. હજ. ૩૬; ૨૫.

"પવિત્રાત્મા" યો. ૧૬; ૭. પ્રે. ૨; ૨—૧૭. એમ માલમ પડેછે કે યોહાને પવિત્રાત્મા વિષે વધારે જાણ્યું નહીં હોય. પ્રે. ૧૯; ૨.

કલમ ૧૩—૧૭.

ઈશુ યોહાન પાસે બાપ્તિસ્મા લેવા આવેછે.

માર્ક ૧; ૯—૧૧. લુ. ૩; ૨૧, ૨૨. યો. ૧; ૩૨—૩૪ વાંચો.

૧૩ ત્યારે ઇશુ યોહાનથી બાપ્તિસ્મા પામવા સારૂ
૧૪ ગાલીલથી યરદન પર તેની પાસે આવ્યો. પણ
યોહાને તેને વારીને કહ્યું કે, તારી પાસેથી મારે
બાપ્તિસ્મા લેવું જોઇએ, ને શું તું મારી પાસે
૧૫ આવેછે? પછી ઇશુએ જવાબમાં તેને કહ્યું
કે, હમણાં એમ થવાદે, કેમકે સઘળું ન્યાયીપણું
એમ પુરૂં કરવું આપણને ઘટાયે છે. ત્યારે તેણે
૧૬ તેને લેવા દીધું. અને ઇશુ બાપ્તિસ્મા લઇને તરત
પાણીમાંથી ઉપર આવ્યો; ને જુઓ, તેને સારૂ
આકાશ ઉઘડયું, ને દેવના આત્માને કબુતરની

૧૩. ઈશુને બાપ્તિસ્મા લેવાની કંઈજ જરૂર નહોતી કેમકે તે પવિત્ર હતો. પણ આપણને નમુનો આપવા સારૂ તથા ન્યાયીપણું પૂરૂં કરવા સારૂ એમ કર્યું. વળી એમ કરવામાં તે દેખાડેછે, કે બાપ્તિસ્મા મારફતે આપણે પવિત્રાત્મા પામી શકીએ છીએ.

૧૪. યોહાન ઈશુનો સગો હતો, ને બાળપણમાં તેઓની સંગત થઈ હશે, માટે યોહાને જાણ્યું કે ઈશુ મારા કરતાં પવિત્ર છે, માટે હું તેને સંસ્કાર આપવા યોગ્ય નથી. યો. ૧; ૩૩ પરથી જણાયછે કે આ સમય પેહેલાં ઈશુ તેજ મસીહ છે એવું યોહાનને નક્કી માલમ નહોતું.

૧૫. "ન્યાયીપણું" એટલે ન્યાય પ્રમાણે જે થવું જોઈએ તે.

૧૬. "તેણે દીઠો" એટલે ઇશુએ દીઠો, પણ તે સાથે યોહાને પણ જોયો હતો. યો. ૧; ૩૨. "કબુતર" એ નમ્રતાનું ચિન્હ છે. મા. ૧૦; ૧૬. પ્રભુ ઈશુનું મોટું પરીક્ષણ જે શેતાને કર્યું, તે પહેલાં તે પવિત્રાત્મા પામ્યો હતો.

પર ઉતરતો, ને પોતાપર આવતો તેણે દીઠો.
૧૭ અને જુઓ, આકાશવાણી થઇ કે, આ મારો
વહાલો દીકરો છે, એનાપર હું બહુ પ્રસન્ન છું.

---

૧૭. ઘણું કરી ફક્ત ઈશુએ તથા યોહાંને એ બેજ જણે આકાશ ઉઘડેલું જોયું. ૨ રા. ૬; ૧૭ નો મુકાબલો કરો.

બીજી બે વાર આકાશથી એવી વાણી થઈ હતી. આ. ૧૭; ૫. યો. ૧૨; ૨૯.

પ્રશ્નો.

૧. યોહાન કઈ જગ્યાએ બાપ્તિસ્મા આપતો હતો?
૨. યોહાનના ઉપદેશનો સાર શું હતો? અને હાલના ખ્રિસ્તી ઉપદેશમાં કંઈ ફેરફાર છે કે નહીં?
૩. યોહાન અને બીજા સાધુ ફકીરો વચ્ચે શો તફાવત છે?
૪. આકાશનું રાજ્ય પાસે આવ્યું તેમાં પસ્તાવો કરવાનુ શું કારણ?
૫. ઈશુએ શા માટે બાપ્તિસ્મા લીધું?
૬. કઈ ત્રણ વેળાએ ઈશુ માટે આકાશવાણી થઈ?
૭. યોહાને બાપ્તિસ્મા આપતાં લોકોને નહવડાવ્યા કે તેઓ ઉપર પાણી છાંટ્યું?
૮. યોહાનનાં માબાપ કોણ હતાં?
૯. યોહાનના બાપ્તિસ્મામાં કંઈ નવું હતુ કે નહીં?
૧૦. સંસ્કાર પામતી વેળા ત્રાતા પર પવિત્રાત્મા આવ્યો ત્યારે શું તેના માનવ સ્વભાવમાં કંઈ ફેરફાર થયો?
૧૧. ઈશુની સાથે યોહાનનો મુકાબલો કરો. અને કહો કે ફરોશીઓએ કેવો તેમનો મુકાબલો કર્યો હતો?
૧૨. યોહાન નાઝરી હતો તો નાઝરી વ્રત એટલે શું? બીજા કયા પ્રખ્યાત માણસો નાઝરી હતા?

૪ ત્યારે ઈશુનું પરીક્ષણ શેતાનથી થાય માટે
૨ આત્મા તેને રાનમાં લઇ ગયો. અને ચાળીશ

અધ્યાય ૪ થો.

કલમ ૧-૧૧. ઈશુનું પરીક્ષણ. માર્ક ૧; ૧૨, ૧૩.

લૂ. ૪; ૧-૧૩ વાંચો.

ક. ૧. જણાયછે કે ઈશુએ પોતે આ વર્ણન કર્યું હતું. "આત્મા રાનમાં તેને લઈ ગયો" કારણ કે શેતાન ઉપર જય મેળવવાની ઈશુને જરૂર હતી. યા. ૧; ૧૩ સરખાવો. એવીજ રીતે એલીયા અને માઉસ પણ રાનમાં રહીને પોતાના કામને સારૂ તૈયાર થયાં. ૧ રા. અ, ૧૯ મો. ગલ. ૧; ૧૭. માર્ક લખેછે કે પ્રભુ ઈશુ જંગલી પશુઓની સાથે હતો. "શેતાન" ને અર્થ એવો કે જે સામો આવેછે તે. ઈશુની પરીક્ષાના ત્રણ પ્રકાર છે; ૧લો દેહને લોભ. ૨ જો. આંખને લોભ. ૩ જો. જીવનને અહંકાર. ૧ યો. ૨; ૧૬. રાનુ સંબંધી લોકોની એવી ધારણા હતી કે તેમાં દૈત્યો અને ભુતો વસેછે.

૨. મુસાએ બે વાર અને એલીયાએ એક વાર ચાળીશ દિવસ સુધી અપવાસ કર્યો હતો. નિ. ૩૪; ૨૮. પુ. ૯; ૯-૧૮. ૧ રા. ૧૯, ૮. માત્થી ત્રણ પરીક્ષણનું વર્ણન કરેછે, એથી એમ ન સમજવું કે ત્રણજ પરીક્ષણ થયાં કેમકે એવું દેખાયછે કે ચાળીશ દિવસ સુધી પરીક્ષણ ચાલતું રહ્યું. ત્યાર પછી જ્યારે ઈશુને ભૂખ તથા થાક લાગ્યાં, ત્યારે એ ત્રણ સોથી મોટાં પરીક્ષણ હતાં. લુ. ૪; ૨.

શત દહાડા ઉપવાસ કરયા પછી તેને ભૂખ લાગી.
૩ અને પરીક્ષકે તેની પાસે આવીને કહ્યું કે, જો
તું દેવનો દીકરો છે, તો કહે કે આ પ્તથરો રો-
૪ ટલી થઇ જાય. પણ તેણે જવાબમાં કહ્યું,
એમ લખ્યું છે કે, "માણસ એકલી રોટીથી
નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોહોમાંથી નિક-
૫ ળે છે તેથી જીવશે." પછી શેતાન તેને લઇને
પવિત્ર નગરમાં જાયછે, ને મંદિરના બુરૂજપર
૬ બેસાડે છે; અને તેને કહેછે કે, જો તું દેવનો દી-
કરો છે, તો પોતે પોતાને હેઠલ પાડી નાંખ;
કેમકે એમ લખ્યું છે કે, "તે પોતાના દૂતોને તારા
સંબંધી આજ્ઞા કરશે, ને તને તેઓ પોતાના
હાથોપર ધરી લેશે, રખે કદી તું પોતાનો પગ

૩. પરમેશ્વરે ઈશુને પોતાનો મહિમા દેખાડવા જે શક્તિ આપેલી તેને ઈશુ પોતાનાજ કામમાં લાવે એવી શેતાનની યુક્તી હતી.
"જો" એ શબ્દ શેતાન ઈશુને ખીજવવા તથા અભિમાન ઉત્પન્ન કરવા વાપરેછે. ગેરવાજબી રીતે લોકો ગુજરાન ચલાવે માટે શેતાન હાલ પણ પરીક્ષણ લાવેછે.

૪. પુ. ૮; ૩.

૬. ઈશુએ શેતાનને હરાવવા જુના કરારમાંથી એક વચન કહાડ્યું, ત્યારે શેતાને પણ તેને લાલચ બતાવવા ગીતના ૯૧મા અધ્યાયનું ૧૧મું ને ૧૨મું વાકય કહ્યું. કેટલાએક લોકો કહેછે કે એ વાકયોમાંથી "તારા સર્વ માર્ગોમાં" એટલા શબ્દો મુકી દેવામાં આવ્યા, માટે

૭ પત્થરપર અફળાવે." ઇસુએ તેને કહ્યું, એ પણ
લખેલું છે કે, "પ્રભુ જે તારો દેવ તેનું પરીક્ષણ
૮ તું ન કર." ફરી શેતાન તેને લઇને ઘણા ઉંચા
પહાડપર જાયછે, ને જગતનાં સઘળાં રાજ્ય
૯ તથા તેઓનો મહિમા તેને દેખાડેછે; ને તેને
કહેછે, જો તું પગે પડીને મારૂં ભજન કરે, તો

તેનો અર્થ બદલાઈ ગયો, પણ એ માનવું ભૂલ ભરેલું છે. ખરૂં જોતાં ઇસુ શેતાનના કહ્યા પ્રમાણે ચાલે તો પણ પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખે એવી આ બીજી પરીક્ષા હતી.

૭. પુ. ૬; ૧૬. એવી રીતે માસા નામની જગ્યા પાસે ઈસ્રાએલ પુત્રોએ દેવનું પરીક્ષણ કર્યું. નિ. ૧૭; ૧-૭. એવો વિશ્વાસ રાખવો કે જ્યાં સુધી પરમેશ્વરના માર્ગમાં ચાલીએ ત્યાં સુધી પરમેશ્વર આપણું સંરક્ષણ કરશે, પણ પોતાની ખુશી પ્રમાણે શેતાનના માર્ગમાં જઇએ ને ભરોસો રાખીએ કે પરમેશ્વર આપણું રક્ષણ કરે તો એવો ભરોસો ખોટો છે. પરમેશ્વરને આપણે એમ કહીએ કે ગમે તેવું અમે કરીએ, તો પણ અમારો બચાવ કરો તો એમ કહેવું તે દેવનું પરીક્ષણ કરવું છે. કેટલાએક લોક એવા છે કે પાપ કરતી વેળા પ્રભુ બહુ દયાળુ છે એમ વિશ્વવાસ રાખેછે પણ એવા વિશ્વાસથી કંઈ ફાયદો હાંસલ થતો નથી.

૮. અંતઃકરણમાં દુનિયાનું દર્શન કરાવ્યું, કારણ કે કોઈ પણ પર્વત એટલો ઉંચો નથી કે જ્યાંથી જગતનાં સર્વ રાજ્યો નજરે આવે.

૯. શેતાન જે જગતનો અધિકાર ધરાવેછે, તે પૃથ્વી પરનાં સઘળાં રાજ્ય આપવાનો પોતાનો હક બતાવેછે. તે વખતે રાજા આન્ટીપાસ, તીબેરીયસ વગેરેનાં ક્રૂર લક્ષ-

૧૦ આ સઘળાં હું તને આપું. ત્યારે ઇશુ તેને કહેછે
કે, અરે શેતાન, આઘો જા, કેમકે એ લખ્યું છે કે,
"પ્રભુ જે તારો દેવ તેનું ભજન કર ને તેની
૧૧ એકલાનીજ સેવા કર." ત્યારે શેતાન તેને મુ-
કીને જાયછે, ને જુઓ, દૂતોએ પાસે આવીને
તેની સેવા કરી.
૧૨ યોહાનને બંદીવાન કરવામાં આવ્યો છે, એવું

ણથી એવું જણાયુંકે તેઓ શેતાનની ગુલામીમાં હ-
તા, માટે કદાચિત ઈશુના મનમાં આ વિચાર આવે
કે હું પણ રાજા થઈને ભુંડા રાજાઓનો નાશ કરૂં તો
સારૂં. પ્રસ્તાવના જુઓ.

૧૦. પુ. ૬; ૧૦–૧૩. "અરે શેતાન આઘો જા" એ
સાથે મા. ૧૬; ૨૩નો મુકાબલો કરો.

૧૧. લુક લખેછે કે "શેતાન" કેટલીક વાર સુધી તેની પા-
સેથી ગયો. લુ. ૪; ૧૩.

૧૨. "ગાલીલ" માં સમારીયા પ્રાંતમાં થઈને ગયો હતો.
યો. ૪; ૩, ૪. ઈશુ વગર જરૂરે જોખમમાં ઉતર્યો ન-
હિ તેમજ તેને બીક પણ લાગી નહીં. જુઓ લુ.
૧૩; ૩૨. ગાલીલમાં જવાનું બીજું એક કારણ યો-
હાન બતાવેછે. વાંચો યો. ૪; ૧–૩. શીરીયા પ્રાંતના
માખીરસ નામના કિલ્લામાં યોહાનને કેદ કરવામાં
આવ્યો હતો, તેનું કારણ જાણવું હોય તો મા. ૧૪;
૩, ૪ વાંચો. યોહાનના મરણની ખબર જાણી ઈશુ
ફરી રાનમાં ગયો. મા. ૧૪; ૧૩.
સુલેમાન રાજાએ જે વીશ શેહેરો હીરામને આપ્યાં હતાં
(૧ રા. ૯; ૧૧.) તે દેશનું નામ પ્રથમ ગાલીલ હતું

૧૩ સાંભળીને ઇશુ ગાલીલમાં પાછો ગયો. અને
નાઝારેથ મુકીને જબુલોનની તથા નફથાલીમની
સીમમાંના સમુદ્ર પાસેના કાપરનાહુમમાં આ
૧૪ વી રહ્યો. એ માટે કે યશાયા ભવિષ્યવાદીએ
૧૫ જે કહ્યું હતું તે પુરૂં થાય કે, "જબુલોનના પ્રાં-
તના તથા નફથાલીમના પ્રાંતના, યરદન પાસે-
ના સમુદ્રના રસ્તાઓમાં, એટલે વિદેશીઓના
૧૬ ગાલીલમાંના જે લોક અંધારામાં બેઠેલા તેઓ

પણ પાછળથી એજ નામ મોટા પ્રાંતને લાગુ પડ્યું, જેમકે એશિયાં પહેલવહેલાં એક નાના તાલુકાનું નામ હતું, અને પછી એજ નામ રૂમી લોકના એક જીલ્લા-ને લાગુ પાડ્યું ને છેવટે તે એક ખંડનું નામ થયું. ગાલીલમાં તે વખતે ફીનીકી, અરબ અને ગ્રીક લોકની ઘણી ખરી વસ્તી હતી.

૧૩. ઈશુ નાઝરેથ મુકીને ગયો, કારણ કે ત્યાંના લોકોએ તેના પર વિશ્વાસ ન રાખ્યો. લુ. ૪; ૩૦. એટલુંજ નહીં પણ કાપરનાહુમ હેરોદ આન્ટીપાસના રાજ્યની હદ પાસેજ હતું માટે જો કંઈ જોખમ આવી પડે તો ત્યાંથી જતા રહેવાનો રસ્તો હતો.

"સમુદ્ર પાસે" એ ગાલીલનો સમુદ્ર હતો એનાં બીજાં ત્રણ નામ છે (૧) ગનેસરેત લુ. ૫; ૧. (૨) તીબેરીયસ. યો. ૬; ૧. (૩) કીનરેથ. ગણ. ૩૪; ૧૧.

૧૫. યશા. ૯; ૧. તે વેળા ત્યાંના લોક ઘણા દુઃખમાં હતા ૨ રા. ૧૫; ૨૯. પ્રથમ સનાખરીબનો નાશ થવામાં અને પછી મશીહના પ્રગટ થવામાં એ ભવિષ્યવાત પુરી થાય છે.

એ મોટું અજવાળું દીઠું, ને મરણસ્થાનમાં
તથા મરણછાયામાં બેઠેલાઓપર અજવાળું
૧૭ પડ્યું." ત્યારથી ઇશુ પ્રગટ કરવા તથા કેહેવા
લાગ્યો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે;
માટે તમે પસ્તાવો કરો.
૧૮ અને ઇશુ ગાલીલના સમુદ્રને કાંઠે ચાલતો હતો,
ત્યારે તેણે બે ભાઈઓ, સીમોન જે પીતર ક-
હેવાયછે તેને તથા તેના ભાઇ આંદ્રયાને સમુદ્રમાં
જાળ નાંખતા દીઠા, કાંજે તેઓ માછલાં પક-
૧૯ ડનારા હતા. ત્યારે તે તેઓને કેહેછે કે, મારી
પાછળ આવો, ને હું તમોને માણસોના પકડ-
૨૦ નારા કરીશ. અને તેઓ તરત જાળો મુકીને
૨૧ તેની પાછળ ગયા. અને તેણે ત્યાંથી આગળ
જતાં બીજા બે ભાઇઓ, ઝબીદીના દીકરા યા-
કુબને તથા તેના ભાઈ યોહાનને, તેઓના બાપ
ઝબીદીની સાથે વહાણમાં પોતાની જાળો સાં-

૧૭. "આકાશનું રાજ્ય પાસે આવ્યું છે" ઈત્યાદિ, એ પણ યોહાનનો ઉપદેશ હતો. મા. ૩; ૨.

૧૮. જુઓ માર્ક ૧; ૧૬-૨૦. ઈશુને પ્રથમ આ માણસો-એ ઓળખ્યો. યો. ૧; ૩૫-૪૨. આંદ્રીઆ યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય હતો, તેનું તથા તેના ભાઈ પીતરનું વતન બેથસાઈદા હતું. યો. ૧; ૪૪. યાકુબ અને યોહાન શીમોનની સાથે ભાગમાં ધંધો કરતા હતા. લુ. ૫; ૧૦. તેઓ બહુ ગરીબ નહોતા, કારણકે માર્ક ૧; ૨૦ પરથી જણાય કે તેઓ નોકર રાખતા હતા. ગાલીલનો સમુદ્ર ભૂમધ્ય સમુદ્ર કરતાં ૫૦૦ ફુટ નીચો છે.

૨૨ પણ છોડીને તેઓને પણ બોલાવ્યા. ત્યારે તેઓ
વહાણને તથા પોતાના બાપને તરત મુકીને તેની
પાછળ ગયા.
૨૩ અને ઇશુ તેઓના સભાસ્થાનોમાં ઉપદેશ ક-
રતો, ને રાજ્યની સુવાર્તા પ્રગટ કરતો, ને લો-
કોમાં હરેક પ્રકારનો રોગ તથા દુઃખ મટાડતો,

---

૨૩. "સભાસ્થાનો" માં સાબાથને દિવસે તથા અઠવાડી-
આના બીજા તથા પાંચમા દિવસે ઈશ્વર ભકિત કરવા
સભા મળતી હતી.

(૨) નિયમ શાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓનાં પુસ્તકો
વંચાતાં તથા લોકોને સારૂ પ્રાર્થના પણ કરવામાં
આવતી.

(૩) સભાસ્થાનમાં કચેરી હતી, કે જેમાં નિયમો
બાંધતા ને શિક્ષા પણ કરતા. મા. ૧૦; ૧૭.

(૪) નિશાળ તથા ધર્મની કેળવણી આપવા પાઠ-
શાળા પણ તેમાં હતી.

(૫) સભાસ્થાનમાં દશ માણસો કામદાર હતા. તે-
મની વિગત નિચે પ્રમાણે—

૩. જનસભાના અધિકારીઓ. માર્ક ૫; ૨. તેઓ
ન્યાયાધીશનું કામ કરતા ને નવા સભાસદને
દાખલ કરતા.

૧. ધર્માધ્યક્ષ.

૩. સંસારી કામકાજ ચલાવનાર.

૧. એક હેબ્રી ભાષાનો તરજુમો કરનાર હતો, કા-
રણ કે લોકો હેબ્રી ભાષામાંથી ઉત્પન્ન થએલી
આરમાઈક બોલી બોલતાં તથા વાપરતા હતા.

૨૪ આખા ગાલીલમાં ફરયો. ત્યારે આખા સુરીઆ
માં તેની કીર્ત્તિ ફેલાઇ ગઇ, ને તેઓ સઘળા
માંદાઓને, એટલે અનેક તરેહના રોગીઓને
તથા પીડાએલાઓને તથા ભૂત વળગેલાઓને
તથા ફેફરાંવાળાઓને તથા પક્ષાઘાતીઓને તેની
૨૫ પાસે લાવ્યા; ને તેણે તેઓને સાજા કીધા. અને
ગાલીલથી તથા દકાપલીસથી તથા યરૂશાલેમથી
તથા યહુદાથી તથા યરદનને પેલે પારથી લોકોના
મોટાં ટોળાં તેની પાછળ ગયાં.

---

૧. પાઠશાળાનો શિક્ષક હતો.

૧. શિક્ષકને માટે ભાષાંતર કરનાર.

" રાજ્યની સુવાર્ત્તા" એટલે રાજા આવીને સારા લો-
કનું ભલું કરશે તથા ભુંડાઓનો સંહાર કરશે
એવી સારી ખબર.

૨૫. "દકાપલીસ" એટલે દશ શેહેરો. એ ગાલીલના સ-
મુદ્રની દક્ષિણે તથા પૂર્વે હતાં.

પ્રશ્નો.

૧. ઈશુનું પરીક્ષણ જે માર્થી લખેછે તેમાં અને લુક
લખે છે તેમાં શું ફેર છે ?

૨. યર્દન નદી કયા કયા સરોવરમાં થઈને કયા કયા
સરોવરને મળે છે ?

૩. આ વેળાએ ઈશુ શા માટે ગાલીલમાં ગયો ?

૪. ઈશુ શિવાય બીજા કોણે ચાલીશ દિવસ ઉપ-
વાસ કર્યો ?

૫. શેતાનની વાત ન માનવી એ શું ઈશુને કઠણ
લાગ્યું હતું ?

૬. બીજા કોને ઈશુએ કહ્યું કે, અરે શેતાન આઘો જા.

૭. ઈશુ પાપીથી દુર રહી શક્યો અથવા તેનામાં
પાપ કરવાની શક્તિ નહોતી કે શું ?

૫ ત્યારે ઘણા લોક જોઇને તે પહાડપર ચડી ગયો;
ને તે બેઠો એટલે તેના શિષ્યો તેની પાસે આવ્યા.
૨ અને તેણે પોતાનું મોહો ઉઘાડીને તેઓને ઉપ-
૩ દેશ કરતાં કહ્યું કે, આત્મામાં જ રાંક તેઓને

અધ્યાય ૫ મો.

ક. ૧. વાંચો લુ. ૬; ૧૭–૪૯. એમાં પણ એજ વાત દાખલ કરેલી છે. માત્થી લખે છે કે ઈશુ પહાડપર ચડી ગયો, અને લુક લખે છે કે પહાડ ઉપ-રથી ઉતરીને મેદાનમાં ઉભો રહ્યો તો એ બેઉ દેખાતી વિરૂદ્ધ વાતોનો ખુલાસો એવો છે કે બે ડુંગરોની વચે ઉપરના ભાગમાં સપાટ મેદાન હતું. માટે ખરૂં જોતાં માત્થીના લખ્યા પ્રમાણે ઇશુ ટોચ ઉપર થઇને મેદાનમાં આવ્યો ને લુકના લખ્યા પ્ર-માણે ટોચ ઉપરથી ઉતરીને સપાટ મેદાનમાં આવ્યો. માટે એ બેઉનું લખવું ખરૂં છે. "તે બેઠાપર" યહુદી લોકો શીખામણ આપતીવેળા બેસતા હતા તે પ્ર-માણે ઈશુ પણ બેઠો. આ વખતે તેના શિષ્યો શિવાય બીજાં ઘણાં માણસો હાજર હતાં. લુ. ૬;૧૭.

૩. "આત્મામાં રાંક" પણ લુક લખેછે કે "ઓ દરિદ્રી-ઓ તમને ધન્ય છે." આ બે વાકયોમાં થોડો ફેર દેખાય છે, પણ ખરૂં જોતાં તેઓ અર્થમાં મળતા છે. ઇશુનો અર્થ એવો હતો કે જે લોકો દ્રવ્ય ઉપર મન નથી રાખતા, અગર તેઓ પૈસાદાર હોય કે ગરીબ હોય, પણ આત્મામાં રાંક છે તો તેઓને ધ-ન્ય છે, એજ લોકો વિષે માત્થી લખે છે. પણ જે લોકો માલ મિલકતમાં તથા આત્મામાં રાંક છે એવા નમ્ર લોકોનો ભાગ ઘણો છે. અને એ ભાગ એટલો

૪ ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે. જે
શોક કરેછે તેઓને ધન્ય છે; કેમકે તેઓ દીલાસો
૫ પામશે. જે નમ્ર તેઓને ધન્ય છે; કેમકે તેઓ
૬ પૃથ્વીનું વતન પામશે. જેઓને ન્યાયીપણાની
ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ
૭ ધરાશે. દયાળુઓને ધન્ય છે; કેમકે તેઓ દયા
૮ પામશે. મનમાં જે શુદ્ધ તેઓને ધન્ય છે; કેમકે
૯ તેઓ દેવને જોશે. સલાહ કરાવનારાઓને ધન્ય
૧૦ છે; કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે. ન્યાયીપ-
ણાને લીધે જેઓની સતાવણી કરવામાં આવેછે
તેઓને ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું
૧૧ છે. જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પુઠે લા-
ગશે, ને મારે લીધે તમારે ઉલટી હરેક ભુંડી વાત

મોટા છે કે જે લોક પૈસાદાર છે અને આત્મામાં રાંક રહે છે તેઓનો વર્ગ લુકના સમજ્યા પ્રમાણે કંઇ હિસાબમાં નથી;. માટે તે ફક્ત ગરીબ લોક વિષે વાત કરે છે.

૪. પોતાનાં પાપ તથા બીજાઓનાં પાપને લીધે જે શોક કરે છે તેઓને ધન્ય છે. ૨ કરૂ. ૭; ૧૦. વળી: જેઓ દુ:ખમાં હોય તેઓને પણ એ વચન કહેવામાં આવે છે.

૫. "નમ્ર" જુઓ ગી. ૩૭; ૧૧.

૭. માત્થી ૧૮; ૨૩-૩૫ અને માત્થી ૬; ૧૨ નો મુકાબલો કરો.

૮. વાંચો યોહાન ૩; ૨-૩.

૧૦-૧૧. "ન્યાયીપણાને લીધે" અને "મારે લીધે" એ શબ્દોપર ધ્યાન દો. શા કારણથી સતાવણી થાય છે એ સૌથી મોટી વાત છે.

૧૨ જુઠાઇથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આ-
નંદ કરો તથા ઘણા હરખાઓ; કાંજે આકાશમાં
તમારૂં ઇનામ મોટું છે; કેમકે તમારી આગાઉના
ભવિષ્યવાદીઓની પુઠે તેઓ એમજ લાગ્યા.
૧૩ તમે જગતનું મીઠું છો; પણ જો મીઠું બેસ્વાદ
થયું તો તે શાથી ખારૂં કરી શકાય? બહાર ફેંકાવા
તથા માણસોના પગથી છુંદાવા શિવાય તે ફરી
૧૪ બીજા કંઇ કામનું નથી. તમે જગતનું અજવા-
ળું છો. પહાડપર વસાવેલું નગર સંતાઇ શકતું
૧૫ નથી. અને દીવો કરીને તેને માપા તળે નહિ,
પણ દીવી પર મુકેછે, ત્યારે ઘરમાંનાં બધાંને

---

૧૩. "તમે" શિષ્યોને કહેછે. "બેસ્વાદ મીઠું" મીઠું એ ઘણી અગત્યની વસ્તુ છે, તે વગર ચાલેજ નહીં. તે પોતે સ્વાદવાળું છે ને બધી ચીજને સુધારેછે પણ જ્યારે તે બેસ્વાદ થાય ત્યારે તે કશા કામનું રહેતું નથી. એજ પ્રમાણે આ જગતમાં ખ્રીસ્તી લોકો માટે જરૂરનું છે ને તેઓએ પોતે સારા થઇ બીજા-ઓને સુધારવા; પણ ખ્રીસ્તી લોક પોતેજ બગડે ને ભુંડી રીતે ચાલે તો તેઓ પછી કંઈજ કામના રહેતા નથી. કાંતો મીઠાની પેઠે સ્વાદવાળાને કાંતો બેસ્વાદ થવું જોઈએ, કંઇ ત્રીજોરસ્તો નથી.

૧૫. "ઘરમાંના બધાંને" એટલે યહુદી લોકોને જેઓ પોતાને એમ સમજતા હતા કે અમે ઇશ્વરના પસંદ કરેલા ને તેના ઘરના લોક છીએ; પણ લુક વિદેશીઓ માટે લખે છે કે જેઓ ઇશ્વરની મંડળી કે તેના ઘરમાં આવે તેઓ બધા અજવાળું જુએ. એટલે માંહે આવનારા અજવાળું જુએ. લુક ૮;૧૬.

૧૬ તે અજવાળું આપેછે. તેમ તમે તમારૂં અજવાળું
લોકની આગળ એવું પ્રકાશવા દો એ માટે કે,
તેઓ તમારી રૂડી કરણી જુએ, ને આકાશમાં
ના તમારા બાપનો મહિમા ગાય.
૧૭ નિયમશાસ્ત્ર અથવા ભવિષ્યવાદીઓની વાતો-
નો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો;
નાશ કરવાને નહિ, પણ પુર્ણ કરવાને આવ્યો
૧૮ છું. કેમકે હું તમને ખચીત કહુંછું કે, આકાશ
તથા પૃથ્વી ટળી જાય ત્યાંસુધી સઘળું પુરૂં થયાં
વગર નિયમશાસ્ત્રમાંથી એક કહાનો અથવા એક
૧૯ માત્રા ટળી જશે નહિ. એ માટે આ સૌથી
નાની આજ્ઞાઓમાંની એકને જો કોઇ તોડશે,
ને માણસોને તેમજ શીખવશે, તો આકાશના
રાજ્યમાં તે સૌથી નાનો કહેવાશે; પણ જો કોઇ
તે પાળશે ને શીખવશે તો આકાશના રાજ્યમાં
૨૦ તે મોટો કહેવાશે. કેમકે હું તમને કહુંછું કે શા-
સ્ત્રીઓના તથા ફરોશીઓના ન્યાયીપણા કરતાં
જો તમારૂં ન્યાયીપણું વધારે નહિ હોય, તો
આકાશના રાજ્યમાં તમે નહિજ પેસશો.
૨૧ હત્યા ન કર, ને જે કોઇ હત્યા કરે તે અપ-
રાધી ઠરવાના જોખમમાં આવશે, એમ પુરાતન

---

૧૭. "પૂર્ણ કરવા" એટલે જુના કરારમાં મશીહ વિષે
જે જે ભવિષ્ય વચન કહેલાં હતાં તે તથા ઇશ્વરના
નિયમ તથા તારણ વિષેનું બધું કામ પુરૂં કરવા.

૨૦. "ફરોશીઓ" એ લોકોને આજ્ઞા શીખવતા પણ
પોતે પાળતાં નહોતા. માત્થી ૨૩; ૨, ૩.

૨૨ લોકોને કહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું
તમને કહુંછું કે, જે કોઇ પોતાના ભાઇપર, અ-
મથી ક્રોધ કરેછે, તે અપરાધી ઠરવાના જોખમમાં
આવશે; ને જે પોતાના ભાઇને પાજી કહેશે, તે
ન્યાયસભાથી અપરાધી ઠરવાના જોખમમાં આ-
વશે. ને જે તેને કહેશે કે તું મુર્ખ છે, તે અગ્નિ
૨૩ ની ગેહેનાનાં જોખમમાં આવશે. એ માટે જો
તું તારૂં નૈવેદ વેદી પાસે લાવે, ને ત્યાં તને યાદ આવે
૨૪ કે મારા ભાઇને મારે વિરૂદ્ધ કંઈ છે, તો ત્યાં
વેદી આગળ પોતાનું નૈવેદ મુકીને જા, પહેલાં
પોતાના ભાઈ સાથે સલાહ કર, ત્યાર પછી આ

---

૨૨. "ન્યાય સભા" એટલે સાનેદ્રીન કહેવાએલી સભા ને વિષે જુઓ માથ્થી ૨૬; ૩ની ટીકા.

"ગેહેના" હીનોમની ખીણ. જેને હીનોમના પુત્રની ખીણ કે તોફેત પણ કહે છે. યર. ૭; ૩૧. એ જગ્યા યરૂશાલેમ નગરની પાસે હતી ને ત્યાં મોલેખ દેવીનું સ્થાનક હતું. ૧ રા. ૬;૭. મોલેખની સેવા અર્થે લોકો બાળકોનું અર્પણ કરતા, તે એવી રીતે કે પ્રથમ દેવીને અગ્નિમાં ખુબ તપાવી તેના પસારેલા બે હાથમાં બાળકને મુકતા, તેથી થોડીજ વારમાં તે બળીને ભસ્મ થઈ જતું હતું. પણ યોશીયા રાજાએ તે જગ્યા અપવિત્ર કરી ઉપલો ક્રૂર રીવાજ બંધ પાડ્યો. ૨ રા. ૨૩; ૧૦. ત્યાર પછી તે જગ્યા કેદીઓનાં મુડદાં તથા કચરો નાંખવાના કામમાં આણી; એ ઉપરથી મરણ પછી ભુંડાઓ જે જગ્યામાં જાયછે તેનું નામ ગેહેના પાડ્યું. "અગ્નિની ગેહેના" કારણ કે મોલેખની સેવામાં તથા કચરો આદિ બાળવામાં અગ્નિ વપરાતો હતો.

૨૩-૨૪. "ભાઈ સાથે સલાહ કર" પહેલાં તકરાર બંધ કરો અને પછી સેવા કરવા આવો. હો. ૬; ૬.

૨૫ વીને પોતાનું નૈવેદ્ય ચડાવ. જ્યાંસુધી તું તારા
વાદીની જોડે માર્ગમાં છે, ત્યાંસુધી તેનની સાથે
વહેલો મળી જા; રખે કદી વાદી તને ન્યાયાધીશ
ને સોંપે, ને ન્યાયાધીશ તને સીપાઈને સોંપે,
૨૬ ને તું કેદખાનામાં નંખાય. હું તને ખચીત કહુંછું
કે તું છેલ્લી દમડી ચુકવી આપીશ, ત્યાંલગી ત્યાં
થી બહાર નિકળનારજ નથી.
૨૭ વ્યભિચાર ન કર, એમ પુરાતન લોકોને કેહેલું
૨૮ હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહુંછું
કે, જે કોઈ બાયડી ઉપર ખોટી નજર કરેછે,
તેણે એટલામાં પોતાના મનમાં તેની જોડે વ્ય-
૨૯ ભીચાર કરચો છે. અને જો તારી જમણી આંખ
તને ઠોકર ખવડાવે, તો તેને કહાડી નાંખીને તારી
પાસેથી ફેંકી દે, કાંજે તારા અવયવમાંના એકનો
નાશ થાય, ને તારૂં આખું શરીર નરકમાં ન
૩૦ નંખાય, એ તને ગુણકારક છે. અને જો તારો
જમણો હાથ તને ઠોકર ખવડાવે, તો તેને કાપી
નાંખીને તારી પાસેથી ફેંકી દે, કાંજે તારા અવ-
યવમાંના એકનો નાશ થાય, ને તારૂં આખું
શરીર નરકમાં ન નંખાય, એ તને ગુણકારક છે.

૨૫. "પાપનો પસ્તાવો કરો" નહીંતો રખેને ઠરાવને દિ-
વસે પ્રભુ આગળ તમારાંજ પાપ તમારી સામા વા-
દી તરીકે ઊભાં થાય.

૨૯-૩૦. "આંખ તથા હાથ" એ ઘણાં અગત્યનાં તથા
સહુ કોઈને પ્રિય છે, પણ કોઈ વાર એવું બને છે કે
શરીરના બચાવ માટે તેને કાપી નાંખવાં પડેછે; તેમજ

૩૧ જે કોઇ પોતાની બાયડીને મુકીદે તે તેને ફાર-
૩૨ ગતી લખી આપે, એમ પણ કહ્યું હતું. પણ હું
તમને કહુંછું કે વ્યભિચારના કારણ વગર જે
કોઇ પોતાની બાયડીને મુકીદે, તે તેની પાસે
વ્યભિચાર કરાવેછે; ને જે કોઈ તે મુકીદીધેલીની
જોડે લગન કરે તે વ્યભિચાર કરેછે.

કેટલાંએક કામ તથા રમત જે કે આપણને ઘણાંજ ઉપયોગી તથા પ્રિય હોય, પણ કોઇવાર તે કરવાથી આપણા આત્માને નુકસાન પહોંચે એમ હોવાથી તે પણ મુકી દેવાં જોઇએ, કદાચ તે મુકવાથી દુઃખ થાય, તો પણ આત્માના સુખને માટે તે મૂકવાં એ ઘણુંજ જરૂરનું છે.

૩૧-૩૨. પુ. ૨૪,૧ અને મા. ૧૯.૩-૯ વાંચો. કેટલાં-એક નજીવાં કારણને લીધે પોતાની વહુને ફારગતી આપવામાં આવતી હતી, કેમકે લોકોનાં મન ઘણાં કઠણ થએલાં હતાં માંટે મુસાએ તેમના હૃદયની કઠોરતાને લીધે એમ કરવા દીધું. એ વખતમાં ઈસ્રાઈલપુત્રો પુરા સુધરેલા નહોતા; પણ જંગલી જેવા હતા માટે તેમને પરમેશ્વર તરફથી ધીમે ધીમે તેમને શિક્ષણ મળતું હતું. તેમને બધા કાયદા એકદમ આપવામાં આવતા નહોતા, રખે તેઓ લાચાર થઈ પાછા ફરે. પણ જેમ જેમ તેઓ જાણીતાને સારા થતા ગયા તેમ તેમ ઇશ્વરે તેઓને વધારે હુકમ ને અજવાળું આપ્યું. જે કામ સારૂં નથી તે કોઈ માણુસ અજાણતાં કરે તો એમાં કંઈ પાપ નથી, તોપણ સજા ને નુકસાન તેને થશે, જેમકે બાળક જાણ્યા વગર ઝેર પીએ તો એમાં

૩૩ વળી, તું જુઠા સમ ન ખા, પણ પ્રભુ પાસે
તારા સમ પુરા કર, એમ પુરાતન લોકોને કહેલું
૩૪ હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું
કે, કંઈજ સમ ન ખાઓ; આકાશના નહિ,
૩૫ કેમકે તે દેવનું રાજ્યાસન છે; અને પૃથ્વીના
નહિ, કેમકે તે તેનું પાદાસન છે; અને યરૂશા-
લેમના નહિ, કેમકે તે મોટા રાજાનું નગર છે.

પાપ નથી, તો પણ તેથી તેના જીવનું નુકસાન થશે. એજ પ્રમાણે લોકોના હૃદયની કઠોરતાને લીધે ફારગતી આપવા વિષે પરમેશ્વરે જે સખત હુકમ ઈશુએ આપણને આપ્યો, તે ઇસ્રાએલપુત્રોને આપ્યો નહીં, ને એજ પ્રમાણે એક કરતાં વધારે વહુ કરવી નહીં એવો પણ હુકમ આપ્યો નહીં. માટે એમ થયું કે જે લોકોએ જાણ્યા વગર નજીવાં કારણને લીધે પોતાની વહુને ફારગતી આપતા અથવા એક કરતાં વધારે વહુઓ કરતા એમાં જો કે પાપ કર્યું કહેવાયું નહીં, તો પણ તેથી તેમના ઉપર ઘણીવાર સજા આવતી, જેમકે ઈબ્રાહીમે વધારે વહુ કરી તેથી હાગારને કહાડી મુકવી પડી ને એમજ દાઉદે તથા સુલેમાને પણ વધારે વહુ કરી તેથી સજા ભોગવી.

૩૩. "જુઠા સમ" ગણ. ૩૦;૨.

૩૪. કેટલાએક યહુદીઓની એવી ધારણા હતી કે કોઈ પણ જાતના સમ ખાવામાં હરકત નથી, માત્ર એટલુંજ કે તેમાં પ્રભુનું નામ આવવું ન જોઇએ (કંઈજ સમ ન ખાવો ત્યાં આગળ (;) બદલે (,) જોઇએ.)

૩૬ અને તું પોતાના માથાના પણ સમ નં ખા,
કેમકે તારાથી એક નીમાળો ધોળો અથવા કાળો
૩૭ નથી કરાતો. પણ તમારૂં બોલવું હા તો હા, ને ના
તો ના થવાદે, કાંજે એ કરતાં અધિક જે બોલા-
યછે તે ભુંડાઇથી છે.
૩૮ આંખને બદલે આંખ, ને દાંતને બદલે દાંત, એમ

---

૩૭. "હાતો હા" યા. ૫;૧૨. (૧) ઇશુ જે સમ ખાવાની મના કરેછે તે સમ ન્યાયાધીશોની આગળ ખાવામાં આવતા નહોતા; (૨) કેટલીકવાર પરમેશ્વરે સમ ખાવાનો હુકમ કર્યો છે. નિ. ૨૨;૧૧. ગણ. ૫;૧૯; (૩) પરમેશ્વર પોતે સમ ખાયછે. ગી. ૧૧૦; ૪. હેબ. ૬;૧૩-૧૮. (૪) પાઉલ પ્રેરિત સમ ખાયછે. ૨ કર. ૧; ૨૩. ૨. ૧;૯. (૫) એક દૂતે સમ ખાધા છે. પ્રક. ૧૦;૬. માટે એમ સમજવું કે સત્યને સારૂ પરમેશ્વરને સાક્ષીરૂપ ગણવો તથા સાચી વાત બોલવી ને તેમાં પ્રભુ મદદ આપે એવું માગવું એ ઘટતું છે.

૩૮. "આંખને બદલે આંખ" નિ. ૨૧;૨૪. દ્વેષને લીધે એટલી ભારે સજા આપેલી હતી એમ નહીં પણ ગરીબને તવંગરે સર્વે ભુંડુ કરવાથી બીહે માટે એ સજા ઠરાવી હતી. સજા કરવી એ ન્યાયાધીશનું કામ હતું પણ શાસ્ત્રીઓ વિસરતા હતા કે બધા માણસો એ નિયમ અમલમાં લાવી શકે એ તેઓની ભુલ હતી; (૨) કાંઈ ગુન્હેગારની આંખ કે દાંતનો નાશ કરવો, એ નિયમની ખરી મતલબ નહોતી, પણ એમાં એક બીજી મતલબ હતી, એટલે કાંઈ માણસ ઘણોજ રીશમાં આવી એમ ઇચ્છે કે હું

૩૯ કેહેલું હતું, એ તમે સાંભળ્યું છે. પણ હું તમને
કહુંછું કે જે ભુંડા તેની સામા ન થાઓ, પણ જે
કોઇ તારા જમણા ગાલ પર તમાચો મારે, તેની
૪૦ ગમ બીજો પણ ફેરવ. અને જે તારૂં બદન લેવા
સારૂ તારા પર દાવો કરે, તેને તારો અંગરખો પણ
૪૧ લેવાદે. અને જે કોઇ જોરાવરીએ તને એક ગાઉ

ફલાણા શખસની આંખ ફોડી નાંખું, પણ તેજ વખતે તે એમ પણ જાણે કે એવું કરવાથી મારી પણ આંખ ફોડવામાં આવશે, તો એવા વિચારથી તે બીજાની આંખ ફોડતાં અટકે; માટે ખરૂં જોતાં એ નિયમમાં કંઈ દયાનો સમાવેશ છે.

૩૯. "ભુંડાની સામા ન થાઓ" આ વાક્યનો અક્ષરે અક્ષર પકડવાનો નથી, કેમકે જુઓ ઇશુનો જવાબ. યો. ૧૮;૨૨–૨૩. વળી પ્રે. ૨૩;૨–૩. આ કલમમાં (૩૮–૪૨) ની મતલબ એવી છે કે શત્રુઓ પર મનમાં વેર ન રાખતાં નમ્રતા પકડવી. રીશને લીધે કે ભુંડી રીતે ભુંડાની સામા ન થાઓ પણ જો કંઈ યોગ્ય કારણ હોય તો સામા થવાય; શત્રુ તરફ કેમ વર્તવું તે આ ઉપરથી જણાય છે, પણ ભાઇઓ તરફ શી રીતે વર્તવું તે વિષે સરખી શીખામણ ૧ કર. ૬; ૭ માં આપેલી છે પણ માત્થી ૧૮;૧૫–૧૭ વાંચો.

૪૦. હલકાં કારણને લીધે ન્યાયાધીશ આગળ જવું નહીં. ૧ કર. ૬;૭.

૪૧. એવુંજ દુઃખ યહુદીઓ રૂમી લોકોથી વેઠતા હતા. માત્થી ૨૩;૩૨.

૪૨ લઇ જાય, તેની સાથે બે ગાઉ જા. જે તારી પા-
સેથી માગેછે તેને આપ, ને તારી કણે જે ઉછીનું
લેવા ચાહેછે, તેથી મોહો ન ફેરવ.
૪૩ તું પોતાના પડોસીપર પ્રીતિ કર, ને પોતાના વેરી
ઉપર દ્વેષકર, એમ કહેલું હતું, એ તને સાંભળ્યું
૪૪ છે. પણ હું તમને કહુંછું કે તમે પોતાના વેરીઓપર
પ્રિતિ કરો, જે તમને શાપ દેછે તેઓને આ-
શીર્વાદ દો, જે તમારો દ્વેષ કરેછે તેઓનું ભલું
કરો, ને જે તમને સતાવે છે, ને તમારી પુઠે લાગેછે
તેઓને સારૂ પ્રાર્થના કરો. એ માટે કે તને આ-
૪૫ કાશમાંના તમારા બાપના દીકરા થાઓ, કારણ
કે તે પોતાના સુરજને ભુંડા તથા ભલાપર ઉગવા
દેછે, ને ન્યાયી તથા અન્યાયીપર વરસાદ વરશાવેછે.

---

૪૨. લુક લખેછે કે પાછું લેવાની આશા રાખ્યા વગર ઉ-
છીનું આપો; પણ એ વાત યહુદી લોકોએ માની
નહીં, ને ઘણુંજ વ્યાજ ખાવા લાગ્યા; માટે પછી
એમ થયું કે વિલાયતમાં તથા યુરોપખંડમાં સેંકડોને
સેંકડો વરસો સુધી તેમની પાસેથી રાજા તથા બીજા
લોકોએ જોર જુલમથી પૈસા કહડાવ્યા.

૪૩. "તું પોતાના પડોશીપર પ્રીતિ કર" એમ લે. ૧૯:
૧૮ માં લખેલું છે પણ "તું પોતાના વેરીપર દ્વેષ
કર" એ વાકય શાસ્ત્રમાં નથી, તોપણ રાબીઓ ક-
હેતા કે જો પહેલી વાત સાચી છે તો બીજી પણ
સાચી હોવી જોઇએ. યહુદી લોકો શિવાય બીજા
બધા લોકોને વેરી ગણેલા હતા.

૪૪. જુઓ નિ. ૨૩;૪-૫. યુ. ૩૧;૨૯. ગી. ૭;૪.

૪૫. "બાપના દીકરાઓ થાઓ" એટલે જેમ પરમેશ્વર
કરેછે તેમ આપણે કરવું.

૪૬ કેમકે જે તમ પર પ્રિતિ કરેછે, તેઓ પર જો
તમે પ્રીતિ કરો તો તમને શું ફળ છે? દાણીઓ
૪૭ પણ શું એમજ નથી કરતા? અને જો તમે કે
વળ પોતાના ભાઈઓને સલામ કરોછો, તો તમે
વધતું શું કરોછો? દાણીઓ પણ શું એમજ
૪૮ નથી કરતા? એ માટે તમારો આકાશમાંનો
બાપ જેવો પૂર્ણ છે તેવા તમે પૂર્ણ થાઓ.

---

૪૬. "દાણીઓ" એ કંઈ મોટા ઇજારદાર નહોતા કેમકે એવા ઇજારા રૂમી લોકો રાખતા ને પછી તેમના તાબામાં યહુદી દાણીઓ ચાકર રહી કામ કરતા હતા. યહુદી લોકોને રૂમી રાજ્ય ગમતું નહોતું માટે દાણ લેવાનું કામ ઘણું કરી હલકા લોકો કરતા અને તેઓ એ કામ કરવામાં ઘણીવાર લુચ્ચાઈ ઠગાઈ તથા કૂરપણું ચલાવતા હતા.

૪૭. યહુદી લોકો સલામને બદલે "સાલોમ" હેબ્રી ભાષાનો શબ્દ બોલતા હતા.

પ્રશ્નો.

૧. આ અધ્યાયમાં જે ઉપદેશ વાંચવામાં આવેછે તે મેદાનમાં કે પહાડ ઉપર કરવામાં આવ્યો હતો? કેવળ શિષ્યોની આગળ કે બધા લોકોની આગળ?
૨. એ એકજ ઉપદેશ છે કે ઇશુની બોધરૂપ વાતોની માળા છે?
૩. લુ. ૬; ૧૭-૪૯ માં જે વાત આવેછે તે અને આ ઉપદેશ એકજ છે કે જુદા?
૪. નવા કરારમાં કયા દાણીઓ આપણા વાંચવામાં આવેછે, ને તેઓ કેવા હતા?
૫. ૩૭ મી કલમનો ખુલાસો કરો.

૬ માણસો જુએ એવા હેતુથી તેઓની આગળ
તમારાં દાનધર્મ કરવાથી સાવધાન રહો, નહિ
તો આકાશમાંના તમારા બાપથી તમને ફળ
મળશે નહિ.
૨ એ માટે જયારે તું દાનધર્મ કરે, ત્યારે જેમ
ઢોંગીઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓમાં મા-
ણસોનાં વખાણ પામવાને કરેછે, તેમ તું પોતાની
આગળ રણશીંગડું ન વગાડ; હું તમને ખચીત
૩ કહુંછું કે તેઓ તેનુંજ ફળ પામેછે. પણ તું દા-
નધર્મ કરે, ત્યારે જે તારો જમણો હાથ કરે તે

અધ્યાય ૬ ઠો.

૧. પણ અધ્યાય ૫; ૧૬ જુઓ. લોકો પરમેશ્વરનો મહિમા કરે માટે તમે તમારૂં અજવાળું લોકોની આગળ પ્રકાશવા દો. આ વાત ઉલટી નથી પણ આ કલમનો અર્થ એવો છે કે લોકોથી વખાણ પામવા માટે આપણે દાનધર્મ કરવું નહીં, પણ કેવળ લોકોનું ભલું તાકવું.

૨. ખરી વાત છે કે લોકો સભાસ્થાનમાં દાનધર્મ કરતી વેળા રણશિંગડું વગાડતા નહોતા, પણ ઈસુ તેની ઉપમા આપેછે, કારણ કે તેઓ લોકોને દેખાડવા દાનધર્મ કરતા હતા. આજ સુધી પણ યહુદી લોકો સભાસ્થાનમાં દાનધર્મ કરેછે. "તેનુંજ ફળ" એટલે લોકો તેઓનું વખાણ કરેછે, પણ પરમેશ્વર પાસેથી તેઓને કંઈજ મળશે નહીં.

૪ તારો ડાબો હાથ ન જાણે તેવી રીતે કર. એ
માટે કે તારાં દાનધર્મ ગુપ્તમાં થાય, ને ગુપ્તમાં
જોનાર તારો બાપ પોતે પ્રગટ રીતે તને ફળ
ભરી આપશે.
૫ અને જ્યારે તું પ્રાર્થના કરે ત્યારે ઢોંગીઓના
જેવો ન થા, કાંજે માણસો તેઓને જુએ, માટે
તેઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓનાં નાકાંઓ
પર ઉભા રહીને પ્રાર્થના કરવા ચાહેછે; હું તમને
૬ ખચીત કહુંછું કે તેઓ તેનુંજ ફળ પામેછે. પણ
જ્યારે તું પ્રાર્થના કરવા ચાહે, ત્યારે તું તારી
ઓરડીમાં પેસ, ને તારૂં બારણું બંધ કરીને ગુપ્ત-
માંના તારા બાપની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર
તારો બાપ તને પ્રગટ રીતે ફળ ભરી આપશે.
૭ અને તમે પ્રાર્થના કરતાં વિદેશીઓની પેઠે અમથો
લવારો ન કરો, કાંજે તેઓ ધારેછે કે અમારા

૫. ઘણુંકરી પ્રાર્થના કરતી વેળાએ યહુદી લોકો ઉભા રહેતા હતા. માર્ક ૧૧; ૨૫.

૬. ગુપ્તમાં ને મોઢેથી પોકાર્યા વગર પ્રાર્થના કરવી એવો ઇશુનો હુકમ હતો. ઘણુંકરી યહુદી લોકોની એવી ટેવ હતી કે તેઓ પ્રગટમાં તથા મોઢેથી પોકારીને પ્રાર્થના કરતા હતા. જેમકે હાલમાં મુસલમાનો તથા હિંદુઓ પણ એમ કરેછે. ઘણીવાર ઈશુ પોતે પ્રાર્થના કરવા સારૂ પહાડ પર કે એવી બીજી એકાંત જગ્યાએ ગયો. મ. ૧૪; ૨૩. માર્ક ૬; ૪૬. યો. ૬; ૧૫.

૭. ૧ રા. ૧૮; ૨૬. પ્રે. ૧૯; ૩૪. પણ ખરા જ-

૮ ઘણા બોલવાથી અમારી પ્રાર્થના સંભળાશે. એ
માટે તમે તેઓના જેવા ન થાઓ, કેમકે જેનું
તમને અગત્ય છે, તે તેની પાસે તમારા માગ્યા
૯ અગાઉ તમારો બાપ જાણેછે. માટે તમે એ
રીતે પ્રાર્થના કરો કે, ઓ આકાશમાંના અમારા
૧૦ બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય
આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી
૧૧ ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી
૧૨ આજ અમને આપ. અને જેમ અમે અમારા
ત્રણીઓને માફ કરિયે છિયે, તેમ તું અમારાં

નથી એજ શબ્દ વાપરવા એ ઠીક છે. માત્થી ૨૬;
૪૪નો મુકાબલો કરો.

૮. ૩. ૮; ૧૬ જુઓ. જે જે આપણે જોઇએ તે તે પરમેશ્વર જાણેછે એમ હોય તો માગવાની શી જરૂર છે? તો એનું કારણ એવું છે કે માગવું એવો પરમેશ્વરનો હુકમ છે ને જો આપણે નહીં માગીએ તો નહીં મળે. એટલુંજ નહીં પણ હમેશાં પ્રાર્થના કરવાથી આપણો વિશ્વાસ વધતો જાયછે.

૯. તપાસી જુઓ કે આ ઈશુની પ્રાર્થના ઘણી ટુંકી છે ને એવીજ રીતે આપણે પણ ટુંકી પ્રાર્થના કરવી જોઈએ. વળી તેમાં દૈહિક વિનંતિ એકજ છે. લુ. ૧૧; ૨-૪ જુઓ. ઈશુ આ પ્રાર્થના પોતાના શિષ્યોને શીખવે છે. (૧) બાપ ડાહ્યો હોય તો પોતાનાં છોકરાંને જે ઉત્તમ તે તેમને આપશે. માત્થી ૭; ૧૧. (૨) બાપની બીક છોકરાંને નહીં લાગતી હોય અને બાપ ના પાડે તોપણ બાપમાં પ્રીતિ છે એમ છોકરાં જાણે છે.

૧૩ ચરણો અમને માફ કર. અને અમને પરીક્ષ-
ણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો
કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા
૧૪ સર્વકાળ સુધી તારાં છે. આમેન. કેમકે જો તમે
માણસોના અપરાધ તેઓને માફ કરો, તો તમારો
૧૫ આકાશમાંનો બાપ તમને પણ માફ કરશે. પણ
જો તમે માણસોના અપરાધ તેઓને માફ નથી
કરતા, તો તમારો બાપ તમારા અપરાધ પણ
માફ નહિ કરશે.

---

૧૩. યા. ૧; ૨ વાંચો. કોઈ ખ્રીસ્તિ માણસ પરીક્ષણમાં નિષ્કલંક રહેતો તે સુધરી જાય તો પણ પરીક્ષણ-માં પડી જવાનું આપણને ગમતું નથી. 'કુંઈચ્છાને સારો વગ મળી જાય,' એવા પરીક્ષણમાં પરમેશ્વર કોઈ માણસને નથી પાડતો. યા: ૧; ૧૨–૧૩. તોપણ આપણે કેવા છીએ તે દેખાય માટે પરમેશ્વર કેટલીક વાર આપણને દુઃખ અને એવાં બીજાં પ-રીક્ષણમાં લાવેછે. ઉત. ૨૨; ૧. પુ. અ. ૧ લો. યો. ૬; ૬. પ્રક. ૨; ૨. આપણો વિશ્વાસ ઘણો દૃઢ હોય તો એવાં પરીક્ષણ આપણે ખુશીથી સહન કરીશું. ગી. ૨૬; ૨. પણ આપણે નબળાં છીએ એવો આપણો વિચાર હોય તો "અમને પરીક્ષણમાં ન લાવ" એવી પ્રાર્થના આપણે કરવી. અ. ૨૬; ૩૯. ને જો વિશ્વાસથી એવી પ્રાર્થના કરીશું તો પરીક્ષ-ણ નહીં આવશે. ૨ રા. ૧૯; ૧–૭. અથવા બચી જવાનો માર્ગ દેખાશે. ૧ કર. ૧૦; ૧–૨. અથવા તે ખમવાને પરમેશ્વર મદદ આપશે. લુ. ૨૨; ૪૩–૪૪. ૨ કર. ૧૨; ૯.

૧૬ વળી જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે ઢોંગીઓ-
નીપેઠે જેવાઇ ગએલા મોહોના ન થાઓ, કે-
મકે લોકોને ઉપવાસી દેખાવા સારૂ તેઓ પોતાનાં
મોહો કસાણાં કરેછે. હું તમને ખચીત કહુંછું કે
૧૭ તેઓ તેનું ફળ પામેછે. પણ તું ઉપવાસ કરે,
ત્યારે પોતાના માથા પર તેલ ચોપડ, ને પોતાનું
૧૮ મોહો ધો; એ માટે કે તું માણસોને નહિ,
પણ ગુપ્તમાંના તારા બાપને ઉપવાસી દેખાય,
ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને પ્રગટ રીતે ફળ
ભરી આપશે.
૧૯ પૃથ્વી પર પોતાને સારૂ દ્રવ્ય એકઠું ન કરો,
જ્યાં કીડા તથા કાટ નાશ કરેછે, ને જ્યાં ચોરો
૨૦ ખાતર પાડીને ચોરેછે. પણ તમે પોતાને સારૂ
આકાશમાં આત્મિક દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા
અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો
૨૧ ખાતર પાડીને ચોરતા નથી. કેમકે જ્યાં તમારૂં
૨૨ દ્રવ્ય છે ત્યાંજ તમારૂં ચિત્ત પણ રેહેશે. શરીરનો
દીવો આંખ છે, એ માટે જો તારી આંખ નિ-
ર્મળ હોય, તો તારૂં આખું શરીર પ્રકાશે ભરેલું
૨૩ રેહેશે. પણ જો તારી આંખ ભુંડી હોય, તો તારૂં
આખું શરીર અંધકારે ભરેલું થશે; માટે તારામાં

૧૯. આજ દિવસ સુધી ઘણું કરીને યહુદી લોકો દ્રવ્ય
ઉપર ભાવ રાખેછે.
લોકો પૈસાને ભોંયમાં દાટતા હતા, માટે કાટ વધારે
જલદીથી તેનો નાશ કરતો હતો.
૨૨-૨૩. બરાબર જોવું કે શું જરૂરનું છે ને શું નકામું

જે અજવાળું છે, તે જો અંધકાર હોય, તો તે
૨૪ અંધકાર કેટલો મોટો ! કોઇથી બે ધણીની ચા-
કરી કરાય નહિ, કેમકે તે એક પર દ્વેષ કરશે,
ને બીજા પર પ્રીતિ કરશે; અથવા એકની ગમ-
નો તે થશે, ને બીજાને તુચ્છ કરશે; દેવની
૨૫ તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ. એ
માટે હું તમને કહુંછું કે તમારા જીવને સારૂ ચિંતા
ન કરો કે, અમે શું ખાઇશું અથવા શું પીશું ?
અને તમારા શરીરને સારૂ ચિંતા ન કરો કે, અમે
શું પેહેરીશું ? શું જીવ ખોરાક કરતાં, ને શરીર
૨૬ લુગડાં કરતાં, અધિક નથી ? આકાશના પક્ષી-
ઓને જુઓ, કે તેઓ વાવતા નથી, ને કાપતા
નથી, ને વખારોમાં ભરતા નથી, તો પણ તમારો
આકાશમાંનો બાપ તેઓનું પાળણ કરેછે; તો
૨૭ તેઓ કરતાં તમે અધિક નથી શું ? અને ચિંતા
કરવાથી તમારામાંનો કોણ પોતાના કદને એક

છે એ સમજવું તે ઘણુંજ અગત્યનું છે. જુઓ
ફિલ. ૪; ૬. ૧ પીત. ૫; ૭.
૨૫. "શું જીવ ખોરાક કરતાં ને શરીર લુગડાં કરતાં
અધીક નથી !" એટલે પરમેશ્વરે જો જીવ ને શ-
રીર આપ્યા છે, તો કેટલાં વિશેષે કરીને તે ખોરાક
તથા લુગડાં આપશે. રૂ. ૮; ૩૨.
૨૬. તોપણ પક્ષીઓને કામ કરવું પડેછે. ૧ તીમ. ૫;
૮ નો મુકાબલો કરો. મતલબ કે કામ કરો પણ
ચિંતામાં ન રહો.

૨૮ હાથભર વધારી શકેછે? અને લુગડાં સંબંધી તમે
ચિંતા કેમ કરોછો? ખેતરનાં ફુલઝાડોનો વિચાર
કરો કે, તેઓ કેવાં વધેછે, તેઓ મેહેનત કરતાં
૨૯ નથી, તેઓ કાંતતાં પણ નથી; તો પણ હું ત-
મને કહુંછું કે સુલેમાન પણ પોતાના સઘળા
મહિમામાં તેઓમાંના એકના જેવો શણગારેલો
૩૦ ન હતો. એ માટે ખેતરનું ઘાસ જે આજ લીલું
છે, ને કાલે ભઠીમાં ફેંકાયછે, તેને જો દેવ એવું
પેહેરાવેછે, તો ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું
૩૧ વિશેષ નહિ પેહેરાવશે? માટે અમે શું ખાઇએ,
અથવા શું પીએ, અથવા શું પેહેરીએ, એમ ક-
૩૨ હીને ચિંતા ન કરો. કાંજે એ સઘળાં વાનાં વિ-
દેશીઓ શોધેછે; કેમકે તમારો આકાશમાંનો બા-
૩૩ પ જાણેછે કે એ બધાંના તમને અગત્ય છે. પ-
ણ તમે પહેલાં દેવના રાજયને તથા તેના ન્યા-

૩૦. ભઠીમાં ખુબ તાપ કરવા માટે તેમાં ઘાસ ફેંકતા હતા.
૩૩. ૧ રા. ૩; ૧૧-૧૩. ૧ તીમ. ૪; ૮. આ દુ-
નિયામાં ઘણું કરીને ભુંડા લોક કરતાં સારા લોક
વધારે ખુશી અને સુખમાં રહેછે.

પ્રશ્નો.

૧. બેશીને કે ઉભા રહીને કે કેવી રીતે પ્રાર્થના
કરવી તે વિષે કંઈ નિયમ છે?
૨. આપણે ઉપવાસ કરવો જોઇએ કે નહીં? અને
કયારે કરવો?
૩. પરમેશ્વર બધું જાણેછે, તો આપણે પ્રાર્થના ક-
રવાની શી જરૂર છે?

ચીપણાને શોધો, ને એ બધાં વાનાં પણ તમને
૩૪ અપાશે. તે માટે આવતી કાલને સારૂ ચિંતા ન
કરો, કેમકે આવતી કાલ પોતે પોતાનાં વાંનાંની
ચિંતા કરશે. આજ સારૂ તે આજનું દુઃખ બસ છે.

---

૪. કોઈ ઉપદેશક એવી પ્રાર્થના કરે કે હે પ્રભુ હમણાં આ લોક ઉપર તારો પવિત્રાત્મા મોકલ તો હમેશાં શું પરમેશ્વર માગ્યા પ્રમાણે જવાબ આપે છે?
૫. પૈસાદાર હોવાથી શો ફાયદો થાય છે?
૬. આપણે દાનધર્મ કેવી રીતે કરવું?
૭. શું પરમેશ્વર કોઈ માણસને પરીક્ષણમાં પાડેછે? અને જો પાડતો નથી તો શા માટે એવી પ્રાર્થના કરવી જોઇએ કે "અમને પરીક્ષણમાં ન લાવ"?
૮. પ્રભુની પ્રાર્થના ઉપરથી શો શીખામણ મળે છે?

૭ તમે કોઇને દોષિત ન ઠરાવો, એ માટે કે તમ-
૨ ને કોઈ દોષિત ન ઠરાવે. કેમકે જેમ તમે બી-
જાંને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને દોષિત
ઠરાવશે; ને જે માપાથી તમે માપી આપોછો,
૩ તેથીજ તમારે સારૂ પાછું માપી અપાશે. અને
તું પોતાની આંખમાંનો ભારોટીઓ ધ્યાનમાં
ન લાવતાં, તારા ભાઇની આંખમાંનું તણખલું
૪ કેમ જુએછે? અથવા તું તારા ભાઇને કેમ ક-
હેછે કે તારી આંખમાંથી તણખલું મને કહાડ-
વાદે, પણ જો, તારી પોતાની આંખમાં ભરોટી-
૫ ઓછે? ઓ ઢોંગી, પહેલાં તું તારી પોતાની આં-
ખમાંથી ભરોટીઓ કહાડ, અને પછી તારા ભા-
ઇની આંખમાંથી તણખલું કહાડવાનું તને સારી
પેઠે સુઝશે.

અધ્યાય ૭ મો.

૧. એટલે ક્રૂર કે અપ્રેમી રીતે કોઈ માણસને આપણે દોષિત ન ઠરાવવો, અને પોતાના પડોશીનાં પાપ જોવાને આતુર ન થવું. રૂ. ૨;૩. ૧ કર. ૪; ૫. યા. ૪; ૧૧.

૪. મતલબ કે કોઈ માણસની આંખમાં ભરોટીઓ હોય એટલે તેનામાં મોટા વાંક હોય, તો (૧) નાના વાંકને લીધે બીજા માણસને દોષિત ન ઠરાવવો, ને (૨) સામા માણસના વાંક કેવા છે તે બરાબર રીતે સુઝશે નહીં. કારણ કે પોતાની આંખમાં ભરોટીઓ છે એટલે પોતામાં વાંક છે.

૫. કેટલીક વાર આપણા ભાઇને તેનો વાંક દેખાડવાની આપણી ફરજ છે, પરંતુ હમેશાં નહીં.

૬ જે પવિત્ર છે તે કુતરાંઓને ન નાંખો, ને ત-
મારાં મોતી ભુંડોની આગળ ન ફેંકો; રખે તેઓ
તે પોતાને પગે છુંદે, ને ફરીને તમને ફાડી નાંખે.
૭ માગો, તો તમને અપાશે; શોધો, તો તમને જ-
૮ ડશે; ખખડાવો તો તમારે સારૂ ઉઘડશે. કેમકે
જે હરેક માગેછે તે પામેછે, ને જે શોધેછે તેને
જડેછે, ને જે ખખડાવે છે તેને સારૂ ઉઘડશે.
૯ તમારામાં એવું કયું માણસ છે કે, જો તેનો દિ-
કરો તેની પાસે રોટલી માગે, તો તે તેને પત્થર
૧૦ આપશે? અથવા જો માછલું માગે, તો તે તેને
૧૧ સાપ આપશે? તે માટે તમે ભુંડા છતાં, જો પો-
તાનાં છોકરાંઓને સારાં વાનાં આપી જાણોછો,
તો તમારા આકાશમાંના બાપની પાસે જેઓ

---

૬. ૫ મી કલમ પ્રમાણે આપણા ભાઈનો વાંક દેખાડવાની ફરજ છે, તો પણ ઘણી સંભાળથી એમ કરવું. લોક બહુ ઉલટા દેખાય તો ઉપદેશ ના કરવો, ને શીખામણ ન આપવી, કેમકે એમ કરવાથી આપણું કામ નિષ્ફળ થાયછે; ને વખતે નુકશાન પણ થાય છે.

૭. આપણે બીજા લોકોનું ભલું કરીએ માટે આપણે પોતે ઘણા ડાહ્યા તથા સારા થવું જોઈએ. પણ આપણે એવા ડાહ્યા ને સારા કેવી રીતે થઈએ! ઇશુ કહેછે કે માગો ને હું આપીશ.

૯. રોટલી અને પત્થર, માછલું અને સાપ, એ આઘેથી જોવાથી દેખાવમાં થોડાં ઘણાં મળતાં પણ ખરૂં જોતાં એક ઉપયોગીને બીજું નકામું છે.

માગેછે તેઓને કેટલાં વિશેષે કરીને સારાં વાનાં
૧૨ આપશે? માટે જે જે તમે ચાહોછો કે બીજાં
માંણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો;
કેમકે નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓ [નો
સાર] એજ છે.
૧૩ તમે સાંકડે બારણે માંહે પેસો, કાંજે જે માર્ગ
નાશમાં પોહોંચાડે છે, તે ચોડો છે, ને તેનું
બારણું પહોળું છે, ને ઘણા તેમાં પેસે છે.
૧૪ કેમકે જે માર્ગ જીવનમાં પોહોંચાડેછે તે સાંકડો
છે, ને તેનું બારીનું સાંકડું છે, ને જેઓને તે જ-
ડેછે તેઓ થોડા છે.
૧૫ જુઠા ઉપદેશકો જે ઘેટાંને વેશે તમારી પાસે
આવેછે, પણ માંહે ફાડીખાનારાં વરૂ જેવા છે,
૧૬ તેઓથી તમે સાવધાન રહો. તેઓના ફળથી ત-
મે તેઓને ઓળખશો. શું લોકો કાંટાના ઝાડ
ઉપરથી દ્રાક્ષ, અથવા ઉંટકટારી પરથી અંજીર
૧૭ ઉતારે છે? તેમજ હરેક સારૂં ઝાડ સારાં ફળ
આપેછે, ને ખરાબ ઝાડ નઠારાં ફળ આપેછે.

---

૧૨. પરમેશ્વરના ઇનસાફનો વિચાર (ક. ૧, ૨ જુઓ) રાખવાથી આપણે ક્ષમા શીખીશું અને પરમેશ્વરની પ્રીતિ (ક. ૭–૧૧ જુઓ) જોવાંથી દયા શીખીશું.

૧૪. "તેઓ થોડા છે" ખ્રીસ્તના વખતમાં એમ હતું ને ઘણું કરીને હાલ સુધી પણ એમ છે.

૧૫. "ઘેટાંને વેશે" એવી ઉપમા આપીને ઇશુ બોલે છે, એટલે નમ્રતાનું રૂપ લઇને.

૧૬. "ફળ" એટલે કામો.

૧૮ સારૂં ઝાડ નઠારાં ફળ આપી શકતું નથી, ને
૧૯ ખરાબ ઝાડ સારાં ફળ આપી શકતું નથી. હ-
રેક ઝાડ જે સારૂં ફળ નથી આપતું તે કપાયછે,
૨૦ ને અગ્નિમાં નંખાયછે. તે માટે તેઓનાં ફળથી
૨૧ તેઓને તમે ઓળખશો. જે મને પ્રભુ પ્રભુ ક-
હેછે, તે સર્વ આકાશના રાજ્યમાં પેસશે એવું
નહિ, પણ જે મારા આકાશમાંના બાપની ઇ-
૨૨ ચ્છા પ્રમાણે કરેછે તે પેસશે. તે દહાડે ઘણા મ-
ને કહેશે કે, પ્રભુ, પ્રભુ, શું અમે તારે નામે ભ-
વિષ્યવાદ કર્યો નથી? અને તારે નામે ભૂતોને
કહાડયાં નથી? અને તારે નામે ઘણાં પરાક્રમી
૨૩ કામો કીધાં નથી? ત્યારે હું તેઓને સાફ કહીશ કે,
હું તમને બીલકુલ ઓળખતો નથી; ઓ ભુંડું
કરનારાઓ, તમે મારી પાસેથી દૂર જાઓ.
૨૪ એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળેછે,
ને પાળેછે, તેને હું એક ડાહ્યા માણસની ઉપ-

---

૨૨. "તે દહાડે" એટલે ન્યાયને દિવસે શોક બતાવવા સારૂ બે વાર પ્રભુ પ્રભુ કહે છે. ગા. ૨૭; ૩૭. લુ. ૨૨;૩૧.
"ભવિષ્યવાદ" એટલે અધિકારથી ઉપદેશ કરવો. ૧ રા. અ. ૧૩મો જુઓ. વળી બલામ ને યહુદા ઇસ્કારીયોત એવા હતા. ૨ થેસ. ૨; ૯. કોઈ વખત એવા ભુંડા માણસોનું કંઈ નથી ફાવતું. પ્રે. ૧૬;૧૩-૧૪.

૨૩. પાઉલને પણ આ ઠરાવની બીક લાગતી હતી. ૧ કર. ૯; ૨૭.

માં આપુંછું, કે જેણે પોતાનું ઘર ખડક પર
૨૫ બાંધ્યું; ને વરસાદ વરસ્યો, ને રેલ આવી, ને
વાઝોડાં થયાં, ને તે ઘર પર સપાટા લાગ્યા;
પણ તેનો પાયો ખડક પર નાંખેલો હતો, માટે
૨૬ તે પડ્યું નહિ. અને જે કોઈ મારી આ વાતો
સાંભળેછે, ને પાળતો નથી, તેને એક મૂર્ખ મા-
ણસની ઉપમા આપુંછું, કે જેણે પોતાનું ઘર
૨૭ રેતી પર બાંધ્યું; ને વરસાદ વરસ્યો, ને રેલ આ-
વી, ને વાઝોડાં થયાં, ને તે ઘર પર સપાટા
લાગ્યા, ને તે પડી ગયું; અને તેનો નાશ મો-
ટો થયો.
૨૮ અને ઈસુએ એ વાતો પુરી કરી, ત્યારે એમ
થયું કે, લોકો તેના ઉપદેશથી અચરત થયા;
૨૯ કાંજે શાસ્ત્રીઓની પેઠે નહિ, પણ જેને અધિ-
કાર હોયછે તેની પેઠે તેણે તેઓને ઉપદેશ કીધો.

---

૨૫. જુઓ ૧ કર. ૩;૧૦–૧૫.

૨૯. એજરા પહેલો શાસ્ત્રી હતો અને તેના વખતમાં શા-
સ્ત્રીઓ થયા. પાંચ વરસની ઉમરે શાસ્ત્રીઓ ભણ-
વાનું શરૂ કરતા, ત્રીશ વરસની ઉમરે શિક્ષકનું કામ
કરતા, અને તખ્તી ને ચાવી મળતી હતી (મા.
૧૬;૧૯ ની ટીકા જુઓ). એ શાસ્ત્રીઓ શાસ્ત્રની
નકલો લખતા તથા તેનો ખુલાસો કરતા હતા. કે-
ટલીક વાર તકરાર થાય તો બંદોબસ્ત કરતા તથા
લગ્ન ફારગતીના કાગળો લખતા. તેમનું બીજું નામ
"પંડિતો" હતું. મા. ૨૨;૩૫. લુ. ૫;૧૭. પ્રે.
૫;૩૪ જુઓ.

શાસ્ત્રીઓ શીખામણ આપતાં હમેશાં મુસા કે બીજા શાસ્ત્રીઓ કે વિદ્વાનોની વાતોના દલીલ દાખલા આપતા હતા, પણ ઇસુ હમેશાં "હું તમને કહું છું". એમ બોલતો.

પ્રશ્નો.

૧. કોઈ વાર બીજા માણસોને દોષિત ઠરાવવા તે શું સારૂં છે?

૨. ૬ ઠ્ઠી કલમનો અર્થ શો છે?

૩. જેઓને સાંકડું બારણું જડે છે, તેઓ થોડા છે એ વાતનો અર્થ શું છે?

૪. કયા ભુંડા માણસે ઈશુને નામે ભૂતો કહાડ્યાં? ને કયો ભુંડો માણસ એ પ્રમાણે કરવામાં આવ્યો નહીં? ને વળી કોણ ઈશુને પગલે ચાલ્યા વગર ભૂતોને કહાડી શકતો હતો?

૮ અને પહાડ પરથી તે ઉતરયો, ત્યારે અતિ
૨ ઘણા લોક તેની પાછળ ગયા. અને જુઓ,
એક કોહોડીઆએ આવીને તેને પગે લાગીને
કહ્યું કે, ઓ પ્રભુ, જો તું ચાહે તો મને શુદ્ધ
૩ કરી શકે તેમ છે. ત્યારે ઇશુએ હાથ લાંબો કરયો,
ને તેને અડકીને કહ્યું, હા; મારી મરજી છે; તું
શુદ્ધ થા. અને તરત તે પોતાના કોહોડથી શુદ્ધ
૪ થયો. પછી ઇશુ તેને કહેછે કે, જોજે, તું કોઇને
કહેતો ના, પણ જા, યાજકને મળ, ને તેઓને
સાક્ષીને અર્થે, જે અર્પણ મુસાએ ઠરાવ્યું છે
તે ચડાવ.

અધ્યાય ૮ મો.

૧-૪. માર્ક ૧;૪૦-૪૪. લુ. ૫;૧૨-૧૪ જુઓ.

૨. કહોડીઆના બધા શરીરપર કહોડ નિકળે તો તે સુધ્ધ ગણાતા હતા. લે..૧૩;૧૨,૧૩,૧૬,૧૭. જેમ કહોડ ખબર પડ્યા વગર શરૂ થાયછે ને તેને અડકવાથી બીજા માણસને ચુડી જાય છે, અને વળી તે એક પ્રકારનું મરણ છે, કારણ કે તેવા માણસને એકાંત જગ્યા ઉપર રહેવું પડેછે, અને ખ્રીસ્ત શિવાય બીજા કોઇથી તે મટાડી શકાયું નહોતું. તેમ પાપ પણ એવુંજ છે.

૩. "તેને અડકીને" મુસાના નિયમ પ્રમાણે કોઈ માણસ કહોડીઆને અડકે તો તે અશુધ્ધ થાય, પણ ઇશુ કહોડીઆને અડક્યો, તો પણ તે અશુધ્ધ થયો નહીં, જેમકે યાજકો કહોડ વિષે તપાસી જોઇને કહોડીઆને અડકતા તો પણ શુદ્ધ રહેતા.

૪. "તું કોઇને કહીશ મા" મા. ૯;૩૦: ૧૨;૧૬:

૫ અને ઇશુ કાપરનાહુમમાં પેઠો, ત્યારે એક જ
માદારે તેની પાસે આવીને તેની વિનંતી કરતાં
૬ કહ્યું કે, ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષાઘાતે
૭ પડેલો છે, ને તેને ભારે પીડા થાય છે. ત્યારે ઇશુ

૧૭;૪. માર્ક ૫;૪૩ જુઓ. ઇશુનું આ પ્રમાણે મના કરવાનું કારણ એ હતું, કે તેના ચમત્કાર વિષે સાંભળીને બહુ અતિશે લોકો ભેગા થાય, તો તેથી તેને પોતાનું કામ ચલાવવામાં અડચણ પડે, અને ગામે ગામ ના કરાય. બીજું કે લોક એવો નિચ.ર કરે કે તે પોતાની એ શક્તિથી રૂમી લોકોને હરાવી નાંખે. યો. ૬;૧૫. વળી ચમત્કારે કરીને લોકો પરમેશ્વર તરફ ફરે એવું ઇશુ ચહાતો નહોતો; કારણ કે લોકો ચમત્કારે કરીને નહીં પણ તેની પ્રીતિ તથા તેના ઉપદેશથી તેનાપર વિશ્વાસ કરે એવી ઇશુની મરજી હતી.

"જે અર્પણ મુસાએ ઠરાવ્યું" લે. ૧૪; ૪-૧૦ વાંચો.

"તેઓને સાક્ષીને અર્થે" એટલે ઇશુ કાયદા પુરા કરવા આવ્યો છે, એમ યાજકોને દેખાડવાને તથા એ કહોડીઓ બરાબર શુદ્ધ થયો છે, એમ સાબીત કરવા સારૂ એમ કહ્યું.

૫. લુ. ૭, ૧-૧૦ જુઓ. ખરૂં જોતાં જમાદાર પોતે ઇશુ પાસે આવ્યો નહીં પણ તેણે યહુદીઓના વડીલોને તેની પાસે મોકલ્યા. લુ. ૭; ૩ જુઓ.

"જમાદાર" એ જે શબ્દ ગ્રીક ભાષામાં છે, તેને માટે લખવામાં આવ્યો છે. અને તેનો અર્થ એવો છે કે સો માણસનો સરદાર.

૮ તેને કહેછે કે, હું આવીને તેને સાજો કરીશ. અ-
ને જમાદારે જવાબમાં કહ્યું કે, ઓ પ્રભુ, તું
મારા છાપરાતળે આવે એવો હું લાયક નથી;
પણ તું કેવળ શબ્દ કહે, એટલે મારો ચાકર
૯ સાજો થશે. કેમકે હું પણ પરાધીન માણસ છું,
ને સિપાહીઓ મારે સ્વાધીન છે; અને એકને
હું કહુંછું કે જા, ને તે જાયછે; ને બીજાને આ-
વ, ને તે આવેછે; ને મારા દાસને કે, એ કર, ને
૧૦ તે કરેછે. ત્યારે ઇશુ તે સાંભળીને અચરત થયો,
ને પાછળ આવનારાઓને તેણે કહ્યું, હું તમને

---

૯. મતલબ કે હું પણ તમારા જેવો પરાધીન છું, ને મારાં હાથમાં અમલ છે, માટે હું જે હુકમ કરૂંછું, તે મારા શિપાઈઓ તથા ચાકરો માનેછે, ને તેમજ આપ પણ હુકમ કરશો તો તેજ પ્રમાણે થશે.

ધણી એટલો પ્રીતિવાન હોય તો દાસ રાખવાની ટેવ જલદી જતી રહે. ગુલામો રાખવા વિશે ઇશુએ હુકમ આપ્યો નહીં, પણ જે પ્રીતિ તેણે ખ્રીસ્તિ લોકોને કરવાને ફરમાવી છે તે પ્રીતિથી ગુલામોનો છુટકો થયો છે.

૧૦. એક બીજીવાર પણ ઇશુએ એક વિદેશી માણસનો વિશ્વાસ વખાણ્યો. અધ્યાય ૧૫; ૨૭-૨૮. એક વેળા ઇશુ એવી રીત વિદેશીઓનું વખાણ કરતો હતો ત્યારે યહુદી લોકો ઘણા ગુસ્સે થયા. લુ. ૪; ૨૫-૨૯.

આ વખતે ઇશુ વિદેશી લોકોની સાથે યહુદી લોકોનો મુકાબલો કરેછે, પણ લુક જેણે વિદેશી લોકોને સારૂ

ખચીત કહુંછું કે, એટલો વિશ્વાસ મેં ઇસ્રાઇલ-
૧૧ માં પણ જોયો નથી. અને હું તમને કહુંછું કે
પૂર્વથી તથા પશ્ચિમથી ઘણા લોક આવશે, ને
ઇબ્રાહીમની તથા ઇસહાકની તથા યાકુબની સા-
૧૨ થે આકાશના રાજ્યમાં બેસશે; પણ રાજ્યમાંના
દીકરાઓને બહારના અંધકારમાં નાંખવામાં આ-
૧૩ વશે, ને ત્યાં રડવું ને દાંત પીસવું થશે. અને ઇ-
શુએ તે જમાદારને કહ્યું કે, જા, ને જેવો તેં
વિશ્વાસ કીધો તેવુંજ તને થાય. અને તેજ ઘડી
તેનો ચાકર સાજો થયો.
૧૪ અને ઇશુએ પીતરના ઘરમાં આવીને તેની
૧૫ સાસુને તાવે માંદી પડેલી દીઠી. અને તેણે તેનો
હાથ પકડયો, એટલે તેનો તાવ ગયો, ને તેણી-
એ ઉઠીને તેઓની સેવા કીધી.

પોતાની સુવાર્ત્તા લખી છે, તેણે આ વાત પોતાની સુવાર્ત્તામાં લખી નથી.

૧૧. "બેસશે" એટલે જમણપર બેસશે, કેમકે મોટી મીજબાની શરૂ વખતે કેટલું સુખ માણસોને મળે છે, તેટલું ઉપમાની રીતે આકાશના રાજ્યનું સુખ દેખાડવાને નવા કરારમાં ઘણીવાર એવી વાત લખવામાં આવે છે, જુઓ લુ. ૧૪; ૧૫:૨૨; ૨૯-૩૦. પ્રક. ૧૯; ૯.

૧૨. "રાજ્યના દીકરા" એટલે યહુદી લોક જે જન્મ પ્રમાણે દીકરા કહેવાય છે.

"બહારના અંધારામાં" ઘરની અંદર મોટું જમણ થાય છે, અને ત્યાં ઘણી રોશની કરેલી છે, પણ ઘરની બહાર અંધારૂં છે.

૧૬ અને સાંજ પડી ત્યારે તેઓ ઘણા ભૂત વળ-
ગેલાઓને તેની પાસે લાવ્યા, ને તેણે શબ્દથી
તે અશુદ્ધ આત્માઓને બહાર કહાડ્યા, ને સ-
૧૭ ઘળા માંદાઓને સાજા કરયા. એ માટે કે ય-
શાયા ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પુરૂં થાય
કે, "તેણેજ આપણો મંદવાડ લીધો, ને આપ-
ણા રોગ ભોગવ્યા."

૧૮ અને ઇશુએ લોકોનો મોટો સમૂહ પોતાની
આસપાસ દીઠો, ત્યારે પેલે પાર જવાની આજ્ઞા
૧૯ કીધી. પછી એક શાસ્ત્રીએ પાસે આવીને તેને
કહ્યું કે, ઓ ઉપદેશક, જ્યાં કહીં તું જઇશ ત્યાં

૧૪-૧૭. માર્ક ૧; ૨૯-૩૧. લુ. ૪; ૩૮-૩૯ એને મુકાબલો કરો.

૧૬. "શબ્દથી" ઈશુ ભુત વળગેલાંઓને સાજા કરતી વેળા અડકયો, એવું શાસ્ત્રમાં કોઈ જગ્યાએ વાંચવામાં આવતું નથી.

માર્ક ૧; ૨૧ ઉપરથી એમ માલુમ પડેછે કે આ સાબ્બાથનો દિવસ હતો. શુક્રવારની સાંજના ૭ વાગ્યાથી તે શનિવારની સાંજના ૭ વાગ્યા સુધી યહુદી લોક સાબાથનો દિવસ ગણતા હતા; ઘણું કરીને સંભવે છે કે માંદા લોકોને ૭ વાગ્યા પછી ઇશુ પાસે લાવવામાં આવતા.

૧૭ યશા. ૫૩; ૪.

૧૮: લુ. ૯; ૫૭-૬૨ જુઓ.

૨૦ હું તારી પાછળ આવીશ. ત્યારે ઈશુ તેને કહેછે
કે, લોંકડાને કોતર છે, ને આકાશના પક્ષીઓને
માળા છે; પણ માણુસના દીકરાને માથું ટેક-
૨૧ વવાનો ઠામ નથી. અને તેના શિષ્યોમાંથી બી-
જાએ તેને કહ્યું કે, પ્રભુ, મને રજા આપ કે હું
૨૨ પહેલાં જઈને મારા બાપને દાટું. પણ ઈશુએ
તેને કહ્યું કે, તું મારી પાછળ આવ, ને મુએ-
લાઓને પોતાના મુએલાઓને દાટવા દે.
૨૩ અને હોડીપર તે ચઢ્યો ત્યારે તેના શિષ્યો
૨૪ તેની પાછળ ગયા. અને જુઓ, સમુદ્રમાં એવું
મોટું તોફાન થયું કે મોજાઓથી હોડી ઢંકાઈ
૨૫ ગઈ; પણ તે પોતે ઉંઘતો હતો. ત્યારે તેના શિ-
ષ્યોએ પાસે આવીને તેને જગાડીને કહ્યું કે,

---

૨૦. "માણુસનો દીકરો" ઈશુનું એ નામ આપણા વાંચવામાં પહેલી વાર દા. ૭; ૧૩ માં આવેછે. ઘણી વાર ઈશુના પોતાના બોલવામાં એ નામ આવ્યું પણ સ્તેફાન શીવાય બીજા કોઈ માણુસના બોલવામાં આવ્યું નથી. પ્રે. ૭; ૫૬.

૨૨. "દાટવા દે" એટલે મરી ગએલા લોક જેઓ ખ્રીસ્ત ઉપર ભરોસો રાખતા નથી ને આત્મીકરીતે તેનામાં જીવતા નથી તેઓ પોતાનાં જે દૈહિક રીતે મુએલાં સગાંવહાલાં તેમને દાટશે.

આ માણુસનો વિશ્વાસ કેવો છે તે પારખતા ઈશુ એવો જવાબ આપેછે.

૨૩–૨૭. માર્ક ૪; ૩૫–૪૧. લુ. ૮; ૨૨–૨૫ જુઓ.

૨૪. બીજી કોઈ જગાએ શાસ્ત્રમાં એમ નથી લખેલું કે ઈશુ ઉંઘ્યો.

ઓ પ્રભુ, અમને બચાવ, અમે નાશ પામિયે
૨૬ છિયે. અને તે તેઓને કહેછે, ઓ અલ્પવિશ્વા-
સીઓ, તમે શા વાસ્તે બીકણ થયા છો? પછી
તેણે ઉઠીને પવનને તથા સમુદ્રને ઠપકો દીધો;
૨૭ ને મોટી શાંતિ થઈ ગઈ. ત્યારે તે માણસોએ
અચરત થઈને કહ્યું કે, એ કઈ તરેહનું માણસ
છે કે, પવન તથા સમુદ્ર પણ એનું માનેછે!
૨૮ અને પેલે પાર ગાડરેનોના દેશમાં તે પોહોંચ્યો
ત્યારે ભુત વળગેલા બે માણસ કબરોમાંથી ની-
કળતા તેને મળ્યા, તેઓ એવા બીહામણા હ-
૨૯ તા કે તે માર્ગે કોઇથી જવાતું નહતું. અને જુ-
ઓ, તેઓએ બૂમ પાડતાં કહ્યું કે, ઓ ઇશુ,
દેવના દીકરા, અમારે ને તારે શું છે? સમય
અગાઉ શું તું અમને પીડા દેવાને હિયાં આ-
૩૦ વ્યો છે? અને તેઓથી બહુ આઘું ઘણા ભુંડોનું
૩૧ એક ટોળું ચરતું હતું. અને ભૂતોએ તેની વિનં-
તી કરતાં કહ્યું કે, જો તું અમને કહાડેછે તો

૨૮–૩૪. માર્ક ૫; ૧–૨૦. લુ. ૮; ૨૬–૩૯ વાંચો. માર્ક અને લુકની સુવાર્ત્તામાં ફકત એક ભૂત વળગેલા માણસ વિષે વાંચવામાં આવેછે, પણ એવા બે માણસ હતા; પરંતુ તેમાંનો જે એક પ્રખ્યાત હતો, જેનું નામ સેના હતું, તે વિષે લખવામાં આવેછે.

૩૧. ભૂતોએ શામાટે એવી વિનંતી કરી? ઘણું કરીને તેમનો વિચાર એવો હતો કે આ માણસ અમારા કબજામાંથી બચી જાય તોપણ અમે જાનવરોનો નાશ કરી શકીશું. માર્કના લખ્યા પ્રમાણે બે હજાર ભુંડો હતાં.

૩૨ ભુંડોનાં ટોળામાં અમને જવાદે. અને તેણે
તેઓને કહ્યું કે, જાઓ. પછી તેઓ નીકળીને
ભુંડોનાં ટોળામાં પેઠા; ને જુઓ, ભુંડોનું આ-
ખું ટોળું કરાડા પરથી સમુદ્રમાં ધસી પડ્યું, ને
૩૩ પાણીમાં બુડી મુઉં. ત્યારે ચરાવનારા નહાસ, ને
નગરમાં જઇને તેઓએ સઘળું કહી જણાવ્યું;
૩૪ ને ભુતવળગેલાઓને શું થયું તે પણ કહ્યું. ત્યારે
જુઓ, આખું નગર ઇસુને મળવાને બહાર
આવ્યું; ને તેને જોઇને તેઓએ તેની વિનંતી કી-
ધી કે, અમારી સીમોમાંથી જા.

---

૩૩. ઈશુએ શામાટે ભૂતોની વિનંતી માની? તેનું કારણ એવું છે કે, ભૂતોએ જે મોટા નાશ કર્યો તે વિષે લોકો તથા ભૂત વળગેલો માણસ, પણ જાણશે કે ભૂતો કેવાં ભયંકર છે. વળી બીજું કે ભૂંડો સાચવનારા તથા રાખનારા ઘણું કરીને યહુદી લોક હતા, ને તેઓ ભૂંડો રાખવાથી મુસાના કાયદા તોડતા હતા, માટે તેમને સજા આપવી એવી પણ ઈશુની ઈચ્છા હતી.

આ વખતે ઈશુએ એક નાશકારક ચમત્કાર કર્યો ને બીજી વાર પણ તેણે અંજીરીનું ઝાડ સુકાવી નાંખ્યું. મા. ૨૧; ૧૯. વળી માણસોને મરકીમાં ને લડાઈમાં મરી જવા દે છે તો પરમેશ્વર દયાળુ છે તો એમ શામાટે કરેછે? એનું કારણ એવું છે કે આપણી શીખામણને સારૂ એમ કરેછે.

૩૪. "અમારી શીમોમાંથી જા" વધારે નુકશાન થશે એવી બીક લાગી માટે લોકોએ એવી વિનંતી કરી.

પ્રશ્નો.

૧. કયા નાશકારક ચમત્કાર ઈશુએ કર્યો ને શા માટે?

૨. આ સુવાર્તામાં બે ભૂત વળગેલા માણસ ઈશુને મળેછે પણ માર્કની ને લુકની સુવાર્ત્તામાં એક મળેછે એનો ખુલાસો કરો.

૩. આપણે આખા મનથી ઈશુની પાછળ ચાલવું તેના કયા દાખલા આ અધ્યાયમાં આવી ગયા છે?

૪. કોહોડીઓ માણસ સાજો થાય તો તેણે મુસાના કાયદા પ્રમાણે શું અર્પણ કરવું જોઈએ?

૫. સુવાર્ત્તામાં કયા વિદેશી વિશ્વાસીઓ વિષે વાંચવામાં આવેછે?

૯ ત્યારે હોડીમાં બેસીને તે પેલે પાર ગયો, ને પો-
૨ તાના નગરમાં આવ્યો. અને જુઓ, એક પક્ષા-
ઘાતીને ખાટલા પર નાંખીને લોક તેની પાસે
લાવ્યા, ને ઇશુએ તેઓનો વિશ્વાસ જોઇને પક્ષા-
ઘાતીને કહ્યું કે, દીકરા, ધીરજ રાખ, તારાં પાપ
૩ તને માફ કરવામાં આવ્યાં છે. ત્યારે જુઓ,
શાસ્ત્રીઓમાંના કેટલાએકે પોતાના મનમાં કહ્યું
૪ કે, એ દુર્ભાષણ કરેછે. ત્યારે ઇશુએ તેઓના વિ-
ચાર જાણીને કહ્યું કે, તમે પોતાના મનમાં શા
૫ માટે ભૂંડા વિચાર કરોછો? કેમકે શું વધુ સેહેલ છે,
એ કેહેવું કે તારાં પાપ તને માફ કરવામાં આવ્યા

અધ્યાય ૯ મો.

૧-૮. માર્ક ૨; ૧-૧૨. લુ. ૫; ૧૮-૨૬ જુઓ.

૧. "પોતાના નગરમાં" એટલે કાપરનાહુમ શેહેરમાં કેમકે તેમાં તે રહેતો હતો. મા. ૪; ૧૩ જુઓ.

૨. "તેઓનો વિશ્વાસ" એટલે પક્ષાઘાતીનો તથા તેને ઉંચકીને લાવનાર માણસોનો.

"તારાં પાપ તને માફ થયાં છે" કેટલીક વાર આ રોગ કુકર્મ કરવાથી થાયછે, માટે કદાચ તે કારણને લીધે આ માણસ માંદો પડ્યો હશે.

૨-૬. જેમ "ઉઠ" એવું બોલ્યા પછી તે માણસ સાજો થયો, તેમ "તારાં પાપ તને માફ થયાં છે" એવું બોલ્યા પછી તે માણસને પરમેશ્વરથી પાપની માફી મળી, એમ શાસ્ત્રીઓ માને માટે ઇશુએ આ ચમત્કાર કર્યો.

૬ છે, અથવા એ કહેવું કે ઉઠીને ચાલ? પણ મા-
ણસના દીકરાને પૃથ્વી પર પાપોની માફી કર-
વાનો અધિકાર છે, એ તમે જાણો માટે, (ત્યારે
તે પક્ષાઘાતીને કહેછે કે,) ઉઠ, તારો ખાટલો ઉં-
૭ ચકીને તારે ઘેર ચાલ્યો જા. અને તે ઉઠીને પો-
૮ તાને ઘેર ગયો. અને તે જોઇને લોકો અચરત
થયા, ને દેવે માણસોને એવો અધિકાર આપ્યો
માટે તેઓએ તેની સ્તુતિ કીધી.

૯ અને ઇશુએ ત્યાંથી જતાં માત્થી નામે એક
માણસને દાણ લેવાની ચોકી પર બેઠેલો દીઠો;
ને તેણે તેને કહ્યું કે, તું મારી પાછળ આવ, ત્યારે
તે ઉઠીને તેની પાછળ ગયો.

૧૦ અને એમ થયું કે, ઘરમાં તે જમવા બેઠો ત્યારે જુઓ,
ઘણા દાણીઓ તથા પાપીઓ આવીને ઇશુની તથા
૧૧ તેના શિષ્યોની સાથે બેઠા. અને ફરોશીઓએ એ
જોઇને તેના શિષ્યોને કહ્યું કે, તમારો ઉપદેશક
દાણીઓની તથા પાપીઓની સાથે કેમ ખાયછે?

---

૬. ઘણું કરીને તે માંદા માણસ બીછાના ઉપર સુતેલા રહેતા.

૯. માર્ક ૨; ૧૪: લુ. ૫; ૨૭–૨૮ જુઓ. માર્કના લખ્યા પ્રમાણે "આલફીનો દીકરો લેવી", પણ લુકના લખ્યા પ્રમાણે "લેવી નામે એક દાણી". લેવી ને માત્થી એ એકજ. પ્રસ્તાવના જુઓ.

૧૦–૧૩. માર્ક ૨; ૧૫–૧૭. લુ. ૫; ૨૯–૩૨ જુઓ.

૧૦. લુક લખેછે કે લેવીએ પોતાને ઘેર તેને સારૂ મોટી મીજબાની કરી. "તે જમવા બેઠો" એટલે માત્થી. જમતી વેળાએ યહુદી લોકો કોણીએ ટેકીને ખાતા હતા.

૧૧. ફરોશીઓ નહોતરાએલા નહોતા પણ તેને જોવા માટે આવ્યા હતા.

૧૨ અને ઇશુએ એ સાંભળીને તેઓને કહ્યું કે, જે
સાજા છે તેઓને વૈદની અગત્ય નથી, પણ જે
૧૩ માંદા તેઓને છે. પણ "યજ્ઞ કરતાં હું દયા ચા-
હુંછું," એનો શો અર્થ છે, તે જઇને શીખો; કાંજે
ન્યાયીઓને નહિ, પણ પાપીઓને પસ્તાવો
કરે એમ કહેવા હું આવ્યો છું.

૧૪ ત્યારે યોહાનના શિષ્યો તેની પાસે આવીને

---

૧૨. "સાજા" એટલે જેઓ પોતાને સાજા ગણે છે, તેઓ. આ લોક જે તમારા વિચાર પ્રમાણે ઘણા પાપી છે, તેમને વૈદની વિશેષ ગરજ છે.

૧૩. હો. ૬; ૬. અ. ૧૨; ૭ જુઓ. પરમેશ્વરને સારૂ યજ્ઞ કરીએ પણ પોતાના અંતઃકરણમાં દયા ન રાખીએ, તો એ નહીં ચાલે; પાપી લોકથી દુર રહેવું તે કરતાં તેમના ઉપર પ્રીતિ રાખવી એ વધારે સારૂં છે.

૧૪–૧૭. માર્ક ૨;૧૮–૨૨. લુ. ૫;૩૩–૩૯ જુઓ.

૧૪. આ વાત ઉપરથી માલમ પડેછે કે (૧) યોહાનના મરણ સુધી તેના શિષ્યો તથા ઇશુના શિષ્યો જુદા રહ્યા. અ. ૧૧; ૨: ૧૪;૧૨ જુઓ. (૨) તેઓ ઉપવાસ કરવાને ઠરાવેલા દિવસ રાખતા હતા, ને યોહાને તેઓને પ્રાર્થના કરવાનો નમુનો દેખાડ્યો હતો. લુ. ૧૧;૧ જુઓ. એમ દેખાય છે કે ફરોશી લોકોએ તેમને સમજાવ્યા કે તેઓ ઇશુને આ સવાલ પૂછે. ઇશુની રીતભાત તથા યોહાન બાપ્તિસ્મા કરનારની રીતભાત જુદી હતી. અ. ૧૧;૧૮, ૧૯ જુઓ. તે જોઇને તેઓ શકમાં પડ્યા.

કહેછે કે, અમે તથા ફરોસીઓ ઘણીવાર ઉપ-
વાસ કરિયે છિયે, પણ તારા શિષ્યો ઉપવાસ ન-

ઉપવાસના વિષેનો હકિકત.

(૧) મુસાના નિયમ પ્રમાણે ઉપવાસ કરવાનો એ-
કજ દિવસ ઠરાવેલો હતો, એટલે પ્રાયશ્ચિતનો દિવસ.
લે. ૧૬;૨૯–૩૪. પણ જખ. ૭; ૧–૭: ૮;૧૯
ઉપરથી એમ જણાય છે કે યહુદી લોકો જ્યારે બા-
બેલ દેશમાં હતા ત્યારે દર વરશે ચોથા, પાંચમા,
સાતમા, તથા દશમા મહિનામાં ઉપવાસ કરતા હતા.

(૨) કેટલીક વાર પાપ તથા આફત અથવા જો-
ખમને લીધે ઇશ્વર આગળ નમ્રતા બતાવવા તથા
તેની કૃપા માગવા સારૂ દેશના બધા લોકો ઉઘાડી
રીતે ઉપવાસ કરે એ માટે કોઈ નક્કી વખત પ્રગટ
કરવામાં આવતો. ૧ સમ. ૭;૬. ૨ કાલ. ૨૦;૩.
યર. ૩૬; ૬–૧૦. વળી કેટલીએક વખતે લોકો
દુઃખને લીધે પ્રગટ કર્યા વગર પણ ઉપવાસ કર-
તા હતા. ન્ય. ૨૦;૨૬. ૧ સમ. ૩૧;૧૩. ૨ સમ.
૧;૧૨.

(૩) કેટલીએક વેળા દુઃખને લીધે કે તેમનો વિ-
શ્વાસ પારખી જોવાય માટે લોકો ખાનગી રીતે ઉ-
પવાસ કરતા હતા. નિ. ૨૪;૧૮: ૩૪;૨૮. ૧ સમ.
૧;૭: ૨૦;૩૪. ૧ રા. ૧૯;૮: ૨૧;૨૭.

(૪) ખ્રીસ્તની વેળાએ યહુદી લોક દર સોમવારે
તથા દર ગુરૂવારે ઉપવાસ કરતા હતા. લુ. ૧૮; ૧૨.
પ્રેરિતો જ્યારે વડીલોને તથા અધ્યક્ષોને મંડળી
ઉપર ઠરાવતા હતા, ત્યારે ઉપવાસ કરતા હતા. પ્રે.
૧૩;૩: ૧૪;૨૩ જુઓ.

૧૫ થી કરતા, એનું કારણ શું ? ત્યારે ઇશુએ તેઓને
કહ્યું કે, જ્યાં સુધી વર જાનૈયાઓની સાથે છે,
ત્યાં સુધી શું તેઓ શોક કરી શકે છે ? પણ એવા
દાહાડા આવશે કે વર તેઓની પાસેથી લઇ જવાશે,

---

(૫) બે રીતે ઉપવાસ કરવામાં આવતો હતો, (૧) ઉપવાસ કરતી વેળા કેટલીકવાર લોકો કંઇજ ખાતા નહોતા. (૨) ને કેટલીકવાર સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક ખોરાક ખાતા નહોતા. એસ. ૪;૧૬. દા. ૧૦;૩.

ઉપવાસ કરતી વખતે કેટલીકવાર લોકોએ પોતાનાં વસ્ત્ર ફાડ્યાં તથા અંગ ઉપર તાટ પહેર્યું. ૧ રા. ૨૧;૨૭. નહે. ૯;૧. પણ ઇશુની શીખામણ તે બાબત વિષે જુઓ. મા. ૬;૧૬–૧૮.

(૬) પરમેશ્વર પાસેથી કંઈ સારૂ મેળવવા અથવા બીજા લોક પાસેથી વખાણ પામવા માટે નહીં, પણ આપણી ઇચ્છા ઇશ્વરની ઇચ્છાને આધીન થાય તથા આત્મિક વાત ઉપર આપણું લક્ષ વિશેષ રહે, એ સારૂ ઉપવાસ કરવો. યશા. ૫૮;૩–૭.

૧૫. પહેલી વાર ઇશુ લોકના સાંભળતાં પોતાના મરણ વિષે કહે છે. ઇશુ ખ્રિસ્તિ મંડલીનો વર છે. એફ. ૫;૨૩ જુઓ. માટે ઇશુ જ્યાં સુધી પોતાના શિષ્યોની પાસે રહે છે, ત્યાં સુધી આનંદને લીધે શિષ્યો ઉપવાસ કરતા નથી. પણ તેના મરણ પછી શોકને ઉપવાસ કરવાનો વખત આવશે. એજ પ્રમાણે જ્યારે આપણે સુખમાં હોઇએ ને આપણા ઉપર ઈશ્વરનો આશીર્વાદ છે, એવું લાગે, ત્યારે ઉપવાસ કરવો નહીં. પણ દુઃખ ને સંકટ તથા પાપ ને સજા વેઠવાં

૧૬ ત્યારે તેઓ ઉપવાસ કરશે. વળી કોરા લુગડાનું
થીંગડું જુના લુગડામાં કોઇ નથી દેતું, કેમકે
તે થીંગડાથી તે લુગડું ખેંચાયછે, ને ફાટ વધતી
૧૭ પડેછે. વળી નવો દ્રાક્ષારસ જુની મસકોમાં કોઇ
નથી ભરતું, જો ભરે તો મસકો ફાટી જાયછે, ને
દ્રાક્ષારસ વહી જાયછે, ને મસકોનો નાશ થાયછે;
પણ નવો દ્રાક્ષારસ નવી મસકોમાં ભરેછે, ને
બેહુનું રક્ષણ થાયછે.
૧૮ તે તેઓને આ વાતો કહેતો હતો, ત્યારે જુઓ
એક અધિકારી આવીને તેને પગે લાગીને કહેછે
કે, મારી દીકરી હવે તો મરી ગઇ હશે, પણ તું
આવીને તારો હાથ તેના પર મૂક, એટલે તે જી-

પડે ત્યારે ઉપવાસ કરવો, એ જરૂરનું તથા ફાયદા-
કારક છે. ૧ સમ. ૧; ૭: ૨૦; ૩૪. ૨ સમ. ૧;
૧૨: ૩; ૩૫. ૧ કર. ૧૧; ૨૭ જુઓ.

ફરોશી લોકો દર સોમવારે તથા દર ગુરૂવારે
ઉપવાસ કરતા હતા, અને તેનું કારણ એવું બતાવતા
કે ગુરૂવારે મુસા સિના પર્વત ઉપર ચડી ગયો, ને
સોમવારે તે પાછો ઉતર્યો. લુ. ૧૮; ૧૨ જુઓ.

૧૬. સુખની વેળા અથવા દુઃખની વેળાએ ધર્મ તથા
ધર્મની ક્રિયા કરવી તે સારી છે, પણ સુખની વે-
ળાએ આપણે ઉપવાસ કરવાથી દુઃખ બતાવીએ, તો
ધર્મને નુકશાન લાગેછે; હાલત પ્રમાણે આપણે પ-
રમેશ્વર આગળ સુખ અથવા દુઃખ દેખાડવું; જેવી
આપણી હાલત તેવી આપણી સેવા થવી જોઈએ.

૧૮-૨૬. તેણીએ વેદો ઉપર પોતાની બધી મિલકત
ખરચી નાખી હતી. પોતામાંથી પરાક્રમ પ્રકાશ્યું

૧૯ વાત. ત્યારે ઈશુ ઉઠીને પોતાના શિષ્યો સુદ્ધાં
તેની પાછળ ગયો.
૨૦ અને જુઓ, એક બાયડીને બાર વરસ થયાં
લોહીવા હતો, તે તેની પાછળ આવીને તેના લુ-
૨૧ ગડાની કોરને અડકી. કેમકે તેણે પોતાના મનમાં
કહ્યું કે, જો હું એકલા એના લુગડાને અડકોશ
૨૨ તો સાજી થઇ જઇશ. ત્યારે ઇશુએ પાછા ફરીને
તથા તેને જોઇને કહ્યું કે, દીકરી, ધીરજ રાખ,
તારા વિશ્વાસે તને સાજી કીધી છે; ને તે બાયડી
૨૩ તેજ ઘડીથી સાજી થઇ. પછી ઇશુએ તે અધિ-
કારીના ઘરમાં આવીને વાંસળી વગાડનારાઓને
૨૪ તથા લોકને કલકલાટ કરતા દીઠા. ત્યારે તે તે-
ઓને કહેછે કે, આઘા ખસો; કેમકે છોડી મરી
નથી ગઇ, પણ ઉંઘેછે. અને તેઓએ તેની મશ્કરી

એ ઈશુએ જાણ્યું, એવી વિગત માર્ક ને લુક લખેછે.
માર્ક ૫; ૨૨–૪૩. લુ. ૮; ૪૧–૫૬ જુઓ.

૧૮. આ અધિકારીનું નામ જાઐરસ ને તેની દીકરી-
ની ઉમર બાર વરસની હતી.

૨૦. યહુદી લોકો લુગડાની કોર ઉપર નીલફીત બાંધતા,
ને તેને પવિત્ર ગણતા હતા. ગણ. ૧૫; ૩૮, ૩૯.
આ. ૧૪; ૩૬: ૨૩; ૫ જુઓ.

૨૩. "વાંસલી વગાડનારાઓને" ૨ કાલ. ૩૫; ૨૫ જુઓ.

૨૪. "છોડી ઉંઘેછે" ઈશુ તેની ઉપમા આપીને બોલેછે,
પણ લોકોએ તે ન સમજીને તેની મશ્કરી કરી.
યો. ૧૧; ૧૧ જુઓ.

૨૫ કીધી. અને લોકોને બહાર કહાડયા, ત્યારે તેણે
માંહે જઇને તેનો હાથ પકડયો; ને તે છોડી ઉઠી.
૨૬ અને તે વાતની ચરચા તે આખા દેસમાં ફેલાઇ ગઇ.
૨૭ અને ઇશુ ત્યાંથી જતો હતો, ત્યારે બે આંધ-
ળા તેની પાછળ જઇને બૂમ પાડી કેહેછે કે, આ
૨૮ દાવુદના દીકરા, અમારા પર દયા કર. અને
ઘરમાં તે ગયો, ત્યારે તે આંધળાઓ પાસે આવ્યા,
ને ઇશુ તેઓને કેહેછે કે, હું એ કરી શકુંછું એવો
વિશ્વાસ શું તમે કરોછો? તેઓ તેને કેહેછે કે, હા
૨૯ પ્રભુ. ત્યારે તે તેઓની આંખોને અડકીને કહેછે
૩૦ કે, તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ. અને
તેઓની આંખો ઉઘડી ગઇ પછી ઇશુ તેઓને
સખત આગ્ના આપીને કેહેછે કે, જોજો, કોઇ જાણે
૩૧ નહિ. પણ તેઓએ બહાર જઇને તે આખા
દેશમાં તેની કીર્ત્તિ ફેલાવી.
૩૨ અને તેઓ બહાર ગયા ત્યારે જુઓ, ભૂત
વળગેલા એક મુંગા માણસને તેની પાસે લા-
૩૩ વ્યા. અને ભૂત કહડાયો ત્યારે તે મુંગો બોલ્યો,

---

૨૭. રેતીને તડકાથી ને બહાર સુવાને લીધે કરીને પા-
લીસ્ટાઈન ને આ દેશમાં ઘણા લોક આંધળા
થાયછે.

"દાવુદના દીકરા" અ. ૧; ૧: ૧૫; ૨૨. લુ.
૧૧; ૧૪, ૧૫ જુઓ.

૩૦. "જો જો કોઈ જાણે નહીં" અ. ૮; ૪ પરની
ટીકા જુઓ.

ને લોકો અચરત થઇને કહેછે કે, ઇસ્રાએલમાં
૩૪ એમ કદી પણ એવું દીઠું ન હતું. પણ ફરોશી-
ઓએ કહ્યું કે, ભૂતોના સરદારથી ભૂતોને તે
કહાડે છે.
૩૫ અને ઇશુ તેઓનાં સભાસ્થાનોમાં ઉપદેશ કર-
તો, ને રાજ્યની સુવાર્त्ता પ્રગટ કરતો, ને લોકોનો
હરેક મંદવાડ તથા હરેક રોગ ટાળતો, સઘળાં
૩૬ નગરોમાં તથા ગામોમાં ફરતો ગયો. અને લો-
કોને જોઇને તેઓ પર તેને દયા આવી; કેમકે
તેઓ પાળક વગરનાં ઘેટાંના જેવા હેરાન તથા
૩૭ વેરાઇ ગયલા હતા. ત્યારે તે પોતાના શિષ્યોને
કહેછે કે, ફસલ પુશ્કલ છે ખરી, પણ મજુરો
૩૮ થોડા છે. એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના
કરો કે, પોતાની ફસલને સારૂ મજુરો મોકલે.

---

૩૪. ઇશુ આ સવાલનો જવાબ અધ્યાય ૧૨;૨૫-૩૦ માં આપેછે. અધ્યાય ૧૦;૨૫ જુઓ.

પ્રશ્નો.

૧. આપણે નીચ લોકોની સાથે કયારે ખાવું ને કયારે ખાવું નહીં?

૨. કયારે આપણે ઉપવાસ કરવો?

૩. ૧૬ મી ને ૧૭ મી કલમમાં જે વાત છે તેનો ખુલાસો શો?

૪. બે આંધળાઓએ ઈશુની કીર્ત્તિ લોકોમાં ફે-લાવી, એમાં તેઓએ ઠીક કર્યું કે નહીં (ક. ૩૦, ૩૧)?

૫. માર્ક ને લુક પક્ષાઘાતી વિષે બીજી શી વિ-ગત આપેછે?

૬. ઈશુએ જાએરસની દીકરીને ઉઠાડી ત્યારે તેણે પોતાની ભાષામાં કયા શબ્દો વાપર્યા?

૧૦ પછી તેણે પોતાના બાર શિષ્યોને પાસે તેડીને
અશુદ્ધ આત્માઓને કહાડવાનો, તથા હરેક ત-
રેહનો મંદવાડ તથા હરેક જાતનો રોગ ટાળવાનો
૨ અધિકાર તેઓને આપ્યો. અને તે બાર પ્રેરિત-
નાં નામ એ છે; પહેલો, સીમોન જે પીતર ક-
હેવાયછે તે, ને તેનો ભાઈ આંદ્રયા; ઝબીદીનો

અધ્યાય ૧૦મો.

૧. આ વખત પહેલાં ઈશુએ બાર શિષ્યોને પસંદ કર્યા હ-
તા. અ. ૪; ૧૮–૨૨. પણ હાલ તેઓને ઉપદેશ ક-
રવા માટે બહાર મોકલેછે.

યહુદી લોકોનાં બાર કુળ હતાં માટે ઈશુએ બાર શિષ્યોને પસંદ કર્યા, એમ દેખાયછે. અ. ૧૯; ૨૮. ૧–૪૨. માર્ક ૩; ૧૪–૧૯: ૬; ૭–૧૩: લુ. ૬; ૧૨–૧૬: ૯; ૧–૬ જુઓ.

૨. "પ્રેરિતો" એ શબ્દને સારૂ ગ્રીક ભાષામાં જે શબ્દ લખેલો છે, તેનો અર્થ "મોકલેલો" એવો થાયછે. "પ્રેરિત" શબ્દ ફક્ત આ જગ્યાએ માથ્થીની સુવાર્તામાં લખેલો છે.

બાર શિષ્યો શિવાય કેટલાએક બીજા માણસોને "પ્રેરિત" એ નામ આપ્યું છે. જાણે કે પ્રભુ ઈશુનો ભાઈ યાકુબ. ગલ. ૧; ૧૯. તથા બારણાબા. ૧ કર. ૯; ૫, ૬. અને પાઉલને. રૂ. ૧; ૧. વળી રૂ. ૧૬; ૭. હેબ. ૩; ૧ જુઓ.

આ જગ્યા શિવાય બાર શિષ્યોની ટીપ બીજી ત્રણ જગ્યાએ વાંચવામાં આવેછે, એટલે માર્ક ૩; ૧૬. લુ. ૬; ૧૪. પ્રે. ૧; ૧૩.

આ ચાર ટીપનો મુકાબલો કરીએ, તો માલમ પડશે કે (૧) પીતરનું નામ હમેશાં પહેલું આવેછે. ને યહુદાનું નામ છેલ્લું. (૨) દરેક ટીપમાં ત્રણ વર્ગ છે ને દરેક વર્ગમાં એજ ચાર જણનાં નામ છે.

પહેલવહેલાં આંદ્રૂયા તથા એક બીજો શિષ્ય યોહાન બાપ્તિસ્મા કરનારની પાછળ આવ્યા. યો. ૧; ૩૫-૪૨.

પહેલા પાંચ પ્રેરિતો બેથસેદા ગામના રહેવાશી હતા. યો. ૧; ૪૪. યહુદા ઈસ્કારીયોત શિવાય બધા બીજા પ્રેરિતો ગાલીલ પ્રાંતના રહેવાશીઓ હતા. પ્રે. ૧; ૧૧: ૨; ૭ જુઓ. એક ગામ કેરીયોત નામે યહુદા પ્રાંતમાં હતું. યહ. ૧૫; ૨૫. ત્યાંનો યહુદા હતો માટે તેનું નામ યહુદા ઈસ્કારીયોત પાડ્યું (કારીયોતનો રહેવાશી).

પીતર યાકુબ ને યોહાન, આ ત્રણને ઇશુએ વધારે પસંદ કર્યા, એટલે તેમને વિશેષ પોતાની સાથે રાખતો. મા. ૧૭; ૧: ૨૬; ૩૭ માર્ક ૫; ૩૭. જુઓ.

જુદા જુદા શિષ્યો વિષે પરચુરણ વિગત:—

"પીતર" ઘણીવાર બીજા શિષ્યોને વાસ્તે બોલેછે. મા. ૧૬; ૧૬: ૧૯; ૨૭. લુ. ૧૨; ૪૧ જુઓ. તેનાં બીજાં નામો સીમોન ને કેફા હતાં. યો. ૧; ૪૨. તેનો ઈશુ સંબંધી નકાર. મા. ૨૬; ૬૯-૭૫.

"યોહાન ને યાકુબ" તેમની અટક બોઅનેરગેસ હતી. માર્ક ૩; ૧૭. આકાશથી અગ્નિ વરસાવવા ચહાય છે. લુ. ૯; ૫૪. તેમની મા તેમને સારૂ ખ્રીસ્તના રાજ્યમાં પ્રથમ જગ્યા માગેછે. મા.

૩ દીકરો યાકુબ, તથા તેનો ભાઈ યોહાન; ફિલિપ તથા બારથલમુ; થોમા તથા માત્થી દાણી;

૨૦; ૨૧. બાર શિષ્યોમાં યાકુબ પહેલો મારી નાંખવામાં આવ્યો ને યોહાન છેલ્લો મુઓ. પ્રે. ૧૨; ૨. યો. ૨૧; ૨૨.

"આંદ્રયા" પહેલો શિષ્ય. યો. ૧; ૪૦.

"ફિલિપ" "મારી પાછળ આવ". યો. ૧; ૪૩. હેલેનીઓ આવેછે. યો. ૧૨; ૨૨.

"બારથલમુ કે નાથાનાએલ" "ખરેખર ઈસ્રાએલી." યો. ૧; ૪૭. એ કાના ગામનો રહેવાશી હતો. યો. ૨૧; ૨.

"માત્થી" ઇશુ તેને બોલાવેછે. અ. ૯; ૯.

"થોમા" અવિશ્વાસી તો પણ સાચો. યો. ૬; ૧૬; ૨૦; ૨૫.

"આલફીનો દીકરો યાકુબ" તેના વિષે કંઈ વાત લખેલી નથી.

"યાકુબનો દીકરો યહુદા" તેનો સવાલ. યો. ૧૪; ૨૨.

"સીમોન જેલોટીશ" તેના વિષે કંઇ વાત નથી.

"યહુદા ઈસ્કારીયોત" ચોર હતો. યો. ૧૨; ૬. ઈશુને પરસ્વાધીન કર્યા અને તેનું મરણ. મા. ૨૭; ૩-૬. પ્રે. ૧; ૧૮, ૧૯.

૩.. આંદ્રયા ને ફિલિપ એ ગ્રીક નામ છે ને તેઓ ગ્રીક લોકોની સાથે કંઈ સંબંધ રાખતા હતા, એવો સંભવ છે. યો. ૧૨; ૨૧, ૨૨ જુઓ.

લેબી, થાદી, યાકુબનો [ભાઈ] યહુદા એજ માણસ. ઘણુંકરી યહુદા યાકુબનો ભાઈ નહીં, પણ દીકરો હશે.

અલ્ફીનો દીકરો યાકુબ, તથા લેબ્બી જેની અટક
૪ થદી હતી તે; સીમોન કનાની, તથા યહુદા
ઇસકારીયોત, જે તેને પરસ્વાધીન કરનારો પણ
૫ હતો તે. ઇશુએ તે બારોને મોકલીને એવી આ-
જ્ઞા આપી કે, તમે વિદેશીઓને માર્ગે ન જાઓ,

"બારથલમુ" એ થલમુનો દીકરો. તે અને ના-
થાનાએલ ઘણું કરીને એકજ હતા; કારણ કે (૧)
યોહાનની સુવાર્ત્તામાં નાથાનાએલ બે વાર વાંચવામાં
આવેછે પણ બારથલમુ નહીં. (૨) માત્થી, માર્ક ને
લુક નાથાનાએલ વિષે નહીં પણ બારથલમુ વિષે
લખેછે. (૩) કોઈ જગ્યાએ નાથાનાએલની સાથે ફિ-
લિપ સંબંધ રાખેછે ને બીજી જગ્યાએ બારથલમુની
સાથે સંબંધ રાખતો જણાયછે. (૪) જાણે કે તે
પણ બાર શિષ્યોમાંનો એક છે, એવી રીતે નાથા-
નાએલનું નામ લખવામાં આવ્યું છે. યો ૨૧; ૨.
૪. "કનાની" એટલે કનાન દેશનો રહેવાસી એમ નહીં, પણ
જે યહુદી લોકો મુસાના કાયદા સખત રીતે પાળતા
હતા, ને પરમેશ્વર વગર બીજા કોઈને રાજા માનતા
નહોતા તે પંથમાંનો એક. એ લોકોએ રૂમી રાજ્યની વિ-
રૂદ્ધ કેટલીક વાર બળવો કર્યો. પ્રે. ૫; ૩૬. કનાની
અથવા જેલોટીસ તે એકજ નામ છે. લુ. ૬; ૧૫.
૫. સમારી લોક કોણ હતા તે વિષે ૨ રા. ૧૭; ૨૪–
૪૧ વાંચો. તેઓ પરદેશીઓ હતા, ને તેઓ અને
યહુદી લોક એક બીજા ઉપર દ્વેષ રાખતા હતા.
યો. ૪; ૯ જુઓ. એ દ્વેષ તેમનામાં કેમ ઉત્પન્ન
થયો, તે વિષે એઝ. ૪; ૨, ૩ વાંચો. સમારી

૬ ને સમારીઓના કોઇ નગરમાં ન પેસો. પણ
કે કરતાં ઇસ્રાઇલનાં ઘરનાં ખોવાએલાં ઘેટાંની
૭ પાસે જાઓ. અને તમે જતાં જતાં એમ પ્રસિદ્ધ
૮ કરો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે. માં-
દાઓને સાજા કરો, કોહોડીઆઓને શુદ્ધ કરો,
મુએલાઓને ઉઠાડો, ભૂતોને કહાડો, તમે મફત
૯ પામ્યા છો, મફત આપો. સુનું કે રૂપું કે તાંબુ
૧૦ પોતાના કમ્મરબંધમાં ન રાખો. મુસાફરીને
સારૂ જોહોળું અથવા બે અંગરખા, અથવા જોડા
અથવા લાકડી પણ ન લો; કેમકે મજુર પો-
૧૧ તાનાં પોષણયોગ્ય છે. અને જે જે નગરમાં કે
ગામમાં તમે જાઓ, તેમાં યોગ્ય કોણ છે એની
તપાસ કરો; ને ત્યાંથી નીકળવા સુધી તેને ત્યાંજ
૧૨ રહો. અને ઘરમાં જઇને તેનાંને સલામ કહો.

લોકનો ધર્મ યહુદી લોકના ધર્મ જેવો તો ખરો, પણ બગડી ગએલો હતો. તેઓનું મંદિર ગેરેઝીમ પહાડ ઉપર બાંધેલું હતું. યો. ૪; ૨૦. પણ આ વખત પહેલાં તેનો નાશ થયો હતો.

"વિદેશીઓને માર્ગે ન જાઓ" લુ. ૨૪; ૪૭. ૩. ૨; ૧-૧૦ જુઓ.

૯. હેરોદ રાજાના બધા સિક્કા ત્રાંબાના હતા, ને સુનાના તથા રૂપાના સિક્કા ગ્રીક અથવા રૂમી રાજ્યના હતા. લુ. ૨૨; ૩૫, ૩૬.

૧૦. "મજુર પોતાના પોષણ યોગ્ય છે" ૧ તીમ. ૫; ૧૮ જુઓ.

૧૨. એક ઘરમાં રહેવું, કેમકે છાની રીતે રહેવાય; પણ ઘેર ઘેર ફરીને ઉજાણી ન કરવી. પ્રે. ૧૬; ૧૪, ૧૫; ૧૭; પ્રે. ૩. ૧૬; ૨૩.

૧૩ અને જો તે ઘર યોગ્ય હોય તો તમારી કુશળતા
હેના પર આવે, પણ જો તે યોગ્ય ન હોય તો
૧૪ તમારી કુશળતા તમારા પર પાછી આવે. અને
જો કોઈ તમને ન માને, ને તમારી વાતોનું સાં-
ભળે, તો તે ઘરમાંથી અથવા તે નગરમાંથી ની-
૧૫ કળતાં તમે પોતાના પગની ધૂળ ખંખેરો. હું ત-
મને ખચીત કહુંછું કે ન્યાયકાળે સદોમ તથા
ગમોરા દેશનો હાલ તે નગરના કરતાં વતો સ-
હેલ થશે.
૧૬ જુઓ, વરૂઓમાં ઘેટાં સરખા હું તમને મો-
કલુંછું; માટે તમે સાપના જેવા હુશિયાર, તથા
૧૭ ખબુતરના જેવા સાલસ થાઓ. અને તમે મા-
ણસોથી શાવધાન રહો; કેમકે તેઓ તમને ન્યા-
યસભામાં સોંપશે, ને તેઓનાં સભાસ્થાનોમાં

---

૧૪. પ્રે. ૧૩; ૫૧ જુઓ.

૧૫. અ. ૧૧; ૨૪ જુઓ.

૧૬. સાપની પેઠે કંઇ જોખમ આવે તો નાશી જવું. પણ પક્કા થવું, એવો તેનો અર્થ નથી. કલમ ૨૩. ૨. ૧૬; ૧૯. ૨ કર. ૧૨; ૧૬ જુઓ.

"સાપના જેવા હુશિયાર" ઉત. ૩; ૧ જુઓ.

૧૭. અ. ૪; ૨૩ ની ટીકા જુઓ.

પ્રે. ૨૨; ૧૯. ૨ કર. ૧૧; ૨૪. 'કોરડામાં ત્રણ સેરો હતી માટે તેર વખત સુધી મારી શકાય, કેમકે તે તેર તરી ઓગણચાળીશ ફટકા ગણાતા, કારણ

૧૮ તમને ફોરડા મારશે. અને મારે લીધે તમને અ-
ધિપતિઓની તથા રાજાઓની આગળ તેઓને
તથા વિદેશીઓને સાક્ષીને અર્થે લઈ જવામાં
૧૯ આવશે. પણ જયારે તેઓ તમને પકડાવે ત્યારે
તમે ચિંતા ન કરો કે શી તરેહ અથવા શું બોલી-
શું! કાંજે શું બોલવું તેની તેજ ઘડી તમને પેરણા
૨૦ થશે. કેમકે જે બોલેછે તે તમે નથી, પણ ત-
મારા બાપનો જે આત્મા, તે તમારામાં બોલે
૨૧ છે. અને ભાઈ ભાઇને તથા બાપ દીકરાને મર-
ણને સારૂ સોંપશે, ને છોકરાં માબાપની સામા
૨૨ ઉઠશે, ને તેઓને મારી નંખાવશે. અને મારા ના-
મને સારૂ સહુ તમારો દ્વેષ કરશે, પણ જે કોઈ
૨૩ અંત સુધી ટકશે તે તારણ પામશે. અને જયારે
તેઓ એક નગરમાં તમારી પુઠે લાગે ત્યારે તમે
બીજામાં નહાશી જાઓ; કેમકે હું તમને ખચીત

* મુસાના નિયમ પ્રમાણે ચાલીશ ફટકા મારવાની રજા હતી. પુ. ૨૫; ૩.

૧૮. પ્રે. ૧૬; ૨૦; ૧૭; ૬: ૨૪, ૨૫ તથા ૨૬ મો અધ્યાય જુઓ.

૧૯. પ્રે. ૪; ૧૩ જુઓ.

૨૦. ૨ તીમ. ૪; ૧૬, ૧૭.

૨૩. ઈ. સ. ૭૦ ની સાલમાં યરૂશાલેમ શેહેરનો નાશ થયો; એમાં ખ્રીસ્ત પોતે યહુદી લોકોને સજા આ-પવા આવ્યો. એ વેળા બધાં યહુદી શેહેરોમાં ખ્રી-સ્તની સુવાર્તા પ્રગટ થએલી નહોતી.

કહુંછું કે, માણસનો દીકરો આવે ત્યાં સુધી ઇ-
સ્રાઇલનાં સઘળાં નગરોમાં તમે ફરી નહિ વળ-
૨૪ શો. ચેલો ગુરૂ કરતાં મોટો નથી, ને દાસ પો-
૨૫ તાના શેઠ કરતાં મોટો નથી. ચેલો પોતાના ગુ-
રૂ સરખો, ને દાસ પોતાના શેઠ સરખો હોય તો
તેજ ઘણું છે. જો તેઓએ ઘરના ધણીને બાલ-
ઝબુલ કહ્યો છે, તો તેના ઘરના લોકોને કેટલું વિ-
૨૬ શેષે કરીને એમજ કહેશે? તે માટે તેઓથી તમે
બીહો મા, કેમકે જે ઉઘાડું નહિ કરાશે એવું કં-
ઈ ઢાંકેલું નથી, ને જે જણાશે નહિ એવું કંઈ
૨૭ ગુપ્ત નથી. હું તમને અંધારામાં જે કહુંછું તે ત-
મે અજવાળામાં કહો, ને તમે કાને જે સાંભ-

---

૨૪. લુ. ૬; ૪૦ જુઓ.

૨૫. "બાલઝબબ" એટલે ગાખીનો સંહાર કરનાર. પણ તેમના દુશ્મન જે પલસ્તી લોક, એમના દેવની ગશ્કરી કરવા સારૂ તેમાંથી એક અક્ષર બદલી નાખીને યહુદીઓ "બાલઝબુલ," એટલે કચરાનો પ્રભુ, એમ કહેતા હતા. યહુદી લોકોમાં તે શેતાનનું એક નામ હતું. અ. ૧૨; ૨૪. યો. ૭; ૨૦: ૮; ૪૮ જુઓ.

૨૬. ઠરાવને દિવસે બધું પ્રગટ કરવામાં આવશે, માટે તેમની બીક ન લાગે, કારણ કે તમે વિશ્વાસુ ન હો તો તે જણાશે, એટલુંજ નહીં પણ તમારા દુશ્મન કેવા નઠારા તથા પાપી છે, તે પણ દેખાઈ આવશે.

૨૭. માર્ક ૪; ૧૧ જુઓ.

૨૮ ળોછો તે બધાઓ પરથી પ્રગટ કરો. અને શરી-
રને જે મારીનાંખેછે, પણ આત્માને મારી શક-
તા નથી, તેઓથી બીહો મા; પણ એ કરતાં
આત્મા તથા શરીર એ બન્નેનો નાશ નરકમાં
૨૯ કરી શકેછે તેથી બીહો. પૈસાની બે ચકલી શું વે-
ચાતી નથી? તો પણ તમારા બાપ (ની ઇ-
ચ્છા) વગર તેમાંથી એક ભુંઈ પર પડનાર ન-
૩૦ થી. અને તમારા માથાના નીમાળા પણ બધા
૩૧ ગણેલા છે. તે માટે બીહો મા; અસંખ ચકલીઓ
૩૨ કરતાં તમે બહુ મુલ્યવાન છો. માટે માણસોની
આગળ જે કોઈ મને માનશે, તેને હું પણ મા-
૩૩ રા આકાશમાંના બાપની આગળ માનીશ. પ-
ણ માણસોની આગળ જે કોઈ મને નહિ મા-
નશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની
૩૪ આગળ નહિ માનીશ. પૃથ્વી પર શાંતિ કરાવ-
વાને હું આવ્યો છું એમ ન ધારો; શાંતિ નહિ,

---

૨૮. "તેથી બીહો" એટલે પરમેશ્વરથી, કારણ કે શેતાન પાપની લાલચ આપી શકેછે ખરો, પણ આત્માનો નાશ કેવળ ઈશ્વર એકલોજ કરી શકેછે. યા. ૪; ૧૨.

૨૯. લુ. ૧૨; ૬ જુઓ. આ કલમ ઉપરથી બે શીખામણ લેવાની છે. એટલે જાનવરના જીવ કરતાં માણસનો જીવ પરમેશ્વરની નજરમાં વધારે મુલ્યવાન છે. કલમ ૩૧ જુઓ. અને બીજી કે જાનવર ઉપર દયા રાખવી એ પરમેશ્વરનો હુકમ છે.

૩૩. આ. ૭; ૨૩ જુઓ.

૩૪. દુનિયામાં શાંતિ સ્થાપન કરવી, એવી ઈશુની ઈચ્છા

૩૫ પણ તરવાર ચલાવવાને હું આવ્યો છું. કેમકે
માણસને તેના બાપને ઉલટો, તથા દીકરીને તે-
ની માને ઉલટી, તથા વહુને તેની સાસુને ઉલ-
૩૬ ટી ફેરવવાને હું આવ્યો છું. અને માણસના વૈ-
૩૭ રી તેના ઘરમાંનાજ થશે. જે મારા કરતાં બાપ
અથવા મા પર વત્તી પ્રીતિ કરેછે, તે મારા યો-
ગ્ય નથી; ને દીકરા કે દીકરી પર જે મારા ક-
૩૮ રતાં વત્તી પ્રીતિ કરેછે, તે મારા યોગ્ય નથી. અ-
ને જે પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ
૩૯ આવતો નથી તે મારા યોગ્ય નથી; જે પોતાનો

હતી. યશ. ૨; ૧-૪. લુ. ૨; ૧૪. પરંતુ એમ થવા પહેલાં પવિત્રતા તથા સાચાપણું થવું જોઈએ; પણ પવિત્રતા તથા સાચ ફેલાઇ ન જાય માટે પાપી લોકો ઘણો અટકાવ કરશે ને તેથી ઘણી લડાઇઓ થશે. ખ્રીસ્તિ ધર્મ લોકોને જુદા પાડેછે. લુ. ૨; ૩૪, ૩૫.

૩૫. મી. ૭; ૬ જુઓ. આ દેશમાં ઘણીવાર એમ થાયછે. કોઇ હિંદુ કે મુસલમાન કુટુંબમાં એકજ માણસ ખ્રીસ્તિ થાય તો તકરાર બહું થાયછે.

૩૭. માબાપ કે સગાંવહાલાંના હુકમ કરતાં ઇશ્વરના હુકમ આપણે માનવા. લુ. ૧૪; ૨૬, ૨૭ જુઓ.

૩૮. આ. ૧૬; ૨૪ જુઓ. ઇશુની પાછળ ચાલવામાં આપણે દુઃખ વેઠવું પડશે. જે ગુન્હેગારને વધસ્તંભ ઉપર જડવાની સજા કરવામાં આવતી, તેનીજ પાસે વધસ્તંભ ઉંચકાવી લઈ જતા, એવી રીત હતી. યો. ૧૯; ૧૭.

૩૯. જે માણસ કેવળ દેહિક સુખમાં ને સંસારી બાબ-

જીવ બચાવેછે તે તેને ખાશે, ને મારે લીધે જે
૪૦ પોતાનો જીવ ખોયછે તે તેને બચાવશે. જે તમા-
રો આવકાર કરેછે તે મારો આવકાર કરેછે, ને
જે મારો આવકાર કરેછે તે મારા મોકલનારનો
૪૧ આવકાર કરેછે. ભવિષ્યવાદીને નામે ભવિષ્ય-
વાદીનો આવકાર જે કરેછે, તે ભવિષ્યવાદીનું ફ-
ળ પામશે; ને ન્યાયીને નામે ન્યાયીનો આ-
૪૨ વકાર જે કરેછે, તે ન્યાયીનું ફળ પામશે. અને
શિષ્યને નામે જે કોઈ આ નાહાંનામાંના એક-
ને એકલું ટહાડા પાણીનું પ્યાલું પીવાને આપ-
શે, તો હું તમને ખચીત કહુંછું કે તે તેનું ફળ ન-
હિજ ખોશે.

તમાં પોતાની જીંદગી કહાડે છે, તેઓ પોતાનું આ-
ત્મિક જીવન ખોશે.

૪૦. અ. ૨૫; ૪૦. યો. ૨૦; ૨૧.

૪૧. "ભવિષ્યવાદીનું ફળ" એટલે જેટલું ફળ પરમેશ્વર ભવિષ્યવાદીને આપેછે તેટલું.

પ્રશ્નો.

૧. કયા અમલદાર ને રાજાની આગળ પાઊલને લઇ જવામાં આવ્યો?

૨. ઉપદેશ કરવાને ઉપદેશકોએ કેવી રીતે મુસાફરી કરવી?

૩. કલમ ૩૪. લુ. ૨; ૧૪. યો. ૧૪; ૨૭. એ કલમો સરખાવીને ખુલાસો કરો.

૪. કલમ ૯, ૧૦. લુ. ૨૨; ૩૫, ૩૬. એ સરખાવીને ખુલાસો આપો.

૧૧ અને ઇશુ પોતાના બાર શિષ્યોને આજ્ઞા આ-
પી ચુક્યો ત્યારે એમ થયું કે, ઉપદેશ કરવાને
૨ તથા વાત પ્રગટ કરવાને ત્યાંથી તેઓના નગર-
માં તે ગયો. હવે યોહાને કેદખાનામાં ખ્રીસ્તનાં
કામ સંબંધી સાંભળીને પોતાના શિષ્યોમાંથી
૩ બેને મોકલીને તેને પુછાવ્યું કે, આવનાર તે તુંજ
૪ છે, કે અમે બીજાની વાટ જોઇએ? ત્યારે ઇ-
શુએ જવાબમાં તેઓને કહ્યું કે, તમે જે જે

અધ્યાય ૧૧ મો.

૨-૧૯. લુ. ૭; ૧૮-૩૫ જુઓ.

૨. પેરીઆમાં એક ગામ માખીરસ નામે હતું, ત્યાંના કેદખાનામાં હેરોદ આંતીપાસ જે રાજા હતો, તેણે યોહાન બાપ્તિસ્મા કરનારને કેદ રાખ્યો હતો. અ. ૧૪;૩.

૩. યોહાન ઘણા દુઃખમાં પડ્યો હતો, ને તેથી તેનો વિશ્વાસ જરા નરમ થઈ ગયો, ને એ કારણને લીધે તેના મનમાં અનેક તરેહના વિચાર આવ્યા કે ખ્રીસ્ત જે કામ કરતો હતો એટલે બોધભાષણ તથા રોગીઓને સાજા કરતો, એ મશીહનું કામ હશે કે નહિ? તથા જેનું મેં બાપ્તિસ્મા કર્યું તે એજ હશે કે નહિ? વળી તે બીજાઓને મદદ કરેછે ને મને મદદ ન કરતાં કેદખાનામાં રહેવા દેછે. ને જો તે મશીહ હોય તો તે શા માટે પોતાનું રાજ સ્થાપન કરતો નહિ હોય? એવા સવાલ ને વિચાર યોહાનના મનમાં આવ્યા, માટે તેણે ઈશુ પાસે બે શીષ્યોને મોકલીને પુછાવ્યું. યોહાનનો વિશ્વાસ નરમ હતો,

સાંભળોછો ને જુઓછો, તે જઇને યોહાનને
૫ કહી દેખાડો કે, આંધળા દેખતા થાયછે, ને પાં-
ગળા ચાલતા થાયછે, કોહોડીઆને શુદ્ધ કરવા-
માં આવેછે, ને બેહેરા સાંભળતા થાયછે, મુએ-
લાં ઉઠાડવામાં આવેછે, ને દરિદ્રીઓને સુવાર્ત્તા
૬ પ્રગટ કરવાંમાં આવેછે. અને જે કોઈ મારા સં-
૭. બંધી ઠોકર નહિ ખાશે તેને ધન્ય છે. અને તેઓ
જતા હતા ત્યારે ઇશુ યોહાન સંબંધી લોકોને ક-
હેવા લાગ્યો કે, તમે રાનમાં શું જોવા નીકળ્યા
૮ હતા? શું પવનથી હાલતા બરૂને? પણ તમે શું
જોવા નીકળ્યા હતા? શું ઝીણાં લુગડાં પેહેરેલા

માટે ઇશુએ છઠ્ઠી કલમમાં તેને જરા ઠપકો દીધો.

"આવનાર" એટલે મસીહ.

એમજ યરમીયાનો વિશ્વાસ જતો રહ્યો. યર. ૨૦;૭.

૫. યશ. ૩૫; ૫, ૬: ૬૧; ૧ જુઓ. એવાં કામ એ મશીહની નિશાની હતી. આ જગતમાં રાજાઓ તથા શ્રીમંત લોક પાસે વકીલો મોકલવામાં આવેછે, પણ ઇશ્વર ગરીબ લોક પાસે પોતાના ઉપદેશકોને મોકલેછે.

ભણેલા યહુદી લોકો ગરીબ લોકોનો ધિક્કાર કરતા હતા. યો. ૭; ૪૯.

૬. આવનાર જે મશીહ તે જ્યારે આવશે, ત્યારે અમારા દુશ્મનોનો નાશ કરશે એવી આશા ઘણા યહુદી લોક રાખતા હતા, પણ ઇશુએ એમ ન કર્યું, માટે તેઓએ ઠોકર ખાધી.

૭. પવનથી હાલતા બરૂ જેવો યોહાન નહોતો, પણ તેનું મન ઘણું કરી સ્થિર રહેતું. યર્દન નદી પાસે ઘણાં બરૂ ઉગતાં હતાં.

માણસને? જુઓ, જે ઝીણાં લુગડાં પહેરેછે
૯ તેઓ રાજાઓના મેહેલોમાં છે. તો તમે શું જોવા
નીકળ્યા હતા? શું ભવિષ્યવાદીને? હા, હું તમને.
૧૦ કહુંછું કે ભવિષ્યવાદી કરતાં જે વત્તો છે તેને. કે-
મકે જે સંબંધી એ લખ્યું છે કે, "જો, હું મારા
દૂતને તારા મોહો આગળ મોકલુંછું, જે તારી
આગળ તારો માર્ગ સિદ્ધ કરશે," તે એજ છે.
૧૧ હું તમને ખચિત કહુંછું કે બાયડીઓથી જે
જન્મ્યા છે, તેઓમાંથી યોહાન બાપ્તિસ્મા કર-
નાર કરતાં કોઈ મોટો ઉત્પન્ન થયો નથી, તો પ-
ણ આકાશના રાજ્યમાં જે બહુ નાનો તે તેના
૧૨ કરતાં મોટો છે. અને યોહાન બાપ્તિસ્મા કરના-
રના દહાડાઓથી હજી સુધી આકાશના રાજ્ય
પર બલાત્કાર થાયછે, ને બલાત્કાર કરનારાઓ
૧૩ તે લઈ લેછે. કેમકે બધા ભવિષ્યવાદીઓએ તથા

---

૯. ભવિષ્યવાદી કરતાં યોહાન વત્તો હતો કારણ કે તે મશીહની આગળ મોકલેલો દૂત હતો. અને તેના વિષે અગાઉથી ભવિષ્ય વાત કહેવાઈ હતી.

૧૦ મલ. ૩; ૧.

૧૧. એટલે જે રાજ ઇશુએ સ્થાપન કર્યું છે, તેમાં જે બહુ નાનો તે, પણ યોહાન કરતાં પ્રભુ વિષે વધારે જાણતાં મોટો ગણાય છે.

૧૨. આકાશના રાજ્યમાં પેસવું એ કઠણ છે, માટે આપણે જોરથી પેસવાની કોશિસ કરવી. યોહાનના વખતથી માણસો આકાશના રાજ્યમાં પ્રવેશ પામવાને વધારે શ્રમ કરવા લાગ્યાં.

૧૪ નિયમશાસ્ત્રે યોહાન લગી ભવિષ્ય કહ્યાં છે. અ-
નેજો તમે માનવા ચાહો તો એલીયા જે આ-
૧૫ વનાર હતો તે એજ છે. જેને સાંભળવાને કાન
૧૬ છે, તેઓ સાંભળો. પણ આ પેહેડીને હું શાની
ઉપમા આપું? તે છોકરાંના જેવી છે, કે જેઓ
ચહુટાઓમાં બેસીને પોતાના સાથીઓને હાંક
૧૭ મારતાં કેહેછે કે, અમે તમારી પાસે વાંસળી વ-
ગાડી, પણ તમે નાચ્યા નહિ; અમે તમારી
૧૮ પાસે શોક કીધો, પણ તમે રડયા નહિ. કેમકે
યોહાન ખાતો પીતો નથી આવ્યો, ને તેઓ ક-
૧૯ હેછે કે, તેને ભૂત વળગ્યું છે. માણસનો દીકરો
ખાતો પીતો આવ્યો, ને તેઓ કેહેછે કે, જુઓ,
ખાવરો ને દારૂબાજ માણસ, દાંણીઓનો તથા
પાપીઓનો મિત્ર; પણ જ્ઞાન પોતાનાં છોકરાં-
થી યથાર્થ મનાય છે.

---

૧૪. મલ. ૪; ૫. મા. ૧૭; ૧૦. લુ. ૧; ૧૭. યો. ૧; ૨૧.
"જો તમે માનવા ચાહો" લોક એલીયાની વાટ જોતા હતા; પણ ઈશુ બતાવેછે કે એલીયા પોતે આવશે નહિ. યોહાન કેદખાનાંમાં હતો, માટે લોકોને વધારે શક પડયો.

૧૬. એમજ યહુદી લોક યોહાન અને ઈશુ વિષે કચકચ કરતા હતા, તેઓ યોહાન વિષે કહેતા હતા કે તે અમારી સાથે આનંદ કરશે નહિ, ને ઈશુ વિષે કહેતા કે તે અમારી સાથે વિલાપ કરશે નહિ. ગમે તેવું કરીએ તો પણ તેઓ નાખુશ રહેશે.

૧૮. અ. ૩; ૪.

૧૯. "ખાતો પીતો આવ્યો" અ. ૯; ૧૦. યો. ૨; ૨.
"દાંણીઓનો તથા પાપીઓનો મિત્ર" લુ. ૫; ૩૦.

૨૦ ત્યારે જે નગરોમાં તેનાં બહુ પરાક્રમી કામો
કરવામાં આવ્યાં હતાં, તેઓએ પસ્તાવો નહિ
કીધો, માટે તે તેઓ ઉપર દોષ મુકવા લાગ્યો કે,
૨૧ ઓ ખોરાજીન, તને હાય! હાય! ઓ બેથસા-
ઇદા, તને હાય! હાય! કેમકે જે પરાક્રમી કામ
તમારામાં થયાં, તે જો શુર તથા સીદોનમાં થયાં
હોત, તો તેઓએ તાટ તથા રાખમાં ક્યારનો
૨૨ પસ્તાવો કર્યો હોત. વળી હું તમને કહુંછું કે
ન્યાયકાળે શુર તથા સીદોનને તમારા કરતાં સે-
૨૩ હેલ પડશે. અને ઓ કાપરનાહુમ, તું જે આ-
કાશ સુધી ઉંચું કરાયું છે, તે તું પાતળ સુધી ની-
ચું નંખાશે; કેમકે જે પરાક્રમી કામો તારામાં થ-
યાં તે જો સદોમમાં થયાં હોત, તો તે આજ

૨૦-૨૪. લુ. ૧૦; ૧૩-૧૫ જુઓ.

૨૧. ખોરાજીન તથા બેથસાઇદા એ ગાલીલના સમુદ્ર પાસે હતાં. આ પરાક્રમી કામો શાસ્ત્રમાં લખેલાં નથી. હરેકને તેને મળેલા અજવાળા પ્રમાણે સજા મળશે, એમ ઇશુ કહેછે.

શોક કરતી વેળા યહુદી લોક તાટ પહેરતા હતા, ને રાખ વિશેષે કરી માથા ઉપર ભુંસતા હતા. યોના ૩; ૬-૮.

૨૨. શુર ને સીદોન ફીનીકીમાં પ્રખ્યાત બંદરો હતાં.

૨૩. કાપરનાહુમ ઉંચું કરવામાં આવ્યું ખરૂં, કેમકે તે ઈશુનું પોતાનું નગર હતું. અ. ૯; ૧. પરંતુ ઘણું કરી ત્યાંના રહેવાશીઓના અભિમાન વિષે ઇશુ વાત કરેછે. યશા. ૧૪; ૧૩-૧૫.

૨૪ લગી રેહેત. વળી હું તમને કહુંછું કે, ન્યાયકાળે
સદોમ દેશને તારા કરતાં સેહેલું પડશે.
૨૫ તે વેળા ઇશુએ બોલતાં કહ્યું કે, ઓ બાપ,
આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તારી સ્તુતિ ક-
રૂંછું, કેમકે જ્ઞાનીઓ તથા તર્કવાનોથી તેં એ વા-
તો ગુપ્ત રાખી છે, ને બાળકોને પ્રગટ કીધી છે.
૨૬ હા, ઓ બાપ, કેમકે તને એવું સારૂં લાગ્યું.
૨૭ મારા બાપે મને સઘળું સોંપ્યું છે; ને બાપ વ-
ગર દીકરાને કોઈ જાણતો નથી, ને દીકરા વ-
ગર, તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તે વગર,

• માટે કેટલાએક લોક પુછેછે કે ત્યાં પણ એવાં પરાક્રમી કામ કરાવતાં પરમેશ્વરે એ શહેરોનો બચાવ શા માટે કર્યો નહિ? પણ ખરૂં જોતાં એમ ન બનવાનું કારણ એ હતું કે ઇશુ ફક્ત એકજ વાર અને એકજ દેશમાં અવતાર લેવાનો હતો.

૨૫–૨૭. લુ. ૧૦; ૨૧, ૨૨.

૨૫. એટલે જેઓ પોતાને જ્ઞાનીઓ તથા તર્કવાનો ગણેછે તેઓ. રૂ. ૯; ૧૩. "બાળકો" અ. ૧૮; ૩ જુઓ. ઇશુ પરમેશ્વરની સ્તુતિ કરેછે, કેમકે જો કે જ્ઞાનીઓ તથા તર્કવાનો સુવાર્તા ન સમજ્યા, તોપણ તે બાળકોને પ્રગટ થઇ હતી. ૧. ૬; ૧૭.

૨૭. મા. ૨૮; ૧૮. લુ. ૪; ૬ જુઓ.

"બાપ વગર દીકરાને કોઇ જાણતો નથી" એટલે પૂરી રીત જેવો તે છે તેવો આપણાથી જાણી શકાતો નથી. "દીકરા વગર તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તે વગર બાપને કોઇ જાણતો નથી" કેવળ ઇશુનીજ મારફતે પરમેશ્વર બાપ પાસે જવાય. યો. ૧૪; ૬. એફ. ૨; ૧૮.

૨૮ બાપને કોઈ જાણતો નથી. ઓ કષ્ટ કરનારાઓ
તથા ભારથી લાદેલાઓ, તમે સઘળા મારી પા-
૨૯ સે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી
ઝુંસરી પોતા પર લો, ને મારી પાસે શીખો, કે-
મકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે
૩૦ પોતાના જીવમાં વિસામો પામશો. કેમકે મારી
ઝુંસરી સેહેલ, ને મારો બોજો હલકો છે.

---

૨૮. સઘળા પાપના ભારથી લાદેલાઓને ઇશુ વિસામો નથી આપતો, પણ જેઓ તેને શરણે જાયછે, તેઓનેજ આપેછે.

૨૯. "ઝુંસરી" એટલે શીખામણ કે આજ્ઞા.

"જીવમાં" ઇશુ આત્મિક વિસામો આપેછે, તે કંઈ દૈહિક સુખ વિષે વચન આપતો નથી. ૨ કર. ૧૦; ૧. પિત. ૬; ૧૬.

"મારો બોજો હલકો છે" અ. ૨૩; ૪ જુઓ. ઈશુ પાસે જે માણસ આવેછે તેમને ઇશુની આજ્ઞા પ્રમાણે ઘણું કામ કરવું પડેછે, તોપણ પ્રીતિને લીધે તે કામ કરવું સહેલું તથા હલકું લાગેછે.

પ્રશ્નો.

૧. યોહાને શા વાસ્તે તેના શિષ્યોને ઈશુ પાસે મોકલ્યા ?

૨. ૧૧ મી કલમનો ખુલાસો આપો.

૩. પરમેશ્વરે શા માટે ખોરાજીનમાં તથા બેથસાઇદામાં તથા કાપરનાહુમમાં પરાક્રમી કામો કરાવ્યાં, ને તુર ને સીદોન ને સદોમમાં નહિ? કેમકે એ શેહેરોમાં એવાં પરાક્રમી કામો થાત

તો તેમાંના રહેવાશીઓ પસ્તાવો કરત. કલમ ૨૧, ૨૩ વાંચો.

૪ ઈશુ કહેછે કે "મારી ઝુંસરી સહેલ ને મારો બોઝો હલકો છે," પણ બીજીવાર કહેછે કે જે માર્ગ જીવનમાં પહોચાડે છે તે સાંકડો છે, ને તેનું બારણું તંગ છે, ને જેઓને તે જડેછે તેઓ થોડા છે (અ. ૭; ૧૪). આ બેઉ વાત સાચી કેમ ઠરે ?

૫. ઈશુ કહેછે કે ઓ બાપ, હું તારી સ્તુતિ કરૂંછું, કેમકે જ્ઞાનીઓ તથા તર્કવાનોથી તેં એ વાતો ગુપ્ત રાખીછે—જ્ઞાની લોકોએ તેની સુવાર્તા માની લીધી નહિ, એ કારણને લીધે ઇશુ પરમેશ્વરની સ્તુતિ કરેછે શું ?

૧૨ તે વેળાએ ઇશુ વિશ્રામવારે દાણાનાં ખેતર-
માંથી જતો હતો, ને તેના શિષ્યોને ભૂખ લાગી,
ને તેઓ કણુસલાં તોડવા તથા ખાવા લાગ્યા;
૨ ત્યારે ફરોશીઓએ જોઇને તેને કહ્યું કે, જો, વિ-
શ્રામવારે જે કરવું ઉચિત નથી તે તારા શિષ્યો
૩ કરેછે. પણ તેણે તેઓને કહ્યું કે, જ્યારે દાવુદ

અધ્યાય ૧૨ મો.

૧-૧૩. માર્ક ૨; ૨૩-૨૮: ૩; ૧-૫. લુ. ૬; ૧-૧૧ વાંચો.

૧. મુસાના કાયદા પ્રમાણે પારકા ખેતરમાં કણસલાં તો-ડવાની રજા હતી. પુ. ૨૩; ૨૫. પણ ફરોશીઓ કહેતા હતા કે વિશ્રામવારને દીવસે એવું કામ ન કરવું.

૨. વિશ્રામવારે તે કામ કરવું એ મુસાના નિયમ વિરૂદ્ધ નહોતું, પરંતુ કોઈ પણ રીતે પાપ ના થાય, તે કારણને લીધે મુસાના કાયદા ઉપરાંત ફરોશીઓએ બીજા ઘણા નાના નાના પ્રકારના કાયદાઓ બાંધ્યા હતા.

૩. અહીમેલેક યાજકે દાવુદ રાજાને તથા તેના સાથી-ઓને પાંચ અર્પેલી રોટલી આપી. ૧ સમ. ૨૧; ૧-૭.

એમ લખેલું નથી કે વિશ્રામવારને દિવસે એવી રીતે થયું. પણ ઈશુ દાખલો આપે છે કે જો પર-મેશ્વરનો હુકમ હોય તોપણ કોઈવાર જરૂરને લીધે લોકો તે હુકમ ન માનવાથી પાપ નથી કરતા.

તથા તેના સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે
૪ જે કર્યું તે શું તમે વાંચ્યું નથી? કે તેણે દેવના
ઘરમાં પેસીને અર્પેલી રોટલી, જે તેને તથા તેના
સાથીઓને ખાવા ઉચિત ન હતી, પણ એકલા
૫ યાજકોને હતી, તે તેણે ખાધી. અથવા શું નિ-
યમશાસ્ત્રમાં તમે એ નથી વાંચ્યું કે, વિશ્રામ-
વારે મંદિરમાં યાજકો વિશ્રામવારને અપવિત્ર
૬ કરતા છતાં પણ નિર્દોષી છે? પણ હું તમને ક-

---

૪. મંડપના પવિત્રસ્થાનમાં નિર્મળ સોનાની મેજ હતી, ને તે પર દર સાબાથવારે બે પંક્તિમાં બાર રોટલી મુકવામાં આવતી. અને ફકત યાજકો એ રોટલી ખાતા. લે. ૨૪; ૫–૯.

માર્ક ૨; ૨૬માં લખ્યા પ્રમાણે આબ્યાથર તે વેળા મુખ્ય યાજક હતો એમ માલમ પડે છે, પણ ઘણું કરી તે વખતે અહીમેલેક મુખ્ય યાજક હતો. પરંતુ તેનો દીકરો આબ્યાથર (જે પછીથી મુખ્ય યાજક થયેલ) તે તેને મદદ આપતો હતો (૧ સમ. ૨૨; ૨૦). માર્ક ૨; ૨૬નો ખરો તર્જુમો એવો થાય કે "આબ્યાથર જે (પ્રખ્યાત) મુખ્ય યાજક હતો તેના દીવસોમાં ઈસા." એટલે "આબ્યાથર જ્યારે મુખ્ય યાજક હતો ત્યારે" એમ નહિ, પણ "આબ્યાથર 'મુખ્ય' યાજક જ્યારે હતો ત્યારે".

૫. વિશ્રામવારે મંદિરમાં યાજકોને કામ કરવું પડતું. લે. ૨૪; ૮. ગણ ૨૮; ૯. એમજ આ દિવસોમાં ઉપદેશકો વિશ્રામવારે કામ કરે છે.

૭ હું છું કે મંદિર કરતાં હિયાં એક મોટો છે. વળી
"યજ્ઞ કરતાં હું દયા અધિક ચાહું છું," એનો
અર્થ જો તમે જાણતા હોત તો નિર્દોષીઓને
૮ દોષિત ન ઠરાવત. કાંજે માણસનો દીકરો વિ-
શ્રામવારનો પણ પ્રભુ છે.
૯ અને તે ત્યાંથી નીકળીને તેઓનાં સભાસ્થા-
૧૦ નમાં આવ્યો. અને જુઓ, ત્યાં એક માણસ
હતો જેનો હાથ સુકાઈ ગયલો હતો; અને તેઓ-
એ ઇશુ પર બટ્ટો મુકવા સારૂ તેને પુછતાં કહ્યું
કે, શું વિશ્રામવારે સાજાં કરવાં એ ઉચિત છે?
૧૧ ત્યારે તેણે તેઓને કહ્યું કે, તમારામાં એવું કયું
માણસ હશે કે, જેને એક ઘેટું હોય, ને વિશ્રા-
મવારે તે જો ખાડામાં પડે તો તેને પકડીને બ-
૧૨ હાર ન કહાડે? તો માણસ ઘેટાં કરતાં કેટલું ઉ-
ત્તમ છે? એ માટે વિશ્રામવારે સારૂં કરવું ઉ-
૧૩ ચિત છે. ત્યારે પેલા માણસને તે કેહે છે, તારો
હાથ લાંબો કર. અને તેણે લાંબો કીધો; અને
૧૪ તે હાથ બીજાના જેવો સાજો થયો. ત્યારે ફરો-
શીઓએ નીકળીને તેને ઉલટો મનસુબો કીધો

---

૭. હોસ. ૬; ૬. અ. ૯; ૧૩. માણસોને પ્રીતિ દેખાડવાને પરમેશ્વરે પોતાના હુકમ આપ્યા છે, માટે આપણે પણ તેના હુકમ પ્રમાણે ચાલતાં પ્રીતિ પ્રમાણે વર્તવું જોઇએ.

૧૦. લુકના લખ્યા પ્રમાણે તેનો જમણો હાથ સુકાએલો હતો.

૧૨. અ, ૧૦; ૩૧ જુઓ.

૧૪-૨૧. માર્ક ૩; ૬-૧૨. લુ. ૬; ૧૧, ૧૨ વાંચો.

૧૪. માર્કના લખ્યા પ્રમાણે હેરોદીઓ તેમની સાથે હતા.

૧૫ એ માટે કે તેઓ તેને મારી નાંખે. પણ ઇશુ
એ જાણીને ત્યાંથી નીકળ્યો; ને ઘણા લોક તેની
૧૬ પાછળ ગયા; ને તેણે બધાને સાજા કીધા. પણ
તેઓ તેને પ્રગટ ન કરે માટે તેણે તેઓને સખત
૧૭ આગ્ના આપી. એ માટે કે યશાયા ભવિષ્યવા-
૧૮ દીએ જે કહ્યું હતું તે પુરૂં થાય કે, "જુઓ, મા-
રો સેવક, જેને મેં પસંદ કીધો; મારો પ્રિય, જે-
ના પર મારો જીવ પ્રસન્ન છે; તે પર હું મારો
આત્મા મુકીશ; ને તે વિદેશીઓને ન્યાયકરણ
૧૯ પ્રગટ કરશે. તે ઝઘડો નહિ કરશે, ને બુમ ન-
હિ પાડશે; ને તેની વાણી રસ્તાઓમાં કોઈ ન-
૨૦ હિ સાંભળશે. જ્યાં સુધી કે ન્યાયકરણને જયમાં
પોહોચાડે ત્યાં સુધી છુંદેલું બરૂ તે ભાંગી નહિ

---

૧૫. ઈશુ પોતાની શીખામણ પ્રમાણે ચાલે છે. અ. ૧૦; ૨૩.

૧૬. અ. ૮; ૪ પરની ટીકા જુઓ.

૧૭. યશા. ૪૨; ૧—૪.

૧૮. આ વેળા ઘણા વિદેશીઓ હાજર હતા. માર્ક ૩; ૮ જુઓ.

૨૦. આ દુનિયામાં માણસોથી ઘણાં અન્યાયી કામો થાય છે, ને ગરીબ લોકો ઉપર જુલમ ગુજારવામાં આવે છે, પણ ઈશુ ન્યાયી છે, અને આખરે તેના ન્યાયથી માણસોનો અન્યાય હારી જશે, અને જ્યાં લગી એવો બનાવ બનશે ત્યાં લગી ઇશુ નરમાશથી પોતાનું કામ ચલાવશે. વળી જે લોકો છુંદેલા બરૂ જેવા બીજા લોકોના પગ તળે દબાયલા છે, અને જે

નાંખશે, ને ધુંધ્વાતું સણુ પણુ તે નહિ હોલવશે.
૨૧ અને વિદેશીઓ તેના નામ પર આશા રાખશે.
૨૨ ત્યારે ભૂત વળગેલા કોઈ આંધળા મુંગા માણુ-
સને તેના પાસે લાવ્યા; ને તેણે તેને સાજો કી-
ધો, એટલે જે આંધળો તથા મુંગો હતો તે બો-
૨૩ લતા ને જોવા લાગ્યો. અને સઘળા લોકોએ અ-
ચરત થઇને કહ્યું કે, શું એ દાવુદનો દીકરો ન-
૨૪ થી? પણ ફરોશીઓએ તે સાંભળીને કહ્યું કે,
બાલઝબુલ ભૂતોના સરદાર [ની મદદ] વગર
૨૫ ભૂતોને એ કહાડતો નથી. ત્યારે ઇશુએ તેઓના
વિચાર જાણીને તેઓને કહ્યું કે, પ્રત્યેક રાજ્ય
જેમાં ફૂટ પડે, તે તુટી પડેછે; ને પ્રત્યેક નગર
અથવા ઘર. જેમાં ફૂટ પડે તે સ્થિર નહિ રહેશે.
૨૬ અને જો શેતાન શેતાનને કહાડે તો તે પોતે પો-
તાની સામે થયો કહેવાય ત્યારે તેનું રાજ્ય શી
૨૭ રીતે સ્થિર રહે? અને જો હું બાલઝબુલથી ભૂ-
તોને કહાડુંછું, તો તમારા દીકરા કોણથી કહાડે

લોકો ધુંધ્વાતા સણુના જેવા લગભગ મરેલા જેવા
છે, એટલે જેની અંદર કેવળ થોડોજ જીવ રહેલો છે,
એવાઓની ઉપર પણ ઈશુ દયા રાખે છે.

૨૨, ૨૩. લુ. ૧૧; ૧૪—૧૬ વાંચો.

૨૪–૩૦. માર્ક ૩; ૨૨–૨૭. લુ. ૧૧; ૧૭ વાંચો.

૨૪. અ. ૧૦; ૨૫ જુઓ.

ફરોશીઓ એમ કબુલ કરતા હતાં કે ઈશુ ખરી
રીતે ભૂતોને કહાડી મુકે છે.

૨૭. કેટલાએક યહુદીઓ ભૂતોને કહાડતા હતા. માર્ક. ૯;
૩૮. કોઈવાર તેમનું કામ નિષ્ફળ થયું. પ્રે. ૧૯;
૧૩–૧૬.

૨૮ છે? માટે તેઓ તમારા ન્યાયાધીશ થશે. પણ
જો હું દેવના આત્માથી ભૂતોને કહાડુંછું, તો દે-
૨૯ વનું રાજ્ય તમારી પાસે આવ્યું છે. વળી બળ-
વાનના ઘરમાં જઇને પહેલાં બળવાનને બાંધ્યા
વિના તેનો સામાન કોઇથી કેમ લુંટાય? પણ
૩૦ તેને બાંધ્યા પછી તે તેનું ઘર લુટી લેશે. જે મા-
રી ગમ નથી તે મારે ઉલટો છે, ને જે મારી
૩૧ સાથે સંગ્રહ નથી કરતો, તે વેરી નાંખેછે. એ માટે
હું તમને કહુંછું કે, હરેક પાપ તથા દુર્ભાષણ મા-
ણસોને માફ કરવામાં આવશે; પણ પવિત્ર આત્મા
ને ઉલટું જે દુર્ભાષણ તે માણસને માફ કરવામાં
૩૨ નહિ આવશે. અને માણસના દીકરાને ઉલટું જે
કોઈ કંઈ કહેશે, તે તેને માફ કરવામાં આવશે; પણ
પવિત્ર આત્માને ઉલટું જે કોઈ કંઈ કહેશે, તે તેને

૨૯. શેતાન મદદગાર નથી, એટલુંજ નહિ પણ તે જી-
તેલો શત્રુ છે.

૩૦. લુ. ૯; ૫૦ જુઓ. શેતાનની સાથે જે લડાઇ
ખ્રીસ્ત કરેછે તેમાં ફકત બે પક્ષ છે.

૩૨. ઈશુને માલુમ હતું કે જે તહોમત ફરોશીઓએ
તેના ઉપર મુકયું, તેમાં તેઓની ઢોંગાઈ હતી. જે
કામ પરમેશ્વરનું તેઓએ ખરી રીતે જાણ્યું તે
શેતાનનું છે, એમ જાણી જોઈને તેઓ કહેતા હતા.
વિશ્રામવારનો દિવસ કેવી રીતે પાળવો, એ વિષે
જે તકરાર તેઓ ઈશુની સાથે કરતા હતા, તેમાં
તેમણે ખરૂં મન બતાવ્યું હશે. માટે જો કે એ
વાતમાં તેઓ માણસના દીકરાની વિરૂદ્ધ સામા

માફ કરવામાં નહિ આવશે; આ યુગમાં નહિ, ને
33 આવનાર યુગમાં પણ નહિ. ઝાડ સારૂં અને તેનું
ફળ સારૂં કરો, અથવા ઝાડ નઠારૂં ને તેનું ફળ
પણ નઠારૂં કરો; કાંજે ઝાડ ફળથી ઓળખાય
૩૪ છે. ઓ સર્પોના વંશ, તમે ભુંડા છતાં સારી વા-
તો શી રીતે કહી શકો? કેમકે લોકો તેમના અં-
૩૫ તઃકરણની અંદર જે છે તે પ્રમાણે બોલેછે. સા-
રૂં માણસ મનના સારા ભંડારમાંથી સારૂં કહા-
ડેછે, ને નઠારૂં માણસ નઠારા ભંડારમાંથી નઠારૂં
૩૬ કહાડેછે. પણ હું તમને કહુંછું કે જે હરેક નકામી
વાત માણસો બોલશે, તે સંબંધી ન્યાયકાળે તે-

થયા હતા, તો પણ એમાં માફી અપાય, પણ આ વખતે તેગણે ખરૂં મન બતાવ્યું નહિ. પણ જે કામ પવિત્રાત્માનાં છે, તેના વિષે જાણી જોઈને કહેતા કે તે કરનારો શેતાન છે, ને એવી રીતે પવિત્રાત્માની વિરૂદ્ધ કુભાષણ કરતા હતા. માટે એવા મોટા પાપની માફી નહિ થાય. હેબ. ૬; ૪–૬. ૧ યો. ૫; ૧૬.

"આ યુગમાં નહિ ને આવનાર યુગમાં પણ નહિ" એટલે કદી નહિ. એ ઉપરથી એમ સાબીત નથી થતું કે કેટલાંએક પાપની માફી આવનાર યુગમાં થશે.

૩૩. એટલે એમ કહો કે હું નઠારો છું ને મારાં કામ પણ નઠારાં છે, અગર તમે કબુલ કરો કે મારાં કામ સારાં છે તો એવું પણ કબુલ કરવું કે હું સારો છું.

૩૪. અ. ૩; ૭ જુઓ.

૩૬. "નકામી વાત" તેમના તહોમત વિષે ઇશુ બોલેછે. વાત નિર્દોષ હોય તો એ બસ નથી, તે ફાયદાકારક

૩૭ ઓને ઉત્તર દેવો પડશે. કેમકે તારી વાતોથી તું
ન્યાયી ઠરાવાશે; અથવા તારી વાતોથી અન્યા-
યી ઠરાવાશે.
૩૮ ત્યારે શાસ્ત્રીઓમાંના તથા ફરોશીઓમાંના કે-
ટલાએક જવાબમાં કહ્યું કે, ઓ ઉપદેશક,
અમે તારાથી કંઈ નિશાની જોવા ચાહિયેછિયે.
૩૯ અને તેણે ઉત્તર દેતાં તેઓને કહ્યું કે, દુષ્ટ તથા
વ્યભિચારી પેહેડી નિશાની માગેછે, પણ યોના
ભવિષ્યવાદીની નિશાની વગર કોઈ નિશાની
૪૦ તેને આપવામાં નહિ આવશે. કેમકે જેમ યોના
ત્રણ રાત દહાડા મોટા માછલાના પેટમાં હતો,
તેમ માણસનો દીકરો પણ ત્રણ રાત દહાડા

પણ હોવો જોઈએ. માણસોનાં કામ વિષે એજ
ઠરાવ થશે. અ. ૨૫; ૪૫ જુઓ.

૩૭. અ. ૧૬; ૨૭. રૂ. ૨; ૬. પ્રક. ૨૦; ૧૩ સર-
ખાવો. આ વાકયો જુદાં નથી, કારણ કે વાત સારી
હોય તો કામ પણ સારાં થશે. યા. ૩; ૨ જુઓ.

૩૮–૪૨. લુ ૧૧; ૧૬: ૨૯; ૩૨.

૩૯. "વ્યભિચારી" એટલે પરમેશ્વરથી જુદી થએલી.
ઈસ્રાએલ લોકની મંડલી પરમેશ્વરની વહુ ઉપમાએ
કરીને ગણાયછે- પણ તે બીજાની સેવા કરતી હતી.
યર. ૩; ૮, ૯. યશ. ૫૭; ૩. હો. ૧; ૨. અ. ૧૬; ૪.
યહુદી લોકો ઇસુના ચમત્કાર બસ ગણતા નહો-
તા, માટે એક બીજી નિશાની માગતા હતા.

૪૦. યોના નિશાની હતો કારણ કે (૧) તેની વાત ઉપરથી
પુનરૂત્થાનનો નમુનો માલમ પડેછે, ને (૨) પાપી
લોકોને ઉપદેશ કરતો હતો.

૪૧ પૃથ્વીના પેટમાં રહેશે. નીનવેનાં માણુસ ન્યાયકાળે આ પેહેડી સાથે ઉઠી ઉભાં રહેશે, ને તેને અપરાધી ઠરાવશે, કેમકે યોનાએ વાત પ્રસિદ્ધ કીધાથી તેઓએ પસ્તાવો કર્યો; પણ જુઓ,
૪૨ યોના કરતાં હિયાં એક મોટો છે. દક્ષિણની રાણી આ પેહેડીની સાથે ન્યાયકાળે ઉઠી ઉભી રહેશે, ને એને અપરાધી ઠરાવશે; કાંજે પૃથ્વીને છેડેથી સુલેમાનનું જ્ઞાન સાંભળવાને તે આવી; પણ જુઓ, સુલેમાન કરતાં હિયાં એક મોટો
૪૩ છે. જયારે અશુદ્ધ આત્મા માણુસમાંથી નિકળે છે, ત્યારે તે ઉજડ જગ્યામાં વિસામો શોધતો
૪૪ ફરેછે, પણ નથી પામતો. ત્યારે તે કહેછે કે, હું જેમાંથી નિકળ્યો તેજ મારા ઘરમાં પાછો જઇશ; ને જયારે તે આવેછે ત્યારે તે તેને ખાલી તથા

"ત્રણ રાત દહાડા" યૂન. ૧; ૧૭. ખરૂં જોતાં ઇશુ બે રાત ને એક દિવસ કબરમાં રહ્યો. આ ફક્ત બોલવાની રીત હતી. ૨ કાલ. ૧૦; ૫–૧૨ જુઓ.

૪૨. "દક્ષિણની રાણી" એટલે શીબાની રાણી. ૧ રા. ૧૦; ૧ વાંચો.

૪૩–૪૫. લુ. ૧૧; ૨૪–૨૬.

૪૩. મતલબ કે જુના કાળના યહુદી લોક એક ભૂતથી વળગેલા હતા, પણ તે કાળના ઘણા ભૂતથી વળગેલા હતા.

યહુદી લોક એવો વહેમ રાખતા હતા કે વિશેષે કરીને પાણી વગરના જંગલમાં ભુંડા આત્માઓ રહેછે.

૪૪. કેવળ પાપને કહાડી મુકવું તે બસ નથી. જ્યાં સુધી હૃદય ખાલી છે, ત્યાંસુધી બિહીક છે.

૪૫ વાળેલું તથા શોભાવાન જુએછે. પછી તે જઇને પોતા કરતાં ભુંડા બીજા સાત આત્માઓને પોતાની સાથે લાવેછે, ને તેઓ તેમાં પેસીને ત્યાં રેહેછે, ત્યારે તે માણસનો છેલ્લો હાલ પેહેલા કરતાં ભુંડો થાયછે, તેમ આ દુષ્ટ પેહેડીને પણ થશે.

૪૬ અને લોકોને તે વાત કહેતો હતો ત્યારે જુઓ કે તેની મા, તથા તેના ભાઇ બહાર ઉભાં હતાં,

---

૪૫. યહુદી લોકે મુર્તિપૂજા કહાડી નાંખી હતી, તોપણ વધારે ભયંકર પાપ જે ઢોંગાઇ, -હૃદયનું કઠણપણું, વગેરે ઘણાં એવાં પાપ તેને ઠેકાણે કરતા હતા.

૪૬-૫૦. માર્ક ૩; ૩૧-૩૫. લુ. ૮; ૧૯-૨૧ વાંચો.

૪૬. તેના ભાઇઓએ ઇશુ ઉપર વિશ્વાસ કર્યો નહિ. યો. ૭; ૫. અને તેની મા તેના વિષે પુરી રીતે સમજી નહિ. વળી તેઓ એમ પણ સમજતા હતા કે તે ઘેલો છે. માર્ક ૩; ૨૧. માટે તેને અટકાવવા આવ્યા. એ માટે ઇશુ તેમને જરા ઠપકા જેવી વાત કહેછે. કાના ગામમાં એક બીજી વખતે પણ એમ થયું હતું. યો. ૨; ૪.

ઇશુના ભાઇઓ વિષે ત્રણ જુદાં મત ચાલેછે. (૧) કેટલાએક લોક કહેછે કે તેઓ એમના સગા ભાઇઓ હતા; પણ એમ હોત તો ઘણું કરી ઇશુ પોતાની માને યોહાનને ન સોંપત. યો. ૧૯; ૨૭. (૨) બીજા કહેછે કે તે તેની માસીના, એટલે આલ્ફીની વહુના, દીકરા હતા; પણ યો. ૭; ૫ પરથી માલમ પડેછે કે તેના ભાઇઓએ ઇશુ ઉપર વિશ્વાસ કર્યો નહોતો, પણ આ-

૪૭ ને તેની સાથે વાત કરવા ચાહાતાં હતાં. ત્યારે
કોઇએ તેને કહ્યું કે, જો, તારી મા ને તારા ભાઇ
બહાર ઉભાં છે ને તેઓ તારી સાથે વાત કરવા
૪૮ ચાહેછે. પણ પેલા કેહેનારને તેણે જવાબમાં કહ્યું
કે, મારી મા કોણ છે? ને મારા ભાઇઓ કોણ
૪૯ છે? પછી તેણે પોતાના શિષ્યોની ગમ પોતાનો
હાથ લાંબો કરીને કહ્યું કે, જુઓ મારી મા, ને
૫૦ મારા ભાઇઓ. કેમકે મારા આકાશમાંના બા-
પની ઇચ્છા પ્રમાણે જે કોઇ વર્તેછે, તેજ મારો
ભાઇ તથા બેહેન તથા મા છે:

લફીનો દીકરો યાકુબ ઇશુનો શિષ્ય હતો. (૩) ત્રીજો મત ઘણું કરી ખરો છે કે તેઓ યુસફની બીજી વહુને પેટ થએલા દીકરા હતા. એમ છતાં તેના વડા ભાઇઓ ઇશુપર અદેખાઈ રાખતા હતા.

૪૭. યાકુબ, યોશી, સીમોન, તથા યહુદા. આ. ૧૩; ૫૫ જુઓ.

પ્રશ્નો.

૧. આપણે કેવી રીતે સાબાથવાર પાળવો? તે દિવસે કામ ના કરવું પરંતુ રમત કરવાની રજા છે કે નહિ? પરમેશ્વરની સેવા કરવાને લોકો ભેગા મળે એવો હુકમ પરમેશ્વરે આપ્યો છે કે નહિ?

૨. દાવુદ રાજાના વખતમાં નોબ પાસે કોણ મુખ્ય યાજક હતો? એ વિષે બે જુદી વાત લખેલી છે એમ દેખાયછે તો એનો ખુલાસો કરો.

૩. પવિત્રાત્માને વિરૂદ્ધ દુર્ભાષણ કરવું એટલે શું? અને એમ કેમ છે કે કોઈ માણસ ઇશુ વિરૂદ્ધ

દુર્ભાષણ કરે તો માફ થાય, પણ પવિત્રાત્માને વિરુદ્ધ કરે તો માફ ના થાય ?

૪. નકામી વાતો (ક. ૩૬) કઈ છે?

૫. ક. ૩૭ વાંચો. પણ ઠરાવને દિવસે ઈશું ભુંડા લોકોને કહેશે કે ઓ ભુંડું કરનારાઓ, તમે મારી પાસેથી દુર જાઓ, એ વાતનો ખુલાસો કરો.

૬. ક. ૪૩ મીથી તે ક. ૪૫ મી સુધીમાં જે વાત લખેલી છે તેનો અર્થ શો છે?

૭. એની મા ને ભાઈઓ એને મળવા માટે આવ્યાં ત્યારે ઈશુ શા વાસ્તે નાખુશ હતો ?

૧૩ અને તેજ દહાડે ઈશુ ઘરમાંથી નિકળીને સ-
૨ મુદ્રને કિનારે બેઠો. અને અતિ ઘણા લોક તેની
પાસે એકઠા થયા, માટે હોડીપર તે ચડી બેઠો; ને
૩ સઘળા લોક કાંઠે ઉભા રહ્યા. અને તેણે દૃષ્ટાંતો
માં બોલતાં તેઓને ઘણી વાતો કહી કે, જુઓ,
૪ એક વાવનાર વાવવાને બહાર ગયો. અને તે
વાવતો હતો ત્યારે કેટલાંએક [બી] રસ્તાની કોરે
૫ પડયાં; ને પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં. અને
કેટલાંએક પત્થરની ભોંયપર પડયાં, જયાં ઘણી
માટી ન હતી, ને તેને માટીનું ઉંડાણ ન હતું
૬ માટે વેહેલાં ઉગી નિકળ્યાં. પણ સુરજ ઉગ્યો
એટલે તે ચીમળાઇ ગયાં, ને તેને જડ ન હતી

અધ્યાય ૧૩ મો.

૧-૨૩. માર્ક ૪; ૧-૨૦. લુ. ૮; ૪-૧૫ વાંચો.

૧. ઘણું કરીને યહુદી લોક બોધ ભાષણ કરતા હતા, ત્યારે બેશીને કરતા હતા. અ. ૫; ૧ જુઓ.

"સમુદ્ર" એટલે ગાલીલનો સમુદ્ર.

૩. દૃષ્ટાંત એટલે એવી વાતો કે તે ઉપરથી ધર્મચાર વિષે કેટલીએક શીખામણ મળેછે. જુના કરારમાં પણ એવી કેટલીએક વાતો છે. ૨ સમ. ૧૨; ૧-૪. ૨ સમ. ૧૪; ૧-૧૧ ઈત્યાદી.

દંતકથા એ દૃષ્ટાંતના જેવી છે, અને એવી પણ વાતો છે કે ખરૂં જોતાં કોઈ દિવસ એમ બનતું નથી. જેમકે જાનવર કે ઝાડ વાત કરેછે. ન્ય. ૯; ૭-૧૫.

૭ માટે સુકાઈ ગયાં. અને કેટલાંએક કાંટાનાં ઝા-
ડમાં પડ્યાં; ને કાંટાનાં ઝાડોએ વધીને તેને દાબી
૮ નાંખ્યાં. પણ બીજાં સારી ભોંયપર પડ્યાં, ને
ફળ લાવ્યાં, કેટલાંએક સોગણાં, ને કેટલાંએક
૯ સાઠગણાં, ને કેટલાંએક ત્રીસગણાં. જેને સાંભ-
ળવાને કાન છે તેઓ સાંભળો.
૧૦ પછી શિષ્યોએ પાસે આવીને તેને કહ્યું કે, તું
૧૧ તેઓને દૃષ્ટાંતમાં શા માટે કહેછે? ત્યારે તેણે
જવાબમાં તેઓને કહ્યું કે, આકાશના રાજ્યના
મર્મો જાણવાનું તમને આપેલું છે, પણ તેઓને

૮. ઉત. ૨૬; ૧૨.
૧૦. અજાણ્યું લોકોને માટે દૃષ્ટાંતો ફાયદાકારક છે, કેમકે એવા લોકોને વાર્તાઓ સારી લાગેછે, અને તેમની બુદ્ધિ પ્રમાણે સમજણ પણ સહેલાઈથી પડેછે. જ્ઞાની લોકોને માટે પણ ફાયદાકારક છે, કેમકે એમાં એવી ઊંડી વાતો છે કે કેવળ જ્ઞાની લોકોથી પણ પરમેશ્વરની મદદે કરીને સમજી શકાય. વળી જેમ જેમ લોક શોધ કરેછે, ને તે પર મન લગાડેછે, તેમ તેમ વધારે સમજાય છે, તથા મનરંજન થાયછે.
૧૧. "મર્મો" એટલે જે વાત પહેલવહેલાં ગુપ્ત રાખેલી હતી, પણ પછી પ્રગટ કરવામાં આવી તે.

પાઉલ પ્રેરિત કઈ વાતોને મર્મ રૂપ ગણતો હતો, એ જાણવા માટે એફે. ૩; ૩-૬. ૧ કરિ. ૧૫; ૫૧. રૂ. ૧૧; ૨૫ વાંચો.

ઈશુના શિષ્યો બીજા લોકો કરતાં વધારે મન દેતા હતા, માટે તેમને વધારે જાણવાની શક્તિ ઈશ્વરે આપેલી હતી; પણ બીજા લોકો પુરૂં મન દેતા નહોતા, ને તેથી તેઓને એવી શક્તિ મળી નહિ.

૧૨ નથી આપેલું. કેમકે જેની પાસે છે તેને અપાશે,
ને તે ભરપુર થશે; પણ જેની પાસે નથી તેની
પાસે જે છે, તે પણ તેની પાસેથી લઇ લેવાશે.
૧૩ એ માટે હું તેઓને દૃષ્ટાંતોમાં કહું છું; કેમકે જોતાં
તેઓ જોતા નથી, ને સાંભળતાં તેઓ સાંભળતા
૧૪ નથી, ને સમજતા પણ નથી; ને યશાયાની ભ-
વિષ્ય વાત તેઓ સંબંધી પુરી થઇ, જે કહેછે કે,
"તમે સાંભળતાં સાંભળશો, પણ નહિ સમજ-

બુદ્ધિ તથા આસ્થા પ્રમાણે માણસો સમજે, તે કારણ માટે ઇશુ દૃષ્ટાંતો વાપરી બોધ કરતો હતો.

૧૨. લુ. ૮; ૧૮.

દશ તાલંતના દૃષ્ટાંત ઉપરથી એજ માલમ પડેછે. મા. ૨૫; ૨૯ જુઓ. પહેલાંથી આપણામાં જે ઠીક ને સારૂં છે, તે હમેશાં આપણામાં રહે તો આપણને એથી વધારે મળશે. પણ જો એથી ઉલટું પહેલાંથી કંઈ કાચું અથવા અધુરૂં હશે, તો તેથી કરીને આપણને વધારે મળશે નહિ, પણ જે કંઈ છે તે પણ જતું રહેશે. પાયો બરાબર નહિ હોય તો આગળ જતાં તે પર બાંધેલું ઘર ઉથલી પડશે, એટલુંજ નહિ પણ પાયો બગડી જશે.

૧૩. લોકો જોઇ શકે છે, પણ જોતા નથી, ત્યારે દૃષ્ટાંતો તેઓનું મન ખેંચશે, ને જેમ ચિત્ત લગાડશે તેમ સમજશે. હમેશ પ્રમાણે જે આંખ તથા કાન છે, તે કામમાં નહિ લાવે તો મારા દૃષ્ટાંતનો અર્થ સમજશે નહિ ને એ તેમની સજા થશે.

૧૪. યશ. ૬; ૯, ૧૦.

શો; ને જોતાં તમે જોશો, પણ તમને નહિ સુઝશે.
૧૫ કાંજે એ લોકોનાં મન જડ થઇ ગયાં છે; ને
કાનોએ તેઓ ધીમે સાંભળેછે, ને તેઓની આં
ખો તેઓએ મીચેલી છે, રખેને કદી તેઓ આં-
ખોએ જુએ, ને કાનોએ સાંભળે, ને અંતઃકર-
ણથી સમજે, ને ફરે, ને હું તેઓને સાજા કરૂં."
૧૬ પણ તમારી આંખોને ધન્ય છે, કાંજે તેથી તમે
જુઓછો; અને તમારા કાનોને [ધન્ય છે], કાંજે
૧૭ તેથી તમે સાંભળોછો. કેમકે હું તમને ખચિત ક-
હુંછું કે જે જે તમે જુઓછો તે તે ઘણા ભવિષ્ય-
વાદીઓએ તથા ન્યાયીઓએ જોવા ચાહ્યાં, પણ
જોયાં નહિ; ને જે જે તમે સાંભળોછો તે સાંભ-
૧૮ ળવા ચાહ્યાં, પણ સાંભળ્યાં નહિ. તો વાવનારનું
૧૯ દૃષ્ટાંત તમે સાંભળો. જ્યારે રાજ્યનું વચન કોઇ
સાંભળેછે, ને નથી સમજતો, ત્યારે તે દુષ્ટ આવે
છે. ને તેના મનમાં જે વાવેલું તે છિનવી લઇ
જાયછે; રસ્તાની કોરે જે બી વાવેલું તે એજ છે.
૨૦ અને પત્થરની ભોંયપર જે બી વાવેલું તે એ છે કે,
વચન સાંભળીને તુરત હરખથી તેને માની લેછે.
૨૧ તોપણ તે પોતામાં જડ નથી રાખતો; માટે થો-
ડીજ વાર ટકેછે, કાંજે વચનને લીધે વિપત્તિ
અથવા સતાવણી આવેછે, ત્યારે તુરત તે ઠોકર
૨૨ ખાયછે. અને કાંટાનાં ઝાડોમાં જે બી વાવેલું
તે એ છે કે, વચન સાંભળેછે, પણ આ જગતની
ચિંતા તથા દ્રવ્યની માયા વચનને દાબી નાંખેછે,

૨૩ ને તે નિષ્ફળ થઈ જાયછે. પણ સારી ભોંયપર જે
બી વાવેલું તે એ છે કે, વચન સાંભળેછે, ને સ-
મજેછે, ને તેમાં નિશ્ચે ફળ લાગેછે, એટલે કો-
ઈમાં સોગણું, કોઇમાં સાઠગણું, ને કોઇમાં
ત્રીસગણું લાગેછે.
૨૪ તેણે તેઓને બીજું દૃષ્ટાંત આપતાં કહ્યું કે, આ-
કાશનું રાજ્ય એક માણસના સરખું છે જેણે
૨૫ પોતાના ખેતરમાં સારૂં બી વાવ્યું. પણ માણસો
ઉંઘતાં હતાં ત્યારે તેના વૈરી આવીને ઘઉંમાં
૨૬ કડવા દાણા વાવી ગયો, ને ચાલ્યો ગયો. પણ
જયારે છોડવા ઉગ્યા, ને ચમરી આવી ત્યારે કડવા

---

૨૫. આ દૃષ્ટાંત ફકત માત્થીની સુવાર્તામાં લખેલું છે. ખ્રી-
સ્તી મંડલીમાં ભુંડા તથા ભલા લોક સાથે સાથે
ઉછરેછે, પણ ઠરાવને દિવસે પરમેશ્વર તેઓને જુદા
પાડશે. આ લોકમાં જુદા ના પડાય કારણ કે બધા
ભુંડા લોકોને મંડલી બહાર મુકવાનો વિચાર રાખી-
એ, તો એવી બિહિક છે કે તેમની સાથે કેટલાએક
સારા લોકોને પણ કહાડી મુકવામા આવે.

બી વાવવાના દૃષ્ટાંત ઉપરથી એવી શીખામણ
મળેછે, કે આખી દુનિયામાં પરમેશ્વર સુવાર્તા ફે-
લાવે તો પણ સઘળા માણસો સાંભળશે નહિ,
એટલે દુનિયા ને પરમેશ્વરનું રાજ સરખાં નથી.
બીજી શીખામણ એ નિકળેછે કે ખ્રીસ્તી મંડલીમાં
જે લોક છે તેઓ બધા ખરા ખ્રીસ્તીઓ નથી, એટલે
ખ્રીસ્તી મંડલી ને પરમેશ્વરનું રાજ સરખાં નથી.

૨૭ દાણા પણ દેખાયા. ત્યારે તે ઘરબારીના ચા-
કરોએ પાસે આવીને તેને કહ્યું કે, સાહેબ,
તેં શું તારા ખેતરમાં સારૂં બી વાવ્યું નહોતું? તો
૨૮ તેમાં કડવા દાણા કયાંથી આવ્યા? અને તેણે
તેઓને કહ્યું કે, કોઇ વૈરીએ એ કરયું છે; ત્યારે
ચાકરોએ તેને કહ્યું કે, તારી મરજી હોય તો અમે
૨૯ જઇને તેને એકઠા કરીએ. પણ તેણે કહ્યું ના,
રખેને તમે કડવા દાણા એકઠા કરતાં ઘઉંને પણ
૩૦ તેની સાથે ઉખેડો. કાપણી સુધી બેહુને સાથે
વધવા દો. અને કાપણીની મોસમમાં હું કાપ-
નારીઓને કહીશ કે, તમે પેહલાં કડવા દાણાને
એકઠા કરો, ને બાળવાં સારૂ તેના ભારા બાંધો,
પણ ઘઉં મારી વખારમાં ભરો.
૩૧ તેણે તેઓને બીજું દૃષ્ટાંત આપતાં કહ્યું કે,
આકાશનું રાજ્ય પીલુના બી સરખું છે, જેને

---

૨૮. ઘણી વાર લોક ધારેછે કે પરમેશ્વર સારો છે અને તેની વાત પણ સારી છે, ત્યારે ભુંડાઈ ને પાપ કયાંથી આવ્યાં હશે? એનો જવાબ એટલોજ છે, કે કોઈ વૈરીએ એ કર્યું. શેતાન જે આ જગતનો મોટો શત્રુ તેનાથી પાપ આ દુનિયામાં પેઠું.

૩૧-૩૩. માર્ક ૪; ૩૦-૩૨. લુ. ૧૩; ૧૮-૨૧ વાંચો.

૩૧. ખ્રીસ્તી મંડલી કેવી રીતે બહારથી મોટી થતી જાય છે, તે પહેલું દૃષ્ટાંત બતાવેછે, ને કેવી રીતે અંદરમાં વધતી જાયછે તે બીજું દૃષ્ટાંત દેખાડેછે.

૩૨ એક જણે લઈને પોતાના ખેતરમાં વાવ્યું. તે તો
સઘળાં બી કરતાં નાનું છે, પણ વધ્યા પછી
છોડવા કરતાં તે મોટું છે, ને એવું ઝાડ પણ થાય
છે કે આકાશનાં પક્ષીઓ આવીને તેની ડાળી-
ઓપર રેહેછે.
૩૩ તેણે તેઓને બીજું દૃષ્ટાંત કહ્યું કે, આકાશનું
રાજ્ય ખમીર જેવું છે, જેને એક બાઇડીએ લઈને
ત્રણ માપા લોટમાં ઘાલી મુક્યું, જ્યાં સુધી
૩૪ કે તે બધું ખમીરવાળું થઇ ગયું. એ બધી વાતો
ઇશુએ લોકોને દૃષ્ટાંતોમાં કહી; ને દૃષ્ટાંત વગર તેણે
૩૫ તેઓને કહ્યું નહિ. એ માટે કે ભવિષ્યવાદીએ
જે કહ્યું હતું તે પુરૂં થાય કે, "હું મારૂં મોહો દૃ-
ષ્ટાંતોથી ઉઘાડીશ, ને જગતનો પાયો નાંખવાથી
જે છાના રખાયા છે તે હું પ્રગટ કરીશ."

---

૩૨. પીલુનું બી બધાં બીજાં બી કરતાં નાનું નથી, પણ બીને બીના પ્રમાણમાં છોડવા કેવડા થાયછે, એ વાત આપણે ધ્યાનમાં રાખીએ તો કહેવાય કે પીલુનું બી સૌથી નાનું છે, એટલુંજ નહિ પણ કહેવત પ્રમાણે લોક આ બીને સૌથી નાનું ગણતા હતા.

૩૩. આ દૃષ્ટાંત શિવાય ખમીરનો અર્થ ભુંડાઈ છે. ગલ. ૫; ૯. ૧ કર. ૫; ૬, ૭ જુઓ. કારણ કે પાસ્ખા પર્વને વખતે યહુદી લોક ખમીરને કહાડી નાંખતા હતા. આ દૃષ્ટાંતમાં આકાશનું રાજ્ય ખમીરનાં જેવું દેખાય છે, કેમકે ખ્રીસ્તી ધર્મ કોઇ માણસમાં અ-થવા કોઇ દેશમાં ઉંડી રીતે ને માણસોની જાણમાં ન આવ્યા છતાં ઈશ્વરી પરાક્રમથી ફેલાઈ જાયછે.

૩૫. ગી. ૭૮; ૨.

૩૬ ત્યારે ઈસુ તે લોકોને વિદાય કરીને ઘેર ગયો;
પછી તેના શિષ્યોએ તેની પાસે આવીને કહ્યું કે,
ખેતરના કડવા દાણાના દૃષ્ટાંતનો અર્થ અમને
૩૭ કેહે. તે પર તેણે જવાબમાં તેઓને કહ્યું કે,
૩૮ સારૂં બી જે વાવેછે તે માણસનો દીકરો છે; ને
ખેતર જગત છે; ને સારાં બી રાજ્યનાં છૈયાં છે;
૩૯ પણ કડવા દાણા તે દુષ્ટના છૈયાં છે; ને જે વૈ-
રીએ તેને વાવ્યાં તે શેતાન છે; ને કાપણી જ-
૪૦ ગતનો અંત છે; ને કાપનારા દૂતો છે. એ માટે
જેમ કડવા દાણા એકઠા કરવામાં આવેછે, અને
અગ્નિમાં બાળવામાં આવેછે, તેમ આ જગતને
૪૧ અંતે થશે. માણસનો દીકરો પોતાના દૂતોને મો-
કલશે, ને બધાં ઠોકર ખવડાવનારાંઓને તથા
ભુંડાઈ કરનારાંઓને તેના રાજ્યમાંથી તેઓ
૪૨ એકઠાં કરશે. અને તેઓને નરકાગ્નિમાં નાંખી
૪૩ દેશે, ત્યાં રડવું ને દાંત પીસવું થશે. ત્યારે ન્યા-
યીઓ પોતાના બાપના રાજ્યમાં સુરજ સરખા
પ્રકાશશે. જેને સાંભળવાને કાન છે તેઓ સાંભળો.
૪૪ વળી આકાશનું રાજ્ય ખેતરમાં સંતાડેલાં દ્રવ્ય
સરખું છે, જે એક માણસને જડ્યું, પછી તેણે
તે છાનું રાખ્યું, ને તેના હરખને લીધે જઈને પો-
તાનું સર્વ વેચીનાંખીને તે ખેતર વેચાતું લીધું.

---

૪૩. "ત્યારે ન્યાયીઓ—પ્રકાશશે" દા. ૧૨; ૩ જુઓ.

૪૪. આ દૃષ્ટાંત ફક્ત માત્થીની સુવાર્તામાં લખેલું છે.
લેનારની પક્કાઈ ઉપર નહિ પણ તેના આનંદ અને
તેની આસ્થા ઉપર વિચાર કરવો.

૪૫ વળી કોઇ વેપારી જે સારાં મોતીને શોધેછે
૪૬ તેના સરખું આકાશનું રાજ્ય છે, જેને ઘણા
મુલના એક મોતીનો શોધ લાગ્યાથી તેણે જઇને
પોતાનું સર્વ વેચી નાંખીને તે વેચાતું લીધું.
૪૭ વળી આકાશનું રાજ્ય જાળના જેવું છે, જેને
લોકે સમુદ્રમાં નાંખી, ને હરેક જાતનું તેમાં સ-
૪૮ મેટાવું. અને તે ભરાઇગયા પછી તેઓ તેને કિનારે
ખેંચી લાવ્યા, ને બેસીને જે સારૂં હતું તે વાસ-
૪૯ ણોમાં એકઠું કીધું, ને નઠારૂં ફેંકી દીધું. એમજ
જગતને અંતે થશે. દૂતો આવીને ન્યાયીઓમાંથી
૫૦ ભુંડાઓને બહાર જુદા કરશે; અને તેઓને ન-
રકાગ્નિમાં ફેંકી દેશે; ત્યાં રડવું ને દાંત પીસવું થશે.
૫૧ ઇશુ તેઓને કહેછે કે, શું તમે એ બધી વાતો
૫૨ સમજ્યા? તેઓ તેને કહેછે, કે હા પ્રભુ. ત્યારે
તેણે તેઓને કહ્યું કે, જે હરેક શાસ્ત્રી આકાશનાં
રાજ્ય સંબંધી શીખવેલો છે તે એક ઘરધારીના
સરખો છે, જે પોતાના ભંડારમાંથી નવી તથા
જુની વસ્તુઓ કહાડેછે.

"પોતાનું સર્વ વેચી નાખીને" આકાશી દ્રવ્ય પા-
મવા માટે આપણે બીજું બધું દ્રવ્ય કશા લેખામાં
ગણવું નહિ.

૪૫. આ દૃષ્ટાંત કેવળ માત્થીની સુવાર્ત્તામાં લખેલું છે.
૪૭. આ દૃષ્ટાંત પણ માત્થીનીજ સુવાર્ત્તામાં છે.

ખ્રીસ્તી મંડલીમાં જે માણસો દાખલ થાયછે, તે-
માંનાં કેટલાએક સારા અને કેટલાએક ભુંડા છે, પણ
ઠરાવને દીવસે પરમેશ્વર તેઓને જુદા પાડશે.

૫૨. ઇશુના શિષ્યો મુસાના જુના નિયમનો ખરો અર્થ

૫૩ અને એમ થયું કે ઇશુ એ દૃષ્ટાંત કહી રહ્યો,
૫૪ ત્યારે ત્યાંથી ચાલ્યો ગયો. અને પોતાના દેશમાં
આવ્યા પછી તેણે તેઓની સભામાં તેઓને એવો
ઉપદેશ કીધો કે, તેઓ અચરત થઇને બોલ્યા કે,
એને આ જ્ઞાન તથા પરાક્રમી કામો ક્યાંથી ?
૫૫ શું એ સુથારનો દીકરો નથી ? એની મા શું મ-
રિયમ નથી કહેવાતી ? ને એના ભાઈ શું યાકુબ
૫૬ તથા યોસી તથા સીમોન તથા યહુદા નથી ? ને
એની સઘળી બેહેનો શું તેઓ આપણી પાસે
૫૭ નથી ? તો આ બધું એને ક્યાંથી ? અને તેઓએ
તે સંબંધી ઠોકર ખાધી. પણ ઇશુએ તેઓને
કહ્યું કે, ભવિષ્યવાદી પોતાના દેશ તથા પોતાના
ઘર શિવાય બીજે ઠેકાણે માન વગરનો નથી.
૫૮ અને તેઓના અવિશ્વાસને લીધે તેણે ત્યાં ઘણાં
પરાક્રમી કામ ન કીધાં.

બતાવતા હતા, એટલુંજ નહિ પણ ખ્રીસ્તની નવી શીખામણ આપતા હતા.

૧૩-૫૮. માર્ક ૬; ૧-૬ જુઓ.

૧૪. "પોતાના દેશમાં" એટલે નાજરેથ તથા તેનો સીમાડો.

૧૫. "સુથારનો દીકરો" "શું એ કારીગર નથી ?" માર્ક ૬; ૩. કોઇ સુથારનો દીકરો શાસ્ત્રી થાય તો તે તેઓને નવાઈ જેવું લાગે નહિ, કારણ કે દરેક યહુદી માણસ પોતાની મરજી પ્રમાણે હરકોઇ ધંધો શીખી શકતો હતો, પણ ઇશુ વિષે બધાને ખબર હતી કે જેમ શાસ્ત્રીઓ ભણતા હતા તેમ તે ભણેલો નહિ હતો.

"એના ભાઇ" અ. ૧૨; ૪૬ પરની ટીકા જુઓ.

પ્રશ્નો.

૧. ઇશુએ શા વાસ્તે દૃષ્ટાંતોમાં લોકોને શીખામણ આપી ?

૨. બારમી કલમનો ખુલાસો કરો.

૩. બોધ કરતી વેળાએ ને પ્રાર્થના કરતી વેળાએ યહુદી ઉપદેશકો ઉભા રહેતા કે કેમ ?

૧૪ તે વેળા હેરોદ રાજાએ ઈશુની કીર્ત્તિ સાંભળી.

અધ્યાય ૧૪ મો.

૧-૧૨. માર્ક ૬; ૧૪-૨૯. લુ. ૩;૧૯,૨૦:૯;૭-૯ વાંચો.

૧. "હેરોદ" એટલે હેરોદ આંતીપાસ, જેના તાબામાં ગાલીલ ને પેરીયા પ્રાંત હતા. તે જે મહાન હેરોદ તેનો પુત્ર હતો. પહેલાં તેણે અરબસ્તાનનો એક રાજા જેનું નામ આરેતાસ કરીને હતું (૨ કર. ૧૧; ૩૨) તેની દીકરીની સાથે તે પરણ્યો હતો, ને તે વહુ જીવતી છતાં તેના સાવકા ભાઇ ફીલિપની વહુની સાથે ફરીથી લગ્ન કર્યું. આ હેરોદીઆ હેરોદની ભત્રીજી હતી માટે તે લગ્નમાં બે પાપ હતાં. લે. ૨૦; ૨૦, ૨૧ જુઓ. ખરૂં જોતાં તેનો ખિતાબ રાજાનો નહોતો પણ "ટીટ્રાર્ક" નો હતો, ને તેનો અર્થ ચોથા ભાગનો અમલદાર. કલમ ૯ મી તથા માર્ક ૬; ૧૪ માં તેના માનાર્થે રાજા કહ્યો છે. તે ખિતાબ આ દેશ પ્રમાણે જોતાં મુકાબલે "ઠાકોર સાહેબના" જેવો છે. હેરોદ પોતાને સારૂ રાજાનો ખિતાબ મેળવવા માટે રોમ શેહેરમાં ગયો. લુ. ૧૯; ૧૨ જુઓ. પણ તેની તે આશા પુરી પડી નહિ. આખરે તેને દેશ બહાર કહાડી મુકવામાં આવ્યો. તેની વહુ હેરોદીઆના સમજાવવાથી તેને બે વાર ઘણું નુકશાન થયું, એટલે તેની સલાહથી રાજાનો ખિતાબ મેળવવા ગયો, પણ તેથી દેશ નિકાલ થયો, અને તેની સલાહથી યોહાન બાપ્તિસ્મા કરનારનું માથું કપાવી તેને મારી નંખાવ્યો, ને તેથી ફરીને યહુદી લોકોની સાથે વૈરભાવ થયો. કેવી રીતે હેરોદે ઈશુની વિરૂદ્ધ મનસુબો

૨ અને પોતાના ચાકરોને કહ્યું કે, યોહાન જે બા-
પ્તિસ્મા કરનાર તે એજ છે, તે મરી ગએલાઓ-
માંથી ઉઠયો છે, એ માટે એવાં પરાક્રમી કામો.
૩ તેથી બનેછે. કેમકે હેરોદે પોતાના ભાઇ ફિલિપની
વહુ હેરોદીઆને લીધે યોહાનને પકડયો હતો, ને

કર્યો, અને ઈશુએ તેનું "લોંકડો" એવું નામ પાડયું, તે જાણવા માટે લુક ૧૩; ૩૧ જુઓ, અને ઈશુની મરતી વેળા તેને દુઃખ દેવામાં તેણે કેવો ભાગ લીધો તે જાણવા લુક ૨૩; ૯-૧૨ જુઓ.

તેના દૂધભાઈ મનાએને (પ્રે. ૧૩: ૧) અથવા તેના કારભારી ખઉજાએ (લુક ૮; ૩) તેને આ ખબર આપી હશે.

૨. "તે મરી ગએલાઓમાંથી ઉઠયો છે" એ ઉપરથી જણાય છે કે હેરોદ સાદુકીઓનો મત માનતો નહોતો.

"એ માટે" મરી ગએલાઓમાંથી તે ઉઠયો છે, માટે એનામાં વધારે શકિત છે, એમ હેરોદ સમજ્યો હતો. યોહાન જીવતો હતો ત્યારે તે કંઇ ચમત્કાર કરતો નહોતો. એમ જણાય છે. વળી યો. ૧૦;૪૧ જુઓ.

૩. "કેદખાનામાં" પેરીઆના દક્ષિણ ભાગમાં એક ગામ માખીરસ નામે હતું, તેમાં એ બંધીખાનું બાંધેલું હતું, અને તે મુકામમાં હેરોદનો મહેલ પણ હતો. તે વેળા હેરોદ ત્યાં રહેતો હતો. હેરોદે પોતાની જે પ્રથમ વહુ હતી તેને મુકી દીધી, માટે તે કારણને લીધે તેનો સસરો જે આરેતાસ તે તેના ઉપર ગુસ્સે થયો ને તેની સંગાતે લડાઈ કરવા લાગ્યો, ને એ લડાઇમાં હેરોદ હારી ગયો ને તેથી લોકો એમ ક-

૪ તેને બાંધીને કેદખાનામાં નાંખ્યો હતો. કાંજે
યોહાને તેને કહ્યું હતું કે, તેને તારે રાખવી ઉચિત
૫ નથી. અને તે તેને મારી નાંખવા ચાહાતો હતો,
પણ લોકોથી તે બીધો, કેમકે તેઓ તેને ભવિ-
૬ ષ્યવાદી ગણતા હતા. પણ હેરોદની વરશગાંઠ
આવી, ત્યારે હેરોદીઆની દીકરીએ તેઓની
૭ આગળ નાચીને હેરોદને ખુશ કીધો. ત્યારે તેણે
શમ ખાઈને વચન આપ્યું કે, જે કંઇ તું માગે તે

હેવા લાગ્યા કે તેણે યોહાનને મારી નંખાવ્યો માટે તે હારચો.

૪. લુક એ વાત વિષે વધારે લખેછે કે "જે ભુંડાં કામ હેરોદે કર્યાં હતાં તે બધાંને લીધે યોહાને તેને ઠપકો દીધો." લુક ૩; ૧૯ જુઓ.

૫. માર્કના લખ્યા પરથી માલમ પડેછે કે હેરોદીઆ યોહાનની ખરી દુશ્મન હતી, પણ હેરોદ યોહાનથી બીતો હતો તથા તે તેના ઉપર જરા ભાવ રાખતો હતો, માટે તો તે યોહાનને મારવા નાખુશ હતો.

"લોકોથી તે બીધો" અ. ૨૧; ૨૬ જુઓ.

૬. "હેરોદીઆની દીકરી" એટલે સાલોમી. પછી તેણીએ પોતાના કાકા હેરોદ ફિલિપની સાથે લગ્ન કર્યું. અ. ૩; ૧૫ ની ટીકા જુઓ.

એવી રીતે રાણીની દીકરી પુરૂષો વચ્ચે નાચી, તે ઘણી શરમ ભરેલી વાત હતી, કેમકે એવી રીતે રામજણીઓ નાચતી હતી. અસલના વખતના લોકોમાં ઇશ્વરની સેવાર્થે નાચવાનો રીવાજ હતો. નિ. ૧૫; ૨૦:૩૧; ૧૯. ૨ સમ. ૬; ૧૪ જુઓ.

૮ હું તને આપીશ. ત્યારે તેની માના શીખવ્યા પ્ર-
માણે તે બોલી કે, યોહાન બાપ્તિસ્મા કરનારનું
૯ માથું એક કથરોટમાં મને આપ. અને રાજા દ-
લગીર થયો, તોપણ શમને લીધે તથા તેની સાથે
ખાવા બેઠેલાઓને લીધે, તેણે તે આપવાનો હુ-
૧૦ કમ કીધો. અને તેણે કેદખાનામાં મોકલીને યો
૧૧ હાનનું માથું કપાવ્યું. પછી તેનું માથું એક કથ-
રોટમાં આણીને તે છોકરીને આપ્યું, ને તે પોતા
૧૨ ની માની પાસે લઇ ગઇ. ત્યારે તેના શિષ્યોએ
પાસે આવીને તેનું મુડદું ઉઠાવી લઇને દાટયું, ને
જઇને ઇશુને ખબર કહી.
૧૩ ત્યારે ઇશુ એ સાંભળીને ત્યાંથી હોડીએ ઉજડ
એકાંત ઠેકાણે ગયો, ને લોકો તે સાંભળીને નગ-

---

૮. શું માગવું તે પુછવા માટે દીકરી મા પાસે ગઈ હ-
તી. માર્ક ૬; ૨૪ જુઓ.

૯. "સમ" આ શબ્દ બહુવચનમાં છે.

૧૧. માટે સાબીત થાયછે કે હેરોદ યોહાનને મારી નંખા-
વવા દીલગીર હતો.

યોહાનના મરણ પછી તેના શિષ્યો ઘણું કરી
જુદા રહ્યા નહિ, પણ તેઓમાંના કેટલાએક ઇશુની
પાછળ ચાલ્યા, તો પણ દૂર દેશોમાં કેટલાએક યો-
હાનના શિષ્યો રહ્યા ને તેઓએ જુદો પંથ ચલાવ્યો.
પ્રે. ૧૮; ૨૫: ૧૯; ૩.

૧૩–૨૧. માર્ક ૬; ૩૧–૪૪. લુ. ૯; ૧૦–૧૭. યો. ૬;
૫–૧૪ વાંચો.

૧૩. આ ચમત્કાર એકલોજ ચારે સુવાર્ત્તામાં લખવામાં

૧૪ રોમાંથી પગરસ્તે તેની પાછળ ગયા. અને ઈ-
શુએ નિકળીને ઘણા લોકોને દીઠા, ત્યારે
તેને તેઓપર દયા આવી, અને તેઓમાંના માં-
૧૫ દાઓને સાજા કીધા. અને સાંજ પડી ત્યારે
તેના શિષ્યો તેની પાસે આવીને કહેછે કે, આ
ઠેકાણું ઉજડ છે, ને હવે વખત ગયો છે, માટે
લોકોને વિદાય કર કે તેઓ ગામોમાં જઇને પો-
૧૬ તાને સારૂ ખાવાનું વેચાતું લે. પણ ઇશુએ એ-
ઓને કહ્યું કે, તેઓને જવાનું કારણ નથી, તમે
૧૭ તેઓને ખાવાનું આપો. અને એઓએ તેને કહ્યું
કે, પાંચ રોટલી ને બે માછલી વગર હિવાં અ-
૧૮ મારી પાસે કઈ નથી. ત્યારે તેણે કહ્યું કે, તે

આવ્યો છે. યો. ૬; ૧૫ પરથી માલમ પડેછે કે
આ ચમત્કાર કર્યા પછી લોક ઇશુને જબરાઇથી રા-
જા કરવાને ચહાતા હતા: આ ચમત્કાર ગાલીલના
સમુદ્રની ઇશાન કોણની દિશાએ જે બેથસેદા ગામ
હતું તેની સીમમાં કરવામાં આવ્યો હતો. લુ. ૯;
૧૦ જુઓ.

એવી બિહિક હતી કે લોક યોહાનના મરણ વિષે-
ની વાત સાંભળીને બળવો કરે ને ઇશુને આગેવાન
ઠરાવવા માટે આવે, માટે ઇશુ એકાંત જગ્યાએ ગયો.

૧૫. યહુદી લોકની ગણવાના રીત પ્રમાણે બે સાંજ હતી.
એટલે પહેલી સાંજ ત્રણ વાગ્યાથી તે સૂર્યાસ્ત સુધી,
ને બીજી સૂર્યાસ્ત પછીની. આ કલમમાં પહેલી
સાંજ વિષે ને ૨૩ મી કલમમાં બીજી સાંજ વિષે લ-
ખવામાં આવેલું છે.

૧૯ હિયાં મારી પાસે લાવો. પછી તેણે લોકોને ઘાસ
પર બેસવાની આજ્ઞા આપી, ને તે પાંચ રોટલી
તથા બે માછલી લઇ આકાશની ગમ જોઇને
સ્તુતિ કીધી, ને રોટલી ભાંગીને શિષ્યોને આપી;
૨૦ ને શિષ્યોએ લોકોને પીરસી. અને તેઓ સઘળા
ખાઇને ધરાયા; પછી છાંડેલા કકડાઓથી ભરેલી
૨૧ બાર ટોપલી તેઓએ ઉઠાવી. અને જેઓએ ખા
ધું તેઓ બાયડી છૈયાં શિવાય આસરે પાંચ
હજાર પુરૂષ હતા.
૨૨ અને તરત ઇશુએ પોતાના શિષ્યોને તાકીદથી
કહ્યું કે, હું લોકોને રજા આપું તેટલામાં તમે હો-
ડીમાં બેસીને મારી અગાઉ પેલે પાર જાઓ.
૨૩ અને લોકોને તેણે વિદાય કરયા, ત્યારે તે પ્રાર્થના
કરવાને એક પહાડપર એકાંતે ગયો, ને સાંજ
૨૪ પડી ત્યારે ત્યાં તે એકલો હતો. પણ તે વેળા
હોડી સમુદ્ર મધ્યે છતાં મોજાઓથી ડામાડોલ

---

૨૧. લોક જરા આઘેથી આવ્યા હતા માટે ઘણું કરી બા-
યડી છોકરાં થોડાં હતાં.

૨૨–૩૩. માર્ક ૬; ૪૫–૫૨. યો. ૬; ૧૫–૨૧ વાંચો.

૨૨. "પેલે પાર" ઘણું કરીને કાંઠે કાંઠે બેથસૈદા આગળ
થઇને કાપરનાહુમ જવાના હતા ને ઇશુ કાંઠે ચા-
લતો આવવાનો હતો; પણ હોડી પવનથી આઘે
ખેંચાઇ ગઈ. માર્ક ૬; ૪૫. યો. ૬; ૧૭ જુઓ.

૨૩. "સાંજ પડી" ૧૫ મી કલમ પરની ટીકા જુઓ.

૨૪. ગાલીલનો સમુદ્ર ભૂમધ્ય સમુદ્ર કરતાં આસરે ૭૦૦
ફુટ નીચો છે, તેથી અને તેની આસપાસ પહાડોની

૨૫ થઇ, કેમકે વા ઉલટો હતો. ને રાતના ચોથા
પોહોરે ઇશુ સમુદ્ર પર ચાલતો તેઓની પાસે
૨૬ આવ્યો. અને શિષ્યોએ તેને સમુદ્રપર ચાલતો
દીઠો, ત્યારે તેઓએ ગાભરા થઇને કહ્યું, એ
૨૭ આભાસ છે, ને બિહિકથી બૂમ પાડી. પણ ત-
રત ઇશુએ તેઓને કહ્યું કે, ધીરજ રાખો, એ તો
૨૮ હું છું, બિહો મા. ત્યારે પીતરે તેને જવાબમાં કહ્યું
કે, પ્રભુ, એ જો તું છે, તો તારી પાસે પાણીપર
૨૯ આવવાને મને આજ્ઞા આપ. અને તેણે કહ્યું
કે, આવ. ત્યારે પીતર હોડી પરથી ઉતરીને ઇશુ

વચ્ચે સાંકડી ખીણ દરિયા સુધી નીચે આવેલી છે, માટે ત્યાં ઘણીવાર એકાએક તોફાન થાયછે.

૨૫. "ચોથા પોહોરે"એટલે મોટી સવારે. અસલના વખતમાં યહુદી લોક રાતના ત્રણ પહોર ગણતા હતા, પણ તે વેળાં રૂમી લોકની રીત પ્રમાણે ચાર ત્રણ ત્રણ કલાકના પોહોર ગણેલા છે. તેમનાં નામ સાંજ, મધ્યરાત, મરઘો બોલતી વેળા, અને સવાર. માર્ક ૧૩; ૩૫ જુઓ. ચોથો પોહોર ત્રણ વાગ્યાથી તે છ વાગ્યા સુધી હતો. યોહાન લખી જણાવેછે કે આ વેળાએ તેઓ બે ત્રણ ગાઉ હલેસાં મારીને આગળ ગયા હતા.

"તેઓની પાસે આવ્યો" માર્ક આ વાત વધારે લખેછે કે ઇશુએ " જાણે તેઓથી આગળ જવાનું કર્યું. "

૨૬. "એ આભાસ છે" બધા દેશોમાં આભાસ વિષેની વાતો ચાલેછે.

૨૯. પીતર વિષેની આ વાત માત્થી એકલો જણાવેછે.

૩૦ પાસે જવાને પાણીપર ચાલ્યો. પણ વા સખત
જોઇને તે બિધો, ને ડુબવા લાગ્યો, ત્યારે તેણે
બૂમ પાડતાં કહ્યું કે, ઓ પ્રભુ, મને બચાવ.
૩૧ અને ઇશુએ લાગલો હાથ લાંબો કરીને તેને પકડી
લીધો, ને તેને કહેછે કે, અલ્પવિશ્વાસી, તેં કેમ
૩૨ સંદેહ આણ્યો? અને તેઓ હોડીમાં આવ્યા
૩૩ એટલે વા બંધ પડ્યો. ત્યારે હોડીમાં જે હતા
તેઓએ આવીને તેને પગે લાગીને કહ્યું કે, ખ-
રેખર તું દેવનો દીકરો છે.
૩૪ અને તેઓ પાર ઉતરીને ગનેસારત દેશમાં આવ્યા.
૩૫ અને તે જગ્યાના લોકોએ તેને ઓળખ્યો, ત્યારે તે
આખા દેશની ચારેગમમાં મોકલીને બધા માંદા-
૩૬ ઓને તેની પાસે લાવ્યા. અને કેવળ તેનાં લુગડાંની
કોરે અડકવા સારૂ તેઓએ તેની વિનંતી કીધી;
ને જેટલા અડક્યા, તેટલા સાજા થયા.

પહેલાં પીતર પાણી ઉપર ચાલ્યો તે નીરખી જુઓ.

૩૪–૩૬. માર્ક ૬; ૫૩–૫૬ વાંચો.

૩૪. ગનેસારત દેશ ગાલીલ સમુદ્રના પશ્ચિમ કિનારાપર આવેલો છે.

૩૬. લોક લુગડાંની કોરને પવિત્ર ગણતા હતા. અ. ૯; ૨૦ પરની ટીકા જુઓ.
"જેટલા અડક્યા તેટલા સાજા થયા" અ. ૯; ૨૦–૨૨ જુઓ.

પ્રશ્નો.

૧. હેરોદ યોહાન બાપ્તિસ્મા કરનારને મારી નાંખવા ખુશી હતો કે નહિ (ક. ૫,૯ જુઓ).

૨. હેરોદ, ફિલિપ, અને હેરોદ ફિલિપ એ કોણ કોણ હતા ?

૩. "ઈશુ એ સાંભળીને ત્યાંથી .... ગયો" (ક. ૧૩) શા વાસ્તે ?

૪. તે વખતે ઈશુ કોણ છે એ વિષે કયા કયા જુદા મત ચાલતા હતા ?

૫. ૧૫ મી કલમમાં એમ લખેલું છે કે "સાંજ પડી," અને ત્યાર પછી ૨૩ મી કલમમાં ફરીથી લખેલું છે કે "સાંજ પડી," તો એમ કેમ થાય એનો ખુલાસો કરો.

૧૫ ત્યારે યરૂશાલેમમાંના શાસ્ત્રીઓ તથા ફરોશી-
૨ ઓ ઇશુની પાસે આવીને કહેછે કે, તારા શિષ્યો
વડીલોના સંપ્રદાય શા માટે રદ કરેછે? કેમકે
તેઓ રોટલી ખાયછે ત્યારે પોતાના હાથ ધોતા

અધ્યાય ૧૫ મો.

૧–૨૦. માર્ક ૭; ૧–૨૩. હીંઆં ઇશુ તેની સુવાર્તાની મુખ્ય વાત જણાવેછે, કે આપણે ઉપરાડી રીતે પરમેશ્વરની સેવા કરીએ ને તેના નિયમ પ્રમાણે સર્વે ક્રિયા ચલાવીએ તો પણ એ બસ નથી, કારણ કે પરમેશ્વર આત્મા છે માટે તેને આત્માથી તથા સત્યતાથી ભજવો જોઇએ, એટલે ઇશ્વર જેવો છે તેવો તેને ઓળખી ખરા મનથી તેની સેવા કરવી જોઇએ. આ વાત વિષે ઘણીવાર લોકો ભૂલ ખાયછે. ફિલ. ૩; ૯ જુઓ.

૧. ઘણું કરીને આ માણસો સાનેદ્રીન (યહુદી લોકની મોટી સભા) ના હુકમ પ્રમાણે ઇશુની ચોકસી કરવા યરૂશાલેમથી આવ્યા હતા. એમજ યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે પણ એવા મોકલેલા માણસો આવ્યા હતા. યો. ૧; ૧૯ જુઓ.

ઘણીવાર એવા માણસો ઇશુ ઉપર તહોમત નાખતા હતા. દુર્ભાષણ વિષે. અ. ૯; ૩. દાણીઓ ને પાપીઓની સાથે ખાવા વિષે. અ. ૯; ૧૧. ઉપવાસ ન કરવા વિષે. અ. ૯; ૧૪. બાલઝબુલની મદદે કરીને ભૂતોને કહાડવા વિષે. અ. ૧૨; ૨૪. ચોથી આજ્ઞા તોડવા વિષે. અ. ૧૨; ૨–૧૦ જુઓ.

૨. આ વેળાએ યહુદી લોકોમાં બે પ્રખ્યાત વડીલો કે

૩ નથી, પણ તેણે જવાબમાં તેઓને કહ્યું કે, તમે
પોતાના સંપ્રદાયથી દેવની આજ્ઞા શા માટે. ૨૬
૪ કરેછો? કેમકે દેવે આજ્ઞા આપી છે કે, "તું
પોતાનાં માબાપને માન આપ, ને બાપનો
અથવા માનો જે નિંદા કરેછે, તે જીવથી મારી
૫ નંખાય." પણ તમે કહોછો કે જે કોઇ બાપને

શિક્ષકો હતા. તેઓનાં નામ હિલેલ ને શામાઈ હતાં. "સંપ્રદાય" એટલે જે નિયમ ને રીતભાત તેઓ પોતાના શિષ્યોને શીખવતા હતા તે. એ નિયમ મુસાના કાયદાની અંદર લખેલા નહોતા, અને તેઓમાંના કેટલાએક હલકા હતા અને કેટલાએક ઇશ્વરના કાયદા વિરૂદ્ધ હતા. તો પણ રાબી લોકો એવી વાતો પર વિશેષ ભરોસો રાખતા હતા.

ચોખ્ખાઈ વિષે નહિ પણ વટલવા વિષે ફરોશીઓ ફિકર રાખતા હતા.

૪. "કેમકે દેવે આજ્ઞા આપી છે" "કેમકે મુસાએ કહ્યું" માર્ક ૭; ૧૦. ઇશુ એમ બતાવેછે કે કોઇવાર વડીલોના સંપ્રદાય દેવના હુકમ વિરૂદ્ધ હતા, માટે એમ જાણવું કે દેવના હુકમ વગર એવા સંપ્રદાય નકામા છે.

૫. "અર્પિતદાન" હેબ્રી શબ્દમાં "કુરબાન." માર્ક ૭;૧૧. એટલે પરમેશ્વરને આપેલું. શાસ્ત્રીઓ સમજતા હતા કે કોઈ માણસ જો કે તેનાં માબાપ ગરીબ હોય ને રીસમાં કે કોઈ કારણને લીધે એવા શબ્દ બોલે ને સાર પછી પોતાનાં માબાપને કંઈ આપે નહિ, તો એવી રીતે વર્તવાથી કંઈ પાંચમી આજ્ઞાનો ભંગ થશે નહિ. ને એમજ પરમેશ્વરના કામને અર્થે કે

કે માને કહેશે કે, જે કંઇ મારાથી તને લાભ થાય
૬ તે અર્પિતદાન છે; ને તે પોતાના બાપનું કે પો-
તાની માનું માન નહિ રાખે [તોપણ તે નિર્દો-
ષિત છે]; એ પ્રમાણે તમે પોતાના સંપ્રદાયથી
૭ દેવની આજ્ઞા રદ કીધી. ઓ ઢોંગીઓ, યશા-
યાએ તમારા સંબંધી ભવિષ્ય ઠીક કહ્યું છે કે,
૮ "આ લોક પોતાનાં મોહોથી મારી પાસે આવે
છે, ને હોઠોથી મને માન આપેછે, પણ તેઓનાં
૯ મન મારાથી વેગળાંજ રહેછે. અને તેઓ પો-
તાના મત દાખલ માણસોની આજ્ઞા શીખવતાં
મને વ્યર્થ ભજેછે."
૧૦ પછી તેણે લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું
૧૧ કે, તમે સાંભળીને સમજો કે, મોહોમાં જે જાયછે
તે માણસને વટાળતું નથી, પણ જે કંઇ મોહો-

મંદીરમાં વપરાય એ અર્થે કંઇ આપવા તે બં-
ધાએલા નહોતા.

તો પણ ઇશુએ જણાવ્યું હતું કે માબાપ કરતાં
પરમેશ્વરનું સન્માન કરવું. અ. ૪; ૧૮–૨૨:
૧૦; ૩૭ જુઓ.

૭. "ભવિષ્ય" ઘણી વાર આ શબ્દનો અર્થ "જે થના-
ર છે તે આગળથી પ્રગટ કરેલી વાત તે"
એમ નહિ પણ "પરમેશ્વરની મદદથી કહેલી વાત"
એવો થાયછે. અ. ૭; ૨૨: ૧૧; ૯ જુઓ.

૮. યશા. ૨૯; ૧૩. ઇશુએ આ ભવિષ્ય વાત શબ્દે
શબ્દ કહી નહિ.

૧૧. પ્રે. ૧૦; ૧૪ જુઓ.
શું ખાવું અથવા શું પીવું, એ કંઈ ધર્મની વાત

૧૨ માંથી નિકળેછે તેજ માણસને વટાળેછે. ત્યારે
તેના શિષ્યોએ પાસે આવીને તેને કહ્યું કે, આ
વાત સાંભળ્યાથી ફરોશીઓએ ઠોકર ખાધી, એ
૧૩ શું તું જાણેછે? પણ તેણે જવાબમાં કહ્યું કે,
જે હરેક રોપ મારા આકાશમાંના બાપે રોપ્યો
૧૪ નથી, તે ઉખેડવામાં આવશે. તેઓને રેહેવા દો,
તેઓ આંધળા આંધળાઓને દોરનારા છે; ને
જો આંધળો આંધળાને દોરે તો બંને ખાડામાં
૧૫ પડેજ. પછી પીતરે જવાબમાં તેને કહ્યું કે, આ
૧૬ દૃષ્ટાંતનો અર્થ અમને કેહે. ત્યારે ઇશુએ કહ્યું કે,
૧૭ શું હજી સુધી તમે અણસમજુ છો? શું તમે હજી
નથી સમજતા કે જે કંઇ મોહોમાં પેસેછે તે પે-
ટમાં જાયછે, ને સંડાસમાં બહાર નંખાયછે.
૧૮ પણ જે જે મોહોમાંથી નિકળેછે તે હૃદયમાંથી
૧૯ આવેછે, ને તેજ માણસને વટાળેછે. કેમકે
ભુંડી કલ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જાર-
કર્મો, ચોરીઓ, જુઠી સાક્ષીઓ, તથા દુર્ભાષણો

નથી, પણ જેમ આપણું અંતઃકરણ શુદ્ધ અથવા
અશુદ્ધ છે, તેમ આપણે પવિત્ર અથવા વટલેલા કે
અશુદ્ધ ગણાઇએ.

૧૩. ફરોશીઓના મત વિષે ઈશુ વાત કરેછે.

૧૪. અ. ૨૩; ૧૬. લુ. ૬; ૩૯ જુઓ.

આંધળા છતાં તેઓ કહેતા હતા, કે અમે જો-
ઇએ છીએ. યો. ૯; ૪૧ જુઓ.

૨૦ હૃદયમાંથી નિકળેછે. માણુસને જે વટાળેછે તે
એજ છે; પણ અણધોએલે હાથે ખાવું એ, મા-
ણુસને વટાળતું નથી.
૨૧ ત્યારે ઈશુ ત્યાંથી નિકળીને સુર તથા સીદોનની
૨૨ સીમમાં ગયો. અને જુઓ, એક કનાનની બા-
યડીએ તે સીમમાંથી આવીને બૂમ પાડતાં તેને
કહ્યું કે, ઓ પ્રભુ, દાવુદના દીકરા, મારાપર દયા

૨૧-૨૮. માર્ક ૭; ૨૪-૩૦ વાંચો.

૨૧. આ વિદેશી બાયડી મુસાના નિયમ જાણતી ને પાળતી નહોતી, તો પણ ઇશુ ઉપર તેનો પૂર્ણ ભરોસો હતો.

સુર તથા સીદોન એ ફીનીશીઆ દેશનાં પ્રખ્યાત બંદરો હતાં.

૨૨. "કનાની બાયડી" માર્કના લખ્યા પ્રમાણે "યુનાની અને સુરફેનીસી કુળની હતી." એ બે વાત સરખી છે, કારણ કે તે વેળા યુનાનીનો અર્થ વિદેશી. નિ. ૩; ૮-૧૭. જુઓ. વળી ફીનીશીઆ દેશને કોઇવાર કનાન કહેતા હતા, ને એમજ અસલ વખતમાં આખા પાલીસ્ટાઇન દેશને કનાન દેશ કહેતા હતા, ને કનાન દેશ એ સુરીઆનો એક ભાગ હતો. ઉત ૧૦; ૧૯. આ બાયડીએ આગળથી ઇશુની વાત સાંભળી હશે, કારણ કે "સુર તથા સીદોનની આસપાસના ઘણા લોક... તેની પાસે આવ્યા." માર્ક ૩; ૮ જુઓ. ઇશુ પોતે કદી ગાલીલની હદ બહાર ગયો નહિ હતો, તો પણ પહેલાંથી સુવાર્તા વિદેશી લોકમાં ફેલાવવા લાગ્યો.

"દાવુદના દીકરા" લોક સમજતા હતા કે મશીહ દાવુદના કુળમાં આવશે.

૨૩ કરઃ મારી દીકરી ભૂતથી બહુ પીડા પામેછે. પણ
તેં તેને એક શબ્દ બોલ્યો નહિ; ને તેના શિષ્યો
એ પાસે આવીને વિનંતિ કરતાં તેને કહ્યું કે, તેને
વિદાય કર, કેમકે તે આપણી પાછળ બૂમ પાડે
૨૪ છે. ત્યારે જવાબમાં તેણે કહ્યું કે, ઇસ્રાએલના
ઘરનાં ખોવાએલાં ઘેટાંની પાસે હું મોકલાયોછું;

---

૨૩. તેના વિશ્વાસનું પારખું લેવા સારૂ ઇશુ ચુપ રહ્યો ને પછી વાતથી ના પાડેછે. યો. ૬; ૬ સરખાવો.

શિષ્યોનો વિચાર એવો હતો કે તેની માગણી પ્રમાણે તેને આપી ઇશુ વિદાય કરે. એવો વિચાર દયાને લીધે કર્યો, એમ નહિ પણ તે તસ્દી આપેછે, એ કારણને લીધે એવી વિનંતિ તેઓ ઈશુને કરવા લાગ્યા. લુ. ૧૧; ૫–૧૦ : ૧૮; ૧–૭ જુઓ.

પણ બીજો મત એવો છે કે ઇશુ ખરો માણુસ છતાં તે બાયડીની જ્યારે પ્રાર્થના સાંભળી ત્યારે તેનું મન બદલી ગયું.

૨૪. બધા લોકનું તારણ કરવા માટે ઇશુ આવ્યો, તોપણ તે પોતે ઘણું કરી યહુદી લોકનેજ સુવાર્તા પ્રગટ કરતો હતો. એમ છતાં પણ એક બીજી વેળાએ એક વિદેશી માણુસને સાજો કર્યો હતો. અ. ૮;૫–૧૩ જુઓ.

જો ઇશુ વિદેશી લોકોમાં ઉપદેશ કરવા તથા માંદાઓને સાજા કરવા જાત તો યહુદી લોકોનો ભાવ ઇશુ ઉપરથી ઉડી જાત. અને વિશેષે કરીને કનાની લોક જેઓને શ્રાપ મળ્યો હતો (ઉત ૯; ૨૫), તેમના ઉપર યહુદી લોક દ્વેષ રાખતા હતા. પરંતુ એમ છતાં પણ યહુદી લોકોએ ઇશુને તજી દીધો અને પાઉલ

૨૫ બીજાં પાસે નહિ. પછી તેણીએ આવીને તેને
પગે લાગીને કહ્યું કે, ઓ પ્રભુ, મારી સહાયતા
૨૬ કર. પણ તેણે જવાબમાં કહ્યું કે, છૈયાંની રો-
૨૭ ટલી લઈને કુતરાંને નાંખવી ઠીક નથી. પણ
તેણીએ કહ્યું કે, ખરૂં, પ્રભુ, તોપણ કુતરાં પોતાના
ધણીઓની મેજપરથી જે કકડા પડેછે તે ખાય-
૨૮ છે. ત્યારે ઇશુએ જવાબમાં તેને કહ્યું કે, ઓ
બાઇ તારો વિશ્વાસ મોટો છે, જેવું તું ચાહેછે
તેવું તને થાય. અને તેજ ઘડીથી તેની દીકરી
સાજી થઇ.

૨૯ ત્યારે ઈશુ ત્યાંથી નિકળીને ગાલીલના સમુદ્ર
પાસે આવ્યો; ને પહાડપર ચડીને ત્યાં બેઠો.
૩૦ અને બહુ લોકો પાંગળાઓને, આંધળાઓને,
મુંગાઓને, ટુંડાઓને, તથા બીજા ઘણાઓને
પોતાની સાથે લઇને તેની પાસે આવ્યા, ને ઇ-
શુના પગ પાસે તેઓને મુકયા, ને તેણે તેઓને
૩૧ સાજા કીધા; એવા કે મુંગાઓને બોલતા, ટુંડા-
ઓને સાજા, પાંગળાઓને ચાલતા, ને આંધ-
ળાઓને દેખતા કીધા; એ જોઇને લોકો અત્યંત

પ્રેરિતનો બોધ ના સાંભળ્યો, માટે ત્યાર પછી વિ-
દેશી લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી.

૨૬. "છૈયાં" એટલે યહુદીઓ અને "કુતરાં" એટલે
વિદેશીઓ. જે લોકો યહુદી નહોતા તેમને યહુદીઓ
"કુતરાં" કહેતા હતા.

૨૭. "પોતાના ધણીઓ" એટલે છોકરાંના ધણીઓ. દૃષ્ટાં-
તરૂપે હેનો અર્થ પરમેશ્વર છે.

૨૯–૩૧. માર્ક ૭; ૩૧–૩૭ વાંચો.

થયા, ને ઇસ્રાએલના દેવને મહિમા આપ્યો.
૩૨ પછી ઇશુએ પોતાના શિષ્યોને પાસે તેડીને કહ્યું
કે, આ લોકોપર મને દયા આવેછે, કેમકે આજ
ત્રણ દહાડા થયા, તેઓ મારી સાથે રહ્યા છે, ને
તેઓને ખાવાનું કંઈ નથી, ને તેઓને ભુખ્યા
વિદાય કરવાનું હું નથી ચાહાતો, રખેને વાટમાં
૩૩ તેઓ નિર્ગત થઇ જાય. અને તેના શિષ્યો તેને
કહેછે કે, આટલા બધા લોકો તૃપ્ત થાય તેટલી રો-
૩૪ ટલી રાનમાં અમારી પાસે કયાંથી? ત્યારે ઇશુ
તેઓને કહેછે કે, તમારી પાસે કેટલી રોટલી છે?
ત્યારે તેઓએ કહ્યું કે, સાત, ને નાની માછલી
૩૫ થોડીએક છે. ત્યારે તેણે તે લોકોને ભોંયપર બે-
૩૬ સવાની આજ્ઞા કીધી. ને તે સાત રોટલી તથા
માછલી લઈ સ્તુતિ કરીને ભાંગી, ને પોતાના

૩૨–૩૮. માર્ક ૮; ૧–૯ વાંચો.

૩૩. ઇશુના શિષ્યોએ એવો સવાલ કેમ પૂછયો, કારણ કે ઇશુએ ચમત્કારિક રીતે ઘણાં માણસોને જમાડ્યાં હતાં, તો પણ શિષ્યોએ ઇશુ ચમત્કાર કરી ખવાડશે-એવી આશા રાખી નહોતી?

ઉત્તર ૧. તે ચમત્કાર શિષ્યોએ જોયો હતો ખરો, પણ ત્યાર પહેલાં ને ત્યારપછી જે ખાવાનું જોઈતું હતું તે વેચાતું લેતા હતા. વળી રોટલીના કડકા એકઠા કરવાથી (અ. ૧૪; ૨૦.) એવી શીખામણ મળી હતી કે ઇશુ એજ ચમત્કાર કરશે એવી આશા રાખવી નહિ.

ઉત્તર ૨. ત્રણ દહાડા થઈ ગયા હતા, માટે તેઓ સમજ્યા હશે કે ઇશુ આ વેળાએ ચમત્કાર કરશે નહિ.

૩૪. એ ઉપરથી માલમ પડેછે કે મુસાફરીમાં કેવો ખોરાક ઇશુ અને તેના શિષ્યો રાખતા હતા.

શિષ્યોને આપી, ને શિષ્યોએ પછી લોકોને પી-
૩૭ રસી. ત્યારે સઘળાએ ખાધું, ને તૃપ્ત થયાં; પછી
છાંડેલા કકડાઓથી ભરેલી સાત ટોપલી તેઓએ
૩૮ ઉઠાવી. અને જેઓએ ખાધું તેઓ બાયડી છૈયાં
૩૯ શિવાય ચાર હજાર પુરૂષ હતા. અને લોકોને વિ
દાય કીધા પછી હોડીમાં બેસીને માગદાલાની
સીમમાં તે આવ્યો.

---

૩૭. "ટોપલી" અ. ૧૪; ૨૦ માં જે "ટોપલી" લખેલી છે તે આથી જરા નાની છે. અને ગ્રીક ભાષામાં એ બે કલમોમાં "ટોપલી" શબ્દને માટે જુદા જુદા શબ્દ વાપરયા છે.

આ કલમ ઉપરથી આ શીખામણ મળેછે કે આપણને જેટલું જોઇએ તે કરતાં પણ વધારે ઇશ્વર આપેછે, તોપણ આપણે તેમાંનું કંઈ ઉડાવી કે બગાડી નાંખવું નહિ.

૩૯. માગદાલા એ ગાલીલના સમુદ્રના પશ્ચિમ કિનારાપર હતું. અને ઘણું કરીને મરિયમ માગદાલેણ ત્યાંની રહેવાશી હતી. ને તેની પાસે દાલ્મનુથા હતું. માર્ક ૮; ૧૦ જુઓ.

પ્રશ્નો.

૧. વડીલોના સંપ્રદાયથી યહુદીઓ પરમેશ્વરના હુકમ શી રીતે રદ કરતા હતા?
૨. "કુરબાન" એ શબ્દનો અર્થ શું છે? અને તે શબ્દ કઇ વેળાએ બોલવામાં આવ્યો હતો?
૩. માણસ કેવી રીતે વટલે છે તે વિષે ઇસુ શું શીખાડેછે?
૪. ઇસુએ શા સારૂ પહેલાંથી કનાની બાયડીની વાત માની નહિ?

૧૬ અને ફરોશીઓએ તથા સાદુકીઓએ આ-
વીને તેનું પરીક્ષણ કરતાં માગ્યું કે, અમને
૨ આકાશથી નિશાની દેખાડ? પણ તેણે જવાબમાં
તેઓને કહ્યું કે સાંજ પડેછે ત્યારે તમે કહોછો
૩ કે ઉઘાડ થશે, કાંજે આકાશ રતુંબડું છે. અને
સવારે [કહોછો] કે, આજ ઝડી પડશે, કાંજે
આકાશ રતુંબડું તથા અંધરાએલું છે. અરે ઢોં-
ગીઓ, તમે આકાશના રૂપ સંબંધી પરખી જા-
ણોછો ખરા, પણ શું સમયોની નિશાની તમે
૪ પરખી નથી શકતા? ભુંડી તથા વ્યભિચારી પે-
હેડી નિશાની માગેછે, પણ યોના ભવિષ્યવાદીની
નિશાની વગર બીજી નિશાની તેઓને નહિ
દેખાડાશે; પછી તે તેઓને મુકીને ચાલ્યો ગયો.

અધ્યાય ૧૬ મો.

૧-૪. માર્ક ૮; ૧૦-૧૨. લુ. ૧૨; ૫૪-૫૭ વાંચો.

૧. ફરોશીઓ ને સાદુકીઓએ પરસ્પર એક બીજાના દુ-
શ્મન હતા તો પણ ઈશુપર તેમનો એવડો મોટો
દ્વેષભાવ હતો કે તેની વિરૂદ્ધ તેઓ એક બીજાની
સાથે મળી ગયા. અ. ૧૨; ૩૮.

૩. જે બનાવ રોજ રોજ બનેછે તે ખ્રીસ્તથી આવેલી
નિશાની છે, પણ તે કોઇવાર ઘણી મુશ્કેલીથી સ-
મજી શકાય છે.

૪. "વ્યભિચારી" અ. ૧૨; ૩૯ પરની ટીકા જુઓ.

"યોના ભવિષ્યવાદીની નિશાની" અ. ૧૨; ૩૯
-૪૧. માર્ક લખેછે કે "આ પેહેડીને કંઇજ નિશાની
અપાશે નહિ", એટલે જેવી નિશાની તેઓએ માગી
તેવી આપવામાં નહિ આવે.

૫ અને તેના શિષ્યો પેલે પાર ગયા, પણ રોટલી
૬ લેવાને વિસરી ગયા હતા. ત્યારે ઇશુએ તેઓને
કહ્યું કે, ફરોશીઓના તથા સાદુકીઓના ખ-
મીર વિષે તમે સાવધાન થઇને ખબરદાર રહો.
૭ ત્યારે તેઓએ માંહોમાંહે વિચાર કરીને કહ્યું કે,
આપણે રોટલી નથી લીધી માટે [તે એમ ક-
૮ હેછે]. ઇશુએ એ જાણીને તેઓને કહ્યું કે, ઓ
અલ્પવિશ્વાસીઓ, તમે રોટલી નથી લીધી તે
૯ માટે માંહોમાંહે કેમ વિચાર કરોછો? શું હજી
સુધી તમે નથી સમજતા? પાંચ હજાર પુરૂષ
સંબંધીની પાંચ રોટલી, ને તમે કેટલી ટોપલી
૧૦ ઉઠાવી, તેનું શું સ્મરણ નથી? વળી ચાર હ-
જાર પુરૂષ સંબંધીની સાત રોટલી, ને તમે કેટલી
ટોપલી ઉઠાવી, શું તેનું પણ સ્મરણ નથી?
૧૧ તમે કેમ નથી સમજતા કે, ફરોશીઓના તથા
સાદુકીઓના ખમીર સંબંધી સાવધાન રહો, એ

૫–૧૨. માર્ક ૮; ૧૪–૨૧. લુ. ૧૨; ૧ વાંચો.

૫. માર્ક ૮; ૧૪ માં "એક રોટલી".

૬. કદાચ શિષ્યો એમ ધારતા હતા કે ફરોશીઓના જેવી શીખામણ ઇશુ આપતો હશે કે કઇ જાતનું ખમીર વાપરવું જોઇએ.

"સાદુકીઓના ખમીર વિષે" માર્ક ૮; ૧૫ માં "હેરોદના ખમીરથી," કારણ કે હેરોદના પક્ષના સાદુકીઓ હતા.

૮. "અલ્પવિશ્વાસીઓ" કેમકે ઇશુના બે મોટા ચમત્કાર વિષે તેઓએ યાદ ના રાખી.

જે મેં તમને કહ્યું તે રોટલી સંબંધી નથી કહ્યું.
૧૨ ત્યારે તેઓ સમજ્યા કે રોટલીના ખમીર સંબંધી
નહિ, પણ ફરોશીઓના તથા સાદુકીઓના
મત વિષે ખબરદાર રેહેવાનું તેણે કહ્યું હતું.
૧૩ અને ઈશુએ કાઇસારી ફિલિપ્પીની સીમમાં
આવીને પોતાના શિષ્યોને પુછયું કે, હું, મા-
ણુસનો દીકરો, તે કોણ, એ વિષે લોકો શું ક-
૧૪ હેછે ? ત્યારે તેઓએ કહ્યું કે, કેટલાએક [કહે છે]
કે, તું યોહાન બાપ્તિસ્મા કરનાર છે, ને કેટલાએક
કે એલીયા, ને કેટલાએક કે યરમીયા, અથવા

---

૧૨. હિયાં અને ઘણી ખરી બીજી જગ્યાએ ખમીરનો અર્થ ભુંડાઈ છે, પણ અ. ૧૩; ૩૩ જુઓ.

"ફરોશીઓના... મત વિષે" એટલે ઢોંગ. લુ. ૧૨; ૧ જુઓ.

૧૩–૨૦. માર્ક ૮; ૨૭–૩૦. લુ. ૯; ૧૮–૨૦ વાંચો.

૧૩. "કાઇસારી ફિલિપ્પી" આ શેહેરને હેરોદ ફિલિપે સુધારી તેને મહારાજા કાઇશારનું તથા પોતાનું નામ આપ્યું. એ શેહેર હેરમાન પહાડની પાસે હતું. વળી એ શિવાય પાલીસ્ટાઇન દેશમાં એક બીજું પણ શેહેર કાઇસારી નામનું હતું, ને તેમાં રૂમી રાજ્યની રાજ્યધાની હતી ને તે બંદર હતું. પ્રે ૮; ૪૦:૨૧; ૮.

"માણુસનો દીકરો" અ. ૮;૨૦ પરની ટીકા જુઓ.

૧૪. ઈશુ મશીહ છે, એમ આ વેળાએ યહુદી લોક માનતા નહોતા. વળી આ મત પણ તે વેળાએ ચાલતો હતો, કે મરણ પછી માણુસનો આત્મા

૧૫ ભવિષ્યવાદીઓમાંનો એક છે. તે તેઓને કહેછે, પણ હું કોણ, તે વિષે તમે શું કહોછો ?
૧૬ ત્યારે સીમોન પીતરે જવાબમાં કહ્યું કે, તું મશીહ, જીવતા દેવનો દીકરો છે. અને ઇશુએ જવાબમાં તેને કહ્યું કે, સીમોન બારયોનાં, તને
૧૭ ધન્ય છે, કેમકે માંસે તથા લોહીએ નહિં, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે.
૧૮ અને હું તને કહુંછું કે, તું પીતર છે, ને આ ખડક પર હું મારી મંડળી બાંધાશ, ને તેને ઉલટું હાડેસની દરબારનું જોર નહિ ચાલશે.

બીજો અવતાર લેછે. અ. ૧૪; ૨, અને (કદાપી) યો. ૯; ૨ જુઓ.

૧૬. આ વેળાએજ પહેલ વહેલાં કબૂલ કરવામાં આવ્યું કે ઈશુ મશીહ છે. ને કેવળ એટલુંજ નહિ પણ તે દેવનો દીકરો છે.

૧૭. "બારયોના" એટલે યોનાનો દીકરો. બાર+આબાસ, બાર+ઇશુ, બાર+નાબાસ, બાર+તોલમાઈ, બાર+તીમાઈ વગેરે એવાં નામો જુંઓ.

"માંસે તથા લોહીએ નહિ" એટલે માણસના તરફથી નહિ. યો. ૧; ૧૩. ૧ કર. ૧૫; ૫૦. એફ. ૬; ૧૨ જુઓ.

૧૮. યશ. ૨૮; ૧૬ જુઓ. પીતરનો અર્થ પત્થર છે. બાર શિષ્યોની ચારે ટીપમાં પીતરનું નામ પહેલું આવેછે.

આ કલમ ઉપરથી રોમન કાથોલીક લોક સમજે છે કે ખ્રીસ્તી મંડળીનો ઉપરી પીતર હતો ને તેને હે-

કાણે પાપા એક પછી એક પોતાને ઠરાવેછે, પણ નિરખી જુઓ કે—

(૧) પીતરે કબૂલ કર્યું કે ઈશુ પરમેશ્વરનો દીકરો છે, ત્યારેજ આ વાત કહેવામાં આવી, કારણ કે આ મત ખ્રીસ્તી મંડળીની મૂળ વાત છે.

(૨) (અ) શાસ્ત્રમાંથી કહાડેલાં બીજાં વાકયો વાંચીએ તો માલમ પડશે કે પ્રેરિતો તથા ભવિષ્યવાદીઓના પર (એફ.૨;૨૦) અને ખ્રીસ્ત પર, (૧ કર. ૩;૧૧) મંડલી સ્થાપન કરેલી છે.

(બ) પીતરે કોઇવાર ભૂલ કરી નહિ એવું નથી. ગલ.૨;૧૧–૧૪.યરૂશાલેમમાં જ્યારે એક મોટી સભા પ્રેરિતોની થઈ, ત્યારે પીતર નહિ પણ યાકુબ પ્રમુખ હતો. પ્રે. આ. ૧૫ મો નં વિશેષ કરી કલમ ૧૯ મી વાંચો.

(૩) જો પીતર સઘળા પ્રેરિતોનો ઉપરી હોત, અને કદાચ જો તે રૂમ શેહેરનો અધ્યક્ષ હોત (જે વાત નક્કી નથી), તો પણ એની જગ્યામાં જે પાપા આવ્યા તેઓ પણ મંડળીના પ્રમુખ હતા એ વાત કંઈ સાબીત થતી નથી.

"ખડક" તે "ખડક" ખ્રીસ્ત છે. ૧ કર. ૧૦;૪ જુઓ. ખ્રીસ્ત કહેછે કે હમણાં તેં એમ કબૂલ કર્યું છે માટે તને "પીતર" (પત્થર) નામ મળવાને લાયક છે, કારણ કે તારો વિશ્વાસ એક પત્થરના જેવો સ્થિર છે. તુ ખડકનો એક ભાગ છે એટલે "પત્થર", પણ આ ખડક જેના વિષે તુ હમણાં બોલ્યો તેના ઉપર હું મારી મંડળી બાંધીશ. આ ખડક પીતર કે પીતરનો વિશ્વાસ કે પીતરનો

મત નથી. કેટલાએક લોકો એવા મત માનેછે, પણ ખરો મત એ છે, કે શાસ્ત્રમાં "ખડક" એ શબ્દ કંઈ વાત વિષે કે કોઈ માણસ વિષે વાપરવામાં આવેલો છે, એમ નહિ, પણ હમેશાં કેવળ ઈશ્વર વિષે જ લખવામાં આવ્યો છે. પુ. ૩૨; જ. ૨ સમ. ૨૨; ૩૨. યશ. ૨૬; ૪: ૪૪; ૮. ગી. ૬૨; ૨: ૯૫; ૧. જેમ ખ્રીસ્ત યાજક તથા અર્પણ કરેલું હલવાન છે તેમ તે મંડળીનો બાંધનાર તથા પાયો છે. "મંડળી" આ શબ્દ બીજી સુવાર્તામાં નથી, અને માત્થીની સુવાર્તામાં ફક્ત એકજ બીજે ઠેકાણે વાંચવામાં આવેછે. અ. ૧૮; ૧૭. હિયાં તેનો અર્થ ખ્રીસ્તી મંડળી છે, પણ ત્યાં આગળ યહુદી લોકની મંડળી. મંડળી એટલે આખી દુનિયામાં જે સર્વ ખ્રીસ્તી લોક છે તેઓ બધા, અને તેનો શીર ખ્રીસ્ત પોતે છે. આ શબ્દ ખ્રીસ્ત વાપરેછે માટે આપણે સમજવું કે તેણે ખ્રીસ્તી મત ફેલાવ્યો એટલુંજ નહિ, પણ પોતાની મંડળીમાં એક મેળાપ સ્થાપન કર્યો, ને એમજ યહુદી લોકની મંડળી તે ખ્રીસ્તી મંડળીનો નમુનો હતો.

"મંડળી" જે ગ્રીક શબ્દનો આ તરજુમો છે, તેનો અર્થ એ છે કે જે સભામાં કોઈ ગુલામ કે ગુન્હેગાર કે પરદેશી નહોતો, પણ બધા સભાસદો પબ્લીક કામ કરવાને બોલાવેલા હતા તે.

"હાડેસ" આ શબ્દ ગ્રીક ભાષાનો છે. તેનો અર્થ એવો છે કે મરી ગએલાં માણસોને રહેવાની જગ્યા. તેના બે ભાગ હતા એટલે ગેહેના જ્યાં ભુંડા લોકો રહે છે. (અ. ૫: ૨૨ પરની ટીકા જુઓ); અને પારાદૈસ જ્યાં સારા લોક રહે છે. ૨ કર. ૧૨;

૧૯ અને આકાશના રાજ્યની કુંચીઓ હું તને આપીસ, ને પૃથ્વી પર તું જે કંઇ બાંધશે, તે આકાશમાં બંધાશે ને પૃથ્વીપર તું જે છોડશે, તે આકા-

---

૪. પ્રક. ૨; ૭ જુઓ. "હાડેસની દરબારનું જોર નહિ ચાલશે" એટલે ખ્રીસ્તની મંડળી પર નાશ તથા મરણનું જોર ચાલશે નહિ. તે સર્વ કાલ ટકવાની છે. પ્રક. ૧; ૧૮: ૨૦; ૧૩, ૧૪.

તે વેળા એવી ભવિષ્યવાત કહેવી તે અજાયબ જેવી છે કારણ કે ઇશુના શિષ્યો થોડા ને ગરીબ હતા અને તે પોતે કહેવાનો હતો (ક. ૨૧) કે પોતાનું મરણ થવાનું છે.

૧૯. "આકાશના રાજ્યની કુંચીઓ" જ્યારે કોઇ માણસ શાસ્ત્રીની પદવી મેળવતો ત્યારે તેને એક કુંચી આપીને એમ બતાવતા હતા, કે તમને હવે શાસ્ત્રમાંની વાતના ભંડાર ઉઘાડવાની રજા છે. અ. ૧૩; ૫૨ જુઓ. એજ પ્રમાણે પીતર આકાશના રાજ્યનો શાસ્ત્રી થયો, અને તે રાજ્ય વિષે વાત પ્રગટ કરવાનો હક પામ્યો. અ. ૭; ૨૯ પરની ટીકા જુઓ.

રાજાના ઘરમાં એક મોટો અમલદાર હતો કે જેના હાથમાં ભંડારની તથા દરવાજાની કુંચીઓ સોંપેલી હતી. યશા. ૨૨; ૨૨ જુઓ. ખ્રીસ્ત રાજા છે અને તેની એવી કુંચીઓ છે. પ્રક. ૩; ૭. પણ હમણાં તે તેનો અધિકાર પીતરને આપેછે, અને પીતર તથા બીજા પ્રેરિતોનું કામ એવું હતું. પ્રે. ૧૪; ૨૭: ૧૫; ૭ જુઓ.

આ શીખવવાનો તથા ખુલાસો આપવાનો હક

૨૦ શમાં પણ છોડાશે. ત્યારે તેણે પોતાના શિષ્યો-
ને તાકીદથી આજ્ઞા આપી કે, હું ઇશુ તે ખ્રી-
સ્ત છું, એવું તમે કોઇને ન કહો.
૨૧ ત્યારથી ઇશુ પોતાના શિષ્યોને જણાવવા લા-
ગ્યો કે, મારે યરૂશાલેમમાં જવું, ને વડીલોથી
તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી ઘણું
સેહેવું, ને જીવથી મારયા જવું, ને ત્રીજે

બધા શિષ્યોને મળ્યો. અ. ૧૮; ૧૮ જુઓ. કેવી રીતે પાપ માફ થાય એ પ્રગટ કરવાનો હક અગીઆર શિષ્યોને તથા બીજા કેટલાએક ખ્રીસ્તી લોકોને મળ્યો હતો. લુ. ૨૪; ૩૩. યો. ૨૦; ૨૩ જુઓ.

હેબ્રી ભાષામાં "બાંધવું" એટલે ફલાણા મત પ્રમાણે ચાલવું, એમ પ્રગટ કરવું.

"છોડવું" એટલે ફલાણા મત પ્રમાણે ચાલવાની જરૂર નથી, એમ પ્રગટ કરવું. અ. ૨૩; ૪ જુઓ. માણસો ઉપર નહિ પણ મત ઉપર આ અધિકાર આપેલો હતો. પીતરને જે હક મળ્યો હતો તે પ્રમાણે જે મત તે આપશે, તે આકાશમાં મંજુર કરવામાં આવશે.

૨૦. એવી બિહિક હતી કે લોક બળાત્કારથી તેને રાજા કરે. યો. ૬; ૧૫ જુઓ. પણ ખ્રીસ્તનું રાજ્ય આત્મિક હતું અને લોક આત્મિક વાત ઉપર મન લગાડે એવી ઇશુની ઇચ્છા હતી.

૨૧–૨૩. માર્ક ૮; ૩૧–૩૩. લુ. ૯; ૨૨ વાંચો.

૨૧. "વડીલોથી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓ

૨૨ ઈસુડે પાછા ઉઠવું જરૂર છે. ત્યારે પીતરે તેને
એક બાજુએ લઈને તેને ઝંઝેડીને કહ્યું કે, અ-
રે પ્રભુ, એ તારાથી દૂર રહે, એવું તને કદી ન-
૨૩ હિ થશે. પણ તેણે ફરીને પીતરને કહ્યું કે, અરે
શેતાન, મારી પછવાડે જા; તું મને ઠોકર ખવ-
ડાવનાર છે; કેમકે દેવની વાતો પર નહિ, પણ
૨૪ માણસોની વાતો પર તું ચિત્ત લગાડેછે. ત્યારે

થી" એટલે સાન્હેદ્રીન સભાથી. અ. ૨; ૪: ૨૬; ૩ જુઓ.

આ વખત પહેલાં ઇશુ દૃષ્ટાંતરૂપે પોતાનું મરણ જણાવતો હતો. અ. ૯; ૧૫: ૧૨; ૪૦: ૧૬;૪. યો. ૨; ૧૯: ૩; ૧૪: ૧૨; ૩૯: ૧૬; ૪.

"ત્રીજે દિવસે પાછા ઉઠવું" એમ ઇશુ સાફ બોલ્યો માટે એમ કેમ બન્યું કે પુનરૂત્થાન વિષે શિષ્યોએ પહેલાં માન્યું નહિ ? તેનુ કારણ એ છે કે જે માણસો જોવાને ચહાતા નથી તે સૌથી આંધળા છે, માટે શિષ્યોને એમ લાગ્યું હશે કે આ ઈશુનું દૃષ્ટાંત છે.

૨૩. પીતર શેતાનનું કામ કરીને લાલચ આપેછે માટે તે પોતે શેતાન ને દુસ્મન છે, એવું કહીને ઈશુ તેને ઠપકો આપેછે. અ. ૪;૧૦ જુઓ.

પીતર પત્થર છે પણ હમણાં "ઠેસ ખવડાવનાર પત્થર તથા ઠોકર લાવનાર પહાણો થયો છે." યશ. ૮; ૧૪. ૧ પી. ૨; ૮.

૨૪-૨૮. માર્ક ૮; ૩૪—૯; ૧. લુ. ૯; ૨૩-૨૭. વાંચો.

૨૪. અ. ૧૦; ૩૮ પરની ટીકા જુઓ.

ઈશુએ પોતાના શિષ્યોને કહ્યું કે, જો કોઈ મા-
રી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાને નકા-
રવો, ને પોતાનો વધસ્તંભ ઉચકી લઈને મારી
૨૫ પાછળ આવવું. કેમકે જે કોઇ પોતાનો જીવ
બચાવવા ચાહે છે, તે તેને ખોશે; પણ જે કોઇ
મારે લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચા-
૨૬ વશે. કાંતો જો માણસ આખું જગત મેળવશે,
ને પોતાના જીવની હાનિ પામશે, તો તેને શો
લાભ થશે ? અથવા માણસ પોતાના જીવને
૨૭ બદલે શું આપશે ? કેમકે માણસનો દીકરો
પોતાના બાપના મહિમાએ પોતાના દૂતો સુદ્ધાં
આવશે; ને ત્યારે પ્રત્યેકને તેના કામ પ્રમાણે
૨૮ ભરી આપશે. હું તમને ખચિત કહુંછું કે હિયાં
જે ઉભા છે તેઓમાંના કેટલાએક એવા છે કે
માણસના દીકરાને પોતાના રાજ્યમાં આવતો
દેખશે ત્યાં સુધી મરણ પામશે નહિ.

---

૨૫. અ. ૧૦; ૩૯ પરની ટીકા જુઓ.

૨૭. જીવન મુલ્યવાન છે કારણ કે એનો ન્યાયાધીશ આ-
વનાર છે કે જો તે મરણ ઠરાવે તો તેનો ઠરાવ કોઈ
બદલી શકનાર નથી.
"કામ પ્રમાણે ભરી આપશે" અ. ૧૨; ૩૭ પર-
ની ટીકા જુઓ.

૨૮. ઈ. સ. ૭૦ માં યરૂશાલેમ શેહેરનો નાશ થયો ત્યારે
આ ભવિષ્ય વાત પુરી થઈ. અ. ૨; ૨ પરની
ટીકા અને અ. ૨૪; ૩૪ જુઓ.

પ્રશ્નો.

૧. શીમોનના બાપનું નામ શું ?

૨. ક. ૧૮ મીનો ખુલાસો આપો.

૩. ક. ૧૯ મીનો ખુલાસો કરો.

૪. ફરોશીઓ અને સાદુકીઓ શિવાય કયા બીજા પંથ યહુદી લોકોમાં હતા ?

૫. ઈશુના બોલવામાં ખમીરના બે જૂદા જૂદા અર્થ નિકળેછે તેઓ કયા ?

૧૭ અને છ દહાડા પછી ઇશુએ પીતરને તથા
યાકુબને તથા તેના ભાઈ યોહાનને સાથે લીધાં,
ને તે તેઓને એક ઉંચા પહાડ પર એકાંતે લઇ
૨ ગયો. અને તેઓની આગળ તેનું રૂપાંતર થયું,
એટલે તેનું મોહો સુરજના જેવું તેજસ્વી થયું,

અધ્યાય ૧૭ મો.

૧-૧૩. માર્ક ૯; ૨-૧૩. લુ. ૯; ૨૮—૩૬ વાંચો.

૧. "છ દહાડા પછી" પણ લુક લખે છે કે "આશરે આઠ દહાડા પછી". એજ પ્રમાણે ઇશુ કબરમાં ફક્ત આશરે ૩૬ કલાક રહ્યો હતો તોપણ ત્રણ રાત દહાડા કહેછે (અ. ૧૨; ૪૦) યહુદી લોકોની ગણવાની રીત સાધારણ રીતે એવી હતી.

એજ ત્રણ શિષ્યો બીજી બે વાર ઈશુની સાથે એકલા હતા. અ. ૨૬; ૩૭. માર્ક ૫; ૩૭, ૪૦ જુએ.

"એકાંતે" પહાડ વિષે નહિ, પણ શિષ્યો વિષે એમ સમજવું.

૨. માર્ક ૧૬; ૧૨ જુઓ. ઇશુ તે પહાડ પર પ્રાર્થના કરવા ગયો હતો. ત્યાં પ્રાર્થના કરતી વેળા (લુ. ૯; ૨૯) તેનું રૂપાંતર થયું. રાતની વખતે એમ થયું; કારણ કે એમ ન હોય તો તેનાં લુગડાં અજવાળાના જેવાં ઉજળાં કેમ દેખાય ? પણ શિષ્યો ઉંઘથી ઘેરાયલા હતા, ને તેઓ જાગી ઉઠયા અને બીજે દહાડે પહાડ પરથી ઉતર્યાં, તે પરથી જણાય છે કે તે રાતનો વખત હશે (લુ. ૯; ૩૨, ૩૭ જુઓ).

નિ. ૩૪; ૨૯ યો. ૧; ૧૪. પ્રે. ૬; ૧૫. ૨ પી. ૧; ૧૬, જુઓ. આકાશ અજવાળાની જગા છે. ગી. ૧૦૪; ૨. પ્રે. ૯; ૩. કલ. ૧; ૧૨. ૧ તીમ. ૬; ૧૬ જુઓ.

ને તેનાં લુગડાં અજવાળાના જેવાં ઉજળાં થયાં.
૩ ત્યારે જુઓ, મુસા તથા એલીયા તેની જોડે
૪ વાત કરતા તેઓને દેખાયા. ત્યારે પીતરે બો-
લતાં ઇશુને કહ્યું કે, પ્રભુ, આપણે હિયાં રહેવું
સારૂં છે, જો તારી મરજી હોય તો હિયાં અમે
ત્રણ માંડવા બનાવિયે, એક તારે કાજે, ને

---

૩. મુસા તથા એલીયા સાધારણ માણસોની માફક મ-
રણ પામ્યા નહોતા. પુ. ૩૪;૬. ૨ રા. ૨;૧૧ જુ-
ઓ. યહુદી લોકો એમ ધારેછે કે મશીહ આવશે
ત્યારે મુસા તથા એલીયા પણ આવશે. પુ. ૧૮;૧૮.
મલ. ૪;૫. મ. ૧૧;૧૪।૧૬;૧૪.જુઓ.

શિષ્યો મુસા તથા એલીયાને ઓળખે તે માટે
પરમેશ્વરે તેમની આંખો ઉઘાડી હશે. ૨ રા. ૬;૧૭
જુઓ. આ વાત ઉપરથી એમ જણાય છે કે જે
માણસો મરી ગયા છે તેઓ હમેશાં ઉંઘમાં નથી
રહેતા.

મુસા નિયમ શાસ્ત્ર સ્થાપન કરનારો હતો; અને
એલીયા ભવિષ્યવાદીઓમાં સહુથી મોટો હતો. નિ-
યમ પ્રમાણે જે ક્રિયા ચાલતી હતી, તે અને સઘળી
ભવિષ્યવાત ઇશુમાં સંપૂર્ણ થઈ. તેઓ ઇશુના મ-
રણ વિષે વાત કરતા હતા. લુ. ૯;૩૧ જુઓ.

પીતરે એમ ધાર્યું હશે કે ઇશુ યરૂશાલેમ જઈને
મરી જાય તે કરતાં આપણે અહીં રહીએ તો સા-
રૂ. ત્યાં રહેવાને પીતર ખુશી હતો. વિચાર કર્યા
વગર તે બોલ્યો. લુ. ૯;૩૩.

૫ એક મુસાને કાજે, ને એક એલીયાને કાજે. તે
બોલતો હતો એટલામાં જુઓ, એક ચળકતી
વાદળીએ તેઓ પર છાયા કીધી; ને જુઓ,
વાદળીમાંથી વાણી નિકળી કે, એ મારો વહા-
લો દીકરો છે, એના પર હું બહુ પ્રસન્ન છું;
૬ એનું તમે સાંભળો. અને શિષ્યો એ સાંભ-
૭ ળીને ઉંધા પડયા, ને બહુજ બિહિયા. ત્યારે
ઇશુએ પાસે આવીને તેઓને અડકીને કહ્યું કે,
૮ ઉઠો, ને બિહો મા. ત્યારે તેઓએ પોતાની ન-
જર ઉંચી કરીને એકલા ઇશુ વિના કોઇને
દીઠો નહિ.
૯ અને તેઓ પહાડ પરથી ઉતરતા હતા, ત્યારે
ઇશુએ તેઓને આજ્ઞા દેતાં કહ્યું કે, માણસનો
દીકરો મરી ગએલાંઓમાંથી પાછો ઉઠે ત્યાં

---

૫. "ચળકતી વાદળી." નિ. ૩૩;૯. ૧ રા. ૮;૧૦,૧૧ જુઓ. ઇશુનું બાપ્તિસ્મા થતી વખતે એજ વાત આકાશથી સંભળાઈ હતી. અ. ૩;૧૭ જુઓ. તે શિવાય એક બીજીવાર આકાશવાણી થઈ હતી. યો. ૧૨;૨૮.

૬. "બહુજ બિહિયા" નિ. ૩૪; ૩૦. ૧ રા. ૮; ૧૧.

૯. "કોઇને ન કહેતાં" ઇશુને બિહિક લાગી હશે કે બીજા શિષ્યો આ ત્રણ શિષ્યોની અદેખાઇ કરશે, કારણ કે તેઓ હાજર નહોતા. અથવા કદાચિત્ મુસા તથા એલીયા દેખાયાછે એમ સાંભળી લોકો બળાત્કારે ઇશુને રાજા ઠરાવત.

૧૦ સુધી આ જે તમે દીઠું તે કોઈને ન કહેતા. ત્યારે
તેના શિષ્યોએ તેને પુછવા કહ્યું કે, શાસ્ત્રીઓ
કેમ કહે છે કે, એલીયાએ પહેલાં આવવું જો-
૧૧ ઇએ; અને ઇશુએ જવાબમાં તેઓને કહ્યું કે,
એલીયા પહેલો આવશે ખરો, ને સઘળાં યથા-
૧૨ સ્થિત કરશે; પણ હું તમને કહું છું કે, એલીયા
આવી ચુક્યો છે, ને તેઓએ તેને ન ઓળ-
ખ્યો, પણ જે કંઈ તેઓએ ચાહ્યું તે તેને કીધું;

માર્ક લખ્યું છે તે પરથી જણાયછે કે આ પુનરૂત્થાનની વાત શિષ્યો સમજતા નહોતા. માર્ક ૯:૧૦ જુઓ. કારણ કે તેમની એવી આશા હતી કે ઈશુ એક મોટું રાજ્ય સ્થાપન કરશે.

૧૦. ઈશુના શિષ્યો એમ વાત કરેછે કે, તમે મશીહ છો, અને તમે રાજા થશો એવી અમારી આશા હોવા છતાં, તમે કહોછો કે હું મરીને ફરીથી ઉઠીશ. પણ શાસ્ત્રીઓ મલ.૪;૫ ને લીધે કહેછે (યો.૧;૨૧) કે તમે મશીહ નથી, કારણ કે મશીહ આગાઉ એલીયા આવવો જોઈએ. તમે મરી જવાના છો, અને એલીયા જો કે આવ્યો તો પણ રહ્યો નહિ, માટે આ બે વાત કેમ મળતી આવે?

૧૧. "સઘળાં યથાસ્થિત કરશે" યોહાને યહુદી ધર્મ શુદ્ધ કર્યો, તેથી યહુદી લોકો તેની શીખામણ માનત તો ઈશુના રાજ્યમાં દાખલ થવાને લાયક થાત.

૧૨. જો કે હેરોદ રાજાએ યોહાનને મારી નાખ્યો, તોપણ ઈશુ કહેછે કે શાસ્ત્રીઓ તેના ખુન માટે ગુનેહગાર છે. અને એ ખરૂં છે. કારણ કે શાસ્ત્રીઓ યોહાનના દુશ્મનો નહોત, તો તેમની શિખામણને લીધે હેરોદ તેને મારી ન નાખત.

તેમજ માણસનો દીકરો પણ તેઓથી [દુઃખ]
૧૩ સેહેસે. ત્યારે શિષ્યો સમજ્યા કે યોહાન બા-
પ્તિસ્મા કરનાર સંબંધી તે તેઓને કેહેતો હતો.
૧૪ અને તેઓ લોકની ભીડ પાસે આવ્યા, ત્યારે
એક માણસે તેની પાસે આવીને તેની આગળ
૧૫ ઘુંટણ ટેકીને કહ્યું કે, ઓ પ્રભુ, મારા દીકરા
પર દયા કર, કાંજે તે ફેફરાવાળો છે, ને ઘણી
પીડા પામેછે; કેમકે તે વારંવાર અગ્નિમાં, ને
૧૬ વારંવાર પાણીમાં પડે છે. અને તેને હું તારા
શિષ્યોની પાસે લાવ્યો હતો, પણ તેઓ તેને
૧૭ સાજો કરી ન શક્યા. ત્યારે ઇશુએ જવાબમાં
કહ્યું કે, ઓ અવિશ્વાસી તથા કુમાર્ગી પેહેડી,
ક્યાં સુધી હું તમારી સાથે રહીશ? ક્યાં સુધી
હું તમારૂં સહીશ? તેને મારી પાસે હિયાં લાવો.
૧૮ પછી ઇશુએ તે ભુતને ધમકાવ્યું; ને તે તેમાંથી
નિકળ્યું; ને છોકરો તેજ ઘડીથી સાજો થયો.
૧૯ ત્યારે શિષ્યોએ એકાંતે ઇશુ પાસે આવીને કહ્યું

૧૩. યોહાન એજ એલીયા હતો. અ.૧૧; ૧૪.લુ.૧;૧૭. તોપણ યોહાને પોતે એ જાણ્યું નહોતું.યો. ૧;૨૧ જુઓ.

૧૪—૨૧. માર્ક ૯; ૧૪-૨૯. લુ. ૯;૩૭-૪૨ વાંચો.

૧૭. અહીં ઈશુ તેના શિષ્યોને તથા લોકોને ઠપકો દેછે.

૨૦ કે, અમે તેને કેમ કહાડી ન શક્યા? ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, તમારા અવિશ્વાસને લીધે; કેમકે હું તમને ખચિત કહું છું કે, તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોય તો તમે આ પહાડને કહેશો કે તું હિયાંથી ત્યાં ખસી જા, ને તે ખસેડાશે; ને તમને કંઇ અશક્ય લાગશે નહિ.
૨૧ પણ પ્રાર્થના તથા ઉપવાસ વગર એ જાત નિકળતી નથી.

---

૨૦. ઇશુ એમ કહેછે કે પરમેશ્વરમાંજ ચમત્કાર કરવાની શક્તિ છે; અને જો તમે વિશ્વાસ રાખીને તેની સાથે રાઈના દાણા જેવો સંબંધ જોડશો તો તમને કાંઈ અશક્ય લાગશે નહિ. તમે અલ્પવિશ્વાસી છો; પણ જો તમારો વિશ્વાસ ખરો તથા પૂરેપૂરો હશે તો જે કાંઇ સારૂં તમે કરવા ધારશો, તે પરમેશ્વરની મદદથી થઈ શકશે. ફિલિ. ૪;૧૩ જુઓ. વળી અ. ૨૧;૨૧. ૧ કર. ૧૩;૨ જુઓ.

૨૧. અ. ૯;૧૪ પરની ટીકા જુઓ. કોઈવાર ઉપવાસ કરવાથી ફાયદો થાય છે. જે માણસનો વિશ્વાસ ખરો તથા દૃઢ છે તે પ્રાર્થના કર્યા વગર રહે નહિ એટલુંજ નહિ પણ તે પોતાની ઇંદ્રિયો વશ રાખે. હજી સુધી શિષ્યો ઉપવાસ કરતા નહોતાં. અ. ૯;૧૪,૧૫ જુઓ. અને એમ જણાય છે કે પ્રાર્થનામાં પણ તેઓ દૃઢ નહોતા. ને તેથી જો કે તેમને ભૂત કહાડવાનો અધિકાર મળ્યો હતો (અ.૧૦;૮ જુઓ), તોપણ તેઓ તેમ કરવામાં આ વેળા ફાવ્યા નહિ. પછી પ્રેરિતો કેવા ઉલ્લાસથી પ્રાર્થના તથા ઉપવાસ

૨૨ અને તેઓ ગાલીલમાં ફરતા હતા ત્યારે ઈસુએ
તેઓને કહ્યું કે, માણસનો દીકરો માણસોના
૨૩ હાથમાં સોંપાશે; પછી તેઓ તેને મારી નાંખ-
શે, ને ત્રીજે દહાડે તે પાછો ઉઠશે. ત્યારે તેઓ
બહુ દલગીર થયા.
૨૪ અને તેઓ કાપરનાહુમમાં આવ્યા, ત્યારે કર
લેનારાઓએ પીતરની પાસે આવીને કહ્યું કે,
શું તમારો ઉપદેશક [મંદિરના] કરનું નાણું ન-

કરવા લાગ્યા, અને તેનું ફળ શું થયું તે જાણવા માટે પ્રે. ૧૦; ૯,૧૦: ૧૩;૨,૩. ૨ કર. ૧૧;૨૭ વાંચો.

"એ જાત" એમ જણાય છે કે ભૂતો પણ તરેહ તરેહના થાય છે. આ ભૂત બહુ વિકરાળ હતું.

૨૨-૨૩. માર્ક ૯;૩૧. લુ. ૯;૪૪ વાંચો. શિષ્યો આ વાત સમજ્યા નહિ. તેમને એમ લાગ્યું કે ઇશુ કાંઈ દષ્ટાંત કહેછે. અ. ૧૬;૨૧ પરની ટીકા જુઓ.

૨૪. આ વાત ફક્ત માત્થીની સુવાર્તામાં વાંચવામાં આવેછે. દરેક યહુદી મંદિરના ભંડારમાં અરધો શેકેલ એટલે આશરે ૧૦ આના ભરતો (નિ. ૩૦; ૧૩ જુઓ).

અસલ કાળમાં લોકની ગણતરી કરવામાં આવી ત્યારેજ યહુદી લોકો આ કર આપતા હતા. પણ પછી એવો રીવાજ પડ્યો કે હર વરસે આપવો, અને ઇશુના વખતમાં એ પ્રમાણે ચાલતું હતું. લોકો પોતાની ખુશીથી આપતા, અને જે કોઈ આપી શકતું નહિ, તેને કાંઈ સજા થતી નહિ.

યરૂશાલેમ તથા તેનાં મંદિરનો નાશ થયા પછી તેઓ એજ કર રૂમી લોકોને હર વરસે આપતા હતા.

૨૫ થી આપતો? તેણે કહ્યું કે, હા. અને ઘરમાં
તે આવ્યો ત્યારે તેના બોલવા અગાઉ ઇસુએ
કહ્યું કે, સીમોન, તને શું લાગે છે, પૃથ્વીના
રાજા કોની પાસેથી દાણ અથવા કર લે છે?
પોતાના દીકરાઓ પાસેથી કે પારકાંઓ પા-
૨૬ સેથી? પીતર તેને કહે છે કે, પારકાંઓ પાસેથી.

કદાપિ આ માણસો ઇસુથી બિહિતા હતા, તેથી તેઓ પીતર પાસે આવ્યા.

૨૫. "દાણ" એટલે ઓક્ટ્રોઈ—જે સામાન ગામ બહાર જાય અથવા તો ગામમાં આવે તેપર લેવાની જકાત. "કર" એટલે માથા દીઠ લેવાતો વેરો.

૨૬. "પારકાંઓ" આવક કિંવા પેદાશ ઉપરનો કર અથવા એવો બીજો કર જે બારેબાર અપાય છે તે હાલ જેમ હિંદુઓને પસંદ નથી તેમ યહુદી લોકોને પસંદ નહોતો. ૧ રા. ૧૨;૪. પ્રે. ૫;૩૭ જુઓ. કારણ કે તેઓ એમ સમજતા કે કર આપવો એ પારકાને તાબે રહ્યાની નિશાની છે. કર આપવો એ ઉચિત છે કે નહિ એમ વાંધો ચાલતો હતો. અ. ૨૨;૧૭ જુઓ.

પણ ઇસુ જણાવે છે કે એ કર આપવાની જરૂર નથી, "દીકરાઓ તો છુટા છે," તોપણ આપણે તેઓને ઠોકર ન ખવાડીએ. કર આપવાની પારકાંઓને માથે તો ફરજ છે, પણ "દીકરાઓ" પોતાની ખુશી પ્રમાણે દાનધર્મ આપે. ૨ કરિ. ૯; ૭ જુઓ. પણ પોતાના બાપના મંદિર માટે પૈસા કેમ આપે!

ઇશુએ તેને કહ્યું, ત્યારે દીકરાઓ તો છુટા છે.
૨૭ તો પણ આપણે તેઓને ઠોકર ન ખવડાવીએ
માટે તું સમુદ્રની પાસે જઇને ગલ નાંખ, ને જે
માછલી પેહેલી આવે તેને પકડી લે, ને તેનું મો-
હો ઉઘાડ્યા પર તને રૂપીઓ મળશે; તે લઇને
મારે ને તારે સારૂ તેઓને આપ.

---

૨૬. ઇશુ પરમેશ્વરનો દીકરો હતો, માટે તેને આપવાની જરૂર નહોતી; પણ હજી એમ પ્રગટ કરવા તે ખુશી નહોતો. અ. ૧૬; ૨૦. અને પીતર પારકો નહોતો, તેથી તેને આપવાની જરૂર નહોતી. પણ બીજા ઠોકર ન ખાય તે માટે તે આપેછે. રૂ. ૧૪; ૨૧.

આ ઉપરથી જણાય છે કે તે વખતે ઇશુ તથા તેના શિષ્યોની પાસે પૈસા નહોતા. તોપણ ઘણું કરીને તેઓ બહુ ગરીબ નહોતા. અ. ૨૬; ૧૧. માર્ક ૧; ૨૦ જુઓ.

"રૂપીઓ" જે શબ્દનો તરજુમો છે તે શબ્દ "સ્ટાટેર" છે. તે એક સિક્કો હતો, અને તે અને હૂણ્ની સિક્કો શકેલ કિમ્મતમાં સરખા હતા. ખરૂં જોતાં આ સિકકો રૂપીઆનો નહિ, પણ સવા રૂપીઆનો હતો. એના કરને માટે સવા રૂપીઓ બસ હતો. પોતાના ખપને માટે ઇશુએ ફક્ત આ એકજ વાર ચમત્કાર કર્યો. ઘણું કરીને આથી પીતરને એવી શીખામણ આપવાની હતી કે પરમેશ્વર પોતાના દીકરાને સઘળું આપેછે.

"ગલ" આ શબ્દ નવા કરારમાં ફક્ત એકજ વાર આવેછે.

પ્રશ્નો.

૧. ઈશુનું રૂપાંતર દિવસે થયું કે રાતે? ને એ શા ઉપરથી જણાય છે?

૨. કેટલીવાર ને ક્યારે ઈશુને આકાશવાણી થઈ? ને શી શી આકાશવાણી થઈ?

૩. કેટલીવાર અને ક્યારે ઈશુની સાથે ફક્ત ત્રણ શિષ્યો હતા?

૪. મુસા તથા એલીયા શા વિષે વાત કરતા હતા?

૫. ઈશુએ શા વાસ્તે હુકમ આપ્યો કે આ વાત કોઈને કહેશો મા?

૬. આ વેળા ત્રણ શિષ્યો બે વાત વિષે શંકામાં પડ્યા તે કઈ બે વાત?

૭. ઈશુને મંદિરનો કર આપવાની જરૂર હતી કે નહિ?

૮. ઈશુએ શા વાસ્તે સવા રૂપીઆ મેળવવા સારૂ ચમત્કાર કર્યો?

૧૮ તેજ વેળા શિષ્યોએ ઇસુની પાસે આવીને કહ્યું
૨ કે, આકાશના રાજ્યમાં મોટું કોણ છે? ત્યારે
ઇસુએ એક બાળકને પાસે બોલાવીને તેને તે-
૩ ઓની વચ્ચે ઉભું કીધું, અને કહ્યું કે, હું તમને
ખચિત કહું છું કે, જો તમે ફરો નહિ, ને
બાળકોના સરખા થાઓ નહિ, તો આકાશના
૪ રાજ્યમાં તમે નહિજ પેસશો. માટે જે કોઈ
આ બાળકના સરખું લીન થશે; તેજ આકાશના

અધ્યાય ૧૮ મો.

૧–૬. માર્ક ૯;૩૩–૩૭, ૪૨. લુ. ૯;૪૬–૪૮. વાંચો.

૧. ઘણું કરીને જે વચન ઇસુએ પીતરને આપ્યું હતું (અ. ૧૬;૧૮,૧૯) તેને લીધે, અને પોતાનું રૂપાંતર થતી વખતે ઇસુએ ત્રણ શિષ્યોને પસંદ કર્યાં હતા તેથી, આ સવાલ ઉઠ્યો. ફક્ત એકજવાર એમ થયું, એમ નથી. અ. ૨૦;૨૦ જુઓ.

૩. શિષ્યો મોટાઇને ઇચ્છતા હતા, માટે ઇસુએ તેમને જણાવ્યું કે તમે બાળકના જેવા નમ્ર નહિ થશો તો ઇશ્વરના રાજ્યમાં તમને કારભારીપણું નહિ મળશે, એટલુંજ નહિ પણ તેમાં પ્રવેશ પણ નહિ કરી શકશો. યો. ૩;૩,૫. બાળકમાં જે વિશ્વાસ તથા નમ્રતા છે, તેને ઇસુ ઘણીવાર વખાણે છે. અ. ૧૯; ૧૩: ૨૧;૧૫,૧૬ જુઓ.

૪. ફિલ. ૨;૭–૯ જુઓ. જેઓ ખ્રીસ્તની પેઠે સોથી નમ્ર છે, તેઓ સોથી મહિમાવાન થશે. પણ એક જાતની નમનતાઈ બહુ ખોટી છે. કલ.૨;૧૮,૨૩ જુઓ.

૪ રાજ્યમાં સૌથી મોહું છે. જે કોઈ મારે નામે
એવા એક બાળકને અંગીકાર કરે છે તે મને
૬ અંગીકાર કરેછે. પણ જે નાનાઓ મારા પર
વિશ્વાસ કરે છે, તેઓમાંના એકને જે કોઈ ઠો-
કર ખવડાવશે તે કરતાં તેની કોટે ઘંટીનું પડ
બંધાય; ને તે સમુદ્રના ઉંડા ભાગમાં ડુબાડાય
૭ એ તેને સારૂં છે. ઠોકરોને લીધે જગતને ધિ-
ક્કાર છે; ઠોકરો આવવાની અગત્ય તો છે, પણ

---

૫. આ. ૨૫;૩૪-૪૦.
"બાળક" જેઓ ઉમરમાં નાના છે તેમના વિષે એટલુંજ નહિ, પણ જેઓમાં વિશ્વાસ ઉદય પામવા લાગ્યા છે, તેમના વિષે ઇશુ બોલેછે.
"મારે નામે" એટલે, મારે લીધે.

૬. યહુદી લોકોમાં નહિ, પણ ગ્રીક તથા રૂમી લોકોમાં ગુન્હેગારોને મારી નાંખવાની એવી રીત હતી. તેમને દાટવામાં ન આવતા, તેથી એવું મરણ બહુ ભયંકર લાગતું.
૭-૯. માર્ક. ૯;૪૩-૪૮ વાંચો.

૭. પહેલાં નાનાં બાળકોને ઠોકર ખવડાવવા વિષે ને પછી બીજાઓને ઠોકર ખવડાવવા વિષે ઇશુ વાત કરેછે. આ. ૧૩;૪૧: ૧૬;૨૩.
આ દુનિયામાં હમેશાં પાપ થાયછે, તોપણ જે કોઈ માણસ પાપ કરેછે, તે પોતાની સ્વેચ્છાથી પાપ કરેછે, માટે તે શિક્ષાને યોગ્ય છે.

જે માણસથી ઠોકર આવે છે, તેને ધિક્કાર છે.
૮ માટે જો તારો હાથ અથવા તારો પગ તને
ઠોકર ખવડાવે, તો તેને કાપી નાંખીને તારી
પાસેથી ફેંકી દે; તારા બે હાથ અથવા બે પગ
છતાં તું અનંત અગ્નિમાં નંખાય, એ કરતાં
લંગડો, અથવા ઠુંઠો થઈ જીવનમાં તું પેસે એ
૯ સારૂં છે. અને જો તારી આંખ તને ઠોકર ખ-
વડાવે, તો તેને કહાડી નાંખીને તારી પાસેથી
ફેંકી દે; તારી બે આંખ છતાં તું નરકાગ્નિમાં નં-
ખાય, એ કરતાં કાણો થઈ જીવનમાં તું પેસે
૧૦ એ સારૂં છે. આ નાનાઓમાંના એકને તને ન
વખોડો માટે સાવધાન રહો; કાંજે હું તમને કહું
છું કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાં-
૧૧ ના બાપનું મોહો સદા જોયછે. કેમકે જે ખો-
વાએલું તેને બચાવવાને માણસનો દીકરો આ-

૮. અ. ૫;૨૯ પરની ટીકા જુઓ.

૧૦-૧૪. લુ. ૧૫;૩-૭ વાંચો. અહીં આ દૃષ્ટાંત ઉપરથી માલમ પડેછે કે પોતાનાં નાનાં બાળકો પર ઇશુની પ્રીતિ છે, પણ લુકની સુવાર્તામાં તેજ દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પાપી લોકો પર ઇશુની પ્રીતિ છે.

૧૦. ગી. ૩૪;૭;૯૧;૧૧. હેબ. ૧;૧૪ જુઓ. જેઓના વકીલ રાજા પાસે જઇ શકે છે તેમને ધિક્કારવા નહિ.

૧૧. હજ. ૩૪મો અધ્યાય. અ. ૧૫;૨૪ જુઓ.
"કેમકે" નાનાં બાળકોને ન ધિક્કારવાનું બીજું કારણ એ છે કે દૂતોનો પ્રભુ પોતે એવા ખોવાએલાઓને બચાવવા ઇચ્છે છે.

૧૨ વ્યો છે. તમે શું ધારોછો? જો કોઈ માણસને
સો ઘેટાં હોય, ને તેમાંથી એક ભુલું પડે, તો શું
નવાણુંને પહાડ પર મુકીને તે ભુલા પડેલાને
૧૩ શોધવા જશે નહિ? અને જો તે તેને જડે તો
હું તમને ખચિત કહુંછું કે, જે નવાણું ભુલાં
પડેલાં ન હતાં, તેઓનાં કરતાં તેના પર તે વત્તો
૧૪ હરખાયછે. એમ આ નાનાઓમાંથી એકનો
નાશ થાય, એવી તમારા આકાશમાંના બાપની
ઈચ્છા નથી.

૧૫ વળી જો તારો ભાઈ તારી સામે અપરાધ કરે,
તો તું જા, ને તું ને તે એકાંતે જઇને તેનો દોષ
તેને કેહે; જો તે તારૂં સાંભળે, તો તેં તારા ભાઇને

---

૧૨. લુકની સુવાર્તામાં આ દૃષ્ટાંત પછી બીજા બે દૃષ્ટાંત (એટલે ખોએલી અધેલી વિષે તથા નાનો દીકરો પરદેશ ગયો તેના વિષે) જેનો સાર સરખો જણાય છે તે લખવામાં આવ્યાં.

૧૩. "જે નવાણું ભૂલાં પડેલાં નહોતાં" કદાચિત જે દૂતો પાપમાં પડ્યા નથી, અથવા જે માણસો ફરોશીઓની પેઠે પોતાને પવિત્ર ગણેછે (મા. ૯;૧૩) તેઓ; પણ ઘણું કરીને જે માણસો કોઇકવાર પાપ કરેછે અને ભુંડા લોકોની સાથે સરખાવતાં સારા કહેવાય, તેઓ.

૧૪. ૧ તીમ. ૨;૪.

૧૫-૩૫. લુ. ૧૭;૩,૪.

૧૫. લે. ૧૯;૧૭.

"એકાંતે જઇને" બીજાના સાંભળતાં ગુસ્સામાં કંઈ બોલે તો પછી મેળાપ ન થાય એ માટે.

"મેળવી લીધો છે" ૧ કર. ૯;૧૯-૨૨. ૧ પી. ૩;૧ જુઓ.

૧૬ મેળવી લીધો છે, એમ સમજ. પણ જો તે ન
સાંભળે, તો એક બે જણ બીજા તારી સાથે લે,
એ માટે કે હરેક વાત બે અથવા ત્રણ શાહેદી-
૧૭ નાં મોહોથી સાબીત થાય. અને જો તે તેઓનું
ન માને, તો મંડળીને કેહે, ને જો મંડળીનું પણ
તે ન માને તો તેને વિદેશી તથા દાણીના જેવો

---

૧૬. પુ. ૧૯;૧૫. ૧ કર. ૬;૫.

ફરીથી તેમની મારફતે તમારા ભાઇને મેળવી લેવાને યત્ન કરો. એમ છતાં તે તમારી વાત ન માને તો મેળાપ કરવાની તમારી ઇચ્છા હતી એમ આ માણસો સાક્ષી આપશે.

આ કલમમાં તથા આગળની કલમમાં ઇશુએ આ દ્દષ્ટાંત મુસાના કાયદામાંથી લીધેલું છે. અ. ૫; ૧૭ જુઓ.

૧૭. "મંડળી" અ. ૧૬;૧૮ પરની ટીકા જુઓ. તે જગ્યાએ આખી ખ્રીસ્તી મંડળી, પણ અહીં ઘણું કરીને સભાસ્થાન સમજાય છે. તોપણ આ વેળા ઇશુ લાંબી નજર રાખીને ખ્રીસ્તી મંડળી જ થશે તે વિષે વિચાર કરેછે. સભાસ્થાનમાં ન્યાય આપવાનું કામ ચાલતું અને તેને સજા કરવાનો પણ અધિકાર હતો. અ. ૪;૨૩ પરની ટીકા જુઓ. થોડાં વરસ પછી પાઉલ પ્રેરિતે એવી શીખામણ આપી કે જો ન્યાયાધીશો વિદેશી હોય, તો તે અધર્મીઓ આગળ ફરીઆદ કરવી નહિ, પણ કોઈ લાયક ખ્રીસ્તી પાસે જવું અથવા એમ નહિ બને તો અન્યાય સહેવો (૧ કર. ૬;૧-૭ જુઓ). તોપણ જ્યારે જં-

૧૮ મનુ. હું તમને ખચિત કહું છું કે જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો. તે આકાશમાં બંધાશે; ને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં

---

૩૨ પડી. ત્યારે પાઉલે કાઈસાર પાસે ન્યાય માગ્યો. હાલ આ દેશમાં ખ્રીસ્તી ન્યાયાધીશો છે, અને ખ્રીસ્તી કાયદા ચાલેછે, માટે પાઉલની શીખામણ આપણને લાગુ પડતી નથી. તોપણ તેનો સાર ધ્યાનમાં રાખવો. એટલે કે, ખ્રીસ્તી લોકોમાં જે તકરાર ચાલે તે વગર કારણે વિદેશીઓની આગળ પ્રગટ ન કરવી.

"વિદેશી તથા દાણીના જેવો ગણ" એટલે નીચ ગણ. યહુદી લોકો પરદેશીઓ તથા દાણીઓનો ઘણો ધિક્કાર કરતા (અ. ૫; ૪૬ પરની ટીકા જુઓ). ઈશુ જો કે એવા લોકોનો મિત્ર હતો, તોપણ બીજા લોકોની માફક બોલેછે. માત્થી જો કે પંડે દાણી હતો તોપણ આ વાત લખેછે.

ખ્રીસ્તની શીખામણ પ્રમાણે એક દાખલો છે. ૧ કર. ૫; ૧—૫.

પછી તેજ ગુન્હેગાર માણસને માફ કર્યો. ૨ કર. ૨; ૬, ૭.

૧૮. અ. ૧૬; ૧૮, ૧૯ જુઓ. પહેલાં પીતરને અને પછી બધા શિષ્યોને "તમે મારી મંડળી છો" એવો અધિકાર આપ્યો, ને કહ્યું કે જયાં સુધી પવિત્ર આત્માની પ્રેરણા પ્રમાણે તમે ચાલશો, ત્યાંસુધી એ અધિકાર રહશે. પાછળની બે કલમો જુઓ.

૧૯ છોડાશે. વળી હું તમને કહુંછું કે જો પૃથ્વી પર
તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિ-
ત્તના થઇને માગશે, તો મારા આકાશમાંનો
૨૦ બાપ તેઓને સારૂ તે કરશે. કેમકે જ્યાં બે અ-
થવા ત્રણ મારે નામે એકઠા થએલા હોય ત્યાં
તેઓની વચમાં હું છું.
૨૧ ત્યારે પીતરે તેની પાસે આવીને કહ્યું કે, ઓ
પ્રભુ, મારો ભાઈ મારી સામેં કેટલીવાર અપ-

---

૧૯. વળી કહ્યું કે જે ઠરાવ તમે કરશો તે ઇશ્વર સ્થાપન કરશે એટલુંજ નહિ, પણ તમે એક ચિત્તના હશો તો તે તમારી વિનંતી સાંભળશે. પણ પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે પ્રાર્થના કરવી, નહિ તો તે ફોગટ જશે. યાકુબ તથા યોહાનની માએ જે વિનંતિ કીધી તે જુઓ. અ. ૨૦; ૨૦.

૨૦. ખ્રીસ્તી લોકોનો ઠરાવ પરમેશ્વર માન્ય રાખેછે અને તેમની પ્રાર્થના સાંભળેછે તેનું કારણ આ કલમમાંથી જણાઈ આવેછે.

૨૧. રાબી લોકોમાં એવો ધારો હતો કે ત્રણ કરતાં વધારે વાર કોઇની પાસે માફી માગવી નહિ. કદાચ પીતર એમ સમજ્યો હશે કે હું સાત વાર માફી આપું તો મારા જેવો કોઇ દયાળુ નહિ. પણ આ ચર્ચા ઉપરથી સાફ જણાયછે કે કેવી રીતે અથવા શા વાસ્તે માફી આપવી તેની પીતરને ખબર નહોતી. આ. ૧; ૩.

સધ કરે, ને હું તેને માફ કરૂં? શું સાત વાર
૨૨ સુધી? ઇસુએ તેને કહ્યું કે, સાત વાર સુધીનું હું
તને નથી કહેતો, પણ સિત્તેરગણી સાત વાર
૨૩ સુધી. એ માટે આકાશનું રાજ્ય એક રાજાના
સરખું છે, જેણે પોતાના ચાકરો પાસેથી હિસા-
૨૪ બ માગ્યો. અને તે હિસાબ લેવા લાગ્યો, ત્યારે
દસ હજાર તાલંતનો એક દેવાદાર તેની પાસે
૨૫ આવવામાં આવ્યો. પણ વાળવાનું તેની પાસે ન
છતાં, તેના શેઠે આજ્ઞા કીધી કે તે તથા તેની
બાયડી તથા તેનાં છૈયાં તથા જે સઘળું તેની
૨૬ પાસે છે તે વેચો ને દેવું વાળો. એ માટે તે ચા-
કરે તેને પગે લાગીને વિનંતી કરતાં કહ્યું કે, સા-

---

૨૨. "સિત્તેરગણી સાતવાર સુધી" એટલે દરેક વાર માફી આપવી. તેની કાંઈ હદ નથી. જેમ પરમેશ્વર માફી આપવાને તૈયાર રહે છે તેમ આપણે પણ માફી આપવી.

૨૪. આ મોટી રકમના ઉદાહરણ ઉપરથી એવી શીખામણ લેવાની છે કે જેમ એટલા બધા પૈસા કોઇ ચાકરથી ભરાય નહિ, તેમ આપણે જે પરમેશ્વરના ચાકરો છીએ તે તેની નજરે એવા દેવાદાર છીએ. આશા નથી કે કોઈ દિવસ આપણે પાપનું દેવું ભરી શકીશું.

એક તાલંત એટલે ત્રણ હજાર શેકેલ. દશ હજાર તાલંત એટલે આશરે પોણાચાર કરોડ રૂપીઆ.

૨૬. "હું તારૂં બધું દેવું વાળીશ" કેટલીક દૃષ્ટાંતોની એવી નાની વિગતપરથી શીખામણ મળતી નથી. અહીં કદાચિત એમ સમજવાનું હશે કે જો કે એવડું મોટું દેવું ન ભરાય તોપણ પાપી માણસો એવી આશા રાખેછે કે કોઈપણ રીતે અમે વાળી શકીશું.

હેબ, ધીરજ રાખો, ને હું મારૂં બધું દેવું વાળીશ.
૨૭ ત્યારે તે ચાકરના શેઠે દયા કરીને તેને મુકી દી-
૨૮ ધો, ને દેવું તેને માફ કીધું. પણ તેજ ચાકરે બ-
હાર જઈને પોતાના સાથી ચાકરોમાંના એકને
દીઠો જે તેના સો દીનારનો દેવાદાર હતો, ત્યા-
રે તેણે તેનો ટોટો પકડીને કહ્યું કે, તારા પર
૨૯ જે મારૂં લેહેણું છે તે વાળ. ત્યારે તેના સાથી ચા-
કરે તેને પગે લાગીને તેની વિનંતી કરતાં કહ્યું કે,
૩૦ ધીરજ રાખ, ને હું તારૂં સઘળું વાળીશ. અને
તેણે માન્યું નહિ, પણ જઈને તે દેવું વાળે ત્યાં

૨૭. દયાને લીધે દેવું માફ કીધું. એજ પ્રમાણે દયાને લીધે આપણું તારણ થયું.

૨૮. "પોતાના સાથી ચાકરોમાંના એકને" જે અપરાધો માણસો એક બીજાની વિરૂદ્ધ કરેછે તે એવી રીતે બતાવેલા છે. જો પરમેશ્વર આપણાં ઘણાં પાપ માફ કરે તો આપણે એક બીજાના નાના અપરાધો માફ કરવા જોઈએ.

"દીનાર" એટલે એક દિવસનો રોજગાર (અ. ૨૦; ૨ જુઓ). તેની કિમત આશરે ત્રણ આના. એક સો દીનાર એટલે આશરે ઓગણીશ રૂપીઆ. અ. ૨૬; ૭ જુઓ. એટલા બધા પૈસા ગરીબ લોકો થોડા ન ગણે, માટે એવી શીખામણ આપે છે કે કેટલાક આપણી સામે બીજા માણસોએ કરેલા ગુન્હાઓ નાના નથી, પણ ફકત પરમેશ્વર વિરૂદ્ધ જે પાપ આપણે કીધાં છે, તેની સાથે મુકાબલો કરીએ તો નાના દેખાશે.

૩૦. તે સાથી ચાકરને વેચી શકયો નહિ, માટે તેણે તેને કેદખાનામાં નાખ્યો, જો કે તેથી દેવું વાળવાસારૂ

૩૧ લગી તેને કેદખાનામાં નાંખ્યો. ત્યારે જે જે થયું
તે તેના સાથી ચાકરો જોઇને ઘણા દલગીર થયા,
ને તેઓએ જઇને જે થયું તે બધું પોતાના શે-
૩૨ ઠને કહી દેખાડયું. ત્યારે તેના શેઠે તેને બોલાવીને
ને કહ્યું કે, અરે દુષ્ટ ચાકર, તેં મારી વિનંતી
૩૩ કીધી, માટે મેં તને તે બધું લેહેણું માફ કીધું. મેં
તારા પર જેવી દયા કીધી તેવી દયા શું તને પણ
૩૪ તારા સાથીચાકર પર કરવી ઘટાય ન હતી? અને
તેના શેઠે ગુસ્સે થઇને તેનું બધું દેવું વાળે ત્યાં
૩૫ સુધી તેને રીબાવનારાઓને સોંપ્યો. એ પ્રમાણે
જો તમે પોતપોતાના ભાઇઓના અપરાધ પો-
તાના અંતઃકરણથી માફ નહિ કરશો, તો મારો
આકાશમાંનો બાપ પણ તમને એમજ કરશે.

પૈસા કમાવાની શક્તિ બંધ થઇ.

૩૩. આ ૫; ૨૩, ૨૪: ૬; ૧૨.

૩૪. આ દૃષ્ટાંત ઉપરથી એવી શીખામણ મળેછે કે પરમેશ્વર દયા કરીને પાપ માફ કરેછે, પણ જે ગુનાહ માફ કરતા નથી તેને માફ કરવામાં આવશે નહિ.

૩૫. આ દૃષ્ટાંત ઉપરથી માલમ પડેછે કે જો કે પરમેશ્વર આપણાં પાપ માફ કરે, તોપણ આપણે આગળ જતાં પાપ કરતાં જઇએ, તો તે તેની માફી પાછી ખેંચી લેશે.

પ્રશ્નો.

૧. આકાશના રાજ્યમાં કોણ મોટું છે?
૨. આપણો કોઇ ભાઇ આપણું ભુડું કરે તો શું કરવું?
૩. કેટલીવાર માફી આપવી?
૪. ઇશુની નમ્રતાના એક બે દાખલા આપો.
૫. કલમ ૮, ૧૦, તથા ૧૮ માંના ખુલાસો કરો.

૧૯ અને ઇશુએ એ વાતો પુરી કીધી, ત્યારે એ-
મ થયું કે ગાલીલથી તે નિકળ્યો, અને યરદનને
૨ પેલે પારની યહુદાની સીમામાં આવ્યો. અને
અતિ ઘણા લોક તેની પાછળ ગયા, ને ત્યાં તેણે
તેઓને સાજા કીધા.
૩ અને ફરોશીઓ તેની પાસે આવીને તેનું પરીક્ષ-
ણ કરતાં તેને કેહેછે કે, શું હરેક કારણને લીધે

અધ્યાય ૧૯ મો.

૧--૨. માર્ક. ૧૦; ૧ વાંચો.

૧. સમારીઆ તથા પરીઆમાં થઇને ઇશુ યહુદામાં આવ્યો. માર્ક ૧૦; ૧. લુ. ૯; ૫૧, ૫૨; ૧૭; ૧૧ જુઓ.

યહુદા યર્દનની આથુંગમ હતો, પણ અહીં પરીઆનો જે ભાગ નદી પાસે હતો તે યહુદાની સીમા કહેવાય છે.

અહીં માત્થી ઘણી વાતો જે લુ. ૯; ૫૧—૧૮; ૩૦ (ઈશુ બીજી એવાર યરૂસાલેમ ગયો હતો). યો. ૭; ૮–૧૦ : ૧૦; ૨૨–૩૯ : ૧૧; ૧–૪૬, ૫૪ માં વાંચવામાં આવેછે તે લખતો નથી.

૩—૧૨. માર્ક ૧૦; ૨—૯ વાંચો. કલમો ૧૦—૧૨ ફક્ત માત્થીની સુવાર્તામાં વાંચવામાં આવે છે. ૯મી કલમમાં જે વાતચિત લખેલી છે તે માર્ક ૧૦; ૧૦—૧૨ પ્રમાણે "ઘરમાં" ચાલી હતી.

૩. રાબી શામાઇએ કહ્યું હતું કે ફક્ત વ્યભિચાર કર્યાને લીધે ફારગતી આપવાની રજા છે, પણ રાબી હિલ્લેલના મત પ્રમાણે કંઇપણ હલકું કારણ હોય તો

માણસને પોતાની બાયડીને મુકીદેવી ઉચિત છે?
૪ અને તેણે જવાબમાં તેઓને કહ્યું કે, શું તમે એ
નથી વાંચ્યું કે જેણે આરંભથી તેઓને ઉત્પંન
૫ કીધાં તેણે તેઓને નરનારી ઉત્પંન કીધાં, ને
કહ્યું કે, "તે કારણને લીધે માણસ પોતાનાં મા
બાપને મુકશે, ને પોતાની બાયડી સાથે મળ્યો
૬ રેહેશે, ને તે બંને એક દેહ થશે." એ માટે હ-
વેથી તેઓ બે નથી, પણ એક દેહ છે. માટે દેવે

ફારગતી અપાય. પુ. ૨૪; ૧ જુઓ. ઇશુ જણાવે છે કે શામાઈનો મત સારો છે (ક. ૯), પણ મુસાના વખતમાં હિલ્લેલના મત પ્રમાણે ફારગતી આપતા હતા (ક. ૮).

૪. "આરંભથી" જે નિયમ મુસાના કાયદા પહેલાં ચાલતો હતો. અને મુસાના કાયદા ૨૬ થયા છતાં હજી સુધી ચાલેછે તે ઈશુ બત્તાવે છે.

૫. "કહ્યું" ખરૂં જોતાં આદમ પરમેશ્વરની પ્રેરણાથી એમ બોલ્યો હતો. ઉત. ૨; ૨૪. જુઓ.

"તે કારણને લીધે" ઉત. ૨; ૨૩ માં કારણ જણાવેલું છે, એટલે આ પુરૂષ એક બીજાને વાસ્તે પેદા કરેલાં છે.

"એક દેહ થશે" ૧ કર. ૬; ૧૬. એફ. ૫; ૨૮-૩૧ જુઓ.

૬. "દેવે જે જોડ્યું છે" કાયદા અથવા ક્રિયા વડે નહિ, પણ પરમેશ્વરે રચેલા સંબંધને લીધે ખરૂં લગ્ન થાય છે. પણ ધણી ધણીઆણી પોતપોતાની ફરજ બરાબર બજાવે માટે સાક્ષીઓના દેખતાં લગ્ન ક્રિયા કરવાની જરૂર છે.

૭ જે જોડયું છે તેને માણસે જુદું ન પાડવું. તેઓ તેને કહેછે કે, મુસાએ એવી આજ્ઞા કેમ
૮ આપી કે ફારગતી આપીને તેને મુકી દેવી? તે તેઓને કહેછે કે, મુસાએ તમારા હૃદયની કઠણતા માટે તમને પોતપોતાની બાયડીઓ મુકવા દીધી,

---

૭. પુ. ૨૪; ૧. અ. ૫; ૩૧, ૩૨ જુઓ.

પુ. ૨૪; ૧ ઉપરથી એમ જણાયછે કે મુસાના કાયદા પ્રમાણે વ્યભિચાર કર્યાને લીધે એટલુંજ નહિ પણ બીજા કેટલાએક કારણોને લીધે ફારગતી અપાય. પણ મુસાએ ફારગતી આપવાની આજ્ઞા આપી નહોતી, ફક્ત તેમને બાયડીઓને મૂકી દેવાની રજા આપી હતી (ક. ૮). આ માણસો રાબી હિલ્લેલના મતવાળા હતા, તેથી તેઓએ સાફ કહ્યું કે મુસાએ એવી આજ્ઞા આપેલી છે.

૮. મુસાના વખતમાં યહુદીઓ જંગલી અવસ્થામાં હતા, માટે તેઓ પાળી શકે એવાજ કાયદા મુસાએ તેમને આપ્યા હતા. જેમ માણસો સુધરવા લાગેછે તેમ પરમેશ્વર વધારે સખત કાયદા આપેછે. જેમકે મુસાના વખતમાં પરમેશ્વરે એવો હુકમ આપ્યો હતો કે ખુન ન કરો, પણ ઇશુએ કહ્યું કે ખુન ન કરો એટલુંજ નહિ, પણ દ્વેષ ન રાખો. અ. ૫: ૨૧-૪૮ જુઓ. સૌથી સારા કાયદા માન્ય કરવાને લોકો એકદમ તૈયાર થઇ શકતા નથી, માટે જેમ જેમ સુધારો થતો જાયછે તેમ તેમ વધારે સારા કાયદા બાંધવામાં આવેછે. અસલના વખતમાં ઈબ્રાહીમ, યાકુબ, ઇત્યાદિ એક કરતાં વધારે બાયડીઓને પ-

૯ પણ આરંભથી એવું ન હતું. અને હું તમને ક-
હું છું કે વ્યભિચારના કારણ વગર જે કોઈ પો-
તાની બાયડીને મુકી દેશે, ને બીજીને પરણશે, તે
વ્યભિચાર કરેછે, ને તે મુકી દીધેલી જોડે જે પ-
૧૦ રણેછે, તે વ્યભિચાર કરેછે. તેના શિષ્યો તેને ક-
હેછે કે, જો બાયડી સંબંધી પુરૂષનો એવો હાલ છે;
૧૧ તો પરણવું સારૂં નથી. ત્યારે તેણે તેઓને કહ્યું કે,
સઘળાથી તે વાત પળાતી નથી, પણ જેઓને
૧૨ આપેલું છે તેઓથીજ. કેમકે કેટલાએક ખોજા છે
કે જેઓ માના પેટમાંથીજ એવાજ જનમ્યા છે;
ને કેટલાએક ખોજા છે કે જેઓને માણસોએ
ખોજા બનાવ્યા છે; ને કેટલાએક ખોજા છે કે જે-
ઓ આકાશના રાજ્યને લીધે ખોજા થયા છે;
જે પાળી શકેછે તેઓ પાળો.

રણતા તથા ગુલામો રાખતા પણ તેમના હૃદયના કઠોરપણાને લીધે પરમેશ્વરે ગુલામગીરી તથા બીજા એવા ખોટા ચાલ એકદમ બંધ કર્યા નહિ.

બાયડીઓને ફારગતી આપવાનો હક નહોતો.

૯. અ. ૫, ૩૨ જુઓ.

૧૦. શિષ્યો એમ ધારતા હતા કે વ્યભિચાર માટેજ ફારગતી આપાય તો ન પરણવું એ બહેતર છે. આ ઉપરથી આપણે વગર આંચકે કહી શકીશું કે ઈશુના ઉપદેશથી લોકોનાં અંતઃકરણ તથા મન બહુ સુધરી ગયા છે, કારણ કે હાલ ખ્રીસ્તી લોકોમાં આવો વિચાર કોઇ બતાવતું નથી. પણ તે વેળા ઇશુના શિષ્યો જેવા સમજુ પુરૂષો એવો મૂર્ખ વિચાર ધરાવતા હતા.

૧૧. "તે વાત" એટલે "પરણવું સારૂં નથી", તે.

૧૨. "ખોજા" એટલે જે માણસો ખરા ખોજા છે તેઓ

13 ત્યારે બાળકો તેની પાસે લાવવામાં આવ્યાં,
એ માટે કે તે તેઓ પર હાથ મુકીને પ્રાર્થના
14 કરે; પણ શિષ્યોએ તેઓને ધમકાવ્યા. માટે ઇ-
સુએ કહ્યું કે, બાળકોને મારી પાસે આવવાદો,
ને તેઓને રોકો મા, કેમકે આકાશનું રાજ્ય એ-

એટલુંજ નહિ, પણ જે માણસો બાયડીને અડકતા નથી તેઓ.

"આકાશના રાજ્યને લીધે" સ્વર્ગના રાજ્યમાં વતન પામવા માટે એમ નહિ, પણ સ્વર્ગનું રાજ્ય ફેલાવવા માટે. ફક્ત પોતાના સુખોપભોગ માટે વધારે પૈસા રહે અથવા તો લગ્નથી જે દુઃખ તથા હરકત ભોગવવી પડે તેથી દૂર રહેવાને સારૂં કુંવારા રહીએ એમાં કાંઈ ધાર્મિકપણું નથી, ઉલટું એ જોખમ ભરેલું છે. પણ જેઓ ખોજા છે. અથવા જેઓને પરણવાની ઇચ્છા નથી, અથવા તો જે માણસો ખ્રીસ્તનું રાજ્ય ફેલાવવામાં, સંસારની જંજાળથી અળગા રહી, પોતાનો બધો વખત ગાળવા ઇચ્છે છે, તેઓ લગ્ન ન કરે તો સારૂં. તોપણ મરણ સુધી લગ્ન નહિ કરીશું એવા સમ નહિ ખાવા; અથવા લગ્ન કર્યા વગર સદ્દગુણથી રહેવાને અશક્ત હોઇએ તો લગ્ન કરવું. ૧ કર. ૭; ૭, ૩૨–૩૪.

૧૩–૧૫. માર્ક ૧૦; ૧૩–૧૬. લુ. ૧૮; ૧૫–૧૭ વાંચો.

૧૩. રાબીનો આશિર્વાદ લેવા'સારૂ બાળકોને સભાસ્થાનમાં આણવાનો રીવાજ હતો. વળી ઉત. ૪૮; ૧૪ જુઓ. ફક્ત નાનાં બાળકોને લીધે ઇસુને તસ્દી ન પડે માટે શિષ્યોએ ઠપકો આપ્યો.

૧૪. "આકાશનું રાજ્ય એવાઓનુંજ છે" બાળકોમાં તથા

૧૫ વાળાઓનુંજ છે. પછી તેઓ પર હાથ મુકીને તે
ત્યાંથી ગયો.
૧૬ અને જુઓ, કોઇ એકે પાસે આવીને તેને કહ્યું
કે, શ્રેષ્ઠ ઉપદેશક, સર્વકાળનું જીવન પામવા સારૂ
૧૭ હું શું સારૂં કરૂં? ત્યારે તેણે તેને કહ્યું, તું મને
શ્રેષ્ઠ કેમ કહેછે? એક જે દેવ, તે વગર શ્રેષ્ઠ

ખરા ખ્રીસ્તી લોકોમાં પ્રીત, વિશ્વાસ, નિષ્કપટીપણું, તથા નમ્રતા સરખાં દેખાય છે, અને એવા ગુણવાળા ઇશ્વરના રાજ્યમાં પેસશે.

૧૫. તે વેળા બાળકોને ઈશુનો આશિર્વાદ મળ્યો હતો, માટે સમજવું કે બાપ્તિસ્માની વખતે પણ બાળકો આશિર્વાદ પામી શકેછે.

૧૬-૨૨. માર્ક ૧૦; ૧૭-૨૨. લુ. ૧૮; ૧૮-૨૩ વાંચો.

૧૬. આ માણસ સભાસ્થાન માંહેલો એક અધિકાર હતો. લુ. ૧૮; ૧૮. અ. ૪; ૨૩ પરની ટીકા જુઓ.

"હું શું સારૂં કરૂં?" ફરોશીઓ એમ ધારતા હતા કે બધાના જાણવામાં આવે તેવી રીતે કાયદા તથા ક્રિયાને અનુસરવામાં ખરૂં ધાર્મિકપણું રહેલું છે. પણ ઈશુ જણાવે છે કે ધર્મનો ડોળ કરવાથી નહિ, પણ ખરેખરા ધાર્મિક થવાથી માણસ અનંત જીવનને પામી શકેછે.

૧૭. આ જુવાન માણસે સામાન્ય રીતે ઇશુને શ્રેષ્ઠ કહ્યો હતો, પણ તે માણસને સારી શીખામણ મળે તે સારૂ ઇશુએ એ માન ભરેલું વિશેષણ માન્ય ન રાખ્યું. ઇશુએ તેને એમ જણાવ્યું કે તમે "શ્રેષ્ઠ" શબ્દ વાપર્યો તે ઠીક, પણ શ્રેષ્ઠ શું છે, સારૂં શું છે, તે તમે

કોઈ નથી; પણ જો તું જીવનમાં પેસવા ચા-
૧૮ હેછે, તો આજ્ઞાઓ પાળ. તે તેને કહેછે કે, કયો
કયો? ત્યારે ઈશુએ કહ્યું કે, તું હત્યા ન કર, તું
વ્યભિચાર ન કર, તું ચોરી ન કર, તું જુઠી સા-
૧૯ ક્ષી ન પુર; પોતાનાં માબાપને માન આપ, ને
પોતાના પડોશી પર પોતાના જેવી પ્રીતિ કર.
૨૦ તે જુવાન તેને કહેછે કે, એ બધાં મેં મારાં ના-

જાણવા ચહાતા હો તો પરમેશ્વર જે એકલો શ્રેષ્ઠ તેની પાસે જાઓ (મદદ માગો)."

"આજ્ઞાઓ પાળ" જુવાનના સવાલ પ્રમાણે ઈશુ તેને જવાબ દેછે તેથી આ તેને મુખ્ય જણાયું ખરૂં જોતાં એકલી આજ્ઞા પાળવાથી આપણું તારણ થતું નથી, તોપણ આપણે આજ્ઞા ન પાળીએ તો તારણ કદી પમાય નહિ.

૨૦. પાઉલના જેવો તે "નિયમના ન્યાયીપણા સંબંધી નિર્દોષ" હતો. ફિલિ. ૩: ૬. જેમ આરસપાહાણ સુંદર પણ નિર્જીવ હોયછે, તેમ આ જુવાન માણસ નીતિવાન પણ ધર્મરૂપી જીવન વગરનો હતો. આ. ૫; ૨૦. ૩. ૨; ૧૩. યા. ૨: ૨૪.

૨૧. તે જુવાનને પૈસા ઉપર ભાવ બહુ હતો તે ઈશુએ જાણ્યું માટે તેનું પારખું લેવાને ઈશુ તેને બધું તજવાનું કહેછે. બધા માણસોને તેમ કરવાની જરૂર નથી, કારણ કે બધા પોતાની સંપત્તિ આપી દે તો કોઈ લેનાર રહે નહિ. પાપથી દૂર રહેવું એ બસ નથી; આપણે સારાં કામ પણ કરતાં જોઈએ. જે કરવાની પોતાની ફરજ છે તે જે માણસો કરતા

નપણથી પાળ્યાં છે, હવે હું શા સંબંધી અધુરો
૨૧ છું? ઇશુએ તેને કહ્યું કે, જો તું પૂરો થવા ચા-
હેછે, તો જઇને જે કંઈ તારૂં છે તે વેચી નાંખ,
ને દરીદ્રીઓને આપીને, એટલે આકાશમાં તને
દ્રવ્ય મળશે; ને આવીને મારી પાછળ ચાલ.
૨૨ પણ તે જુવાન એ વાત સાંભળી દીલગીર થઇને
ચાલ્યો ગયો, કેમકે તેની પાસે મિલકત ઘણી
હતી.
૨૩ ત્યારે ઇશુએ પોતાના શિષ્યોને કહ્યું કે, હું ત-
મને ખચિત કહુંછું કે દ્રવ્યવાનને આકાશના રા-
૨૪ જયમાં પેસવું કઠણ છે. વળી હું તમને કહુંછું કે
દ્રવ્યવાનને દેવના રાજયમાં પેસવા કરતાં સોય-
૨૫ ના નાકામાં થઇને ઉંટને જવું સેહેલ છે. ત્યારે
તેના શિષ્યો એ સાંભળીને ઘણા અચરત થયા,

નથી તેને ઇશુ ગુન્હેગાર ઠરાવશે. અ. ૨૫; ૪૧-૪૫.
"પૂરો" માણસથી થવાય તેટલો સંપૂર્ણ, ગુણવાન.
"આકાશમાં તને દ્રવ્ય મળશે" અ. ૬; ૧૯, ૨૦
જુઓ. લાભ મેળવવા સરૂ સારૂં કામ કરવું એમાં
કાંઈ ખોટું નથી, પણ એ હેતુ સૌથી સારો નથી.
અ. ૫; ૨૯ જુઓ. બિહિક લાવે ખ્રીસ્તને અનુસ-
રીએ તે ઠીક, પણ પ્રીતિને લીધે સારે માર્ગે ચાલી-
એ તે વધારે સારૂં છે.
૨૩-૨૫ માર્ક ૧૦; ૨૩-૨૭. લુ ૧૮; ૨૪-૨૭ વાંચો.
૨૪. "પેસવા કરતાં સોયના નાકામાં થઇને ઉંટને જવું
સેહેલ છે" એવી એક કહેવત હતી. તેનો અર્થ
એ છે કે ઘણી મુશ્કેલીથી એવી વાત બને.
૨૫. "તો કોણ તારણ પામી શકે?" ઘણા લોકો એમ
ધારે છે કે પૈસાદાર માણસો હમેશાં સારા હોય છે.

૨૬ તે કહ્યું, તો કોણુ તારણુ પામી શકે? પણુ ઇશુ-
એ તેઓની સામું જોઇને કહ્યું કે માણસોથી એ
થઈ નથી શકતું, પણુ દેવથી સઘળું થઈ શકે છે.
૨૭ ત્યારે પીતરે જવાબમાં તેને કહ્યું, જો, અમે બધું
મુકીને તારી પાછળ ચાલિયે છિયે, માટે અમને

કેટલીક વાર એમ બને છે કે ભુંડા લોકો એમના પૈસાને લીધે સદ્ગુણથી રહી શકે છે, કેમકે ચોરી તથા દ્રવ્ય સંબંધી બીજાં પાપ કરવાની લાલચ તેમને બહુ નડતી નથી. તોપણ ઇશુની સુવાર્તા વિશેષે કરીને ગરીબ લોકોની આગળ પ્રગટ કરવામાં આવી હતી. શિષ્યો એમ વિચારતા હતા કે પૈસાદાર લોકો તારણુ ન પામે તો ગરીબ લોકોના શા હાલ? તેઓ પૈસા ઉપર ભાવ રાખતા હતા (ક. ૨૭ જુઓ), કારણુ કે ફકત ધનવાન લોકો એવો ભાવ રાખેછે એમ નથી; ઘણા માણસો જેમની પાસે પૈસા હોતા નથી, તેઓ પણ પૈસાને બહુ ઇચ્છે છે.

૨૬. માણસથી તારણુ નથી થતું. ફકત પરમેશ્વરની દયાને લીધે થાયછે.

૨૭–૩૧. માર્ક ૧૦; ૨૮–૩૧. લુ. ૧૮; ૨૮–૩૦ વાંચો.

"અમને શું મળશે?" અહીં પીતર બહુ ઉતાવળો થાયછે, જે પોતાનો સ્વાર્થ તથા મતલબ જાહેર કરેછે ખ્રીસ્તને લીધે કોઇ માણસ દુઃખ સહે અથવા તેને નુકસાન થાય તોપણ જરૂર તેને હરકોઇ રીતે લાભ થશે. પણ હમેશાં ફાયદા તથા લાભ ઉપર નજર રાખવી એ સારૂં નથી. વળી કેટલાક લોકો જેઓ એવા દેખાય છે કે જાણે તેઓએ ખ્રીસ્તને માટે સર્વસ્વ તજી દીધા હોય, તેઓ ખરેખર

૨૮ શું મળશે? અને ઇશુએ તેઓને કહ્યું, હું તમને
ખચિત કહું છું કે જ્યારે પુનરૂત્પત્તિમાં માણસનો
દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસ-
શે, ત્યારે તમે મારી પાછળ આવનારા, ઇસ્રાઇ-
લનાં બારે કુળનો ન્યાય કરતાં બાર રાજ્યાસનો
૨૯ પર બેસશો. અને જે કોઇએ ઘરોને, કે ભાઇઓ-
ને, કે બેહેનોને, કે બાપને, કે માને, કે બાયડી-
ને, કે છોકરાંને, કે ખેતરોને, મારા નામને લી-
ધે મુકી દીધાં છે, તે સોગણું પામશે, ને અ-

તેવા હોતા નથી, માટે ઘણા જે પહેલા છે તે છેલ્લા થશે ને છેલ્લા તે પહેલા થશે.

૨૮. લુ. ૨૨; ૨૯, ૩૦. ૧ કરી. ૬; ૨. ૨ તીમ. ૨; ૧૨. પ્રક. ૧; ૬ જુઓ. યહુદા ઈશ્કારીઓત રાજ્યાસનપર નહિ બેસવા પામે, કારણ કે તે ખરા મનથી ઇશુને પગલે પગલે ચાલ્યો નહિ. ઈશુના શિષ્યો બહુ માન પામશે ખરા, પણ તે સંબંધી કેટલીક વાત આડકતરી રીતે કહેલી છે અને તેનો શબ્દેશબ્દ અર્થ કરવાનો નથી. પ્રક. ૨૧; ૧૪ જુઓ.

"પુનરૂત્પત્તિમાં" ૨ પી. ૩; ૧૩ જુઓ.

૨૯. આ લોકમાં પણ પરમેશ્વર એવા માણસોનું સારૂં કરશે (માર્ક ૧૦; ૩૦), એટલે તેમના આત્માઓનું સારૂં કરશે, પણ સાથે લોકો તરફથી તેમને સતાવણી તો થવાનીજ. માર્ક ૧૦; ૩૦ જુઓ. આ વચનનો અર્થ શબ્દેશબ્દ કરવો નહિ. કારણ કે અહીં બાયડીનું લખ્યું છે, તો પરમેશ્વર સોગણી સ્ત્રીઓ કેમ આપે?

૩૦ નંત જીવનનો વારસો પામશે. પણ ઘણા જે પ-
હેલા, તેઓ છેલ્લા થશે; ને જે છેલ્લા, તેઓ
પહેલા થશે.

---

૩૦. એટલે ઘણા જે ઇશુની સેવા કરવામાં આગળ પડતા દેખાયછે, તેઓ ઠરાવને દહાડે પાછળ રહી જશે, ને જેઓ પાછળ પડી રહેલા દેખાયછે, તેઓ આગળ આવશે.

પ્રશ્નો.

૧. ફારગતી આપવા વિષે પરમેશ્વરનો હુકમ કોઇ વખત બદલી ગયો કે નાહ? બદલી ગયો એમ તમે કહેતા હો તો પરમેશ્વરનો હુકમ શી રીતે બદલે, કારણ કે પરમેશ્વરનું મન બદલતું નથી? યહુદી લોકોએ મુસાનો હુકમ ફેરવી નાંખ્યો હતો કે નાહ?

૨. ક. ૧૨, ૧૭, તથા ૩૦મીનો ખુલાસો આપો.

૩. "તેના શિષ્યો. ....ઘણા અચરત થયા" (ક. ૨૫) તે શા વાસ્તે?

૪. આ વેળા પાલીસ્ટાઈન દેશમાં કયા કયા પ્રાંત અને કયા કયા અધિકારીઓ હતા?

૨૦ કેમકે આકાશનું રાજ્ય એક ઘરબારીના સરખું છે, જે પોતાની દ્રાક્ષવાડીને સારૂ મજૂરો

અધ્યાય ૨૦મો.

૧. આ દૃષ્ટાંત ફક્ત માત્થીની સુવાર્તામાં આપેલું છે.

ઈશુએ પોતાના શિષ્યોને જણાવ્યું કે જે માણસ દ્રવ્ય ઉપર ભરોસો રાખેછે, તેઓ આકાશના રાજ્યમાં પેસી શકતા નથી. ત્યારે પીતર બોલ્યો કે અમે તો આ જુવાનના જેવા લોભી નથી, કારણ કે બધું મૂકી દઇને તારી પાછળ ચાલ્યા છીએ, માટે અમને શું મળશે? ઉપરનું દૃષ્ટાંત આ સવાલનો જવાબ છે. તેમાં ઇશુ તેમને કહેછે કે જે લોકોએ મારે માટે સઘળું તજી દીધું છે તેમને ઘણું ઇનામ મળશે ખરૂં (અ. ૧૯; ૨૮. ૨૯ જુઓ). પણ મારી પાછળ સૌથી પહેલાં આવવું એ બસ નથી (અ. ૧૯; ૩૦ જુઓ). તમારા શિવાય બીજા ઘણા માણસો પણ આવશે એટલુંજ નહિ, પણ કદાચિત તેમને તમારા જેટલું ઇનામ મળશે હું એટલુંજ વચન આપુછું કે જેટલા મારે વાસ્તે કામ કરશે, તેટલાને ઇનામ મળશે. પણ તમે તમારાં કામ બહુ વખાણો નહિ, અને બીજાઓને તમારા જેટલું ઇનામ મળે તો કાંઈ ગેરવાજબી થયું છે એમ તમારે ન ધારવું.

(શિષ્યો એમ ધારતા હતા કે ઇશુ એક મોટું રાજ્ય સ્થાપન કરશે, જેની અંદર અમે મોટા અમલદારો થઇ જઇશું. તેથી તે રાજ્યમાં કોણ સૌથી મોટું થશે એની તકરાર ઘણી વાર ઉઠતી. શિષ્યો સારા માણસો હતા ખરા, પણ હજી બહુ સુધરેલા

મ્હોટા તેઓ ઇશુને મશીહ માનતા, પણ ન સમજતા કે તે પરમેશ્વરનો અવતાર છે. માટે પ્રીતિને લીધે એટલુંજ નહિ, પણ ફાયદો મેળવવા માટે પણ તેની પાછળ ચાલ્યા. તેમની અપૂર્ણ પ્રીતિને લીધે વાંધા ચાલતા હતા. એક બીજાની અદેખાઇ કરતા એટલુંજ નહિ, પણ કોઈ નવું માણસ આવતુ તો તેનો વિશેષ ખાર કરતા. તેઓએ એક વખતે બાળકોને ધમકાવી હતી (અ. ૧૯; ૧૩ જુઓ). વળી માર્ક ૯; ૩૮ જુઓ. આ વખતે 'તેમનું મન સાફ લોભી દેખાયું. આ વાત ઉપરથી આ શીખામણ મળેછે કે આપણે કયારે ખ્રીસ્તી થયા એ સૌથી મુખ્ય વાત નથી. કેટલાએક માણસો એવા છે કે એક દિવસમાં તેઓ જેટલું કામ કરી શકે તેટલું કામ બીજા માણસો સાત દિવસમાં કરી નથી શકતા. કોઇ ઘરડો માણસ ખ્રીસ્તની, સુવાર્ત્તા પહેલી વખતે સાંભળતાંજ ખ્રીસ્તી થાય તો જે માણસ જન્મથી ખ્રીસ્તી છે તેના જેટલુંજ તેને ઈનામ મળશે. ઇશુના શિષ્યો વાજબી ઈનામ માટે માગણી કરતા હતા એટલુંજ નહિ," પણ કહેતા કે જે લોકો પાછળથી ખ્રીસ્તી થાય તેમના કરતાં અમારૂં ઇનામ વધારે હોવું જોઈએ. હવે જો કે પાઉલ ખ્રીસ્તી મંડળીમાં પીતરથી મોડો દાખલ થયો, તોપણ તે તેના કામમાં પાછળ નહોતો. ખુશીના સમાચાર આ છે કે જેટલા માણસો પ્રભુને અર્થે કામ કરશે તે બધા અનંત જીવન પામશે. તેથી ઓછું અથવા તેથી વધારે કોઈ પામનાર નથી. મરતી વખતે જે ચોરે ઇશુ ઉપર વિશ્વાસ રાખ્યો તે પણ સ્વર્ગના રાજ્યમાં પેઠો.

૨ પઠવાને મળસ્કામાં બહાર ગયો. અને તેણે મ-
જુરોની સાથે રોજનું એક દીનાર ઠરાવી પોતા-
૩ ની દ્રાક્ષવાડીમાં તેઓને મોકલ્યા. અને પોહોર
દહાડો ચડતે બહાર જઈને તેણે ચકલા પર બીજ
૪ જણાઓને નવરા ઉભા રહેલા દીઠા. અને તેણે
તેઓને કહ્યું કે, તમે પણ દ્રાક્ષવાડીમાં જાઓ,
ને જે કંઈ વાજબી હશે, તે હું તમને આપીશ;
૫ ત્યારે તેઓ ગયા. વળી બપોરે તથા ત્રીજે પો-
હોરે બહાર જઈને તેણે તેજ પ્રમાણે કીધું.
૬ અને અગીઆરમી હોરાએ પણ તેણે બ-
હાર જઈને બીજાઓને નવરા ઉભા રહે-
લા દીઠા; ત્યારે તે તેઓને કહેછે, કે આખો

"ઘરબારી" એટલે ઇશુ (અ. ૧૩:૨૭, ૫૨ જુઓ). "દ્રાક્ષવાડીને સારૂ મજૂરો" એટલે યહુદી લોકમાં ને પછી ખ્રીસ્તી મંડળીમાં જેઓ પ્રભુનું કામ કરશે તેઓ યશા ૫; ૧—૬. અ. ૨૧; ૩૩ જુઓ. એ કામદારો બાર શિષ્યો હતા અને તેમને વહેલા ("મળસ્કામાં") બોલાવ્યા હતા. તેમનું ઇનામ અનંત જીવન હતું.

૨. "દીનાર" અ. ૧૮: ૨૮ પર ની ટીકા જુઓ.

૪. "જે કાંઈ વાજબી હશે તે હું તમને આપીશ" જેમ પહેલા મજૂરોની સાથે તેમ આ મજૂરોની સાથે કાંઈ ચોખ્ખો ઠરાવ કરવામાં આવ્યો નહોતો. તેથી ઘરબારીએ તેમને વાજબી કરતાં વધારે પૈસા આપ્યા એવો વાંધો ઉઠયો (ક. ૧૨). કારણ કે પ્રથમ આવેલા મજૂરોએ "આખા દિવસનો તડકો તથા બોજો સહન" કીધો હતો, અને તેમને પાછળથી આવનારાઓના કરતાં વધારે મળ્યું નહિ.

૬. "અગીઆરમી હોરાએ" એટલે સાંજના પાંચ વાગ્યે.

૭ દહાડો તમે કેમ અહિયાં નવરા ઉભા રહોછો? તે-
ઓ તેને કહેછે કે, કોઇએ અમને કામે રા-
ખ્યા નથી તે માટે; તે તેઓને કહેછે, કે તમે પ-
ણ દ્રાક્ષવાડીમાં જાઓ, ને જે કંઈ વાજબી હ-
૮ શે, તે તમને મળશે. અને સાંજ પડયા પર દ્રા-
ક્ષવાડીનો ધણી પોતાના કારભારીને કહેછે કે
મજુરોને બોલાવ, ને છેલ્લાથી માંડીને પહેલા
૯ સુધી તેઓનું વતન આપ. અને જેઓ અગી-
આરમી હોરાએ આવ્યા હતા, તેઓને એક
૧૦ દીનાર પ્રમાણે મળ્યું. પછી જેઓ પહેલા હતા,
તેઓ આવીને ધારતા હતા કે અમને વત્તું મળ-

બાર શિષ્યો કરતાં બીજા કામ કરનારાઓને મોડા બોલાવેલા હતા જેમકે પાઉલ, બારનાબા, તીમોથી ઈત્યાદિ. વળી યહુદીઓ કરતાં વિદેશીઓ મોડા આવ્યા.

૭. "કોઇએ અમને કામે રાખ્યા નથી" હજી સુધી તેઓએ કોઈ બોલાવનારને ના પાડી હતી એમ નહોતું.

૮. "સાંજ પડ્યાપર" યહુદી લોકોમાં મજુરોને એમના પૈસા રોજરોજ ચુકવવામાં આવતા હતા. પુ. ૨૪; ૧૫ જુઓ.

૯. આ મજુરો કામ કરવાને તૈયાર હતા, પણ કોઇએ તેમને બોલાવ્યા નહોતા. તેથી જો કે તેઓ કામપર મોડા આવ્યા તોપણ તેઓને પહેલાના જેટલું મળ્યું. જે માણસો પ્રભુને સારૂ કામ કરેછે, તેમાંના કોઇને અનંત જીવનથી ઓછું કે વત્તું મળનાર નથી.

૧૦. ઇસુના શિષ્યો એમ ધારતા હતા કે બીજા લોકો કરતાં અમને વધારે મળશે (અ. ૧૯; ૧: ૨૦; ૨૧. લુ. ૨૨; ૨૪ જુઓ). પણ સારા માણસો કચકચ કરતા છતાં તેમને પણ આપવામાં આવેછે.

શે, ને તેઓને પણ એક દીનાર પ્રમાણે મળ્યું.
૧૧ ત્યારે તે લઈને તેઓએ ઘરધણી પર કચકચ, ક-
૧૨ રતાં કહ્યું કે, આ પાછલાઓએ એકજ હોરાનું
કામ કીધું, તો પણ અમો આખા દિવસનો તડ-
કો તથા બોજો સહન કરનારાઓની બરોબર
૧૩ તેઓને કીધા. ત્યારે તેણે તેઓમાંના એકને
જવાબમાં કહ્યું કે મિત્ર, હું તારા પર અયોગ્ય
નથી કરતો; શું તેં મારી સાથે એક દીનાર પઠર્યું
૧૪ ન હતું? તારૂં લઈને ચાલ્યો જા; પણ જેમ તને
તેમ આ છેહલાને પણ આપવાની મારી મરજી
૧૫ છે. જે મારૂં છે તેને મારી મરજી પ્રમાણે વા-
પરવાને શું મને હક નથી? હું સારો છું માટે તા-

જેમકે પીતરે મતલબીપણું બતાવ્યું, તો પણ ઈશુએ તેને વચન આપ્યું કે તને ઈનામ મળશે (આ. ૧૯; ૨૭, ૨૮). વળી લુ. ૧૫: ૩૧ જુઓ.

૧૨. મરતી વખતે એક ચોરે ઈશુ ઉપર વિશ્વાસ રાખ્યો, તેથી તે અનંત જીવન પામ્યો, પણ તેથી આપણે કચકચ કરવાનું કંઈ કારણ નથી. લુ. ૨૩; ૪૩ જુઓ.

૧૩. "મિત્ર" સાધારણ રીતે એમ બોલવાની રીત હતી. જેઓ ખરેખરા મિત્ર નહોતા તેમને પણ એવી રીતે બોલાવવામાં આવતા હતા. આ. ૨૨; ૧૨ : ૨૬; ૫૦ જુઓ.

૧૫. "હું સારો છું" પણ ધણી પહેલાને વધારે આપત તો શું તે વધારે સારો નહિ દેખત? એવો સવાલ આપણા મનમાં ઉત્પન્ન થાયછે. પણ આ દૃષ્ટાંત શિષ્યોના સ્વાર્થી મતલબ અટકાવવા સારૂ કહેવામાં આવેલું છે, માટે પહેલાને વધારે મળ્યું એમ નથી કહેલું.

૧૬ શી આંખ ભુંડી છે શું? એમ જે છેહલા, તે પ-
હેલા, ને જે પહેલા તેઓ છેહલા થશે; કેમકે તે-
ડેલા ઘણા પણ પસંદ કરેલા થોડા છે.
૧૭ અને ઇશુએ યરૂશાલેમમાં જતાં, રસ્તે બારે
૧૮ શિષ્યોને એકાંતે લઇજઇને તેઓને કહ્યું કે, જુ-
ઓ, આપણે યરૂશાલેમમાં જઇયેછિયે, ને મા-
ણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને
સ્વાધીન કરાશે, ને તેઓ તેના પર મરણદંડ ઠ-
૧૯ રાવશે. અને ઉપહાસ કરાવવાને, તથા કોરડા મ-
રાવવાને, તથા વધસ્તંભે જડાવવાને તેઓ તેને
વિદેશીઓને સોંપશે; ને ત્રીજે દહાડે તે પાછો
ઉઠશે.

"તારી આંખ ભુંડીછે શું?" એટલે તને અદેખા
ઇ આવેછે શું? કેટલાક વહેમી લોકો એમ માનેછે
કે કોઇ અદેખો માણસ ફક્ત નજર કરે તો નુક-
સાન થાય.

૧૬. અ. ૧૯; ૩૦ પરની ટીકા જુઓ.

"તેડેલા ઘણા પણ પસંદ કરેલા થોડા છે" અ.
૨૨; ૧૪ જુઓ. એટલે પરમેશ્વર પોતાનું કામ ક-
રવા સારૂ ઘણા માણસોને બોલાવેછે, પણ તેમાંના
થોડાજ વિશેષ આબરૂ મળવાને પસંદ કરવામાં
આવે છે.

૧૭—૧૯. આ ત્રીજીવાર ઇશુ પોતાના મરણ વિષે ભવિ-
ષ્ય કહેછે, તોપણ તેના શિષ્યો તે વાત ન સમજ્યા.
અ. ૧૬; ૨૧: ૧૭; ૨૨, ૨૩. માર્ક ૧૦; ૩૨—૩૪.
લુ. ૧૮; ૩૧—૩૪ વાંચો.

૧૯. યહુદી લોકોએ ઈશુને ગુન્હેગાર ઠરાવ્યો, પણ તેમને

૨૦ ત્યારે જબ્દીના દીકરાઓની માએ પોતાના
દીકરાઓની સાથે તેની પાસે આવીને પગે લા-
૨૧ ગતાં તેની કને કંઈ માગ્યું. અને તેણે તેને કહ્યું
કે તું શું ઇચ્છે છે? તે તેને કહે છે કે તારા રાજ્ય-
માં આ મારા બે દીકરાને, એકને તારી જમ-
ણી ગમ, ને બીજાને તારી ડાબી ગમ બેસવાનું
૨૨ કેહે. પણ ઇસુએ જવાબમાં કહ્યું, કે તમે જે
માગોછો તે તમે સમજતા નથી; જે વાટકો હું
પીનાર છું તે પીવાને, તથા જે બાપ્તિસ્મા હું લે-
નાર છું તે બાપ્તિસ્મા લેવાને શું તમે સમર્થ છો?

તેને મારી નાંખવાનો હક નહોતો, કારણ કે તેમના દેશમાં રૂમી રાજ્ય ચાલતું હતું, માટે રૂમી સરદારના હાથમાં તેને સોંપ્યો.

૨૦—૨૮. માર્ક ૧૦; ૩૫-૪૧ વાંચો.

૨૦. "જબ્દીના દીકરાઓની મા" એટલે યાકુબ તથા યોહાનની મા. તેનું નામ સાલોમે હતું (અ. ૨૭; ૫૬ની સાથે માર્ક ૧૫; ૪૦ સરખાવો). તેજ વેળા યાકુબ તથા યોહાન એજ વિનંતી કરતા હતા ("તમે જે માગોછો" ક. ૨૨. માર્ક ૧૦; ૩૫ જુઓ).

૨૧. "એકને તારી જમણી ગમ, ને બીજાને તારી ડાબી ગમ બેસવાનું કહે" એટલે તમથી ઉતરની પહેલી તથા બીજી જગ્યા.

૨૨. "જે વાટકો હું પીનાર છું" એટલે મને જે થવાનું છે તે. ગી. ૭૫; ૮. યશ. ૫૧; ૧૭ જુઓ.

"જે બાપ્તિસ્મા હું લેનાર છું" લુ. ૧૨; ૫૦ જુઓ. અહીં ઇસુ પોતાના વધસ્તંભે જડાવા વિષે વા-

૨૩ તેઓ તેને કેહેછે, અમે સમર્થ છિયે. પછી તે તે-
ઓને કેહેછે કે તમે મારો વાટકો પીશો ખરા,
ને જે બાપ્તિસ્મા હું લેનાર છું, તે તમે લેશો ખ-
રા; પણ જેઓને સારૂ મારા બાપથી ઠરાવાયું
છે તેઓ વગર બીજાઓને મારી જમણી ગમ,
૨૪ ને ડાબી ગમ બેસવા દેવું એ મારૂં નથી. અને
દસોએ એ સાંભળ્યું ત્યારે તેઓ એ બે ભાઈ પર
૨૫ ધુસ્સે થયા. પણ ઈશુએ તેઓને પાસે તેડીને ક-
હ્યું કે, તમે જાણોછો કે વિદેશીઓના રાજાઓ
તેઓ પર ધણીપણું કરેછે, ને જે મોટા છે તેઓ
૨૬ એઓના પર અધિકાર ચલાવેછે. પણ તમારામાં
એવું ન થાય; પણ તમારામાં જો કોઈ મોટો
૨૭ થવા ચાહે,તો તે તમારો સેવક થાય; અને જો કોઇ

ત કરેછે. આપણે બાપ્તિસ્મા લઇએ તો એમ કહેવાય
કે એમાં આપણે વધસ્તંભે જડાયા છીએ, કેમકે
તેથી કરીને આપણો જુનો સ્વભાવ મરણ પામેછે
અને આપણે નવા પુરૂષત્વને ધારણ કરીએ છીએ.
રૂ. ૬; ૪–૬. ગલ. ૫;૨૪ જુઓ.

૨૩. યાકુબને હેરોદ આગ્રીપ્પા પહેલાએ તલવારથી મારી
નાંખ્યો. પ્ર. ૧૨;૧,૨. યોહાનને ઘણી સતાવણી સં-
હન કરવી પડી.

૨૫. મશીહ આવશે ત્યારે કેવું રાજ્ય સ્થાપન કરશે તે
વિષે તે વખતે ઘણા ખોટા વિચાર ચાલતા હ-
તા, માટે તેવા વિચારો બેસાડી દેવાને ઇશુ એવી
વાત કરેછે.

તમારામાં મુખ્ય થવા ચાહે, તો તે તમારો દાસ
૨૮ થાય. જેમ માણસનો દીકરો સેવા કરાવવાને ન-
હિં, પણ સેવા કરવાને, તથા ઘણા લોકનો દંડ
આપવા સારૂ પોતાનો જીવ આપવાને આવ્યો
છે તેમ.

---

૨૮. "સેવા કરવાને" દાખલા માટે યો. ૧૩;૩–૫ જુઓ. "ઘણા લોકનો દંડ આપવા સારૂ" ૧ પી. ૧; ૧૯ જુઓ. ૧ તીમ. ૨; ૬ માં "સઘળાને સારૂ પોતાને ખંડણી રૂપે આપ્યો" એમ લખેલું છે. એ-ટલે સઘળાનો દંડ પોતે ભર્યો. દંડ એટલે કોઇ કે-દીના છૂટકા સારૂ જે પૈસા અપાય છે તે.

૨૯–૩૪. માર્ક ૧૦; ૪૬–૫૨. લુ. ૧૮;૩૫–૪૩ વાંચો. આ વાતમાં જુદી હકિકત લખેલી છે, કારણ કે માત્થીના લખ્યા પ્રમાણે બે આંધળા માણસ હતા, પણ માર્ક તથા લુકના લખ્યા પ્રમાણે ફકત એકજ હતો; બીજું, માત્થી તથા માર્ક લખેછે કે યરીખોમાં-થી નિકળ્યા પછી આ ચમત્કાર બન્યો પણ લુક જણાવેછે કે ઇશુ યરીખો પાસે આવ્યો ત્યારે તેણે આંધળા માણસને દેખતો કીધો. આનો ખુલાસો એમ છે કે ખરૂં જોતાં બે આંધળા માણસ હતા, પણ તેમાંથી જે પ્રસિદ્ધ હતો તેનાજ વિષે માર્ક તથા લુક વાત કરેછે. અને માર્ક તેને બારતીમાય કહેછે. ભૂત વળગેલા માણસ વિષે જે લખવામાં આ-વ્યું છે તેમાં તેજ કારણને લીધે એ તફાવત માલ-મ પડેછે. અ. ૮;૨૮: માર્ક ૫;૨ જુઓ. કદાચ ઇ-શુ યરીખો પાસે આવ્યો ત્યારે પહેલા વહેલાં એક આં-ધળા માણસે તેને વિનંતી કીધી હશે. પછી ઇશુની પાછળ શહેરમાં થઇને ચાલ્યો હશે, અને શહેરમાં-

૨૯. અને તેઓ યરીખોથી જતા હતા, ત્યારે લોકોનું
૩૦ મોટું ટોળું તેની પાછળ ચાલ્યું. અને જુઓ,
બે આંધળા રસ્તાની કોરે બેઠા હતા, તેઓએ ઇ-
શુનું પાસે થઇને જવાનું સાંભળીને બૂમ પાડતાં
કહ્યું કે, ઓ પ્રભુ, દાવુદના દીકરા, અમારાં પર
૩૧ દયા કર. અને તેઓ છાના રહે માટે લોકે તે-
ઓને ધમકાવ્યા, પણ તેઓએ વત્તી બૂમ પા-
ડતાં કહ્યું કે ઓ પ્રભુ, દાવુદના દીકરા, અમા-
૩૨ રા પર દયા કર. ત્યારે ઇશુએ ઉભા રહીને તે-
ઓને તેડીને કહ્યું કે, હું તમારે વાસ્તે શું કરૂં,
૩૩ તમારી શી ઇચ્છા છે? તેઓ તેને કહેછે કે પ્રભુ,
૩૪ અમારી આંખો ઉઘડી જાય. ત્યારે ઇશુ દયા ક-
રીને તેઓની આંખોને અડકયો, ને તરત તેઓ-
ની આંખો ઉઘડી; ને તેઓ તેની પાછળ ચાલ્યા.

થી નિકળીને બારતીમાયને મળ્યો હશે, ને પછી
બેઉએ ઇશુને કહ્યું હશે કે અમારાપર દયા કર. એ-
ટલે ઇશુએ તેમને દેખતા કીધા.

૨૯. "યરીખો" યહ. ૬ ઠ્ઠો અધ્યાય વાંચો. યહોશુઆએ
તે શહેરને શાપ દીધો (યહ ૬:૨૬). તોપણ હી-
એલે તે ફરીથી બાંધ્યું (૧ રા. ૧૬;૩૪). તે નાળી-
એરીનુ નગર કહેવાતું હતું (પુ. ૩૪;૩).

૩૧. "દાવુદના દીકરા" આ મશીહનું સૌથી સાધારણ
નામ હતું. અ. ૯; ૧૭:૧૫; ૨૨:૨૧; ૯, ૧૫:૨૨;
૪૨ જુઓ.

પ્રશ્નો.

૧. દ્રાક્ષવાડી સંબંધી દૃષ્ટાંતમાં બધા મજૂરોને સરખું વેતન મળ્યું તે વાજબી હતું કે નહિ?

૨. સદરહુ દૃષ્ટાંત ઉપરથી ઇશુના શિષ્યોને શીશી શિખામણો લેવાની હતી?

૩. આ અધ્યાય સુધામાં ઇશુ પોતાના મરણ વિષે કેટલીવાર બોલી ચુક્યો, અને આ વખતે તે શું વધારે બોલ્યો?

૪. પછી યાકુબની તથા યોહાનની શી હાલત થઈ (ક. ૩૩)?

૫. ઇશુનું રાજ્ય આ દુનિયાના રાજ્ય જેવું નથી એ બતાવો.

૬. ઇશુએ બે આંધળાઓને સાજા કીધા તે દૃષ્ટાંત માર્ક તથા લુકની સુવાર્તામાં પણ વાંચવામાં આવેછે, પણ સંખ્યાવિષે તથા ચમત્કાર ક્યારે થયો એ વિષે બંને સુવાર્તામાં શો વર્ણન ફેર છે તે જણાવો. તેનો ખુલાસો શો છે?

૨૧ અને જ્યારે તેઓ યરૂશાલેમની નજદીક આ-
વ્યા, ને જૈતુનના પહાડ પાસે બેથફાગે સુધી
પોહોચ્યા, ત્યારે ઇશુએ બે શિષ્યને મોકલતાં ક-
૨ હ્યું કે તમે સામા ગામમાં જાઓ, ને ત્યાં બાં-
ધેલી એક ગધેડી તથા તેની જોડે બચ્ચું તરત દે-
૩ ખશો; તેઓને છોડીને મારી પાસે લાવો. અને
જો કોઈ તમને કંઈ કેહે તો તમે કહો, કે પ્રભુને
એઓની અગત્ય છે, એટલે તે તેઓને લાગલો
૪ મોકલી દેશે. એ બધુ એ માટે થયું કે ભવિષ્ય-

અધ્યાય ૨૧ મો.

૧-૧૦. માર્ક. ૧૧; ૧-૧૧. લુ. ૧૯;૨૯-૪૦. યો. ૧૨;
૧૨-૧૯ વાંચો. રવિવારને દિવસે ઇશુનો પ્રવેશ થ-
યો. લુકે લખ્યું છે તે ઉપરથી માલમ પડેછે છે કે
આ વખતે ઇશુ યરૂશાલેમ સારૂ રડતો હતો. લુ. ૧૯;
૪૧-૪૪.

૧. બેથફાગે ગામ પાસે બેથાનીઆ ગામ પણ હતું. ક.
૧૭. માર્ક. ૧૧;૧ જુઓ. "બેથફાગે" આ શબ્દનો
અર્થ એ છે કે લીલા અંજીરની જગા.

૨. "સામા ગામમાં" એટલે ઘણું કરીને બેથફાગેમાં.
"બચ્ચું" "જેપર કોઈ માણસ કદી બેઠું નથી"
એવું, એમ માર્ક તથા લુક લખેછે. તેમની સુવાર્તા-
માં ફક્ત બચ્ચા વિષે લખવામાં આવેલું છે.

૩. ગધડીનો માલીક ઘણું કરીને ઇશુનો એક શિષ્ય હતો.
"પ્રભુને" ઇશુના શિષ્યો તેને પ્રભુ કહેતા હતા.
અ. ૧૪;૩૦:૨૬;૨૨.

૫ વાદીએ જે કહ્યું હતું તે પુરૂં થાય, કે "શીઓ-
નની દીકરીને એમ કહો, કે જો, તારો રાજા
રાંકડો, ને ગધેડાપર, એટલે બોજો લઇ જનારૂં
ગધેડાના બચ્ચા પર, બેઠલો તારી પાસે આવેછે."
૬ ત્યારે શિષ્યોએ જઇને ઇશુએ તેઓને જેવી આ-
૭ જ્ઞા કીધી હતી તેવું કીધું, એટલે તે ગધેડીને બચ્ચા
સુદ્ધાં આણી, પછી તેઓએ પોતાનાં લુગડાં તે-
૮ ઓપર નાંખીને તેને તપર બેસાડયો. અને
અતિ ઘણા લોકે પોતાનાં લુગડાં રસ્તામાં પા-
થર્યાં, ને બીજાઓએ ઝાડોપરથી ડાળીઓ કા-

૫. જખ. ૯;૯. જુઓ. વળી યશ. ૬૨;૧૧ જુઓ. શીઓન યરૂશાલેમમાંનો એક ડુંગર હતો, તેથી નગરનું નામ એ છે. શીઓનની દીકરી એટલે યરૂશાલેમના લોક. તે વેળા એક ભવિષ્યવાદીએ ભવિષ્ય કહ્યું કે ઇસ્રાએલ જય પામશે તથા આસપાસના દેશના લોક હારી જશે. તે શિવાય હમણાં પણ એ ભવિષ્ય પૂરૂં થયું છે એમ શિષ્યો સમજ્યા નહોતા. યો. ૧૨;૧૬ જુઓ. જેમ રાજાને તેમ ઇશુને ખજુરીના ઝાડની ડાળી લઇને માન આપતા હતા. યો. ૧૨; ૧૩. પ્રક. ૭;૯ જુઓ.

૭. "તેને તે પર બેસાડ્યો" એટલે લુગડાંપર. તેજ પ્રમાણે યેહુ રાજાને વાસ્તે લોકોએ એક રાજ્યાસન જેવી બેઠક તૈયાર કીધી હતી. ૨ રા. ૯;૧૩.

૮. "અતિ ઘણા લોકે" એક વેળા સત્તાવીશ લાખ માણસો પાસ્ખા પર્વને વખતે યરૂશાલેમમાં હાજર હતા. આ વખતે લોકો એવી આશા રાખતા હતા કે ઇશુ

૯. પછી રસ્તામાં પાથરી. અને આગળ ચાલનાર તથા પાછળ આવનાર લોકે બૂમ પાડતાં કહ્યું કે; દાવુદના દીકરાને હોશાંના, પ્રભુને નામે જે આવેછે તે આશિર્વાદિત છે; પરમ ઉંચામાં હોશાંના.

હમણાં તેનું રાજ્ય સ્થાપન કરશે (લુ. ૧૯;૧૧); માટે જેમ એક રાજાને તેમ ઇશુને સર્વ પ્રકારે માન આપતા હતા. વળી તેણે લાજરસને સજીવન કર્યો હતો તે વાત સાંભળીને ઘણા લોક તેને મળવાને આવ્યા. યો. ૧૨: ૭,૧૮ જુઓ.

૯. "દાવુદના દીકરાને હોશાંના" ઘણીવાર લોક ઇશુને મશીહનું નામ આપતા હતા. અ. ૯;૨૭:૧૫;૨૨: ૨૦;૩૦:૨૨;૪૨ જુઓ. યુસફ ઇશુનો બાપ ગણાયલો હતો માટે યુસફની વંશાવળી પ્રમાણે ઇશુ દાવુદનો દીકરો કહેવાતો હતો. અ. ૧;૧ જુઓ. હોશાંના એક હેબ્રી શબ્દ છે, તેનો અર્થ એ છે કે તારણ કરજે, ગી. ૧૧૮;૨૫ માંનો પહેલો શબ્દ હોશાંના છે. આ ગીત મંડપોના પર્વે અને બીજી કેટલીક આનંદ કરવાની વખતે લોકો ગાતા હતા, માટે હમણાં મશીહ આવ્યો છે એમ સમજીને એજ આનંદી ગીત ગાતા હતા. "પ્રભુને નામે જે આવેછે તે આશિર્વાદિત છે" ગી. ૧૧૮;૨૬ જુઓ. "પરમ ઉંચામાં હોશાંના" એટલે "આકાશમાં તારણ કરજે." પણ ઘણું કરીને એમ બોલવામાં તે શબ્દનો અસલ અર્થ નહોતો. પણ લોકો એવી બૂમ પાડતા હતા કે. "તમને દીર્ઘાયુષ્ય; આકાશથી તમને દીર્ઘાયુષ્ય" કારણ કે તારણ તે અનંત આયુષ્ય છે, અને તે તારણ આકાશમાંજ સંપૂર્ણ થાયછે.

૧૦ અને યરૂશાલેમમાં તે આવ્યો ત્યારે આખા નગ-
૧૧ ગેર ખળભળીને કહ્યું કે એ કોણ છે? ત્યારે લોકે
કહ્યું કે, ઇશુ ભવિષ્યવાદી જે ગાલીલના નાઝા-
રેથનો તે એ છે.
૧૨ પછી ઇશુ દેવના મંદિરમાં ગયો, ને મંદિરમાં
જે વેચાતું આપતા હતા, તથા જે વેચાતું લેતા
હતા, તે સર્વને તેણે બહાર કહાડયા; ને નાણા-
વટીઓના બાજટ, તથા કબૂતર વેચનારાઓનાં

ફરોશીઓના કહ્યા પ્રમાણે ઇશુએ લોકને બૂમ પાડવાની મના કીધી નહિ લુ ૧૯;૩૯.

૧૨-૧૪. માર્ક ૧૧;૧૫-૧૮. લુ. ૧૯;૪૫,૪૬. સોમવારને દહાડે આ બનાવ બન્યો.

આ બીજીવાર ઇશુએ એવા લોકોને મંદિરમાંથી કહાડી મૂકયા. આશરે ત્રણ વરસ ઉપર પહેલી વાર કહાડી મૂકયા હતા. યો. ૨;૧૩-૧૭. જે દહાડે ઇશુ યરૂશાલેમમાં આવ્યો તેજ દહાડે નહિ પણ પાછળને દહાડે ઉપર લખેલો બનાવ બન્યો. માર્ક ૧૧;૧૧,૧૨,૧૫ જુઓ. માર્ક ૧૧;૧૬ માં વાંચવામાં આવેછે કે ઇશુએ કોઇને મંદિરમાં થઇને કંઈ વાસણ લઈ જવા ન દીધું.

૧૨. ઘણું કરીને ચમત્કાર કરીને એમ નહિ, પણ અધિકારે ભરેલા દેખાવથી, તથા ઘણા માણસો તેના પક્ષમાં હતા તેથી, તથા વેપારી લોક પોતાને ગુન્હેગાર જાણતા હતા તેથી, ઇશુએ તેમને કહાડી મૂકયા. આ વેપારીઓ બળદ, ઘેટા, દ્રાક્ષારસ, નિમક, તેલ,

૧૩ આસનો, ઉલટાવી નાંખ્યાં. અને તેઓનું કહ્યું

વગેરે જે વસ્તુઓ યજ્ઞ કરવાના કામમાં આવતી તે વિદેશીઓનાં આંગણામાં વેચતા. એવો રીવાજ હતો કે યહુદી લોક મંદિરમાં યજ્ઞ કરવાને અથવા જઝિયો (નિ. ૩૦;૧૩-૧૫) આપવાને આવતા હતા. તેઓ પાસેથી ફકત હેબ્રી સિક્કા લેતા હતા, પણ આ માણસોમાંના ઘણા જુદા જુદા દેશના હતા, માટે નાની ફી લઇને નાણાવટીઓ તેમના પૈસા વટાવતા હતા. તોપણ એવી ફી લેવી તે નિયમ વિરૂદ્ધ હતી, એમ એક વિદ્વાન લખી જણાવેછે. મુસાના કાયદા પ્રમાણે (પુ. ૧૬;૨) મંદિરની અંદર પાસ્ખા પર્વનું હલવાન મારી નાંખવું પડયું, માટે લોકોને એવાં જનાવરો લાવતાં તસ્દી ન પડે એવા હેતુથી તે બજાર સ્થાપન કરવામાં આવ્યું. કદાચિત યહુદી લોકો એમ ધારતા હતા કે વિદેશીઓનાં આંગણામાં એવો વેપાર તથા લેણદેણ ચાલે તો કંઈ હરકત નથી.

"કબૂતર વેચનારાઓનાં" લુ. ૨;૨૪ જુઓ. પહેલીવાર ઇસુએ બળાત્કારે નહિ પણ હુકમ આપીને આ માણસોને કહાડી મૂકયા. યો. ૨;૧૬ જુઓ.

૧૩. "મારૂં........કહેવાશે", યશા. ૫૬;૭ જુઓ.

"લૂંટારાનું કોતર." યર. ૭;૧૧. આ ઉપરથી જણાયછે કે તે વખતે વેપારીઓ બહુ દગલબાજી કરતા હતા.

કે, "મારૂં ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે," એમ લ-
ખેલું છે, પણ તમે એને લૂટારાનું કોતર કીધું છે.
૧૪ પછી આંધળા તથા લંગડા તેની પાસે મંદિરમાં
૧૫ આવ્યા, ને તેણે તેઓને સાજા કીધા. અને જે
ચમત્કાર તેણે કીધા, તથા મંદિરમાં છોકરાંઓ
મોટે ઘાંટે દાવુદના દીકરાને હોશાંના કહેતાં હતાં,
એ જ્યારે મુખ્ય યાજકોએ તથા શાસ્ત્રીઓએ
૧૬ દીઠું, ત્યારે બહુ ગુસ્સે થયા. અને તેને કહ્યું કે,
એઓ શું કહેછે, તે શું તું સાંભળે છે? ત્યારે ઈસુ
તેઓને કહેછે કે, હા, "બાળકોના તથા ધાવ-
ણાઓના મોહોથી તેં સ્તુતિ પુરી કરાવી છે,"

---

૧૪. ઘણીવાર આંધળા તથા લંગડા માણસો ભીખ મા-
ગવા સારૂ મંદિર પાસે રહેતા. યો. ૯;૧. પ્રે.
૩;૨. વળી ૨ સમ. ૫;૮ જુઓ.

૧૫-૧૬. ફક્ત માત્થી લખી જણાવે છે કે છોકરાં ઈસુની
સ્તુતિ કરતાં હતાં. નાનાં બાળકો પણ મંદિરમાં
ગીત ગાતાં શીખતાં હતાં. બીજા માણસોને ૧૧૮ મું
ગીત ગાતાં સાંભળીને છોકરાં તેનો અર્થ જાણ્યા
વગર ઈસુને માન આપવાને ગાતાં હતાં.

૧૫. "મુખ્ય યાજકો" એટલે યાજકોના ચોવીશ વર્ગના
ઉપરીઓ, તથા તે વખતનો પ્રમુખ્ય યાજક, તથા
જેઓએ પ્રમુખ્ય યાજકની પદવી ભોગવી હતી તેઓ.

૧૬. "બાળકોના ....કરાવી છે" ગી. ૮;૨ જુઓ. ત્યાં
"તેં બળ સ્થાપ્યું છે" એમ લખેલું છે. બાળકોના
બોલવામાં ઈશ્વરનાં બળ તથા દયા સાફ જણાય છે,

૧૭ એ શું તમે કદી નથી વાંચ્યું? પછી તે તેઓને
મુકીને નગર બહાર બેથાનીઆમાં ગયો, ને ત્યાં
તેણે વાસો કીધો.
૧૮ અને સવારે તે પાછો નગરમાં આવતો હતો,

તેમ હમણાં જે ખરેખર ઇશ્વર તરફથી આવેલો છે તેને માટે આ બાળકો સાક્ષી આપેછે.

"શું તમે કદી નથી વાંચ્યું?" એવો સવાલ ઇશુ ઘણીવાર પૂછેછે. અ. ૧૨;૩,૫:૩૯; ૪:૨૧; ૪૨:૨૨; ૩૧. એમ જણાય છે કે યહુદી લોક શાસ્ત્ર બરાબર વાંચતા નથી એવું ઇશુનું ધારવું હતું.

૧૭. "બેથાનીઆ" એ નામનો અર્થ એ છે કે ખજુરનું ઘર. ત્યાં ઇશુનો મિત્ર લાજરસ તથા તેની બે બહેનો મારથા તથા મરિયમ રહેતાં હતાં. યો. ૧૧; ૧ જુઓ. ઘણું કરી તેમને ત્યાં ઇશુ ઉતર્યો. વિદ્વાનો કહેછે કે માત્થી, માર્ક, તથા લુકે લાજરસનું નામ નહિ લખ્યું તેનું કારણ એ છે કે લખતી વખતે તે જીવતો હતો અને તેનું નામ આપત તો ફરોશીઓ કંઇ તેને નુકસાન કરત (યો. ૧૨;૯–૧૧). પણ યોહાનની સુવાર્તા લખતી વખતે તે મરી ગયેલો હતો, માટે તેમાં તેનું નામ લખવામાં આવ્યું છે. અ. ૨૬;૬,૭. લુ. ૨૧;૩૭. યો. ૧૧;૧, ૨:૧૨;૧ જુઓ.

૧૮–૨૨. માર્ક ૧૧;૧૨–૧૪,૨૦–૨૪. માર્કની સુવાર્તામાં ઇશુએ વેપારી લોકોને મંદિરમાંથી કહાડી મૂક્યાની વાત લખી છે તે પહેલાં આ વાત લખેલી છે. ઘણું કરીને આ બે વાત માત્થી કાળમાન વિધા પ્રમાણે લખતો નથી.

૧૯ ત્યારે ભુખ્યો થયો. અને એક અંજીરીને રસ્તા-
પર જોઇને તે તેની પાસે આવ્યો, પણ એકલાં
પાતરાં વગર તેણે તેપર કંઇ ન જોઇને તેને કહ્યું
કે, હવેથી તારાપર કદી ફળ ન લાગો; ને એક-

---

૧૯. આ વખતે અંજીરીઓપર પાંદડાં પણ નહોતાં. માર્ક ૧૧;૧૩:૧૩;૨૮ જુઓ. તોપણ એક જાતની અંજીરીને ઉન્હાળાના દિવસથી બહુ વહેલાં ફળ લાગતાં હતાં. યશ. ૨૮;૪. એવાં ઝાડને ફળ પહેલાં પાંદડાં લાગતાં હતાં તેથી પાંદડાં જોઇને ઇશુએ ધાર્યું કે એને ફળ પણ છે. આ પાંદડાંવાળું ઝાડ બીજાં અંજીરનાં ઝાડ જે પાંદડાં વગરનાં હતાં તેગની વચમાં સાફ દેખાયું તેથી આશાજનક લાગ્યું. ઇસ્રાએલ કુળ તે ઝાડના જેવું હતું, કારણ કે તે સારૂં દેખાયું પણ તેમાં ફળ થયાં નહિ. માટે તેનો નાશ થયો. એવી રીતે ઈશુએ પોતાના શિષ્યોને શીખામણ દીધી.

"એકદમ તે અંજીરી સુકાઈ ગઈ" તોપણ ફક્ત બીજે દહાડે સવારે તે શિષ્યોનાં જાણવામાં આવ્યું. માર્ક ૧૧;૨૦ જુઓ.

એક બીજો એવો નાશકારક ચમત્કાર ઇશુના હાથથી થયો. મા. ૮;૨૮-૩૨. ઇશ્વરે ઇશુ, પાઊલ, સ્તેફાન તથા બીજા ઘણા માણસોને તેગના દુશ્મનોના બળાત્કારથી મરી જવા દીધા, એટલે એવાં પાપ થવા દીધાં એટલુંજ નહિ, પણ ઇશુએ બે નાશકારક ચમત્કાર કર્યા, માટે એમ જાણવું કે એમ થવાથી કોઇપણ રીતે ઇશ્વરનો મહિમા પ્રગટ થાયછે. આ વેળા એકજ ઝાડનો નાશ થયો, પણ

૨૦ દમ તે અંજીરી સુકાઇ ગઇ. અને એ જોઇને શિ-
ષ્યો અચરત થઇને બોલ્યા કે અંજીરી કેવી એ-
૨૧ કદમ સુકાઈ ગઈ. ત્યારે ઇશુએ જવાબમાં શિષ્યોને
કહ્યું કે, હું તમને ખચિત કહુંછું, જો તમને વિશ્વાસ
હોય ને સંદેહ ન આવે તો આ અંજીરીને જે થયું
તે તમે કરશો, એટલુંજ નહિ પણ જો તમે આ
પહાડને કહેશો કે, તું ખસી જા ને સમુદ્રમાં પડી
૨૨ જા, તો તેમજ થશે. અને જે કંઇ તમે વિશ્વાસ
રાખીને પ્રાર્થનામાં માગશો, તે સઘળું પામશો.
૨૩ પછી મંદિરમાં આવીને તે ઉપદેશ કરતો હતો,
એટલામાં મુખ્ય યાજકોએ તથા લોકોના વડી-
લોએ તેની પાસે આવીને કહ્યું કે, તું કયા અધિ

તેથી લાખો માણસોને સારી શીખામણ મળી છે. આપણો વિશ્વાસ ઉપરથી સારો દેખાય, પણ આપણે સારાં કામ ન કરીએ તો આખરે આપણો નાશ થવાનો.

૨૦. "એ જોઇને" એટલે "બીજે દિવસે જોઇને." માર્ક ૧૧;૨૦ જુઓ.

૨૧. અ. ૧૭;૨૦ પરની ટીકા તથા ૧ કર. ૧૩;૨ જુઓ. ઈશુ ઉપમાની રીતે વાત કરેછે. કાંઈ કઠણ કામ કરવાનું હતું, ત્યારે "પહાડ ખસેડવો છે" એમ બોલવાની રીત હતી.

૨૩–૨૭. માર્ક ૧૧;૨૭–૩૩. લુ. ૨૦;૧–૮,

૨૩. અહીં ઇશુ તેમના ફાંદામાં પડે માટે તેઓએ તેને બે સવાલ પૂછ્યા. ૧ તમારો અધિકાર કેવો છે? માનવી કે ઐશ્વર્યયુક્ત? અને અધિકાર કોની મારફત ત-

કારથી એ કામો કરેછે? ને એ અધિકાર તને
૨૪ કેણે આપ્યો? ત્યારે ઇસુએ જવાબમાં તેઓને
કહ્યું કે હું પણ તમને એક વાત પુછુંછું, તે જો
તમે કહેશો તો હું કયા અધિકારથી એ કામો ક-
૨૫ રૂંછું, તે પણ તમને કહીશ. યોહાનનું બાપ્તિસ્મા
ક્યાંથી થયું? આકાશથી કે માણસોથી? ત્યારે
તેઓએ માંહોમાંહે વિચારીને કહ્યું, જો આપણે
કહીએ કે આકાશથી, તો તે આપણને કહેશે કે,
ત્યાર તમે તેના પર કેમ વિશ્વાસ કીધો નહિ?
૨૬ એને જો આપણે કહીએ કે માણસોથી, તો
લોકોથી આપણે બિહિયેછિયે, કાંજે યોહાનને

ગને મળેલો છે? તેઓ એમ માનતા હતા કે જેઓ-
ને શાસ્ત્રીઓ અધિકાર આપે તે શિવાય બીજા કો-
ઇને શીખાડવાનો હક નથી.

૨૫. ઇસુના જેવો યોહાન કોઈ રાબ્બી અથવા વિદ્વાન મા-
ણસ પાસે ભણેલો નહોતો તોપણ બધા લોકો કબૂલ
કરતા હતા કે તેને અધિકાર મળ્યો છે. પણ યોહાન
વિષે આ યાજકો તથા ફરોસીઓએ બે મન રાખ્યાં
હતાં, કારણ કે એક વખત તેની પાસે બાપ્તિસ્મા
લેવા આવ્યા હતા (મ. ૩;૭). પણ બીજી વખત "તેને
ભૂત વળગ્યું છે" એમ તેઓએ કહ્યું હતું (મ. ૧૧;૧૮).
જો એમ કબૂલ કરે કે યોહાનને અધિકાર મળ્યો
છે તો એમ પણ કબૂલ કરવું જોઇએ કે કોઈ રાબ્બી
પાસે ભણ્યા વગર કેટલાક માણસોને ઉપદેશ કર-
વાનો હક છે, એટલુંજ નહિ પણ એમ માનવું પડે કે
ઇસુ ખરો મશીહ છે. કારણ કે યોહાને એવી સાક્ષી
આપી હતી. યો. ૧;૨૬,૨૭. ૫;૩૩.

૨૬. "આપણે લોકોથી બિહિયે છિયે" લુ. ૨૦;૬ જુ-

૨૭ ભવિષ્યવાદી જેવો સહુ માનેછે. પછી તેઓએ
ઇસુને જવાબમાં કહ્યું કે, અમે નથી જાણતાં.
ત્યારે તેણે તેઓને કહ્યું કે, હું કયા અધિકારથી
એ કામો કરૂંછું તે પણ હું તમને નથી કહેતો.
૨૮ પણ તમે શું ધારોછો? એક જણને બે દીકરા હતા,
ને તેણે પહેલા પાસે આવીને કહ્યું કે, દીકરા,
તું આજ મારી દ્રાક્ષવાડીમાં જઇને કામ કર.
૨૯ ત્યારે તેણે જવાબમાં કહ્યું કે, મારી ઇચ્છા નથી;
૩૦ તોપણ પછી તે પસ્તાઇને ગયો. અને બીજા

ઓ. "બધા લોકો આપણને પત્થરે મારશે."

૨૭. "અમે નથી જાણતા" ખરૂં જોતાં "અમે નથી કહેતા."

૨૮–૩૨. આ દૃષ્ટાંત ફક્ત માથ્થીની સુવાર્તામાં વાંચવામાં આવેછે.

૨૮. "બે દીકરા" એટલે જે યહુદીઓએ (જેમકે દાણીઓ તથા કસબણો) પહેલ વહેલાં પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે ન ચાલતાં પછી યોહાન બાપ્તિસ્મા કરનારના ઉપદેશથી પસ્તાવો કીધો તેઓ, અને ફરોશીઓ જે પરમેશ્વરની આજ્ઞા માનવાનું કબુલ કરતા હતા પણ તે પ્રમાણે ચાલતા નહોતા તેઓ. બેઉ પરમેશ્વરના દીકરા છે ને બેઉપર પરમેશ્વરે પ્રેમ કર્યો. વળી પાઉલના જેવા કેટલાક ફરોશીઓ છેવટે સ્વર્ગના રાજ્યમાં જવાના હતા. જો કે પહેલાં જતા નહોતા, તોપણ તેમને વાસ્તે પણ રસ્તો ઉઘાડો હતો. ક. ૩૧ જુઓ.

પાસે આવીને તેણે તેમજ કહ્યું. ત્યારે તેણે જ-
વાબમાં કહ્યું, સાહેબ હું જાઉછું, તોપણ તે ગયો
૩૧ નહિ. તો તે બંનેમાંથી કોણે બાપની ઇચ્છા પૂરી
કીધી? તેઓ તેને કહેછે કે પહેલાએ. ઇશુ તેઓને
કહેછે કે, હું તમને ખચિત કહુંછું કે દાણીઓ તથા
કસબેણો તમારી અગાઉ દેવના રાજ્યમાં જાય
૩૨ છે. કેમકે યોહાન ન્યાયને માર્ગે તમારી પાસે
આવ્યો, તો પણ તમે તેના ઉપર વિશ્વાસ ન કી-
ધો; પણ દાણીઓએ તથા કસબણોએ તેના પર
વિશ્વાસ કીધો; ને એ જોઇને તમે તેના પર
વિશ્વાસ કરવા સારૂ પસ્તાયા નહિ.
૩૩ તમે એક બીજું દૃષ્ટાંત સાંભળો. એક ઘરબારી
હતો જેણે દ્રાક્ષવાડી રોપી, ને તેની આસપાસ
વાડ કીધી, ને તેમાં કુંડ ખોદ્યો, ને માળો બ-

---

૩૨. "ન્યાયને માર્ગ" અ. ૨૨;૧૬. પ્રે. ૧૬;૧૭. પછી ખ્રીસ્તી ધર્મ "માર્ગ" કહેવાયેલો હતો. પ્રે. ૧૯;૯,૨૩. ધર્મની ઉઘાડી ક્રિયા જેમકે દાનધર્મ કરવું ને, ઉપવાસ, પ્રાર્થના, વગેરે જે ફરોશીઓ ઘણી ચોકસાઇથી પાળતા હતા, તેજ યોહાન પાળતો આવ્યો તોપણ ફરોશીઓએ તેની વાત ન માની.

૩૩-૪૨. માર્ક ૧૨;૧-૧૧. લુ. ૨૦;૯-૧૮ જુઓ. આ દૃષ્ટાંતમાં દ્રાક્ષવાડી એટલે ઇસ્રાએલ, ઘરબારી એટલે.પરમેશ્વર, ખેડુતો એટલે યહુદી લોક અને વિશેષે કરીને ફરોશીઓ, ચાકરો એટલે પરમેશ્વરના ભવિષ્યવાદીઓ, અને દીકરો એટલે ઇશુ ખ્રીસ્ત.

૩૩. "દ્રાક્ષવાડી" ગી. ૮૦;૮-૧૬. યશા. ૫;૧-૭. યર. ૨;૨૧. હજ. ૧૫;૧-૬.

"તેની આસપાસ વાડ કીધી" પાલેસ્તીન દેશ

નાખ્યો, ને ખેડુતોને તે ઇજારે આપી, ને પરદેશ
૩૪ ગયો. અને ફળનો વખત આવ્યો ત્યારે તેણે ફળ
લેવા સારૂ પોતાના ચાકરોને તે ખેડુતોની પાસે
૩૫ મોકલ્યા. ત્યારે ખેડુતોએ તેના ચાકરોમાંના એ-
કને પકડીને મારચો, ને બીજાને મારી નાંખ્યો,
૩૬ ને બીજાને પત્થરે મારચો. વળી તેણે પહેલાં ક-
રતાં બીજા વત્તા ચાકરોને મોકલ્યા, પણ તે-
૩૭ ઓએ તેઓને તેમજ કીધું. ત્યારે છેલ્લાં તેણે પો-
તાના દીકરાને તેઓની પાસે મોકલતાં કહ્યું કે,
૩૮ મારા દીકરાથી તેઓ દબશે. પણ ખેડુતોએ દી-
કરાને જોઇને માહોમાં કહ્યું કે, વારસ એજ છે,
આવો આપણે એને મારી નાંખીએ, ને એનો

એવો હતો કે આસપાસ દરિયો, રાન, તથા નદીઓ હોવાથી યહુદીઓ વેપારમાં તથા વ્યવહારમાં બીજા લોકોની સાથે બહુ સંબંધ રાખતા નહોતા. પ્રસ્તાવના જુઓ.

"કુંડ ખોદ્યો" ઘણું કરી યહુદી લોકો ખડકમાંથી ખોદીને દાક્ષ કુંડો બનાવતા હતા. એવા કુંડોના બે ભાગ હતા. એક જેની અંદર દાક્ષ નાંખીને પગ તળે છુંદતા હતા તે, અને બીજો નીચલો ભાગ, જેની અંદર દાક્ષનો રસ પહેલામાંથી નિકળીને વહેતો હતો. યોએ. ૩;૧૩ જુઓ.

"ઇજારે આપી" એટલે ઘરધારીને ઉપજનો ભાગ ખેડુતો આપવાના હતા.

૩૫. આ. ૨૩;૩૫. હેબ. ૧૧;૩૫–૩૮ જુઓ.

૩૮. ફરોશીઓ આ વિચાર રાખતા હતા કે ઇસુને મારી-નાંખીએ તો સઘળો અધિકાર આપણા હાથમાં રહે. યો. ૧૧;૪૭–૫૩.

૩૯ વારસો લઇએ. ત્યારે તેઓએ તેને પકડ્યો, ને
દ્રાક્ષવાડીમાંથી બહાર કહાડીને મારી નાંખ્યો.
૪૦ એ માટે જ્યારે દ્રાક્ષવાડીનો ધણી આવશે ત્યારે
૪૧ તે ખેડુતોને શું કરશે ? તેઓ તેને કહેછે કે, તે દુ-
ષ્ટોનો પૂરો નાશ તે કરશે; ને જે બીજા ખેડુતો
તેના ઋતુએ ફળો તેને પહોંચાડશે, તેઓને દ્રા-
૪૨ ક્ષવાડી સોંપશે. ઇશુ તેઓને કહેછે કે, "જે પ-
થ્થરનો ઘર બાંધનારાઓએ નકાર કીધો, તેજ
ખુણાનો મુખ્ય પત્થર થયો, એ પ્રભુથી બન્યું,

---

૩૯. "દ્રાક્ષવાડીમાંથી બહાર કહાડીને" આ વાંચીને ઇશુને શહેરબહાર મારી નાંખ્યો (યો. ૧૯;૨૦. હેબ. ૧૩;૧૨) તે વાત આપણા મનમાં ઉત્પન્ન થાયછે.

૪૧. "જે બીજા ખેડુતો" એટલે વિદેશીઓ. ક. ૪૩ જુઓ.

"ખુણાનો મુખ્ય પત્થર" એટલે ખુણા ઉપરનો પત્થર જે છાપરાને ટેકો આપેછે તે.

ગી. ૧૧૮;૨૨,૨૩ જુઓ. તે ગીત રચનાર માણસ બીજું મંદિર બાંધતી વખતે જે અમુક પત્થર કામમાં આવતો હતો તે વિષે દૃષ્ટાંત કહેછે. એમ લખવાનો પહેલો અર્થ એ છે કે તે પત્થરના જેવા યહુદી લોકો પહેલ વહેલાં ધિક્કારેલા હતા, કારણ કે બાબલ દેશમાં ગુલામોની હાલતમાં રહેતા હતા. પણ ગુલામગીરીમાંથી છુટ્યા પછી યરૂશાલેમ જઇને ઘણું માન પામ્યા. પણ ઇશુએ આ વાત કહાડી ત્યારે તેનો અર્થ એ હતો કે મારી મંડળી હાલ તો ધિક્કારવામાં આવેછે, પણ આગળ જતાં માન પામશે. પ્રે. ૪;૧૧. એફ. ૨;૨૦. ૧ પી. ૨;૬ માં લખ્યા પ્રમાણે ખ્રીસ્ત પોતે ખુણાનું મથાળું છે. તોપણ આ બે વાત મળી જાયછે, કારણ કે ખ્રીસ્ત પહેલાં

ને આપણી નજરમાં અચરત લાગેછે," એ શું
૪૩ તમે શાસ્ત્રમાં કદી નથી વાંચ્યું ? એ માટે હું ત-
મને કહુંછું કે, દેવનું રાજ્ય તમારી પાસેથી લે-
વાશે, ને જે પ્રજા તેનાં ફળ આપશે, તેઓને આ-
૪૪ પશે. અને આ પત્થર પર જે પડશે, તે ભંગાશે;
પણ જે પર તે પડશે, તેના ચુરેચુરા થઈ જશે.
૪૫ અને મુખ્ય યાજકોએ તથા ફરોશીઓએ તેનાં
દૃષ્ટાંતો સાંભળીને જાણ્યું કે, તે તેઓ સંબંધી ક-
૪૬ હેછે. પણ જ્યારે તેઓએ તેને પકડવા ચાહ્યું
ત્યારે લોકોથી તેઓ બિહિધા, કાંજે લોકો તેને ભ-
વિષ્યવાદી જેવો માનતા હતા.

યહુદી લોકોનો શીર તથા મથાળું અને પછી ખ્રીસ્તી મંડળીનો શીર ગણવામાં આવ્યો. યશા. ૨૮; ૧૬. એફ. ૧;૨૨,૨૩ જુઓ, યહુદી લોકના યાજકો તથા મોટા અમલદારો પ્રભુની સ્તુતિ કરવાને અર્થે જાણે કે એક મંદિર બાંધતા હતા, પણ જે પત્થર ઇશ્વરે નીમેલો હતો (એટલે ઇશુ ખ્રીસ્ત) તે પત્થર તેઓ કામમાં નહિ લાવ્યા તોપણ આગળ જતાં તેજ પત્થર ખુણાનું મથાળું થયો.

૪૩. "ફળ" ક. ૩૪. રૂ. ૬;૨૨. ગલ. ૫;૨૨,૨૩.

૪૪. ઇશુ ઘણાઓને ઠોકર ખવડાવનાર પત્થર દેખાયો. કારણ કે તે ફકત એક કારીગર હતો ને ચોરની પેઠે તે મરણ પામ્યો. એવી રીતે જે લોક ઠોકર ખાયછે તેમને આ લોકમાં દુઃખ વેઠવું પડશે, પણ ઠરાવને દિવસે ઇશુની નીમેલી સજા પડશે ત્યારે તેમનો પૂરો નાશ થશે. યશા. ૮;૧૪,૧૫. દા. ૨;૩૫,૪૪. ૧ પી. ૨;૮ જુઓ.

૪૬. એક બીજીવાર ઇશુને પકડવાને યત્ન કર્યો હતો. યો.૭; ૪૪-૪૬. ઇશુના દુશ્મનો એવા વિચાર રાખતા હતા કે

છાનપણે રીતે તે જલદી પકડવામાં આવે તો સારૂ; કારણ કે પાસ્ખાપર્વ જે વખતે કાંઈ કામ બની શકે એમ નથી એવો વખત પાસે આવ્યો છે. બીજું, પાસ્ખાપર્વ પછી તે જતો રહેશે. વળી ઉઘાડી રીતે નહિ, પણ કાંઈ એકાંત જગ્યાએ તેને પકડવો કારણ કે ગાલીલના લોકો પાસે હશે તો જરૂર અટકાવશે. આ ઉપરથી જણાય છે કે યહુદા દગો નહિ કરત તો ઇશુ ઘણું કરી તેમના હાથમાં આવત નહિ.

પ્રશ્નો.

૧. યરૂસાલેમના થડમાં ત્રણ ગામ હતાં તે કયાં? અને તેમનાં નામોનો અર્થ શો શો?

૨. ઇશુએ બે નાશજનક ચમત્કાર કર્યા તે કયા? તેણે શા વાસ્તે એક ઝાડનો નાશ કર્યો?

૩. ક. ૪૨ તથા ક. ૪૪ માંહેની વાતનો ખુલાસો કરો.

૪. દૃષ્ટાંત સંબંધી બે દીકરા કોણ છે (ક.૨૮)?

૫. મશીહનું સૌથી સાધારણ નામ "દાઉદનો દીકરો" હતું, પણ ઇશુ દાઉદનો દીકરો કેમ કહેવાય? કારણ કે માત્થી તથા લુકની સુવાર્તાઓમાં મરિયમની નહિ પણ યુસફની વંશાવળી લખવામાં આવી છે, અને યુસફ ઇશુનો બાપ નહોતો.

૬. જે નાણાવટીઓને ઇશુએ મંદિરમાંથી કહાડી મૂકયા તેમને ત્યાં બેસવાની શી જરૂર હતી? વળી તેઓ અને જનાવરોના વેચનારાઓ લુચ્ચાઇ કરતા તે શાપરથી જણાય છે?

૨૨ ત્યારે ઇશુએ ઉત્તર દેતાં વળી તેઓને દ્રષ્ટાંતો-
૨ માં કહ્યું કે, આકાશનું રાજ્ય એક રાજાના સ-

અધ્યાય ૨૨ મો.

૧–૧૪. ફકત માત્થીની સુવાર્તામાં આ દ્રષ્ટાંત જોવામાં આવેછે. લુ. ૧૪;૧૬–૨૪ માં જે દ્રષ્ટાંત કહેલું છે તે કેટલીક રીતે જુદું છે એટલુંજ નહિ, પણ તે ઉપરથી જે બોધ લેવાનો છે તેપણ જુદો છે. આ દ્રષ્ટાંતના બે ભાગ છે, એટલે (૧) કલમો ૧–૭; અને (૨) કલમો ૮–૧૪. પહેલા ભાગની અંદર રાજા એટલે ઇશ્વર સમજવો, તેના ચાકરો એટલે ભવિષ્યવાદીઓ તથા યોહાન બાપ્તિસ્મા કરનાર તથા પછી ઇશુના પહેલા શિષ્યો, લગ્નનું જમણ એટલે સ્વર્ગનું રાજ્ય અથવા ખ્રીસ્તી મંડળી, નહોતરાએલાઓ જેઓએ નહોતરૂં સ્વીકાર્યું નહિ એટલે યહુદી લોકો, તેમનો નાશ એટલે યરૂશાલેમનો નાશ જે ઈ. સ. ૭૦ માં થયો તે. બીજા ભાગનો અર્થ એ છે કે યહુદી લોકો ના પાડશે ત્યારે વિદેશીઓને ઇશુની સુવાર્તા પ્રગટ કરવામાં આવશે. વળી સારા, ને ભુંડા લોકો હાલ તો ભેગા રહેછે, પણ ઇશ્વર ભવિષ્યમાં તેમને જુદા પાડશે. અ. ૧૩;૨૪–૩૦, ૪૭–૫૦ જુઓ.

૧. "ઉત્તર" કોઈ માણસે સવાલ પૂછ્યો હશે અથવા લોકોના મનના વિચાર જાણી લઇને ઇશુ તે પ્રમાણે જવાબ આપેછે.

૨. "લગ્નનું જમણ" દીકરાના લગ્નને લીધે આ જમણ તૈયાર કરેલું હતું. શાસ્ત્રમાં ઘણે ઠેકાણે ઉપમાની રીતે

રચ્યુંછે, જેણે પોતાના દીકરાના લગનનું જમણ
૩ કીધું. અને લગનમાં નહોતરાએલાઓને તેડવા
સારૂ તેણે પોતાના ચાકરોને મોકલ્યા, પણ
૪ તેઓએ આવવા ન ચાહ્યું. વળી તેણે
બીજા ચાકરોને મોકલતાં કહ્યું કે, નહો-
તરાએલાઓને કહો, જુઓ, મેં મારૂં જમણ
તૈયાર કીધું છે, મારા બળદ તથા પુષ્ટ જનાવરો
કાપ્યાં છે, ને સઘળાં તૈયાર છે, લગનમાં આવો.
૫ પણ તેઓએ એ ગણકાર્યું નહિ; ને એક પો-
તાના ખેતરમાં, ને બીજો પોતાના વેપાર પર ગ-
૬ યો; અને બાકીઓએ તેના ચાકરોને પકડ્યા,
૭ ને સતાવીને મારી નાંખ્યા. ત્યારે રાજા સાંભ-
ળીને ગુસ્સે થયો, ને પોતાનું લશ્કર મોકલીને તે

કહેલું છે કે. પરમેશ્વર અથવા પ્રભુ વર છે, અને ઇ-સ્રાએલ અથવા ખ્રીસ્તી મંડળી તેને વરનારી કન્યા છે. યશ. ૬૨;૫. મ. ૯;૧૫. લુ. ૧૨;૩૬. એફ. ૫;૨૩. પ્રક. ૧૯;૭-૯ જુઓ. બાયડી પોતાના વરની સેવા મૂકી દેતાં વ્યભિચારિણી કહેવાય છે, તે પ્રમાણે ઇ-સ્રાએલમાં જે મૂર્ત્તિપૂજાનો પ્રચાર હતો તેને વ્યભિ-ચાર ગણ્યો છે. યર. ૩;૧-૪ જુઓ.

૩. "નહોતરાએલાંઓને......ચાકરોને મોકલ્યા" એસ. ૬;૧૪ જુઓ. અગાઉના કાળમાં ગુલામો એજ બ-હુધા ચાકરો હતા.

૪. "મારા બળદ તથા પુષ્ટ જનાવરો" યશ. ૨૫;૬ જુઓ.

૫. ઘણા માણસો સંસારી બાબતોમાં એવા મચેલા ર-હેછે કે ઇશ્વરી નહોતરા તરફ તેમનું લક્ષ જતું નથી.

૬. ઘણીવાર ઇશ્વરના ભવિષ્યવાદીઓને એમ થયું હતું અને થવાનું હતું. મ. ૨૩;૩૪,૩૫,૩૭ જુઓ.

૭. રાજા ગુસ્સે થયો, કેમકે તેની પ્રજાએ તેનું નહો-

ખુનીઓને મારીનાંખ્યા, ને તેઓનું નગર બા-
૮ ળીનાંખ્યું; પછી તે પોતાના ચાકરોને કહેછે કે,
લગનનું જમણ તૈયાર છે ખરૂં, પણ નહોતરા-
૯ એલા યોગ્ય ન હતા. એ માટે તમે રસ્તાઓના
નાકા પર જાઓ, ને જેટલા તમને મળે તેટલા-
૧૦ ને લગનમાં બોલાવો. અને તે ચાકરોએ બહાર
રસ્તાઓમાં જઈને ભુંડા ભલા જેટલા તેઓને

તરૂ સ્વીકાર્યું નહિ એટલુંજ નહિ, પણ તેની વિરૂદ્ધ બંડ કર્યું.

"તેઓનું નગર બાળી નાંખ્યું" તીતસના સિપાઈઓએ યરૂશાલેમ બાળી નાંખ્યું તેથી જે યહુદી લોકો ઈશ્વરની વાત ન માનતાં પાપમાં રહેતા હતા તેઓને ઈશ્વર તરફથી સજા થઈ.

૮. "નહોતરાએલા યોગ્ય ન હતા" અંત્યોખમાં પાઉલે તથા બારણાબાએ પહેલા વહેલાં યહુદી લોકને ઉપદેશ કર્યો. પણ યહુદીઓએ તેમની વાત ન માની માટે તેઓ વિદેશીઓની પાસે ગયા. પ્રે. ૧૩;૪૬ જુઓ.

૯. અ. ૨૮;૧૯ જુઓ.

૧૦. પાઉલ, સીલાસ, બારણાબા, તથા ઈશ્વરના બીજા ચાકરોએ રૂમ, કરીંથ, તથા બીજાં ઘણાં શહેરોમાં જઈને સઘળા માણસોને સ્વર્ગના રાજ્યમાં દાખલ થવાનું નહોતરૂં આપ્યું.

"ભુંડા ભલા" લોકોને ઈશ્વર ઠરાવને દિવસે જુદા પાડશે. ત્યાં સુધી આ બંને જાતનાં માણસો ખ્રીસ્તી મંડળીમાં ભેગા રહેશે. અ. ૧૩;૪૭, ૪૮ જુઓ.

મળ્યા તે સઘળાને એકઠા કીધા, એટલે બેસના-
૧૧ રાઓથી લગ્નની ભરતી થઈ. અને બેસનારા-
ઓને જોવા સારૂ રાજા માંહે આવ્યો, ત્યારે તેણે

---

૧૧. "લગ્નનો પોશાક" આ પોશાક રાજાએ દરેક નહોતરાએલાં માણસને વાસ્તે તૈયાર કર્યો હતો, માટે આ માણસ કાંઇ બહાનું કહાડી શક્યો નહિ. જે માણસો પવિત્રતા રૂપી વસ્ત્રો પહેર્યા વગર ખ્રીસ્તી મંડળીમાં રહેછે, તેઓને વહેલા મોડા કહાડી મૂકવામાં આવશે. રાજાઓ તથા બીજા મોટા લોકો આવે સમયે હમેશાં ઘણાં વસ્ત્રો તૈયાર રાખતા (યુ. ૨૭;૧૬. અ. ૬;૧૯. યા. ૫;૨ જુઓ) અને નહોતરાએલાઓને આપતા. ૨ રા. ૧૦;૨૨ જુઓ. આ માણસ પોતાનાં "મેલાં લુગડાં" (યશ. ૬૪;૬) ન ઉતારીને; એટલે પોતાની ખોટી ટેવો ન મૂકીને, આવ્યો. જે "ધોળાં વસ્ત્ર" એવા જમણની વખતે પહેરવાં યોગ્ય હતાં (સભ. ૯;૮. પ્રક. ૩;૪,૫) તે તેણે પહેર્યાં નહિ. કેટલાએક કહેછે કે આ પોશાકનો અર્થ "ખ્રીસ્તનું પુણ્ય" એમ થાયછે. પણ ઘણું કરીને તેનો અર્થ એવો છે કે "પવિત્રાઈ જે વગર કોઈ પ્રભુને દેખશે નહિ" (હેબ. ૧૨;૧૪). ગી. ૧૦૯;૧૮:૧૩૨;૯. યશ. ૧;૧૮. ૧ પી. ૫;૫. પ્રક. ૩;૪,૫,૧૮:૧૯;૮ ઉપરથી જણાય છે કે ટેવ તથા ચાલ જેથી માણસનાં ગુણ લક્ષણ માલમ પડેછે, તેને ઉપમાની રીતે માણસનું વસ્ત્ર કહેલું છે. આ લગ્નનો પોશાક જે "કુમાસી વસ્ત્ર પવિત્રોનું ન્યાયીપણું છે" (પ્રક. ૧૯;૮) તેજ છે. જે માણસ ખ્રીસ્તપર ખરો વિશ્વાસ રાખેછે તેમને ખ્રીસ્ત આ ન્યાયીપણું આપેછે.

ત્યાં લગનનો પોશાક પહેર્યા વગરના એક જણને
૧૨ દીઠો. ત્યારે તે તેને કહેછે કે, ઓ મિત્ર, તું લ-
ગનના પોશાક વિના હિયાં કેમ આવ્યો? ને તે
૧૩ અણબોલ્યો રહ્યો. ત્યારે રાજાએ ચાકરોને કહ્યું
કે, એના હાથપગ બાંધીને એને લઇ જાઓ, ને
બહારના અંધારામાં ફેંકી દો; ત્યાં રડવું ને દાંત
૧૪ પીસવું થશે. કેમકે તેડેલા ઘણા, પણ પસંદ ક-
રેલા થોડા છે.
૧૫ ત્યારે ફરોશીઓએ જઇને બોલવામાં તેને શી
રીતે ફાંદામાં નાંખે, તે સંબંધી મનસુબો કીધો.
૧૬ પછી તેઓએ પોતાના શિષ્યોને હેરોદીઓ સુદ્ધાં

---

૧૨. "મિત્ર" અ. ૨૦;૧૩ પરની ટીકા જુઓ.

૧૩. "બહારના અંધારામાં" અ. ૮;૧૨ પરની ટીકા તથા અ. ૧૩;૫૦ જુઓ.

૧૪. ઇશ્વર ઘણા માણસોને નહોતરૂં આપેછે, પણ જે થોડા માણસો તે નહોતરૂં સ્વીકારે છે તેમનેજ તે પસંદ કરેછે. જે માણસો નહોતરૂં સ્વીકારશે તે આગળથી "દેવ બાપના પૂર્વ જ્ઞાન પ્રમાણે" પસંદ કીધેલા છે (૧ પી. ૧;૨).

૧૫-૨૨. માર્ક ૧૨;૧૩-૧૭. લુ. ૨૦;૨૦-૨૫ વાંચો. ઇશુને ઉપદેશ કરવાનો હક નથી એમ બતાવવા માટે ફરોશીઓએ આ વખત પહેલાં ઘણા યત્ન કર્યા હતા (અ. ૨૧;૨૩), પણ હવે રૂમી રાજ્યની વિરૂદ્ધ કંઇ બોલાવવાને માટે તેને એવો સવાલ પૂછ્યો (લુ. ૨૦;૨૦).

૧૬. માર્ક ૩;૬ જુઓ. ફરોશીઓ સ્વદેશાભિમાની હતા પણ હેરોદીઓ યહુદી છતાં પણ હેરોદ રાજાના તથા

તેની પાસે મોકલીને કહ્યું કે, ઓ ઉપદેશક, અમે જાણિયેછિયે કે તું સાચો છે, ને સાચાઇથી દેવનો માર્ગ બતાવેછે, ને તું કોઇની ચિંતા નથી કરતો, કાંજે માણસોનું મોહો તું નથી રાખતો;
૧૭ માટે તું શું ધારેછે? કાઇસારને કર આપવો ઉ-

રૂમી લોકના પક્ષમાં હતા. આ બન્ને પક્ષવાળા એક બીજાપર દ્વેષ રાખતા હતા, પણ ઇશુ તેમની વિરૂદ્ધ ભાષણ કરતો (અ. ૧૧;૮:૧૫;૭–૯:૨૩;૧૩ ઇત્ત.) તેથી તેઓ તેનાપર અધિક દ્વેષ રાખતા, અને તેનો નાશ કરવાને તેઓ મળી ગયા.

કેટલીક વાતમાં હેરોદીઓ શાદુકીઓનો મત ધરાવતાં હતા. અ. ૧૬;૬ પરની ટીકા જુઓ.

"અમે જાણિયે છિયે કે તું સાચો છે" એ ફક્ત તેમનો ઢોંગ હતો. ક. ૧૮. લુ. ૨૦;૨૦ જુઓ.

"તું કોઇની......રાખતો" એટલે જે સાચું છે તે તું કહેશે, કારણ કે મત આપતી વખતે તું કોઈ માણસથી બિહિતો નથી, અને તું કોઈ માણસની ખુશામત કરવા ચહાતો નથી.

૧૭. "કાઇસારને કર આપવો ઉચિત છે કે નહિ?" પુ. ૧૭;૧૫ માં એમ લખેલું છે કે "પારકું માણસ જે તારો ભાઈ નથી તેને તું પોતાપર ન ઠરાવ" આ વાતનો યહુદી લોકે એવો અર્થ કરતા હતા કે કોઈ પરદેશી રાજાને કે અમલદારને કર આપવો નહિ. તોપણ આસુરીઆ, બાબલ, મિસર, તથા ઇરાનના રાજાઓને કર આપવામાં આવ્યો હતો.

વિશેષે કરીને જજિયો આપવાનું યહુદી લોકોને

૧૮ ચિત છે કે નહિ? તે અમને કહે. પણ ઈસુએ
તેઓની ભુંડાઈ જાણીને કહ્યું કે, ઓ ઢોંગીઓ,
૧૯ તમે મારૂં પરીક્ષણ કેમ કરોછો? કરનું નાણું
મને દેખાડો. ત્યારે તેઓ એક દીનાર તેની પાસે
૨૦ લાવ્યા. ત્યારે તે તેઓને કહેછે કે, આ સુરત ને
૨૧ સિક્કો કોણનાં છે? તેઓ તેને કહેછે કે કાઈસા-
રનાં. ત્યારે તે તેઓને કહેછે કે, જે કાઈસારનાં

અયોગ્ય લાગતું અને તેથી એકવાર બળવો થયો હતો (પ્ર. ૫;૩૭). જજિયો આપવો, એમ જો ઈસુ કહે તો તેની સામે ઘણા યહુદીઓ ઉઠે, અને જજિયો નહિ આપવો એમ ઈસુ કહે તો રૂમી ગવર્નર તેના પર રૂઠે ને તેને સજા કરે, આ બેમાંથી એક રીતે ઈસુને ફસાવવાના ઈરાદાથી તેઓએ તેને ઉપરનો સવાલ પૂછ્યો. પછી આ છેલ્લી ફર્યાદ ઈસુની વિ-રૂદ્ધ કરેલી હતી. લુ. ૨૩;૨ જુઓ.

૧૮. "ઓ ઢોંગીઓ" લુ. ૨૦;૨૦ જુઓ.

૧૯. "દીનાર" અ. ૨૦;૨ પરની ટીકા જુઓ. આ રૂમી નાણું યહુદી લોક વાપરતા હતા. દરેક માણસને વા-સ્તે એટલોજ કર ઠરાવેલો હતો.

૨૦. "સુરત" યહુદી લોક મૂર્તિપૂજાથી એટલું બિહિતા હતા કે તેમના સિક્કાપર ઘણું કરીને તેમના રાજાઓની સુરત કોતરેલી નહોતી, પણ હેરોદ ફિલિપે તીબેર-યસ કાઈસાર મહારાજાને ખુશી રાખવા માટે તેની સુરત સિક્કાપર છપાવી હતી. સુરતની આસપાસ તેનું નામ તથા તેની અટક લખેલાં હતાં.

૨૧. યહુદી વિદ્વાનો એવો મત ધરાવતા હતા કે "જેનો સિક્કો ચાલેછે એજ રાજા છે." ઈસુ એમ જણાવેછે કે કાઈસારના સિક્કા વાપરવાથી તમે કબૂલ કરોછો કે

તે કાઇસારને, તથા જે દેવનાં, તે દેવને ભરી
૨૨ આપો. અને એ સાંભળીને તેઓ અચરત થયા,
ને તેને મુકીને ચાલ્યા ગયા.
૨૩ તેજ દહાડે શાદુકી જે કહેછે કે, પુનરૂત્થાન નથી,
તેઓએ તેની પાસે આવીને તેને પૂછતાં કહ્યું,
૨૪ ઓ ઉપદેશક, મુસાએ કહ્યું છે કે, જો કોઇ ન-
છોરવો મરી જાય, તો તેનો ભાઈ તેની બાયડીને
પરણે, ને પોતાના ભાઈને સારૂ વંશ ઉપજાવે.
૨૫ તો અમારામાં સાત ભાઇ હતા, ને પહેલો પર-
ણીને મરી ગયો, ને તે નછોરવો છતાં પોતાના

તમારા દેશમાં કાઇસારનું રાજ્ય ચાલેછે માટે તેને કર આપવો જોઇએ. રૂ. ૧૩;૧-૭. ૧ પી. ૨; ૧૩-૧૭ જુઓ. પણ તમારી પાસે ઇશ્વર માગેછે કે પૈસાની વાત હોય કે પછી બળિદાનની હોય કે પ્રીતિની હોય તો તે બાબત ગફલત ન કરવી. ઇશ્વરનું જો અપમાન ન થતું હોય અથવા તો ઇશ્વરની સેવા કરવામાં આપણને જો તેથી હરકત થતી ન હોય તો આપણે અમલદારોની આજ્ઞા પાળવી જોઇએ. જ્યાંસુધી અમલદારો આપણને પાપમાં દોરતા નથી ત્યાંસુધી તેઓની ઇચ્છાને આધીન ન રહેવાનું કોઇને કાંઈ કારણ નથી.

૨૨-૨૩. માર્ક. ૧૨;૧૮-૨૭. લુ. ૨૦;૨૭-૩૮ વાંચો.

૨૩. "શાદુકી" અ. ૩;૭ પરની ટીકા જુઓ. શાદુકીઓ ઘણે ભાગે મોટા લોક તથા યાજકો હતા. પ્ર. ૫; ૧૭ જુઓ.

૨૪. પુ. ૨૫;૫-૧૦. રૂથ ૪;૬-૧૦ જુઓ.

૨૬ ભાઇને સારૂ પોતાની બાયડી મુકી ગયો. તે પ્ર-
માણે બીજો તથા ત્રીજો સાતમા સુધી મરી ગયા.
૨૭ અને સહુથી છેલ્લી તે બાયડી પણ મરી ગઇ.
૨૮ એ માટે પુનરૂત્થાનમાં પેલા સાતોમાંની કોણની
૨૯ બાયડી તે થશે? કાંજે તે સહુની થઈ હતી. ત્યારે
ઇશુએ જવાબમાં તેઓને કહ્યું કે, ધર્મલેખો તથા
૩૦ દેવનો પરાક્રમ ન જાણતાં તમે ચુકોછો. કેમકે
પુનરૂત્થાનમાં તેઓ પરણતા નથી, ને પરણા-
વતા નથી, પણ દેવના આકાશમાંના દૂતો સ-
૩૧ રખા છે. અને મરી ગએલાઓના પુનરૂત્થાન
સંબંધી દેવે જે તમને કહ્યું, તે શું તમે નથી વાં-
૩૨ ચ્યું? કે "હું ઇબ્રાહીમનો દેવ, તથા ઇસહાકનો
દેવ, તથા યાકુબનો દેવ છું"; દેવ મુએલાઓ-

---

૨૯. શાદુકીઓ ભૂલ ખાતા હતા કારણ કે તેમના શાસ્ત્ર-
માં પુનરૂત્થાન વિષેનો વિચાર આપેલો છે (ક ૩૧,
૩૨). અને ઇશ્વરના પરાક્રમથી પુનરૂત્થાન થશે એ-
ટલુંજ નહિ પણ પુનરૂત્થાન પછી માણસો નવા રી-
વાજ તથા નવી ટેવો શીખશે (ક. ૩૦) તે વાત
તેમના મગજમાં ઉતરી નહિ.

૩૨. નિ. ૩;૬,૧૬. શાદુકીઓ મુસાના કાયદાને વિશેષ
માન આપતા હતા અને તેઓ કહેતા કે તેના પુ-
સ્તકની અંદર પુનરૂત્થાન વિષે કાંઇ લખેલું નથી;
માટે ઇશુએ એજ પુસ્તકમાંથી એ વાત કહાડી બ-
તાવી. અલબત્ત જુના કરારના બીજા પુસ્તકોમાં પુ-
નરૂત્થાન વિષે તથા અનંત જીવનવિષે સારૂ લખેલું

૩૩ નો દેવ નથી, પણ જીવતાઓનો છે. ત્યારે લોકો
એ સાંભળીને તેના ઉપદેશથી અચરત થયા.
૩૪ અને. ફરોશીઓએ સાંભળ્યું કે તેણે સાદુકીઓનું
૩૫ મોંહો બંધ કીધું, ત્યારે તેઓ એકઠા થયા; અને

•છે. પુ. ૧૯;૨૫,૨૬. ગી. ૧૬;૧૦,૧૧. યશા. ૨૬;
૧૯. દા. ૧૨;૨ જુઓ.

• મુસાના વખતમાં ઇશ્વરે કહેલું કે "હું ઇબ્રાહીમનો દેવ છું," પણ મરણથી ઇબ્રાહીમનો સંપૂર્ણ નાશ થવાનો હોત અને તેની હયાતીનો તદ્દન અંત આવવાનો હોત, તો ઇશ્વર એમ બોલત નહિ. જે માણુસ બિલકુલ હયાત નથી, તેનો રક્ષકદેવ ઇશ્વર કેમ હોય?

દેવ ફકત જીવતાઓની સંભાળ રાખનારો છે, પણ જો કે ઇબ્રાહીમ મરી ગએલા છે તોપણ તેની તે સંભાળ રાખેછે, માટે ઇબ્રાહીમ જીવેછે એમ સમજવું. આ વાત ઉપરથી અનુમાન થઈ શકેછે કે પુનરૂત્થાન થશે, કારણ કે ઇબ્રાહીમ જીવનો હોય તો હાદેસમાં (મરી ગયેલાઓની જગ્યામાં) રહીને તે પુનરૂત્થાનની વાટ જુએછે. હેબ. ૧૧;૧૬. જુઓ.

૩૪-૪૦. માર્ક ૧૨;૨૮-૩૪. લુ. ૧૦;૨૫-૨૮. લુકની સુવાર્તામાં આ સવાલ આ વખત પહેલાં પૂછવામાં આવ્યો હતો.

૩૫. આ માણુસ શાસ્ત્રી પણ હતો (માર્ક ૧૨;૨૮). વિદ્વાનો કહેછે કે જે શાસ્ત્રીઓ વડીલોના સંપ્રદાય નહિ પણ ફક્ત લખેલા નિયમોનો ખુલાસો આપવાનું કામ કરતા હતા, તેમને "પંડિતો" કહેતા.

તેઓમાંથી એક પંડિતે તેનું પરીક્ષણ કરવા સારૂ
૩૬ તેને પુછતાં કહ્યું કે, ઓ ઉપદેશક, નિયમશાસ્ત્રમાં
૩૭ કયી આજ્ઞા મોટી છે? ત્યારે ઇશુએ તેને કહ્યું
કે, "પ્રભુ જે તારો દેવ, તેપર તું તારા આખા
હૃદયથી, ને તારા આખા જીવથી, ને તારા આ
૩૮ ખા મનથી પ્રીતિ કર." પહેલી ને મોટી આજ્ઞા
૩૯ એ છે. અને બીજી એના સરખી છે કે "જેવી
પોતાપર તેવી પોતાના પડોશીપર તું પ્રીતિ કર."
૪૦ આ બે આજ્ઞા આખા નિયમશાસ્ત્ર તથા ભવિ-
૪૧ ષ્યવાદીઓનો પાયો છે. અને ફરોશીઓ એકઠા મળેલા હતા, ત્યારે ઇશુએ તેઓને પુછતાં

તેણે સારા હેતુથી ઇશુનું પરીક્ષણ કર્યું, કેમકે તે દેવના રાજ્યથી વેગળો નહોતો. માર્ક ૧૨;૩૪ જુઓ.

૩૭. પુ. ૬;૫ જુઓ. આ શબ્દો ઘણું કરીને આ પંડિતના સ્મરણ પત્રપર લખેલા હતા. અ. ૨૩;૫ પરની ટીકા જુઓ. આજ અધ્યાયમાંથી ઇશુએ શેતાનની વિરૂદ્ધ બે વાત કહાડી હતી. અ. ૪; ૭, ૧૦ જુઓ.

માર્ક ૧૨;૩૨–૩૪ માં આ પંડિતનો જવાબ વાંચવામાં આવેછે. એની વાત સાંભળીને ઇશુ બોલ્યો, "તું દેવના રાજ્યથી વેગળો નથી."

૩૯. લે. ૧૯;૧૮ જુઓ.

૪૦. "નિયમ શાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓ" એટલે આખો જુનો કરાર.

૪૧–૪૬. માર્ક ૧૨;૩૫–૩૭. લુ. ૨૦;૪૧–૪૪ વાંચો.

૪૨ કહ્યું કે, મશીહ સંબંધી તમે શું ધારોછો ? તે
કોણુનો દીકરો છે ? તેઓ તેને કહેછે કે, દાવુદનો.
૪૩ તે તેઓને કહેછે, તો દાવુદ આત્માવડે તેને પ્રભુ
૪૪ કેમ કહેછે ? [જેમકે,] "પ્રભુએ મારા પ્રભુને
કહ્યું કે, તારા શત્રુઓને હું તારૂં પાદાસન કરૂં
૪૫ ત્યાં સુધી તું મારી જમણીગમ બેસ." હવે જો
દાવુદ તેને પ્રભુ કહેછે, તો તે શી રીતે તેનો દીકરો
૪૬ છે ? અને એક પણ શબ્દનો ઉત્તર કોઇ આપી
શક્યો નહિ, ને તે દહાડેથી તેને કંઇ પુછવાને
કોઇએ છાતી ચલાવી નહિ.

---

૪૩. આ વાત ઉપરથી જણાયછે કે (૧) ૧૧૦ મું ગીત દાવુદનું રચેલું હતું; (૨) લખતી વખતે પવિત્ર આત્માએ દાવુદને મદદ આપી; (૩) આ ગીત મશીહ વિષે લખેલું હતું. પ્રે. ૨;૩૪. હેબ. ૧;૩;૫;૬ ઉપરથી એમ પણ માલૂમ પડેછે.

૪૪. ગી. ૧૧૦;૧ જુઓ.

"તું મારી જમણીગમ બેસ" એટલે મારી સાથે રાજ્ય ચલાવ. અ. ૨૦;૨૧. ૧ કર. ૧૫;૨૫. હેબ. ૧;૧૩:૧૦;૧૨,૧૩ જુઓ.

૪૫. જો દાવુદ મશીહને પ્રભુ કહે તો એમ સમજવું કે જોકે મશીહ દાવુદની વંશાવળીમાંનો એક હતો, તોપણ તે ફક્ત માણસ નહોતો પણ દાવુદનો પ્રભુ હતો.

૪૬. યહુદીઓ સમજતા હતા કે આ ગીત મશીહ વિષે લખેલું છે માટે મશીહ પ્રભુ છે એમ કબુલ કર્યા વિના તેઓ જવાબ આપી શકતા નહોતા. પણ તેઓનું ધારવું એમ હતું કે મશીહ ફક્ત એ માણસની રાજા થશે.

પ્રશ્નો.

૧. હેરોદીઓ કોણ હતા અને કર આપવા વિષે તેમનો મત શો હતો?

૨. દૃષ્ટાંતમાં જે લોકો રાજાની સાથે નહિ જમ્યા તેમને તેણે શા વાસ્તે મારી નંખાવ્યા?

૩. દૃષ્ટાંતમાં—"લગ્નનો પોશાક" એટલે શું?

૪. ઠરાવને દિવસે કોની સંખ્યા વધારે નિકળશે? ભલા લોકોની કે ભુંડાની?

૫. કાઇસારને કર આપવો એમ ઇશુએ ઉચિત ઠરાવ્યો કે નહિ?

૬. યહુદીઓના મત પ્રમાણે મશીહ કેવો થવાનો હતો?

૨૩ ત્યારે ઇશુએ લોકોને તથા પોતાના શિષ્યોને કહ્યુ
૨ કે, શાસ્ત્રીઓ તથા ફરોશીઓ મુસાના આસનપર
૩ બેસેછે. એ માટે જે કંઈ તેઓ તમને પાળવાનું
કહે, તે પાળો ને કરો; પણ તેઓના કામ પ્રમા-
ણે ન-કરો, કાંજે તેઓ કહેછે, પણ કરતા નથી.
૪ કેમકે ભારે તથા ઉંચકવાને અઘરો બોજો તેઓ
બાંધીને માણસોની ખાંધોપર મુકેછે, પણ તેઓ
પોતે પોતાની એક આંગળીએ તેને ઉપાડવા ચા-
૫ હાતા નથી. અને લોકો જુએ તે માટે તેઓ
પોતાનાં સઘળાં કામ કરેછે; તેઓ પોતાનાં સ્મ-

અધ્યાય ૨૩ મો.

૧-૩૭. માર્ક ૧૨;૩૮-૪૦. લુ. ૧૧;૩૯-૫૨:૨૦;૪૬,૪૭.

૨. "મુસાના આસનપર બેસેછે" એટલે મુસાને ઠેકાણે શિક્ષકો થયા છે. શિક્ષકો શીખવતી વખતે બેઠેલા રહેતા. અ. ૫;૧ પરની ટીકા જુઓ.

૩. ફરોસીઓના કહેવામાં તથા કરવામાં ઘણો ફેર હતો, માટે ઇશુ કહેછે કે આ માણસો મુસાના કાયદાનો ખુલાસો આપે ત્યારે તેમની વાત માનો, પણ તેમનાં કામ પ્રમાણે તમે ન કરો, કારણ કે પોતાના બોલવા પ્રમાણે તેઓ વર્તતા નથી.

૪. મુસાના જે કાયદા તથા ક્રિયા સખત તથા મુશ્કેલીથી કરી શકાય તેવાં હતાં (પ્રે. ૧૫;૧૦) તે શાસ્ત્રીઓ લોકોને શીખાડતા હતા. પણ તે તેઓ પોતે પાળતા નહિ. રૂ૰ ૨;૧૭-૨૩ જુઓ. પણ ઇશુ કહેતો કે "મારી ઝુંસરી સહેલ, ને મારો બોજો હલકો છે" (અ. ૧૧;૩૦), અને તે જેમ કહેતો તેમ કરતો.

૫. અ. ૬;૧-૧૮ જુઓ.

"સ્મરણ પત્રોને" નિ. ૧૩;૧૬. પુ. ૬;૮:૧૧;

રણુપત્રોને પહોળાં બનાવેછે, ને પોતાનાં લુગડાનાં
૬ ફુમતાં પણ મોટાં કરેછે. વળી જમણવારોમાં

૧૮ માં જે લખેલું છે તેનો અર્થ ભૂલથી શબ્દે શબ્દ લઇને ચર્મપત્રના કટકા ઉપર નિ. ૧૨;૩-૧૦, ૧૧-૧૬. પુ. ૬;૪-૯:૧૧;૧૩-૨૧ શાસ્ત્રોમાંથી આ ચાર કહાડેલી વાત લખીને જે દાબડીની અંદર આ લખાણ રાખતા, તે દાબડી પોતાના ડાબા હાથપર તથા કપાળપર યહૂદી લોકો બાંધતા. સ્મરણપત્રો પહેરવાં એ માણસના ભાવિકપણાની નિશાની હતી, માટે ફરોસીઓ આ દાબડી પહોળી બનાવીને પોતાનો ભક્તિભાવ બતાવતા.

તેર વરસની ઉમર પછી યહુદી લોક ઘણું કરીને આ સ્મરણપત્રો પ્રાર્થના કરતી વખતે પહેરતા, પણ જેઓ વધારે ધાર્મિક દેખાવા ચહાતા તેઓ તો તે હમેશાં પહેરી રાખતા. વહેમી લોકો સ્મરણપત્રોને તાવીજ સમજતા હતા.

"લુગડાનાં ફુમતાં" અ. ૯;૨૦ પરની ટીકા તથા અ. ૧૪;૩૬ જુઓ.

૬. જમતી વખતે યહુદી લોક કોચ ઉપર અઢેલતા. દરેક કોચપર ત્રણજણ બેસતા. ગૃહસ્વામી હમેશાં પોતાની પાસે મોટા અથવા વહાલા માણસોને રાખતો. યો. ૧૩;૨૩ જુઓ.

સભાસ્થાનોમાંનો જે ભાગ યરૂશાલેમ તરફ હતો ત્યાં એક પેટી રહેતી જેની અંદર નિયમશાસ્ત્ર સાચવી રાખવામાં આવતું. તેની પાસે મુખ્ય આસનો હતાં. તેપર ઘણું કરીને વડીલો તથા મોટા લોકો બેસતા.

મુખ્ય જગાઓ તથા સભાસ્થાનોમાં મુખ્ય આ-
સનો, તથા ચહુટાઓમાં સલામો, તથા માણસ
તેઓને સ્વામી સ્વામી કહે એ તેઓ ચાહેછે.
૮ પણ તમે સ્વામી ન કહેવાઓ; કેમકે એકજ
તમારો સ્વામી ખ્રીસ્ત છે, ને તમે સઘળા ભાઈ
૯ છો. અને પૃથ્વીપર તમે કોઈને તમારો બાપ ન
કહો, કાંજે એક જે આકાશમાં, તે તમારો
૧૦ બાપ છે અને તમે ગુરૂ ન કહેવાઓ, કેમકે એક,
૧૧ જે ખ્રીસ્ત, તે તમારો ગુરૂ છે. પણ તમારામાંનો
૧૨ જે મોટો તે તમારો સેવક થાય. અને જે કોઈ
ઉંચો થવા જશે, તે નીચો થશે; ને જે કોઈ

---

૭. "સ્વામી, સ્વામી" વધારે માન બતાવવા માટે બેવાર "સ્વામી" કહેતા.

૯. એટલે તમે કોઈ માણસને તમારો બાપ કહો, તો ઇશ્વર જે તમારો ખરો બાપ છે તેને ભૂલશો માં. "સ્વામી," "બાપ," "ગુરૂ" એવાં માન ભરેલાં નામને તમે બહુ ચાહો નહિ.

પાઉલ પ્રેરિત કેટલાક માણસોને પોતાના દીકરા ગણતો હતો (૧ કર. ૪;૧૫. ૧ તીમ. ૧;૨. તીત. ૧;૪). ગલાતીઓને તે વખતે દીકરા (ગલ. ૪;૧૯) ને વખતે ભાઇઓ (ગલ. ૬;૧,૧૮) કહેતો હતો.

૧૧. અ: ૨૦;૨૬,૨૭ જુઓ. જે ખરૂં જોતાં સહુથી સારો છે તે સહુથી નમ્ર માલૂમ પડેછે. એવો નમુનો નજરે પાડવા સારૂ ઇસુએ એક વખતે શિષ્યોના પગ ધોયા (યો. ૧૩;૫). વળી અ. ૨૦;૨૮ જુઓ.

૧૨. જે સહુથી નમ્ર છે, તે સહુથી મોટો છે, પણ "જે કોઈ

નીચો થવા જશે, તે ઉંચો થશે.
૧૩ અને ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
ધિક્કાર; કેમકે આકાશનું રાજ્ય લોકોની સામા તમે
બંધ કરોછો; કાંજે તેમાં તમે પોતે પેસતા નથી, ને જે
૧૪ પેસેછે તેઓને તમે પેસવા દેતા નથી. ઓ શા-
સ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને ધિ-
ક્કાર; કેમકે વિધવાઓનાં ઘરોને તમે ખાઇજાઓ
છો, ને ઢોંગથી લાંબી પ્રાર્થનાઓ કરોછો; તે સારૂ

પહેલો થવા ચહાએ તો તે સહુથી છેલ્લો તથા સ-હુનો સેવક થશે" (માર્ક ૯;૩૫). લુ. ૧૪;૧૧:૧૮; ૧૪. પા. ૪;૧૦. ૧ પી. ૫;૬ જુઓ.

૧૩. "આકાશનું રાજ્ય......તમે બંધ કરોછો" અ. ૧૬; ૧૯ પરની ટીકા જુઓ. કોઈ માણસ શાસ્ત્રી થતો ત્યારે તે સમજતો કે મને જ્ઞાન દરવાજો ઉઘાડવાને કુંચી મળી છે (લુ. ૧૧;૫૨). પણ આ શાસ્ત્રીઓ તેમની કુંચીઓવડે સ્વર્ગનું રાજ્ય ઉઘાડવાને બદલે બંધ કરતા હતા. યો. ૯;૨૨:૧૨;૪૨ જુઓ.

૧૪. "વિધવાઓનાં ઘરોને તમે ખાઈ જાઓછો" એટલે જોર જુલમ કરીને અથવા દાનધર્મ તરીકે તેમના પૈસા તમે પોતા સારૂ લેવાથી તમે વિધવાઓની માલમિલ્કત તમે ખુંચવી લોછો.

"લાંબી પ્રાર્થનાઓ" એક અજાએબ જેવી વાત એ છે કે મુસાના પુસ્તકોમાં પ્રાર્થના કરવાનો કોઈ સારૂ હુકમ લખેલો નથી.

૧૫ તમે વત્તો દંડ ભોગવશો. ઓ શાસ્ત્રીઓ તથા
ફરોશીઓ, ઢોંગીઓ, તમને ધિક્કાર; કેમકે તમે
એક શિષ્ય મેળવવા સારૂ સમુદ્રે તથા પૃથ્વીએ
ફરીવળોછો; ને જ્યારે તે થયો ત્યારે તમે તેને
પોતા કરતાં બમણો નરકનો દીકરો બનાવોછો.
૧૬ ઓ આંધળા દોરનારાઓ, તમને ધિક્કાર; તમે
કહોછો કે જો કોઇ મંદિરના સમ ખાયછે તો

૧૫. ઘણું કરી યહુદીઓ ઝાઝા શિષ્યો કરતા નહિ, તોપણ ઘણા માણુસો તેમના શિષ્યો થયા. પ્રે. ૨; ૧૦: ૧૩; ૪૩ જુઓ. યહુદીઓ તથા વિદેશીઓ આ થયેલા યહુદીઓને નીચ ગણતા હતા, એટલુંજ નહિ, પણ ખરૂં જોતાં તેમનો ઘણો ખરો ભાગ દુષ્ટ હતો. કોઈ માણુસ પોતાનો ધર્મ ખોટો સમજીને મુકી દે તો એ ઘણું સારૂં, પણ આ માણુસો ઘણું કરી ખોટી મતલબથી યહુદી થયેલા, અને ફરોશીઓ કરતાં વધારે ચોકસાઈથી બહારની ક્રિયાં પાળતા. તેઓ જુઠા વિદેશીઓ હોઇને વધારે જુઠા યહુદીઓ થયા. આ થયેલા યહુદીઓના બે વર્ગ હતા. એક વર્ગવાળાને સુંનત કરવામાં આવતી નહિ, પણ પાલીસ્ટાઈન દેશમાં રહેતાં સુધી યહુદીઓના ઘણા હુકમ તથા ક્રિયાઓ પાળતા હતા. બીજા વર્ગવાળાઓને સુંનત કરવામાં આવતી એટલુંજ નહિ, પણ હરેક રીતે યહુદીઓની માફક તેઓ વર્તતા. આ બીજા વર્ગવાળા વિષે ઇશુ અહીં વાત કરેછે.

૧૬. અ. ૫; ૩૩–૩૭ જુઓ.

"મંદિરના, સોનાના સમ" મંદિરના ભંડારમાં જે સોનું અર્પણ કરેલું હતું તે. મંદિર કરતાં તે વધારે અર્પિત ગણાતું હતું. અ. ૧૫; ૫ જુઓ.

કંઈ નહિ, પણ જો કોઈ મંદિરના સોનાના સમ
૧૭ ખાયછે તો તે બંધાયલો છે. ઓ મૂર્ખો તથા આં-
ધળાઓ; વત્તું મોહું કયું? સોનું, કે સોનાને
૧૮ પવિત્ર કરનારૂ મંદિર? અને જો કોઈ હોમવે-
દીના સમ ખાયછે તો તે કંઈ નહિ, પણ જો કોઈ
તે પરના અર્પણના સમ ખાયછે તો તેથી બંધાયલો
૧૯ છે. ઓ મૂર્ખો તથા આંધળાઓ; વત્તું મોહું
કયું? અર્પણ કે અર્પણને પવિત્ર કરનારી હોમ-
૨૦ વેદી? એ માટે જે કોઈ હોમવેદીના સમ ખાયછે,
તે તેના તથા જે સઘળાં તેપર છે તેના પણ સમ
૨૧ ખાયછે. અને જે કોઈ મંદિરના સમ ખાયછે, તે
તેના તથા તેમાં જે રહેછે તેના પણ સમ ખાયછે.
૨૨ અને જે આકાશના સમ ખાયછે, તે દેવના આ-
સનના તથા તેપર બેસનારના પણ સમ ખાયછે.
૨૩ ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
ધિક્કાર; કેમકે ફુદનાનો તથા હનુસનો તથા જી-
રાનો દશમો ભાગ તમે આપોછો; પણ નિયમ
શાસ્ત્રની ભારે વાતોને, એટલે ન્યાયકરણ તથા
દયા તથા વિશ્વાસને તમે મુકી દીધાં છે; તમારે

---

૨૩. કેટલાએક યેહુદીઓ એમ સમજતા હતા કે કેટલાક કાયદા મોટા ને કેટલાક નાના છે. આપણે નાના કાયદા પાળીશું, તો આ લોકમાં આપણને લાભ મળશે; પણ મોટા કાયદા પાળીશું, તો પરલોકમાં આપણું સારૂં થશે.

પુ. ૧૨; ૧૭માં લખેલું છે તે ઉપરથી માલૂમ પડશે કે ધાન્ય, દ્રાક્ષારસ, તથા તેલનો દશમો ભાગ આપવો,

૨૪ એ કરવાં ને તે ન મુકવાં જોઈતાં હતાં. ઓ આં-
ધળા દોરનારાઓ, તમે મચ્છરને ગાળી કહાડો
૨૫ છો, પણ ઉંટને ગળી જાઓછો. ઓ શાસ્ત્રીઓ
તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને ધિક્કાર; કાંજે
તમે થાળી વાટકો બહારથી શુદ્ધ કરોછો, પણ
૨૬ માંહે જુલમ તથા અન્યાય ભરેલો છે. ઓ આં-
ધળા ફરોશી, તું પહેલાં થાળી વાટકો માંહેથી
શુદ્ધ કર, કે તેઓનું બહારનું પણ શુદ્ધ થઇજાય.

પણ ફરોસીઓ (લે. ૨૭; ૩૦ માં જે લખેલું છે તેને લીધે કદાચિત) હલકી વસ્તુઓનો દશમો ભાગ પણ આપતા હતા.

"જીરાં" યશ. ૨૮; ૨૫, ૨૭ જુઓ.

૨૪. અ. ૭; ૪ જુઓ.

મચ્છરને અશુદ્ધ ગણેલા હતા (લે. ૧૧; ૨૩, ૪૨) માટે તેને કહાડચો. ઊંટ પણ અશુદ્ધ હતું (લે. ૧૧; ૪) તે છતાં તેને ગળી ગયા. "અમુક મોટું જનાવર" એમ કહેવાને બદલે યહુદીઓ "ઉંટ" કહેતા હતા. અ. ૧૯; ૨૪ જુઓ.

૨૫. મતલબ. બહારથી તમારાં કામ સારાં દેખાય છે, પણ અંદરખાનામાં તમારી અપવિત્રતા કાયમ રહે છે.

૨૬. માર્ક ૭; ૪ જુઓ.

મતલબ. તમે અંદરથી પવિત્ર થાઓ તેથી તમારાં કામ પણ સારાં નિકળશે. ફકત બહારથી ધર્મ પાળીએ તેમાં કંઈ નથી.

૨૭ ઓ શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, ત-
મને ધિક્કાર; કેમકે ધોળેલી કબરના જેવા તમે
છો, જે બહારથી શોભાવંતી દેખાયછે ખરી, પણ
માંહે મુડદાંના હાડકાંએ તથા હરેક અશુદ્ધપણા
૨૮ એ ભરેલી છે. તેમ તમે પણ માણસોની આ-
ગળ બહારથી ન્યાયી દેખાઓછો ખરા, પણ
૨૯ માંહેથી ઢોંગે તથા ભુંડાઇએ ભરેલા છો. ઓ
શાસ્ત્રીઓ તથા ફરોશીઓ, ઢોંગીઓ, તમને
ધિક્કાર; કેમકે તમે ભવિષ્યવાદીઓની કબરો બાં-
ધોછો, ને ન્યાયીઓની કબરો શોભાવંતી કરોછો;
૩૦ ને કહોછો કે, જો અમે અમારા બાપદાદાઓના
દહાડાઓમાં હોત, તો તેઓની સાથે ભવિષ્ય-
૩૧ વાદીઓના ખુનમાં અમે ભાગિયા ન થાત. એ-

૨૭. "ધોળેલી કબર" પણ લુ. ૧૧; ૪૪ માં "જે કબરો દેખાતી નથી" એમ લખેલું છે. યહુદીઓ એમ સમજતા કે કોઇ માણસ કબર ઉપર ચાલે તો તેનું શરીર અશુદ્ધ થયું, માટે હરવરસે તેઓ બધી કબરો સફેદ કરાવતા, તેથી ધોળેલી કબર જોઇને લોકો એક બાજુપર રહીને ચાલતા.

૨૯. મંદિરમાં જે અર્પણ કરવામાં આવતું, તેનો એક ભાગ આ કામમાં લાવતા.

૩૧. મતલબ. તમે તેમને "બાપ" કહોછો, અને તમે ખરેખર તેમના છોકરા છો, કારણ કે તેમના જેવાં તમારાં કામ છે.

થી તમે પોતા સબંધી સાક્ષી આપોછો કે ભવિ-
ષ્યવાદીઓને મારી નાંખનારાઓના દીકરા તમે
૩૨ છો. તો તમે પોતાના બાપદાદાઓનું માપ પુરૂં
૩૩ ભરો. ઓ સર્પો, સાપોલીઆંના વંશ, નરકના
૩૪ દંડથી તમે શી રીતે બચશો? એ માટે જુઓ, ભવિ-
ષ્યવાદીઓને તથા જ્ઞાનીઓને તથા શાસ્ત્રીઓને હું
તમારી પાસે મોકલુંછું, ને તમે તેઓમાંના કેટલા-
એકને મારી નાંખશો, ને વધસ્તંભે જડશો, ને તે-
ઓમાંના કેટલાએકને તમારાં સભાસ્થાનોમાં કો-
રડા મારશો, ને નગરે નગર તેઓની પુંઠે લાગશો;
૩૫ કે ન્યાયી હાબેલના લોહીથી તે બારખીઆના દી-
કરા જાખરીઆ, જેને મંદિરની તથા હોમવેદીની

---

૩૨. ઇશુની ઇચ્છા નહોતી કે તેઓ પાપી રહે, તોપણ દુઃખી થઈને તે કહેછે કે તમારી ઇચ્છા હોય તો તમારા બાપના જેવાં પાપ કરતા જાઓ.

૩૩. અ. ૩; ૭: ૧૨; ૩૪ જુઓ.

૩૪. "તમે તેઓમાંના કેટલાએકને મારી નાંખશો" જેમકે સ્તેફાનને પત્થરે મારી મારીને મારી નાંખ્યો (પ્રે. ૭; ૫૯). અ. ૨૧; ૩૫ જુઓ. પીતરને વધસ્તંભે જડવામાં આવ્યો હતો.

"કેટલાએક તમારાં સભાસ્થાનોમાં કોરડા મારશો" અ. ૪; ૨૩ પરની ટીકા તથા અ. ૧૦; ૧૭. પ્રે. ૨૨; ૧૯: ૨૬; ૧૧. ૨ કર. ૧૧; ૨૪ જુઓ.

"નગરે નગર" પ્રે. ૮; ૧: ૯; ૨: ૧૩; ૧૦: ૧૪; ૫, ૬, ૧૯ ઇત્યાદિ જુઓ.

૩૫. "બારખીઆના દીકરા જાખરીઆ" જે જાખરીઆ "પ્રભુના ઘરના આંગણામાં" મારી નંખાયેલો હતો (૨ કા. ૨૪; ૨૦—૨૨) તે યહોયદાનો દીકરો હતો. જાખરીઆ જે બારખીઆનો દીકરો હતો તે ભવિ-

વચ્ચે તમે મારી નાંખ્યો હતો, તેના લોહી સુધી જે બધા ન્યાયીઓનું લોહી પૃથ્વી પર રેહેવડા-

ણ્ય વાતનું પુસ્તક રચનાર હતો (જખ. ૧; ૧) અને તેને મારી નાંખવામાં આવ્યો હતો એમ લખેલું નથી. આ માત્થીની અથવા ઇશુની ભૂલ નથી. કારણ કે જાખરીઆના ખુન વિષે બધા લોકો જાણતા હતા. અહીં પહેલા જાખરીઆ વિષે માત્થી વાત લખતો હોય તેમ જણાય છે, કારણકે (૧) લુ ૧૧; ૫૧માં ફકત "જાખરીઆ" એમ વાંચવામાં આવે છે, માટે એમ સંભવે છે કે તે પ્રખ્યાત જાખરીઆ વિષે બોલે છે; (૨) યહુદી લોકના હેબ્રી બૈબલમાં કાલ વૃત્તાંતનું બીજું પુસ્તક છેલ્લું પુસ્તક હતું, માટે આખા બૈબલમાં જેટલા માણસો મારી નંખાયેલા હતા તેમના ખુન વિષે વાત કરવાની 'હતી, તેથી ઉત્પત્તિમાં જેનું ખુન થયું, એટલે હાબેલ, તેનું અને કાલવૃતાંતના બીજા પુસ્તકમાં જેનું ખુન થયું.' એટલે જાખરીઆનું, આ બે નામો લેવામાં આવ્યાં.

ઘણું કરીને બારખીઆ જાખરીઆનો બાપ હતો અને યહોયદા બારખીઆનો બાપ. તેથી જાખરીઆ યહોયદાનો પૌત્ર હતો. તોપણ ૨ કા. ૨૪; ૨૦માં તે તેનો દીકરો કહેવાયેલો છે. આમ કહેવાની સાધારણ રીત હતી: જેમકે, એઝ. ૫; ૧માં "ઇદ્દોનો પુત્ર જાખરીઓ" એમ લખેલું છે, પણ જખ. ૧; ૧માં "ઇદ્દોના દીકરા બારખીઆના દીકરા જાખરીઆ" એમ લખેલું છે.

"તમે મારી નાંખ્યો હતો" એટલે જો કે તમારા

૩૬ બધું જુલમથી વહેવડાવેલું ન્યાયીઓનું લોહી, તે તમ પર આવે. હું તમને ખચિત કહુંછું કે એ બધું આ પેઢી પર આવશે.
૩૭ ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, ભવિષ્યવાદીઓને મારીનાખનાર, ને જેઓને તારી પાસે મોકલ્યા છે તેઓને પત્થરે મારનાર, જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠાં કરેછે, તેમ તારાં છે-

---

બાપદાદાઓએ આ કામ કર્યું, તો પણ એમાં તમે પણ ગુન્હેગાર છો, કારણ કે તમે તેમના જેવા ખુની છો.

"તે તમપર આવે" ઘણીવાર છોકરાં બાપના પાપની સજા ભોગવે છે. છોકરાં બાપના પાપમાં રહે તો પોતાનાં પાપની સજા પામે એટલુંજ નહિ, પણ બાપના પાપની સજા પણ તેઓ ભોગવે.

૩૭–૩૯. લુ. ૧૩; ૩૪, ૩૫ વાંચો. તે ઉપરથી માલૂમ પડે છે કે આ વખત પહેલાં ઇશુએ એક બીજીવાર એજ વાત કહી હતી.

૩૭. "ઓ યરૂશાલેમ, યરૂશાલેમ" બેવાર નામ બોલીને ઇશુ દિલગીરી બતાવે છે. અં. ૨૭; ૪૬ જુઓ.

"ભવિષ્યવાદીઓને મારી નાંખનાર" ૧ થેસ. ૨; ૧૫ જુઓ.

"તેઓને પત્થરે મારનાર" જેમકે સ્તેફાન (પ્ર. ૭; ૬૦), જાખરીઆ (૧ કા. ૨૪; ૨૧).

"જેમ મરઘી.........એકઠાં કરેછે" પુ. ૩૨; ૧૧ જુઓ.

"કેટલીવાર" એટલે ઇશુ આ પૃથ્વીપર હતો ત્યારે, એટલુંજ નહિ, પણ હમેશાંથી.

ળાંને એકઠાં કરવાની મેં કેટલીવાર ઇચ્છા બતા-
૩૮ વી, પણ તમે ઇચ્છા બતાવી નહિ! જુઓ, ત-
મારે સારૂ તમારૂં ઘર ઉજડ કરી નાંખવામાં આ-
૩૯ વ્યું છે. કેમકે હું તમને કહુંછું કે પ્રભુને નામે જે
આવેછે તે આશિર્વાદિત છે, એવું કહેશો ત્યાં સુ-
ધી હવેથી તમે મને નહિજ દેખશો.

---

૩૮. "તમારૂં ઘર" એટલે મંદિર. તે ઉજડ થશે, કારણ કે ખ્રીસ્ત તે મૂકીને જાયછે ને ફરીને આવશે નહિ (ક. ૩૯). તે ઇશુનું (અ. ૨૧; ૧૩) તથા યહુદીઓનું ઘર હતું, પણ ઇશુ ચાલ્યો જાયછે, માટે તે યહુદીઓનુંજ રહેશે. યર. ૨૬; ૬, ૯ જુઓ.

૩૯. "પ્રભુને નામે જે આવેછે તે આશિર્વાદિત છે" આ વાક્ય ગી. ૧૧૮; ૨૬ માંથી ઉતારી લીધેલું છે.

"એવું કહેશો ત્યાંસુધી" એટલે તમે કબુલ કરશો કે હું મશીહ છું ત્યાંસુધી. અ. ૨૧; ૯ જુઓ. એવી વેળા આવેછે કે ઇશુ ફરી આવશે ત્યારે ખરા યહુદીઓ ખુશીથી તેનો આવકાર કરશે. રૂ. ૧૧; ૨૫, ૨૬ જુઓ.

"હવેથી તમે મને નહિજ દેખશો" તેના પુનરૂત્થાન પછી ઇશુ "સર્વ લોકોને નહિ" પણ ફક્ત પોતાના શિષ્યોને પ્રગટ થયો (પ્રે. ૧૦; ૪૧).

પ્રશ્નો.

૧. ઇશુ ફરોશીઓને ઢોંગી ગણતો હતો, તોપણ તે શા વાસ્તે લોકોને કહેછે કે ફરોશીઓનું કહેવું પાળો (ક. ૩)?

૨. ક. ૯ મીનો ખુલાસો કરો.
૩. મંદિરનું સોનું (ક. ૧૬) એટલે શું !
૪. જે જાખરીઆ ક. ૩૫ મીમાં વાંચવામાં આવેછે તે કોણ ?
૫. જે ભવિષ્યવાદીઓ મારી નંખાયલા હતા, તે બધાનું લોહી ફરોશીઓપર આવવાનું હતું તે બાજબી કેમ હોય

૨૪ પછી ઇશુ નિકળીને મંદિર પાસેથી જતો હતો, ને તેના શિષ્યો તેને મંદિરની બાંધણીઓ દેખા-

અધ્યાય ૨૪ મો.

૧–૨૨. માર્ક ૧૩; ૧–૨૦. લુ. ૨૧; ૫–૨૪ વાંચો. માર્ક તથા લુકની સુવાર્તામાં જે લખ્યું છે તે પ્રમાણે આ વખત પહેલાં મંદિરના ભંડારમાં બે નાસરી નાંખનાર દરિદ્રી વિધવા વિષેની વાત બની.

૨૪ મા તથા ૨૫ મા અધ્યાયોમાં ઇશુ બોધ આપે છે. તે બોધની અંદર (૧) યરૂશાલેમના નાશ વિષે (ક. ૧–૨૨), (૨) જગતના અંત વિષે (ક. ૨૩–૩૧) ઇશુ ભવિષ્ય ભાખે છે; અને (૩) તે બે વાત સંબંધી કેટલાંએક દૃષ્ટાંત આપેછે (ક. ૩૨—અ. ૨૫ માના અંતસુધી).

૧. મંદિરની બાંધણી કેવડી મોટી છે તે તેના શિષ્યોએ તેને દેખાડયું, કારણકે ઇશુ એમ બોલી ચૂકયો હતો કે "તમારૂં ઘર ઉજડ કરી નાંખવામાં આવ્યું છે" (અ. ૨૩; ૩૮). તેમને સવાલ એ ઉત્પન્ન થયો કે એવડી મોટી તથા મજબૂત ઈમારતનો નાશ શી રીતે થાય ?

મંદિર વિષેનો થોડો ઈતિહાસ નીચે લખેલો છે:— પહેલું મંદિર બાંધવાની તૈયારી દાવુદ રાજાએ કીધી હતી (૧ કા. ૨૯; ૨). પછી સુલેમાન રાજાએ તે બંધાવ્યું (૧ રા. ૬; ૨). બાબેલના રાજા નબુખદનેસરના લશ્કરે તે બાળી નાંખ્યું (૨ રા. ૨૫; ૯). બીજું મંદિર જરૂબાબેલે બાંધ્યું હતું (એઝ. ૩;૮). આંતીઓખસ અપિફાનેસે તે અપવિત્ર કર્યું હતું. મ.

૨ દુવાને પાસે આવ્યા. ત્યારે ઇશુએ તેઓને કહ્યું
કે, શું તમે એ બધાં નથી દેખતા? હું તમને ખ-
ચિત કહુંછું કે જે પડાશે નહિજ, એવો પત્થર
પર પત્થર એક પણ હિયાં રેહેવા દેવાશે નહિ.

હાન હેરોદ રાજાએ તે સમું કરાવ્યું, અને છેંતાળીસ વરસ સુધી તે કામ ચાલ્યું હતું (યો. ૨; ૨૦). તૈતસના વખતમાં તેનો નાશ થયો (ઇ. સ. ૭૦).

મંદિરની કેટલીએક હકિકત નીચે લખેલી છે:—
જે મોરીઆં પર્વત ઉપર ઇબ્રાહીમે ઇસહાકને અર્પણ કર્યો હતો તેજ પર્વત ઉપર મંદિર બાંધવામાં આવ્યું. તેના બે ભાગ હતા, એટલે પરમ શુદ્ધ સ્થાન, જેની લંબાઈ ત્રીશ ફુટ તથા પહોળાઈ ત્રીશ ફુટ હતી તે, અને શુદ્ધ સ્થાન જેની લંબાઈ સાઠ ફુટ અને પહોળાઈ ત્રીશ ફુટ હતી તે. આ બે ભાગની વચ્ચે જે પડદો હતો તે ઇશુના મરણની વખતે ફાટી ગયો. પરમ શુદ્ધ સ્થાનમાં ઈશ્વરનો કોષ હતો, અને તેમાં પ્રમુખ્ય યાજક શિવાય બીજો કોઇ માણસ કદી પેસતો નહોતો. પ્રમુખ્ય યાજક ફકત પ્રાયશ્ચિત્તને દિવસે પેઠો. શુદ્ધ સ્થાનમાં જે મેજપર અર્પેલી રોટલી રાખતા હતા તે, તથા ચોખ્ખા સોનાનો દીપ વૃક્ષ, અને ધૂપ બાળવાની વેદી હતાં. ફકત સુલેમાનના મંદિરમાં ઇશ્વરનો કોષ હતો.

૨. મંદિરના પાયામાં ઘણા મોટા પત્થર હતા, તો પણ તેમનો પૂરો નાશ થયો. રૂમી સેનાપતિ તૈતસના વખતમાં એ પ્રમાણે બન્યું. તૈતસના સિપાઇઓએ યરૂશાલેમ ઘેરી લીધું અને જય મેળવીને મંદિર

૩ પછી જૈતુનના પહાડ પર તે બેઠો હતો, ત્યારે
શિષ્યોએ એકાંતે તેની પાસે આવીને કહ્યું કે, એ
બધું ક્યારે થશે ? ને તારા આવવાની તથા એ
કાળની સમાપ્તિની શી નિશાની થશે ? તે અ-
૪ મને કહે. ત્યારે ઇશુએ જવાબમાં તેઓને
કહ્યું કે, તમને કોઈ ન ભુલાવે માટે સાવધાન
૫ રહો. કેમકે મારે નામે ઘણા એમ કહેતા આવ-

બાળી નાંખ્યું. ત્યારપછી તૈતસે એ ત્રણ બુરજ શિવાય મંદિર તથા આખું શહેર ખોદાવી નંખાવવાનો હુકમ કર્યો, તેથી ઇશુનું ભવિષ્ય ખરૂં પડ્યું. યરૂશાલેમ નાશ પામશે એવું ભવિષ્ય જખરીઆએ પણ ભાખ્યું હતું (જખ. ૧૪; ૨).

૩. ઇશુ મંદિરમાંથી નિકળીને કિદ્રોનની ખીણમાં ઉતર્યો. પછી જૈતુનના પહાડપર ચડી ગયો. ત્યાંથી મંદિરનો દેખાવ બરાબર માલૂમ પડ્યો.

"શિષ્યોએ" પીતર, યોહાન, યાકુબ, તથા આંદ્રયા આવ્યા હતા (માર્ક ૧૩; ૩). પાછળથી બીજા શિષ્યો પણ આવ્યા હશે.

"એ બધું ક્યારે થસે ? ને તારા આવવાની... .. શી નિશાની થશે ?" યરૂશાલેમનો નાશ થયો ત્યારે ખ્રીસ્ત આવ્યો એમ કહેવાય ખરૂં; પણ યરૂશાલેમનો નાશ તથા ખ્રીસ્તનું છેલ્લું આવવું જુદાં છે, તોપણ શિષ્યો તે બન્નેને એકજ સમજતા હતા.

૫. ખોટા મશીહો આવશે તે પહેલી નિશાની સમજવી. યોહાનના વખતમાં યરૂશાલેમનો નાશ થયા પહેલાં આ ભવિષ્યવાત પૂરી થઇ (૧ યો. ૨; ૧૮).

૬ શે, કે, હું તે ખ્રીસ્ત છું, ને ઘણાંને ભુલાવશે. અ-
ને લડાઇઓ તથા લડાઇઓના સમાચાર તમે
સાંભળશો; ત્યારે જોજો, ગભરાતા ના, કેમકે એ
બધું થવાની અગત્ય છે, પણ એટલામાં અંત
૭ નથી. કાંજે પ્રજા પ્રજાને ઉલટી, તથા રા-
જ્ય રાજ્યને ઉલટું ઉઠશે, ને દુકાળો તથા મ-
રકીઓ તથા કેટલેએક ઠેકાણે ધરતીકંપો થશે.
૮ એ બધાં દુઃખોનો આરંભ છે. ત્યારે તેઓ તમ-
૯ ને વિપત્તિમાં નાંખશે, ને તમને મારી નાંખશે,
ને મારા નામને લીધે સઘળા દેશોનાં તમારો દ્વેષ
૧૦ કરશે. અને તે વેળા ઘણાઓ ઠોકર ખાશે, ને
એક બીજાને પરસ્વાધીન કરાવશે, ને એક બીજા
૧૧ પર વૈર કરશે. અને જૂઠા ભવિષ્યવાદીઓ ઘણા

---

૬. લડાઇઓ તથા લડાઇઓના સમાચાર ફેલાશે એ બી-
જી નિશાની સમજવી. યરૂશાલેમનો નાશ થયા પ-
હેલાં આખી દુનિયામાં લડાઈ ચાલતી હતી.

૮. "દુઃખોનો" જે ગ્રીક શબ્દનો આ તરજુમો છે તેનો
અર્થ "બાળકને જણવાની વેદના" એવો છે. આવું
દુઃખ સહન કર્યા પછી જગત નવો જન્મ પામે છે.
રૂ. ૮; ૨૨ જુઓ.

૯. અ. ૧૦;૨૧,૨૨. પ્રે. ૨૮;૨૨. ૧પી. ૨; ૧૨ જુઓ.

૧૦. "ઘણાઓ ઠોકર ખાશે" ૨પી. ૩; ૪ જુઓ.

૧૧. "જૂઠા ભવિષ્યવાદીઓ" યરૂશાલેમને ઘેરી લેવામાં
આવ્યું ત્યારે જૂઠા ભવિષ્યવાદીઓ ઉદ્ધાર કરનારના
આવવા વિષે ભવિષ્ય કહ્યાં કરતા હતા. ૨પી. ૨;૧.
૧ યો. ૪; ૧ જુઓ.

૧૨ ઉઠશે, ને ઘણાને ભુલાવશે. અને અન્યાય વધી
જવાના કારણથી ઘણાઓનો પ્રેમ થંડો થઈ
૧૩ જશે. પણ અંત સુધી જે ટકશે તે તારણ પામ-
૧૪ શે. અને સર્વ દેશનાઓને સાક્ષી થવા સારૂ રા-
જ્યની આ સુવાર્ત્તા આખા જગતમાં પ્રગટ
કરાશે; ને ત્યારે અંત આવશે.

---

૧૩. લુ. ૨૧; ૧૯ જુઓ.

"અંતસુધી જે ટકશે" એટલે જે નિત્ય દૃઢ રહેશે તે.

૧૪. "સર્વ દેશનાઓને" યહુદી લોકોને, એટલુંજ નહિ પણ વિદેશીઓને પણ ખ્રીસ્તની સુવાર્ત્તા પ્રગટ કરવામાં આવશે.

"સાક્ષી થવા સારૂ" એકજ તારનાર એટલે ઇ-શુ આવેલો છે, એવી લોકોને જેથી જાણ થાય એવી સાક્ષી.

"આ સુવાર્ત્તા" એટલે જે લોકો નિત્ય દૃઢ વિશ્વાસ રાખશે તે તારણ પામશે એવી જે સારી ખબર તે આપી ચૂક્યો હતો તે. ક. ૧૩ જુઓ.

"આખા જગતમાં" પણ અ. ૧૦; ૨૩ માં લ-ખેલું છે કે ઈસ્રાએલનાં સઘળાં નગરોમાં સુવાર્ત્તા પ્રગટ થયા પહેલાં માણસનો દીકરો આવશે. તેનો ખુલાસો એ છે કે જે દેશોમાં લોકની વસ્તી હતી અને જે દેશોથી લોકો જાણીતા હતા તે દેશોને લોક સાધારણ રીતે "આખું જગત" કહેતા હતા. આ બધા દેશમાં યહુદીઓ ફેલાઈ ગયા હતાં ને ત્યાં શ-હેરો વસાવતા હતા. ઇશુ આવ્યો (એટલે યરૂશાલેમ નાશ પામ્યું) ત્યાર પહેલાં આ બધા દેશોમાં સુવાર્ત્તા

૧૫ એ માટે ઉજડ સ્થિતિના અમંગળપણા[ની નિ-
શાની] જે સંબંધી દાનીએલ ભવિષ્યવાદીએ કહેલું
છે, તેને જ્યારે તમે પવિત્ર જગ્યાએ ઉભેલી જુઓ
૧૬ (જે વાંચે તે સમજે), ત્યારે જે યહુદામાં હોય

પ્રગટ કરવામાં આવી હતી. કલ. ૧; ૫, ૬ જુઓ. થોડાંએક યહુદીઓનાં શહેર બાકી રહ્યાં હશે.

૧૫. "ઉજડ સ્થિતિના અમંગળપણા (ની નિશાની)" દા. ૯; ૨૭ જુઓ. એટલે દેવસ્થાન વટાળવાનો અપરાધ જે તે ઉજડ થવાનું કારણ તથા સૂચક ચિન્હ છે તે. ૧ રા. ૧૧; ૫, ૭, ઈસ. ઉપરથી માલૂમ પડે છે કે મૂર્તિપૂજા વિષે "અમંગળપણું" એવો સબ્દ શાસ્ત્રોમાં વાપરેલો છે. હવે રૂમી સિપાઇઓ તેમના વાવટા ઉપર ગરૂડની મૂર્તિ રાખતા, અને વખતે તેની આગળ પૂજા કરતા. વળી ઇતિહાસ ઉપરથી ખબર મળેછે કે યરૂશાલેમનો નાશ થયા પહેલાં જ્યારે તેતસના સિપાઇઓએ મંદિર તાબે કરી લીધું હતું, ત્યારે તેઓએ વાવટા મંદિરમાં ઉભા કરીને વાવટા આગળ હોમ કર્યો હતો. એથી ઇશુનું ભવિષ્ય પૂરૂં થયું.

"પવિત્ર જગ્યાએ" એટલે મંદિરની અંદર.

૧૬. એટલે રૂમી લશ્કર મંદિર સર કરશે ત્યારે યરૂશાલેમમાંથી નાશી જવાને વખત નહિ મળે; પણ જે માણસો યરૂશાલેમ બહાર યહુદા પ્રાંતમાં રહેછે, તેમને મંદિર તાબે કર્યાની ખબર મળે ત્યારે એકદમ પહાડોપર નાશી જવું.

યરૂશાલેમને ઘેરી લીધું ત્યારે ખ્રીસ્તની વાત સં-

૧૭ તે પહાડોપર નહાશે; ધાબાપર જે હોય તે પો-
૧૮ તાના ઘરમાંથી કંઇ લેવાને ન ઉતરે; ને ખેતરમાં
જે હોય તે પોતાનાં લૂગડાં લેવાને પાછો ન ફરે.
૧૯ અને તે દહાડાઓમાં જે ગર્ભવંતી છે, તથા જે
૨૦ ધવાડેછે, તેઓને અફસોસ છે. પણ તમારૂં ન-

ભારીને ઘણા ખ્રીસ્તીઓ પરીઆમાંના એક પેલ્લા નામના ગામમાં નાશી ગયા.

૧૭. યરૂશાલેમ વિષે નહિ પણ યહુદાના કોઇ ગામ વિષે એમ કહેલું હતું. ઇશુ એવી સલાહ આપેછે કે છાપરે છાપરે જીવ લઇને નાશી જવું. પાલસ્તૈન દેશમાં ઘરનાં છાપરાં સપાટ છે.

૧૮. "લૂગડાં" એટલે ઉપરનાં જે કપડાં મજૂરો કામ કરતી વખતે ઉતારી લેછે તે.

૧૯. લુ. ૨૩; ૨૮, ૨૯ જુઓ.

૨૦. "શીઆળામાં" નદીનાળાં પાણીથી ભરેલાં, ઘણી ટાઢ, ટુંકા દહાડા, વગેરે લોકોને નાશી જવામાં અડચણો હતી.

"વિશ્રામવારે" ફકત માત્થીની સુવાર્તામાં આ શબ્દ વાંચવામાં આવેછે, કારણ કે આ સુવાર્તા વિશેષે કરીને યહુદી લોકોને માટે લખેલી હતી.

પહેલા સૈકામાં ખ્રીસ્તી લોકો શનિવાર તથા રવિવાર બેઉ પાળતા હતા, માટે શનિવારે નાશી જવું પડે તો ફકત એક વિશ્રામવારની મજલ સુધી (પ્રે. ૧; ૧૨. આશરે પોણો મેલ) ચાલી શકે. વળી તે દિવસે શહેરના બધા દરવાજા બંધ કરેલા હતા.

હાસવું શીઆળામાં કે વિશ્રામવારે ન થાય તે
૨૧ માટે તમે પ્રાર્થના કરો. કેમકે તે વેળા મોટી વિ-
પત્તિ પડશે, એવી કે જગતના આરંભથી હમ-
ણાંસુધી પડી નથી, ને કદી પડશે પણ નહિ.
૨૨ અને જો તે દહાડા ઓછા ન કરાય તો કોઈ
માણસ બચી ન શકે; પણ પસંદ કરેલાઓને

---

૨૧. દા. ૧૨; ૧ જુઓ.

રૂમી લશ્કરે યરૂશાલેમ ઘેરી લીધું ત્યારે પાસ્ખા પર્વ ચાલતો હતો. તે વખતે પાસ્ખા પર્વ પાળવા માટે જૂદા જૂદા દેશના ઘણા ઘણા યહુદી લોક શહેરમાં ભેગા થયા હતા. શહેરની અંદર ત્રણ પક્ષ હતા. કોઈવાર તેઓ એકઠા મળીને રૂમીઓની સાથે લડાઈ કરતા, કોઇવાર એક બીજાની સામે ઉભા થતા. મંદિરના આંગણામાં પણ લડાઇ ચાલતી હતી ને ત્યાં માણસો મારી નાંખવામાં આવતાં હતાં. તેથી મંદિર અપવિત્ર થયું. બહુ લોકો એકઠા થયા તેથી દુકાળ પડ્યો. શહેરની અંદર યહુદી લોકો એવું દુઃખ વેઠતા હતા. અને શહેર બહાર તેમની નજરે સેંકડો યહુદી કેદીઓને વધસ્તંભપર જડાવવામાં આવતા હતા. ઇ. સ. ૭૦ માં રૂમી લશ્કરે યરૂશાલેમ જીતી લીધું તેથી યહુદી લોકોની સ્વતંત્રતાનો નાશ થયો, તે વેળા આશરે અગીઆર લાખ યહુદીઓને મારી નાંખવામાં આવ્યા હતા અને આશરે એક લાખને ગુલામ કરવામાં આવ્યા હતા.

૨૨. "કોઇ માણસ બચી ન શકે" એટલે કોઇ યહુદી નહિ.
"પસંદ કરેલાઓને સારૂ" એટલે યહુદીઓમાંના

૨૩ સારૂ તે દહાડા ઓછા કરાશે. ત્યારે જો કોઇ
તમને કહેશે કે, જુઓ, તે ખ્રીસ્ત હિયાં અથવા
૨૪ ત્યાં છે, તો તમે માનતા ના; કેમકે, મિથ્યા
ખ્રીસ્ત તથા મિથ્યા ભવિષ્યવાદીઓ ઉઠશે, ને
એવા મોટા ચમત્કાર તથા અદભુત કામ દેખા
ડશે કે જો બનીશકે તો પસંદ કરેલાઓને પણ
૨૫ તેઓ ભુલાવશે. જુઓ, મેં અગાઉથી તમને કહ્યું
૨૬ છે. એ માટે જો તેઓ તમને કહે કે જુઓ, તે
રાનમાં છે; તો બહાર ન જતા; જુઓ, તે ઓ-

જે માણસ ખ્રીસ્તી થયા હતા અને ખ્રીસ્તનું રાજ્ય ફેલાવવા માટે ઇશ્વરે પસંદ કરેલા હતા તેમને સારૂ.

"તે દહાડા ઓછા કરાશે" યરૂશાલેમમાં ઘણા માણસો ભેગા થયા હતા અને ખાવાનું થોડું હતું, વળી માંહો માંહે ઘણી તકરાર ચાલી, તેથી થોડા દહાડા પછી રૂમી લશ્કરે તે શહેર જીત્યું. એક યુસીફસ નામે યહુદી અમલદાર તૈતસને વહાલો હતો તેથી, અને બેરેનીકે નામની એક યહુદી બાયડી ઉપર તૈતસ પ્રીતિ રાખતો હતો તેથી તે આ લડાઇ જલદી બંધ કરવાને ચહાતો હતો.

૨૩–૩૧. માર્ક ૧૩; ૨૧–૨૭. લુ. ૨૧; ૨૫–૨૮ વાંચો.

૨૪. તે અધર્મી પ્રગટ થશે ત્યારે પણ "જૂઠાઇનાં સર્વ પરાક્રમ તથા ચિન્હો તથા ચમત્કારો" થશે. ૨ થેસ. ૨; ૮, ૯ જુઓ.

૨૬. ઇશુ એમ જણાવે છે કે ખોટા મશીહો આવશે ત્યારે સહુ તેમનાં કામ જાણે એવી જગ્યાએ તે નહિ રહેશે.

૨૭ રહીઓમાં છે, તો ન માનતા. કેમકે જેમ વીજ
ળી પુર્વેથી નિકળીને પશ્ચિમ સુધી ચમકે છે,
૨૮ તેમજ માણુસના દીકરાનું આવવું થશે. જ્યાં
મુડદું હશે, ત્યાંજ ગીધો એકઠાં થશે.
૨૯ એ તે દહાડાઓની વિપત્તિ પછી, તરત સૂ-
રજ અંધકારરૂપ થઇ જશે, ને ચંદ્ર પોતાનું અજ
વાળું નહિ આપશે, ને આકાશથી તારા પડશે,

---

૨૭. માણુસનો દીકરો એવી રીતે પ્રગટ થશે કે તે અ-
મુક જગ્યાએ છે ને અમુક જગ્યાએ નથી, એમ
બોલવાની લોકોને જરૂર નહિ રહેશે. જેમ વીજળી
તેમ માણુસનો દીકરો એકદમ બધા લોકોને પ્રકા-
શિત થશે.

૨૮. જે જે ઠેકાણેથી જીવ જતો રહ્યો છે, જ્યાં જ્યાં લોક
તથા મંડળી નબળાં પડી ગયાં છે ત્યાં ત્યાં સંપૂર્ણ
નાશ કરી નવું ઉગાડવા માટે જગ્યા આપવાને ઇશ્વરના
સંહારક કારભારીઓ (ઉપમાની રીતે ગીધો) આવશે.
યશ. ૪૬; ૧૧. હજ. ૩૯; ૪ જુઓ.

૨૯. "તે દહાડાઓની વિપત્તિ". એટલે જ્યારે સળો
પેઠેલી મંડળીનો તથા લોકોનો નાશ કરવામાં આ-
વશે ત્યારની વિપત્તિ.

"સૂરજ અંધકારરૂપ થઇ જશે ઇસ." હેબ્રી
ભવિષ્યવાદીઓની રીત પ્રમાણે આ ઉપમા છે. (૧)
એવી ઉપમા ઓચિંતો ફેરફાર અથવા ઉથલપાથલ
બતાવે છે. યશ. ૧૩; ૧૦. પ્રક. ૮; ૧૨ જુઓ; (૨)
અંધારે ભરેલું દુ:ખ પણ બતાવે છે. હજ. ૩૨;
૭, ૮ જુઓ.

"આકાશની શક્તિઓ" શેતાન ।"અંતરિક્ષની\

૩૦ ને આકાશની શક્તિઓ ચલિત થશે. અને ત્યારે
માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે,
ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે;
અને માણસના દીકરાને પરાક્રમે તથા મોટા
મહિમાએ આકાશના મેઘપર આવતો, તેઓ દે-
૩૧ ખશે. અને રણસીંગડાના મોટા અવાજ સુદ્ધાં તે
પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાં
થી આકાશના એક છેડાથી બીજા છેડા સુધી,
તેના પસંદ કરેલાઓને એકઠા કરશે.

સત્તાનો અધિકારી" છે, અને આ આકાશની શક્તિઓ તેની દાસીઓ છે. એફ. ૨; ૨: ૬; ૧૨. કલ. ૨; ૧૫ જુઓ. માણસનો દીકરો બીજીવાર આવશે ત્યારે શેતાનની શક્તિ છેક તૂટી જશે. હેબ. ૧૨; ૨૬, ૨૭ જુઓ.

૩૦. માણસના દીકરાના પુનરાગમનની શી નિશાની પ્રગટ થશે તે વિષે જણાએલું નથી; પણ તે ગમે તેવી હોય તો પણ જ્યારે તે દેખાશે ત્યારે ઇશ્વરના ખરા સેવકો તે એકદમ જાણશે.

"સઘળાં કુળો" એટલે સઘળાં માણસો એમ નહિ, પણ જે માણસો ભુંડું કર્યું હોવાથી ન્યાયાધીશના આવવાથી બહુ બિહિએછે તે.

૩૧. "દૂતોને મોકલશે" અ. ૧૩; ૪૧, ૪૯ જુઓ.

મુસાના વખતમાં રૂપાનાં બે શિંગ વગાડયાં ત્યારે બધા યહુદી લોકો એકઠા થયા (ગણ. ૧૦; ૨ ઇત્ય.) રણશિંગડાના અવાજથી મુએલા લોકો ઉઠશે અને પ્રભુ પોતે આકાશથી ઉતરશે (૧ કરિ. ૧૫; ૫૨. ૧ થેસ. ૪; ૧૬). પછી દૂતો સર્વે ઠેકાણેથી પ્રભુના પસંદ કરેલાઓને એકઠા કરશે (પ્રક. ૭; ૧-૪):

૩૨ હવે અંજીરી પરનું દૃષ્ટાંત શીખો. જ્યારે તેની
ડાળી કુમળીજ છે, ને પાતરાં ફુટી નિકળે છે,
ત્યારે તમે જાણોછો કે ઉનાળો પાસે આવ્યો છે.
૩૩ એમજ જ્યારે તમે તે બધાં જોશો, ત્યારે જાણો
૩૪ કે તે પાસે, બારણાં આગળજ છે. હું તમને
ખચિત કહુંછું કે એ બધાં પુરાં થશે ત્યાં સુધી

૩૨—૩૫. માર્ક ૧૩; ૨૮—૩૧. લુ. ૨૧; ૨૯—૩૩ વાંચો.

૩૨. આ દૃષ્ટાંત યરૂશાલેમ તથા યહુદીઓના નાશ સંબંધી કહેવામાં આવ્યું. આ વેળા વસંતકાળ હતો, અને અંજીરીઓને પાતરાં ફુટવા લાગ્યાં હતાં, તેથી લોકો જાણતા કે ઉનાળાના દિવસ પાસે આવ્યા છે. તે પ્રમાણે ઉપર લખેલી નિશાનીપરથી યરૂશાલેમનો નાશ સાફ જણાયો. આપણે ધ્યાન આપીએ તો જેમ આકાશના રૂપ સંબંધી તેમ સમયોની નિશાની સંબંધી આપણે ઘણું જાણી શકીએ. ફરોશીઓએ એ પ્રમાણે લક્ષ ન આપ્યું માટે ઇશુએ એમને ઠપકો દીધો. અ. ૧૬; ૩ જુઓ.

૩૩. "તે બધાં" અ. ૨૩; ૩૬. ક. ૨ જુઓ. એટલે યરૂશાલેમ તથા મંદિર સંબંધી વાત.

"તે" એટલે ઇશ્વરના ફેસલનો વખત એટલે યરૂશાલેમના નાશનો વખત.

૩૪. અ. ૧૬; ૨૮ પરની ટીકા જુઓ. આશરે ચાળીશ વરસ પછી યરૂશાલેમ નાશ પામ્યું.

"આ પહેડી" એટલે હાલ જેટલાં માણસો જીવે છે તે બધાં યરૂશાલેમનો નાશ થયા પહેલાં મરી જશે નહિ.

૩૫ આ પેહેડી વીતી નહિ જશે. આકાશ તથા પૃથ્વી
ટળી જશે, પણ મારી આ વાતો નહિજ ટળી
૩૬ જશે. પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી એક-
લા મારા બાપ વગર કોઇને માલમ નથી; આ-
૩૭ કાશમાં દૂતોને પણ નથી. અને જેમ નુહના
સમયમાં થયું, તેમજ માણસના દીકરાનું આવવું
૩૮ પણ થશે. કેમકે જેમ જલપ્રલયની અગાઉ નુહ
વહાણમાં ચડી બેઠો ત્યાંસુધી તેઓ ખાતાપીતા,

---

૩૫. યશ. ૪૦; ૮. ૧પી. ૧; ૨૪, ૨૫ જુઓ.

૩૬–૫૧. માર્ક ૧૩; ૩૨–૩૭. લુ. ૧૭; ૨૬–૩૭: ૨૧; ૩૪–૩૬ વાંચો.

૩૬. "તે દહાડા તથા તે ઘડી સંબંધી" યરૂશાલેમના નાશ વિષેની વાત મૂકી દઈને ઇશુ પોતાના આવવાના તથા ન્યાયકાળના દિવસ વિષે વાત કરેછે. તે દિવસ કયારે આવશે તે ફકત ઇશ્વર પિતા જાણેછે. માર્ક ૧૩; ૩૨ માં લખ્યું છે તે પ્રમાણે ઇશુને પણ માલૂમ નથી. ઇશ્વરનો પુત્ર છતાં ઇશુએ માણસનો અવતાર લીધો ત્યારે ઘણી બાબતમાં તે માણસના જેવો થયો. જેમકે ઇશુ સર્વ ઠેકાણે રહેછે પણ તેવેળા એકજ ઠેકાણે રહેતો હતો. તેજ પ્રમાણે ન્યાયકાળના દિવસની તેને ખબર નહોતી. ફિલ. ૨; ૭ જુઓ.

૩૭. ખ્રીસ્ત આવશે ત્યારે માણસો હમ્મેશ પ્રમાણે કામમાં તથા ગમ્મતમાં ગુંથાયલાં માલૂમ પડશે. જલપ્રલય, સદોમનો નાશ, વગેરે એવા બધા બનાવ જગતના અંતનાં સૂચક ચિન્હો જેવા દેખાય છે.

૩૯ ને પરણતા પરણાવતા હતા; અને જલપ્રલય
આવીને સહુને તાણી લઇ ગયો ત્યાંસુધી તેઓ
ન સમજ્યા; તેમજ માણસના દીકરાનું આવવું
૪૦ પણ થશે. ત્યારે બે માણસ ખેતરમાં હશે, એક
૪૧ લેવાશે, ને બીજો પડતો મુકાશે. બે સ્ત્રીઓ ઘં-
ટીએ દળતી હશે, એક લેવાશે, ને બીજી પડતી
૪૨ મુકાશે. માટે જાગતા રહો, કેમકે તમારો પ્રભુ
૪૩ કઈ ઘડીએ આવશે એ તમે જાણતા નથી. પણ
એ જાણો કે ચોર કયે પહોરે આવે છે, એ જો
ઘરધણી જાણતો હોત, તો તે જાગતો રહેત, ને
૪૪ પોતાના ઘરમાં ખાતર પાડવા ન દેત. એ માટે
તમે પણ તૈયાર થઈ રહો; કેમકે જે વેળાએ તમે

---

૪૦. "એક લેવાશે" એટલે પ્રભુની સાથે રહેવા સારૂ.
૪૩-૪૧. લુ. ૧૨; ૩૯, ૪૦ વાંચો. આ એક બીજીવાર ઇશુએ એજ ઉપમા આપી હતી.
૪૩. "ચોર" ૧ થેસ. ૫; ૨. ૨પી. ૩; ૧૦ જુઓ.
આ ઉપરથી માલૂમ પડે છે કે આ પત્રો લખવામાં આવ્યાં ત્યારે ખ્રીસ્તી લોકો ખ્રીસ્ત સંબંધી એવી બધી વાત જાણતા હતા.
"પહોરે" અ. ૧૪; ૨૫ પરની ટીકા જુઓ.
"ખાતર પાડવા" અ. ૬; ૧૯, ૨૦ જુઓ.
૪૪. "જે વેળાએ તમે ધારતા નથી તે વેળાએ" કારણકે જે નિશાની ઈશુએ કહી હતી તે એવા હેતુથી નહિ કે તેઓ બરાબર વખત કહી શકે (ક. ૩૬ જુઓ), પણ એવા હેતુથી કે તેઓ જાગતા રહે.

ધારતા નથી તે વેળાએ માણસનો દીકરો આવશે.
૪૫ તો જે ચાકરના ધણીએ પોતાના ઘરનાંને ઠીક
વખતે ખાવાનું આપવાસારૂ તેને રાખ્યો તે વિ-
૪૬ શ્વાસુ તથા બુદ્ધિવાન ચાકર કોણ છે? જેને તેનો
પ્રભુ આવીને એમ કરતો દેખશે તે ચાકરને ધન્ય
૪૭ છે. હું તમને ખચિત કહુંછું કે તે તેને પોતાની
૪૮ બધી સંપત્તિપર ઠરાવશે. પણ જો તે ભુંડો ચા-
કર પોતાના મનમાં કહેશે કે મારો ધણી આ-
૪૯ વતાં વાર લગાડેછે; ને તે બીજા ચાકરોને મારવા
તથા પીવેસાઓની સાથે ખાવા તથા પીવા લા-
૫૦ ગશે; તો જે દહાડે તે વાટ જોતો નથી, ને જે
ઘડી તે જાણતો નથી, તેમાં તે ચાકરનો ધણી
૫૧ આવશે; ને તેને કાપી નાંખશે, ને ઢોંગીઓની
પાસે તેને જગ્યા ઠરાવશે; ત્યાં રડવું ને દાંત પી-
સવું થશે.

૪૫—૫૧. માર્ક ૧૩; ૩૪—૩૭. લુ. ૧૨; ૪૧—૪૮ વાંચો.
ઇશુએ આગળની વાત કહી ત્યારે પીતરે પૂછ્યું, "પ્રભુ, તું આ દૃષ્ટાંત અમને કે સર્વને પણ કહેછે?" પછી ઇશુએ આ બીજું દૃષ્ટાંત કહ્યું.

૪૫. મારો ધણી હમણાં કદાચિત આવશે એમ વિચારીને જે ચાકર હમેશાં પોતાનું કામ બરાબર કરેછે તેઓ-જ વિશ્વાસુ તથા બુદ્ધિમાન ચાકર કહેવાય. આપણે ઇશ્વરના એવા ચાકરો થવું. પ્રભુ ક્યારે આવશે અથવા મોતનો દિવસ ક્યારે આવશે તે આપણે જાણતા નથી.

૪૭. આ લોકમાં આપણે ખ્રીસ્તના વિશ્વાસુ ચાકરો હોઇએ તો પરલોકમાં તે આપણને વધારે કામ સોંપશે.

૪૮. ૨પી. ૩; ૩, ૪ જુઓ.

૫૧. "તેને કાપી નાંખશે" દા. ૨; ૫: ૩; ૨૯. હેબ. ૧૧; ૩૭ જુઓ.

"ઢોંગીઓની પાસે" લુક વિદેશીઓને વાસ્તે તેની સુવાર્તા લખતો હતો માટે "ઢોંગીઓ"ને બદલે "અવિશ્વાસી" એમ લખ્યું. લુ. ૧૨; ૪૬ જુઓ. ઢોંગ કરવો તે યહુદીઓનું મૂળ પાપ હતું, પણ વિદેશી લોકનું મોટું પાપ એ હતું કે તેઓ વિશ્વાસ રાખના નહિ અથવા વિશ્વાસ વગરના હતા ઇશુનો કહેવાનો અર્થ એ હતો કે તે માણસને જુઠા લોકની પાસે જગ્યા મળશે.

પ્રશ્નો.

૧. આ અધ્યાયની અંદર ઇશુ શા વિષે વાત કરેછે? યરૂશાલેમના નાશ વિષે અથવા જગતના અંત વિષે અથવા બન્ને વિષે? બન્ને વિષે વાત કરતો હોય તો કયા કયા ભાગમાં તેમાંની દરેક વાત આવેછે.

૨. "ઉજ્જડ સ્થિતિના અમંગળપણા [ની નિશાની]" એટલે શું?

૩. ક. ૨૦, ૨૮, તથા ૨૯મીનો ખુલાસો કરો.

૪. યરૂશાલેમમાં જૂદાં જૂદાં મંદિર બાંધવામાં આવ્યાં તેનો ઇતિહાસ કહો.

૫. જે મંદિર સુલેમાન રાજાએ બંધાવ્યું તે કયે ઠેકાણે હતું? તેની હકિકત આપો.

૬. પ્રભુના કોષની હકિકત આપો. મંદિરમાં રાખવામાં આવ્યો ત્યાં સુધી તે વિષેનો ઈતિહાસ આપો.

૭. અંજીરી વિષે ઇસુએ દૃષ્ટાંત કહ્યું તેનો શો અર્થ છે?

૮. શિષ્યોએ શા હેતુથી ઈશુને મંદિર બતાવ્યું?

૨૫ ૧ત્યારે આકાશના રાજ્યને દશ કુંઆરીઓની
ઉપમા અપાશે કે, જે પોતપોતાની બત્તી લઇને
૨ વરને મળવા સારૂ બહાર ગઇ. અને તેઓમાંની

અધ્યાય ૨૫ મો.

૧—૧૩. દસ કુંવારીઓ વિષેનું દૃષ્ટાંત ફક્ત માત્થીની સુવાર્ત્તામાં વાંચવામાં આવેછે. જગતને અંતે ખ્રીસ્તી મંડળીની હાલત આ દશ કુંવારીઓની હાલત જેવી થશે. આ દૃષ્ટાંતથી ઇશુ તેના શિષ્યોને એક બીજી ચેતવણી આપેછે કે તેઓએ જાગતા રહેવું; તોપણ બધા ખ્રીસ્તીઓને તે શીખામણ લાગુ પડેછે. તેની મુખ્ય શીખામણ એ છે કે જાગતા રહો. વળી જાગતા રહેવાની ઘણી જરૂર છે કારણ કે પ્રભુ આવશેજ આવશે અને તે ક્યારે આવશે તે વિષે ખબર નથી. આ દૃષ્ટાંતપરથી ત્રણ શીખામણ લેવાનીછે:— (૧) જાગતા રહો; (૨) પાંચ મૂર્ખ કુંવારીઓમાં બહુ અધુરાપણું નહોતું તોપણ તેઓ મોડી થઈ; (૩) જે કરવું ઘટે છે તે ન કરવું એ પણ પાપ છે.

૧. "ત્યારે" એટલે ઠરાવને દિવસે, જે વિષે ઈશુ બોલી ચૂકયો હતો.

"બત્તી" આ બત્તી નાંના વાડકાના આકારની હતી. તેની અંદર તેલ તથા વાટ મેલીને તે લાકડીથી લટકાવી રાખતા હતા.

"વરને મળવાસારૂ" આ વખતે વર કન્યા તેડી લાવવા સારૂ તેણીના બાપને ઘેર જતો હતો.

૩ પાંચ બુદ્ધિવંતી ને પાંચ મૂર્ખ હતી. કાંજે મૂર્ખો-
એ પોતાની બત્તી લીધી, પણ સાથે તેલ ન લીધું.
૪ પણ બુદ્ધિવંતીએ પોતાની કુપ્પીમાં તેલ પોતાની
૫ બત્તી સાથે લીધું. અને વરને વાર લાગી એટ-

૩. સઘળી કુંવારીઓ વરની વાટ જુએછે, પણ ફક્ત પાંચ બુદ્ધિવંતી કુંવારીઓ સારો બંદોબસ્ત કરીને તૈયાર રહેછે. વર જલદી આવશે તો બુદ્ધિવંતી કુંવારીઓ પાસે જે તેલ છે તે બસ થશે, પણ વરને વાર લાગશે તો તે તેલ થઈ રહેશે. જે માણસ દૃઢ મનથી ધર્મનો અંગીકાર કરતો નથી, તેમને આ વાતથી ઉપદેશ લેવાનો છે.

બત્તી, તેલ, ઇત્યાદિનો ઉપમાની રીતે શો અર્થ છે એ વિષે જૂદા જૂદા મત છે. પણ એવી રીતે દૃષ્ટાંતની દરેક ઝીણી બાબત ઉપર મન લગાડવાની જરૂર નથી. મુખ્ય શીખામણ એ લેવાની છે કે આપણો પ્રભુ આવશે એટલે તે અહીંઆંથી આપણને લઇ જશે, અથવા તો તે જગતનો ન્યાય ઠરાવવા આવે ત્યાં સુધી આપણે બધી રીતે જાગતા તથા તૈયાર રહેવું.

૫. નવા કરારમાં બીજે ઠેકાણે ખ્રીસ્તને વરની અને ખ્રીસ્તી મંડળીને કન્યાની ઉપમા આપેલી છે. એફ. ૫; ૨૯, ૩૦. પ્રક. ૧૯; ૭ જુઓ. પણ અહીં કન્યા નહિ પણ કન્યાની જાનડીઓની ઉપમા ખ્રસ્તી મંડળીને આપેલી છે.

“સર્વ........ઊંઘી ગઇ” કારણકે વર ક્યારે આવશે તે તેમને માલૂમ નહોતું. બુદ્ધિવંતી કુંવારીઓ ઊંઘી ગઇ એમાં કાંઇ તેમનો વાંક નહોતો, કારણકે બધું તૈયાર

૬ આમાં તે સર્વ ઝોકાં ખાઇને ઉંઘી ગઈ. અને અરધી
રાત્રે બૂમ પડી કે, જુઓ, વર આવેછે, તેને
૭ મળવાને નિકળો. ત્યારે તે સઘળી કુંવારીઓએ
૮ ઉઠીને પોતપોતાની બત્તી તૈયાર કીધી. અને મૂ-
ર્ખીઓએ બુદ્ધિવંતીને કહ્યું કે, તમારા તેલમાંથી અ-
મને આપો, કેમકે અમારી બત્તી હોલવાઇ જાય
૯ છે. પણ બુદ્ધિવંતીએ જવાબમાં કહ્યું કે, કદાચ
અમને તથા તમને પુરૂં નહિ પડશે, માટે તમે
વેચનારાઓની પાસે જાઓ, ને પોતપોતાને સારૂ

કરેલું હતું. આંખો ઉઘાડી રાખવા એમ નહિ, પણ જ્યારે ખબર મળે કે વર આવેછે ત્યારે તેને એકદમ મળવા જવા સારૂ તૈયાર રહેવું, એવી તેમની ફરજ હતી. બુદ્ધિવંતી કુંવારીઓની આંખો મીંચાએલી હતી તોપણ તેઓ તેમના વરને મળવાને તૈયાર હતી, એટલે જાગતી હતી, એમ કહી શકાય.

૭. "બત્તી તૈયાર કીધી" તેઓ ઉંઘી ગઈ ત્યારે બત્તી સળગેલી રહી ગઈ, માટે હમણાં તેલ નાંખવાની તથા વાટ બરાબર કરવાની જરૂર હતી.

૮. મૂર્ખ કુંવારીઓ લગભગ તૈયાર થઈ હતી તોપણ તેઓ વેળાસર હાજર થઇ શકી નહિ.

૯. વરની સાથે બત્તી લઇને ચાલવાનું છે માટે બુદ્ધિવંતી કુંવારીઓ તેલ આપી શકતી નથી. તેઓ આપે તો સઘળી બત્તીઓ હોલવાઇ જાય. આ ઉપરથી આપણને શીખામણ મળેછે કે વખત થાય ત્યારે તૈયાર ન હોઈએ તો તેનો કોઇ ઉપાય નથી.

"વેચનારાઓની પાસે" કેટલાએક કહેછે કે આ વેચનારાઓ ખ્રીસ્તી મંડળીના પાદરીઓ તથા ઉપદેશ-

૧૦ વેચાતું લો. અને તેઓ વેચાતું લેવા ગઇ એટલા-
માં વર આવી પોહોચ્યો, ને જેઓ તૈયાર હતી
તેઓ તેની જોડે વેહેવામાં ગઇ, ને બારણું બંધ
૧૧ કરેયું. પછી તે બીજી કુંઆરીઓએ આવીને
કહ્યું. કે, ઓ પ્રભુ, પ્રભુ, અમારે સારૂ ઉઘાડ.
૧૨ પણ તેણે જવાબમાં કહ્યું, હું તમને ખચિત કહુંછું
૧૩ કે હું તમને નથી ઓળખતો. માટે તમે જાગતા
રેહો, કેમકે જે દહાડે અથવા જે ઘડીએ માણસ-
નો દીકરો આવશે એ તમે જાણતા નથી.

કા છે,જેની મારફત તેજ એટલે પવિત્ર આત્મા પમાયછે. પણ એમ અર્થ ન કરવો. ક. ૩ ઉપરની ટીકા જુઓ. વળી પરમેશ્વર માણસ પાસે કિમ્મત માગતો નથી. યશ. ૫૫; ૧ જુઓ.

૧૧. "ઓ પ્રભુ, પ્રભુ" અ. ૭; ૨૨, ૨૩ જુઓ. એવી રીતે કુંવારીઓ વરને "પ્રભુ" કહીને બોલાવે નહિ, પણ ખરૂં જોતાં આ વર ઇશુ છે તેથી તેને પ્રભુ કહેછે.

૧૨. "હું તમને નથી ઓળખતો." એટલે અવિશ્વાસી દાસીઓની સાથે હું ઓળખાણ નહિ રાખીશ. પણ "પ્રભુ પોતાના જે છે તેઓને તે જાણેછે" (૨ તીમ. ૨; ૧૯).

૧૩. "તમે જાગતા રહો" અહીં ઇશુ. દૃષ્ટાંતનો અર્થ બતાવે છે.

૧૪—૩૦. તાલંત વિષેનું આ દૃષ્ટાંત ફક્ત માત્થીની સુવાર્ત્તામાં વાચવામાં આવેછે. લુ. ૧૯; ૧૨–૨૭ માં જે દૃષ્ટાંત લખેલું છે તે આ જેવું છે પણ તેના કાળ તથા તેની વિગતમાં ફેર. છે.

૧૪ કેમકે [તેનું આવવું] કોઇએક માણસના જેવું છે,
જેણે પરદેશ જતાં પોતાના ચાકરોને તેડીને પો-
૧૫ તાની સંપત્તિ તેઓને સોંપી. એકને તેણે પાંચ
તાલંત, ને બીજાને બે, ને ત્રીજાને એક, હરેકને

કુંવારીઓના દૃષ્ટાંત ઉપરથી જાગતા રહેવાને તથા તૈયાર થવાને શીખામણ મળે છે, પણ શી રીતે તૈયાર થવું તે આ દૃષ્ટાંત ઉપરથી જાણવામાં આવેછે. આપણે મહેનત લઇને, કાર્ય કરીને, તૈયાર થવું.

વળી આ દૃષ્ટાંત ઉપરથી નીચે પ્રમાણે શીખામણ મળેછે:-(૧) જેને ઝાઝું છે તેને ઝાઝું કરવું પડશે; (૨) વાટ જોતાં જોતાં આળસ ન કરવું; (૩) આપણી પાસે થોડું હોય તોપણ તે કામમાં લાવવું; (૪) ઘણી વાર એમ થાયછે કે સારાં કામ કરવાને જેઓમાં વધારે શક્તિ હોયછે તથા જેઓને વધારે પ્રસંગ મળેછે, તેઓ ભલા નીવડેછે. આ દૃષ્ટાંત શિષ્યોને કહેલું હતું, પણ તે બધાને લાગુ પડેછે.

૧૪. "પોતાની સંપત્તિ તેઓને સોંપી" માર્ક ૧૩;૩૪ જુઓ. વેપાર કરીને અથવા બીજી કોઇ રીતે તેઓ આ સંપત્તિ વધારવાના હતા.

૧૫. મોહોર વિષેના દૃષ્ટાંતમાં (લુ. ૧૯; ૧૨-૨૭) દરેક ચાકરને એક મોહોર મળી એમ કહેલું છે પણ આ દૃષ્ટાંત ઉપરથી માલૂમ પડેછે કે જે કામ પરમેશ્વરને સારૂ કરવામાં આવેછે તે કામ દરેક માણસની સ્થિતિ પ્રમાણે વત્તું ઓછું મુશ્કેલ હોય છે. અભણ તથા ગરીબ લોકો કરતાં ભણેલા, પૈસાદાર, અને અમલદાર લોકો પાસેથી પરમેશ્વર વધારે માગેછે.

"તાલંત" અ. ૧૮; ૨૪ પરની ટીકા જુઓ.

પોતપોતાની શક્તિ પ્રમાણે આપ્યું; ને તરત તે
૧૬ પરદેશ ગયો. પછી જેને પાંચ તાલંત મળ્યાં હતાં,
તે જઇને તેથી વેપાર કરીને બીજાં પાંચ તાલંત
૧૭ કમાયો. તેમજ જેને બે, તે પણ બીજાં બે ક-
૧૮ માયો. પણ જેને એક મળ્યું હતું તેણે જઇને
ભોંય ખોદીને પોતાના ધણીનું નાણું દાટી મુક્યું;
૧૯ અને લાંબી મુદ્દત પછી તે ચાકરોનો ધણી આવે
૨૦ છે, ને તેઓ પાસેથી હિસાબ લેછે. ત્યારે જેને
પાંચ તાલંત મળ્યાં હતાં તે બીજાં પાંચ તાલંત
પણ લેતો આવ્યો, ને તેણે કહ્યું કે પ્રભુ, તેં મને
પાંચ તાલંત સોંપ્યાં હતાં; જો, હું તે ઉપરાંત બીજાં
૨૧ પાંચ તાલંત કમાયો. ત્યારે તેના પ્રભુએ તેને કહ્યું

તાલંત એટલે ઉપમાની રીતે માણસની સ્વાભાવિક હુશીઆરી અથવા બુદ્ધિ, અને પ્રભુનું કામ કરવા માટે જે પ્રસંગ અથવા પૈસા સંબંધી મદદ માણસને મળે છે તે. એમ છતાં પણ સ્વાભાવિક હુશીઆરી અથવા બુદ્ધિ એક જાતનું તાલંત કહેવાય.

૧૮. ઘણી વાર એમ જોવામાં આવેછે કે સારૂં કરવાને વાસ્તે જે માણસોને બહુ પ્રસંગ મળે છે તેઓ પોતાની જવાબદારી સમજીને સારાં કૃત્યો કરેછે; પણ જેઓને એવો પ્રસંગ ક્વચિત ક્વચિતજ મળે છે તેઓ એવા પ્રસંગ ઉપયોગમાં લેતા નથી અને આળસુ બેસી રહે છે.

૧૯. "લાંબી મુદ્દત પછી" ખ્રીસ્ત આ દુનિયામાં ફરીથી એકદમ આવનાર નથી એ આ બીજી સૂચના ઉપરથી જણાય છે.

૨૧. "હું તને ઘણા પર ઠરાવીશ" જે પ્રમાણે આ લોકમાં આ

કે, શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડા
પર વિશ્વાસુ થયો; હું તને ઘણા પર ઠરાવીશ, તું
૨૨ તારા પ્રભુના આનંદમાં પેસ. અને જેને બે તાલંત
મળ્યાં હતાં, તેણે પણ પાસે આવીને કહ્યું કે,
પ્રભુ, તેં મને બે તાલંત સોંપ્યાં હતાં; જો, હું તે
૨૩ ઉપરાંત બીજાં બે તાલંત કમાયો. તેના પ્રભુએ
તેને કહ્યું કે, શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું
થોડા પર વિશ્વાસુ થયો; હું તને ઘણા પર ઠરાવી-
૨૪ શ, તું તારા પ્રભુના આનંદમાં પેસ. પછી જેને
એક તાલંત મળ્યું હતું, તેણે પાસે આવીને કહ્યું
કે, પ્રભુ, જયાં તેં નથી વાવ્યું ત્યાંથી તું કાપનાર,
ને જયાં તેં નથી વિખેર્યું ત્યાંથી તું એકઠું કરનાર
૨૫ છે, એવો કરડો માણસ મેં તને જાણ્યો. માટે હું

પણે પરમેશ્વરની સેવા કરીએછીએ તે પ્રમાણે પરલોકમાં આપણા હાથમાં વધારે અથવા ઓછો અમલ આપવામાં આવશે. સારાં માણસો સ્વર્ગે જશે ત્યારે પરમેશ્વર તેમને હાલના કરતાં વધારે કામ સોંપશે.

"તું તારા પ્રભુના આનંદમાં પેસ" એટલે હું પરદેશથી સહી સલામત પાછો આવ્યો છું માટે મિજબાની આપીને આનંદ કરવો જોઇએ. તમે મારા સારા ચાકર છો માટે મારી સાથે સુખી થાઓ. લ્યો. ૧૫; ૧૧ જુઓ.

૨૪. આ ચાકર પોતાનું આળસુપણું જાણેછે તેથી ઠપકો મળ્યા અગાઉ તે બહાનું કહાડે છે. આપણે પરમેશ્વરને ગેરવાજબી રીતે ચાલનાર માનીએ તો આપણને તેના હુકમ માનવાનું વળણ કયાંથી થાય?

૨૫. "હું બિહીધો" એ પ્રમાણે ચાકર જૂઠું બોલ્યો.

ખિહીધો, ને જઇને તારા તાલંતને મેં ભોંયમાં દા-
૨૬ ટીમુકયું; જો, જે તારૂં તે તને પોહોંચ્યું છે. અને
તેના પ્રભુએ જવાબમાં તેને કહ્યું કે, અરે ભુંડા
તથા આળસુ ચાકર, જ્યાં મેં નથી વાવ્યું ત્યાંથી
હું કાપુંછું, ને જ્યાં મેં નથી વિખેર્યું ત્યાંથી હું

તેને ઇશ્વરનો ડર હોત તો તે આળસુ બેસી રહેત નહિ. તેવીજ રીતે આ દુનિયામાં માણસો પરમેશ્વરનું કામ બરાબર નથી કરતાં કારણ કે ખરૂં જોતાં તેઓને ઈશ્વરનો ડર હોતો નથી.

"જ્યાં તેં નથી વિખેર્યું ત્યાંથી તું એકઠું કરનાર છે" એટલે પારકા ખલામાંથી. જ્યાં તમે તમારૂં અનાજ સુપડાવતી ઝાટકયું નથી ત્યાંથી દાણા લાવીને તમે તમારા કોઠારમાં ભરોછો, એટલે તમે મને સોંપ્યું છે થોડું તોપણ ઝાઝું માગવાને તૈયાર છો. આ તહોમત ખોટું હતું, પણ ધણી તેના બોલવા પ્રમાણે વાત કરીને કહે છે કે "હું કરડો માણસ છું" તે તમે જાણતા હતા, માટે તમારે વધારે મહેનત કરવી જોઇતી હતી.

૨૭. નાણાવટીઓને પૈસા આપવા એટલું ઓછામાં ઓછું ચાકરોને કરવાની ફરજ હતી. એટલુંજ કરીને અટકત તો તે ભુંડો ન કહેવાત.

પોતે જાતે પ્રભુનું કામ નથી ચલાવી શકતા એવા શ્રીમંત લોકો જ્યારે ખ્રીસ્તની સુવાર્તા ફેલાવવા માટે, અથવા દવાખાનું સ્થાપન કરવા માટે, અથવા બીજાં લોકોપયોગી કામ કરવામાં પોતાના પૈસા વાપરે છે, ત્યારે તેઓ નાણાવટીઓને પ્રભુનું નાણું આપે છે એમ કહેવાય.

૨૭ એકઠું કર્યું, એમ તેં જાણ્યું હતું, તો મારૂં નાણું
તારે નાણાવટીઓને આપવું જોઇતું હતું કે, હું
૨૮ આવીને વ્યાજ સુદ્ધાં મારૂં પાછો લેત. એ માટે
એની પાસેથી તાલંત લઇને જેની પાસે દસ તા-
૨૯ લંત છે તેને આપો. કેમકે જે હરેકને છે, તેને

મુસાના નિયમ પ્રમાણે પરદેશી લોકો પાસેથીજ વ્યાજ લેવાય; પણ બીજા યહુદી લોક પાસેથી ન લેવાય. પુ. ૨૩; ૧૯, ૨૦. ગી. ૧૫; ૫ જુઓ.

૨૮. આપણે પ્રસંગ કામમાં ન લાવીએ તો એવો વખત આવેછે કે જ્યારે એ પ્રસંગ આપણને ફરી મળશે નહિ અને આપણને મળેલા પ્રસંગનો બીજાઓ લાભ લેશે.

૨૯. આપણે કોઈ સામાન અથવા જમીન થોડાં વરસ સુધી પડતર રાખીએ તો જોકે નિયમ પ્રમાણે આપણો તેપર હક છે તોપણ તે હક જતો રહેશે; ચાલીને, કામ અથવા કસરત કરીને આપણે આપણાં સ્નાયુને કામમાં ન લાવીએ તો તે આગળ જતાં બગડી જાય; તેજ પ્રમાણે સારૂં કામ કરવાનો પ્રસંગ અથવા સ્વાભાવિક બુદ્ધિ આપણે નૈં વાપરીએ તો તેઓ જતાં રહે. જેઓમાં જે જોઇએ તે નથી, એટલે જે માણસો સારો પ્રસંગ કામમાં નથી લાવતા, તેઓની પાસેથી જે પ્રસંગ તેમને મળેલા છે તે બધા ખૂંચવી લેવામાં આવશે. પણ જે માણસ મળેલા પ્રસંગનો તથા પોતાની સ્વાભાવિક બુદ્ધિનો ઉપયોગ કરેછે તેઓને આગળ ઉપર વધારે પ્રસંગો મળેછે તથા તેમની બુદ્ધિ વધારે પ્રફુલ્લિત થાયછે.

અપાશે, ને તેનું ઘણું થશે; પણ જેને નથી, તેનું
જે છે તે પણ તેની પાસેથી લીધામાં આવશે.
૩૦ અને તે નક્કામા ચાકરને બહારના અંધકારમાં
કહાડી મુકો, ત્યાં રડવું ને દાંત પીસવું થશે.
૩૧ અને જ્યારે માણસનો દીકરો પોતાના મહિ-
માએ સર્વ પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે
૩૨ પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે. અને
સર્વ લોક તેની આગળ એકઠા કરાશે; ને જેમ
ઘેટાંપાળક ઘેટાંને બકરાંથી જુદાં પાડેછે, તેમ

---

૩૦. "બહારના અંધકારમાં" અ. ૮; ૧૨ પરની ટીકા જુઓ.

૩૧-૪૬. આ કલમોની અંદર ન્યાય કાળના દિવસની હકિકત આપેલી છે. અહીં બે મુખ્ય વાત ધ્યાનમાં લેવાની છેઃ—(૧) માણસો ઉપર દયા રાખવી એ ખ્રીસ્ત ઉપર દયા રાખવા બરાબર છે, એમ લોક જાણતા નથી; (૨) ભુંડા કામ કર્યા એ વાસ્તે એમ નહિ, પણ જે કરવાનું હતું તે ન કર્યું એ માટે લોકોને ગુન્હેગાર ઠરાવવમાં આવેછે.

૩૨. "સર્વ લોક" એટલે યહુદી લોકો એટલુંજ નહિ, પણ બધા દેશના લોકો; મરી ગએલા લોકો એટલુંજ નહિ, પણ ખ્રીસ્ત આવશે ત્યારે જે લોકો જીવતા હશે તેઓ પણ. ૨ તીમ. ૪; ૧ જુઓ.

"ઘેટાંને બકરાંથી જુદાં પાડેછે" આ ઉપરથી એમ નહિ સમજવું કે બકરૂં ખરાબ જનાવર છે, પણ પ્રભુ એમ જણાવેછે કે જો કે ઘેટાં અને બકરાં આખો દિવસ ભેગાં રહીને ચરેછે, તોપણ રાતની વખતે ઘેટાંપાળક સહેલથી તેઓને જુદાં પાડી શ-

૩૩ તે તેઓને એક બીજાથી જુદા પાડશે. અને ઘેટાં-
ને તે પોતાની જમણીગમ, ને બકરાંને ડાબી-
૩૪ ગમ રાખશે. ત્યારે રાજા પોતાની જમણીગમ-
નાઓને કહેશે કે, મારા બાપના આશિર્વાદિતો
તમે આવો, જે રાજ્ય જગતનો પાયો નાંખ્યાં

કેછે, કારણ કે તેનાથી તે બરાબર એક બીજાથી ઓળખી શકાયછે. તે પ્રમાણે આ દુનિયામાં ભલા તથા ભુંડા લોકો ભેગા રહેછે, પણ ન્યાય કાળને દિવસે ખ્રીસ્ત જે આપણો ઘેટાંપાળક છે તે ભલાં ભુંડાં માણસોને સહેલથી જાદાં પાડશે, કારણ કે તે તેઓને ઓળખી કહાડી શકેછે.

૩૪. "રાજા" ખ્રીસ્ત રાજા છે; તે જાણી ફકત સારા લોકોને આનંદ થાયછે. ભુંડા લોકો તો તે જાણી ઉદાસ થાયછે તથા થરથર કંપેછે.

"મારા બાપના આશિર્વાદિતો" પણ ક. ૪૧માં "ઓ શાપિતો" એટલુંજ લખેલું છે; "મારા બાપથી શાપિતો" એમ લખેલું નથી. કારણ કે પરમેશ્વરનો આશિર્વાદનોજ દાતા છે, અને શાપ તો માણસોને પોતાના વાંકથી મળે છે.

"જે રાજ્ય........તમારે સારૂ તૈયાર કીધેલું છે" એફ. ૧: ૪ જુઓ. પણ ક. ૪૧માં "અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર કીધેલો છે" એમ લખેલું છે. પરમેશ્વર માણસને વાસ્તે સ્વર્ગ તૈયાર કરેછે, પણ ભુંડા લોકો પોતાને હાથે નરકમાં જવાને તૈયારી કરેછે.

૩૫. ૩૬. પહેલાં ત્રણ કામ કરવાની આપણી ફર-

અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલું છે તેનો વારસો
૩૫ લો. કેમકે હું ભુખ્યો હતો, ત્યારે તમે મને ખાવાને
આપ્યું; હું તરસ્યો હતો, ત્યારે તમે મને પાયું; હું
૩૬ પરદેશી હતો, ત્યારે તમે મને પરોણો રાખ્યો; હું
નાગો હતો, ત્યારે તમે મને પેહેરાવ્યું; હું માંદો
હતો, ત્યારે તમે મને જોવા આવ્યા; હું કેદમાં
૩૭ હતો, ત્યારે તમે મારી પાસે આવ્યા. ત્યારે ન્યા-
યીઓ તેને જવાબમાં કેહેશે કે, પ્રભુ, ક્યારે અમે
તને ભુખ્યો દેખીને ખવાડયું, અથવા તરસ્યો
૩૮ દેખીને પાયું? ને ક્યારે અમે તને પારકો દેખીને

જ છે એમ બધા લોકો કબૂલ કરતા હતા; પણ છે-લાં ત્રણ કામ તો લોક પ્રીતિને લીધે કરે તો ભલે, નહિતર કોઈ માણસ તેને સ્વાર્થી કહેતું નહિ. કોઈ સાધારણ માણસ કોઈ ભૂખ્યા માણસને ખવાડે અથવા તરસ્યા માણસને પાણી પાય (તેનો દુશ્મન હોય તો પણ. રૂ. ૧૨; ૨૦ જુઓ) તથા પરાયા લોકની આગતા સ્વાગતા કરે એવી રીત હતી; પણ બીજાં ત્રણ કામ અને વિશેષે કરીને છેલ્લું કામ (કારણ કે અસલના વખતમાં કેદખાનાં બહુ મેલાં તથા ગંદા રાખવામાં આવતાં) તે સાધારણ લોકો કરતા નહોતા. ફકત જેઓને પરોપકારી કામોને માટે અત્યંત પ્રીતિ હતી તેઓજ એવાં જનહિતકારી કામોમાં પ્રવૃત્ત થતા.

૩૭. ઘણી વાર એમ બનેછે કે સારા લોકો પોતાનાં સારાં કામ ઊપર મન લગાડતા નથી, તેમજ તે વિષે કાંઇ અભિમાન ધરાવતા નથી; પણ ભુંડા લોકો જે કામ પડતાં મૂકેછે તે કામ વિષે કાંઇ વિચાર નથી કરતા.

પરોણો રાખ્યો, અથવા નાગો દેખીને પેહેર-
૩૯ વાનું આપ્યું ? અને ક્યારે અમે તને માંદો અ-
૪૦ થવા કેદમાં જોઇને તારી પાસે આવ્યા ? ત્યારે
રાજા જવાબમાં તેઓને કહેશે, હું તમને ખચિત
કહું છું કે, આ મારા ભાઇઓમાંના બહુ નાના-
ઓમાંથી એકને તમે તે કીધું, એટલે મને કીધું.
૪૧ પછી ડાબીગમનાઓને પણ તે કહેશે કે ઓ

---

૪૦. એમ જાણ્યા વિના તેઓ પરમેશ્વરની સેવા કરતા હતા, પણ જે માણસો પરમેશ્વરના સેવકો નથી તેઓ કેટલીકવાર એમ સમજેછે કે અમે પરમેશ્વરને ઓળખીએ છીએ. લુ. ૧૩; ૨૬ જુઓ.

“ મારા ભાઇઓમાંના ......એટલે મને કીધું ” હેબ. ૨; ૧૧ જુઓ. ખ્રીસ્ત એમ જણાવેછે કે હું ને મારી મંડળી એકજ છીએ, જૂદાં નથી. પાઉલને પણ તેણે એમજ કહેલું. પ્રે. ૯; ૪, ૫ જુઓ.

એકલાં સારાં કામ કર્યાંથી માણસો તારણ પામી શકતાં નથી. પરમેશ્વરની કૃપાથી અને વિશ્વાસને આશરે આપણું તારણ થાયછે. એફ. ૨; ૮, ૯ જુઓ. તોપણ સારી કરણીઓ હોય તોજ આપણો વિશ્વાસ ખરો ગણાય. રૂ. ૬; ૨૨. યા. ૨; ૧૭ જુઓ.

૪૧. પોતાનાં કુકર્મોને લીધે માણસોને શાપ મળેછે, પણ તે શાપ પરમેશ્વર દેછે. ગી. ૩૭; ૨૨ જુઓ. “ અગ્નિ ” શબ્દાર્થ ન લેવો. ભુંડા લોકોને કેવી સખત સજા થશે તે આ શબ્દ ઉપરથી જણાયછે.

“ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર કીધેલો છે.” શેતાન તથા તેનાં દૂતોને સારૂ કોઇ તારનાર પ્રગટ થયેલો નથી.

શ્રાપિતો, જે સર્વકાળિક અગ્નિ શેતાન તથા તેના
દૂતોને સારૂ તૈયાર કીધેલો છે, તેમાં તમે મારી
૪૨ આગળથી જાઓ. કાંજે હું ભુખ્યો હતો, પણ
તમે મને ખાવાને આપ્યું નહિ; હું તરસ્યો હતો,
૪૩ પણ તમે મને પાયું નહિ; હું પારકો હતો, પણ
તમે મને પરોણો રાખ્યો નહિ; નાગો, પણ ત-
મે મને પેહેરાવ્યું નહિ; માંદો તથા કેદમાં, પણ
૪૪ તમે મને જોવા નહિ આવ્યા. ત્યારે તેઓ પણ
તેને જવાબમાં કેહેશે કે, પ્રભુ, ક્યારે અમે તને
ભુખ્યો કે તરસ્યો, કે પારકો કે નાગો, કે માંદો
૪૫ કે કેદમાં દેખીને તારી સેવા નહિ કીધી? ત્યારે
તે તેઓને જવાબમાં કેહેશે, હું તમને ખચિત
કહુંછું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે
૪૬ તે કીધું નહિ, એટલે મને કીધું નહિ. અને તે-
ઓ સર્વકાળિક શાસનમાં જશે, પણ ન્યાયીઓ
સર્વકાળિક જીવનમાં જશે.

૪૬. એકજ ખરા દેવ પરમેશ્વરનું તથા તેણે મોકલેલા તેના પુત્ર ઇશુ ખ્રીસ્તને જાણવા તથા ઓળખવા એ સર્વકાળિક જીવન છે. યો. ૧૭; ૩ જુઓ.

પ્રશ્નો.

૧. બુદ્ધિવંતીઓએ મૂર્ખ કુંવારીઓને તેલ નહિ આપ્યું (ક.૯) તેમાં તેઓએ કાંઇ સ્વાર્થીપણું બતાવ્યું?

૨. મૂર્ખ કુંવારીઓનો શો વાંક હતો?

૩. જે ચાકરે પોતાનું એક તાલંત સંતાડી રાખ્યું તેનો શો વાંક હતો?

૪. ક. ૨૪માં જે તહોમત મૂકવામાં આવ્યું છે તે પરમેશ્વર સંબંધી ખરૂં છે કે નહિ ?

૫. જે બહાનું આળસુ ચાકરે કહાડ્યું તથા જે બિહીક તેણે બતાવી તે ખરાં હતાં કે નહિ ?

૬. ક. ૨૯ મીનો ખુલાસો કરો.

૭. ન્યાય કાળને દિવસે કયા ધોરણ પ્રમાણે માણસોને ગુન્હેગાર અથવા નિર્દોષી ઠરાવવામાં આવશે ?

૨૬. અને ઇસુએ એ સર્વ વાતો પુરી કીધી ત્યારે
૨ એમ થયું કે તેણે પોતાના શિષ્યોને કહ્યું, તમે
જાણો છો કે બે દહાડા પછી પાસ્ખા પર્વ છે; ત્યારે

અધ્યાય ૨૬ મો.

૧-૫: માર્ક ૧૪; ૧, ૨. લુ. ૨૨; ૧,૨ વાંચો. યો. ૧૧; ૫૭ માં એમ લખેલું છે કે "મુખ્ય યાજકોએ તથા ફરોશીઓએ એવી આજ્ઞા આપી હતી કે જો કોઈ માણસ જાણે કે તે ક્યાં છે તો તેણે ખબર આપવી એ માટે કે તેઓ તેને પકડે."

એટલા બધા દહાડા ઇસુએ મંદિરમાં રહી બોધ કર્યો, તોપણ હું પકડાઈ જઈશ એવી ધાસ્તી તેના મનમાં નહોતી; એ ઉપરથી માલૂમ પડે છે કે તેના ઉપર લોકો પ્રીતિ રાખતા હતા. તે ગરીબ માણસ હતો અને તેની વિરૂદ્ધ ફરોશીઓએ તથા ઘણા અમલદારોએ ભુંડો મનસુબો કર્યો હતો; તોપણ રાત્રે એક પરસ્વાધીન કરનારની મારફતે તેને પકડવાની જરૂર જણાઈ હતી. દિવસની વખતે અથવા સાધારણ રીતે ઇસુ તેમના હાથમાં નહીં આવત.

૨. "બે દહાડા પછી પાસ્ખા પર્વ છે" આ વખતે મંગળવાર હતો અને પાસ્ખા પર્વ ગુરૂવારે સાંજના ૭ વાગ્યાથી શરૂ થવાનું હતું.

"પાસ્ખા" આ શબ્દનો અર્થ નિસ્તાર એવો છે. કારણ કે જ્યારે પ્રભુએ કોઈ માણસના ઘર આગળ લોહી જોયું ત્યારે તેણે તે ઘરનો નિસ્તારો કર્યો. આ પર્વ શીરીતે સ્થાપન કરવામાં આવ્યું તથા તેની ક્રિયા કેવી હતી તે જાણવા સારૂં નિ. ૧૨; ૩-૨૦ વાંચો.

તે પ્રમાણે વરશને પ્રથમ માસને, એટલે નીશાન અથવા અબીબ નામના માસને, દશમે દિવશે ઇસ્રાઈલ પુત્રો એકેક ઘરને સારૂ એક હલવાન લેતા ને ચોદમા દિવશને સાંજરે તે હલવાન મારી નાંખતા હતા. પછી તેના રકતમાંથી થોડું લઇને ચોકઠાની બંને શાખોપર તથા ઉતરંગ પર છાંટતા અને તેનું માંસ ખાવામાં આવતું. ચોદમા દિવશ પછી સાત દિવશ સુધી બેખમીર રોટલી ખાતા.

પારખા પર્વ પાળવાની વખત જે બેબલમાં આપણા વાંચવામાં આવેછે તે નીચે લખ્યા પ્રમાણે છે:—

(૧) ઇસ્રાઇલ પુત્રો મિસર દેશમાંથી નિકળી આવ્યા, તેની આગલી રાત્રે. નિ. ૧૨; ૧૨.

(૨) રાનમાં સીનાઈ પર્વત આગળ. ગણ. ૯; ૫.

(૩) યહોશુઆની વખતે કાઇનાન દેશમાં. યહ. ૫; ૧૦.

(૪) હેજેકીયા રાજાની વખતે. ૨ કા. ૩૦; ૧૩.

(૫) યોશીયા રાજાની વખતે. ૨ રા. ૨૩; ૨૧.

(૬) એઝરાની વખતે. એઝ. ૬; ૧૯.

(૭) ઇશુની વખતે. ક. ૧૯.

અસલ વખતમાં જે રીત પ્રમાણે પારખા પર્વ પાળતા હતા તેમાંની કેટલીએક રીત બદલી ગઈ, જેમકે:—

(૧) નિસાન માસને દશમે દિવશે તેઓ હલવાન લેતા નહોતા. નિ. ૧૨; ૩ તથા ક. ૧૭ સરખાવો.

(૨) હલવાન મંદિરની અંદર મારી નાંખીને તેનું લોહી ચોકઠાની શાખોપર તથા ઉતરંગ પર એમ નહિ, પણ હોમ વેદીપર છાંટતા હતા. નિ. ૨૩; ૧૮. પુ. ૧૬; ૫, ૬.

માણસનો દીકરો વધસ્તંભે જડાવા સારૂ પર-
૩ સ્વાધીન કરાશે. ત્યારે મુખ્ય યાજકો તથા શાસ્ત્રી-

(૩) જમતી વખતે કમર બાંધીને લોક ઉભા રહેતા
એમ નહિ, પણ કોચ ઉપર અઢેલીને સુતા હતા.
નિ. ૧૨; ૧૧ જુઓ.

(૪) પારખા પર્વ પાળ્યા પછી સવાર પહેલા ઘર બ-
હાર નહિ જવું એ નિયમ બંધ થયો. નિ. ૧૨;
૨૨. ક. ૩૦.

(૫) કાપણીના પ્રથમ ફળની પુલી યાજકની પાસે
લાવવી એવો નવો નિયમ થયો. લે. ૨૩;૧૦-૧૪.

(૬) પહેલીવાર સ્ત્રી પુરૂષો પારખા પર્વ પાળતાં પણ
પછી ફકત પુરૂષો. પુ. ૧૬; ૧૬. દર વરશે ત્રણ-
વાર એટલે પારખા પર્વમાં, પચાસમા દિવશ અ-
થવા સપ્તાહોના પર્વમાં, તથા માંડવાઓના પર્વમાં
દરેક ઇસ્રાએલી પુરૂષ યરૂશાલેમમાં હાજર રહેતો.
પુ. ૧૬; ૧૬ જુઓ. પણ પછી ફકત એકજ
વાર જતા. ૧ સમ. ૧; ૩ જુઓ.

પારખા પર્વની વખતે મંદિરની અંદર હલવાન
મારી નાંખવું એવી જરૂર હતી (પુ. ૧૬; ૨), માટે
યરૂશાલેમનો નાશ થયા પછી યહુદી લોકે હલવાન
મારી નાંખવાનું બંધ કીધું.

૨. "મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તથા લોકોના વડીલો"
એટલે યહુદી લોકોમાં જે સહુથી મોટી સભા સાન-
હેદ્રીન નામે હતી તે. તેના વિષે થોડી હકિકત નીચે
લખવામાં આવી છે:—

(૧) સાનહેદ્રીન ઇ. સ. પૂર્વે ચોથા સૈકામાં સ્થાપન
કરવામાં આવ્યું.

(૨) તેના સભાસદો ૭૧ હતા, એટલે મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ તથા લોકોના વડીલો. તેઓ કોણ હતા તે જાણવા માટે અ. ૨; ૪ પરની ટીકા જુઓ. વડીલો ઘણું કરી ઘરડા થએલા હતા, અને યાજકોના નહિ પણ સાધારણ લોકના માણસો હતા. આ સભાનો પ્રમુખ ઘણું કરી પ્રમુખ્ય યાજક હતો. તેના શિવાય એક વાઇસ—પ્રેસીડેંટ તથા એક તરજુમો કરનારો હતો.

(૩) અસલ વખતમાં આ સભાને ગુન્હેગાર લોકોને મારી નાંખવાનો હક હતો, પણ આ વેળા રૂમી રાજ્ય ચાલતું હતું માટે આ હક બંધ થયો હતો. યો. ૧૮; ૩૧ જુઓ. મુસાના નિયમ, યહુદી ધર્મ તથા યાજકો વિષેની બધી વાત અને તકરાર તેમના વિચાર કરવામાં આવતી.

(૪) આ વેળા પ્રમુખ્ય યાજકની કચેરીમાં સભા એકઠી થઇ પણ અ. ૨૭; ૩—૫ ઉપરથી જણાયછે કે વખતે મંદિરની અંદર એકઠી થતી. પણ ઘણું કરીને મંદિર પાસેના એક મકાનમાં એકઠી થતી. ફરોશીઓ તથા સાદુકીઓ એક બીજાપર વેર રાખતા તોપણ આ વખતે ઇશુની સામા તેઓ એકઠા થયા. ઇશુએ લાજરસને સજીવન કર્યો ત્યારથી તેઓએ તેને મારી નાંખવાનો મનસુબો રાખ્યો હતો. "કાયફા" આ માણસ આન્નાનો જમાઇ હતો. યો. ૧૮; ૧૩ જુઓ. ઇ. સ. ૨૬ માં તે પ્રમુખ્ય યાજક થયો. પણ ઇ. સ. ૩૮ માં તેને કહાડી મૂકવામાં આવ્યો. અસલના વખતમાં જે માણસને ઠરાવવામાં આવ્યું તે મરણ સુધી પ્રમુખ્ય યાજક રહ્યો અને

ઓ તથા લોકોના વડીલો કાયાફા નામે પ્રમુખ્ય
૪ યાજકની કચેરીમાં એકઠા થયા; અને ઇશુને
કપટથી પકડીને મારીનાંખવા માટે મનસુબો
૫ કીધો. પણ તેઓએ કહ્યું કે, પર્વમાં નહિ, રખે
લોકોમાં ગડબડ થાય.

તેના મરી ગયા પછી તેનો દીકરો તેને ઠેકાણે આવ્યો. પણ રૂમી રાજ્ય ચાલવા લાગ્યું, ત્યારથી રૂમી હાકેમ પોતાની ખુશી પ્રમાણે માણસોને તે પદવીએ ચઢાવતો તથા તેમને ઉતારી નાંખતો. આન્ના એક વખત પ્રમુખ્ય યાજક હતો, માટે યહુદી લોકના ધારવા પ્રમાણે, જો કે તેને કાઢી મૂકવામાં આવ્યો હતો, તોપણ તેનો હક રહ્યો. યહુદી લોકના મત પ્રમાણે આન્ના, પણ રૂમી લોકના કાયદા પ્રમાણે કાયાફા પ્રમુખ્ય યાજક હતો. તે વાસ્તે લુ. ૩; ૨ માં લખ્યું છે કે આ વખતે આન્ના તથા કાયાફા પ્રમુખ્ય યાજક હતા, અને પ્રે. ૪; ૬ માં લખ્યું છે કે આન્ના પ્રમુખ્ય યાજક હતો.

૪. ઇશુને કપટથી પકડવાનો વિચાર હતો, કારણ કે (૧) વાદવિવાદ કરવાથી તેઓ તેને ફાંદામાં નાંખી શકતા નહોતા. અ. ૨૨; ૪૬ જુઓ; (૨) સરકાર તરફથી તે જોખમમાં આવે એમ પણ થઈ શકતું નહોતું. અ. ૨૨; ૨૧, ૨૨ જુઓ; (૩) લોકથી બિહીવા એ વાસ્તે તેને બળાત્કારથી પકડી શકતા નહોતા. ક. ૫ જુઓ.

૫. પાસ્ખા પર્વમાં ઘણા લાખ માણસો ભેગા થતા, અને આશરે ત્રીશ વરસ અગાઉ એવી ગડબડ ઉઠી હતી. પર્વમાં ઇશુને પકડવાનું મન નહોતું પણ યહુદાએ

६ અને ઇશુ બેથાનીઆમાં સીમોન કોહોડિઆના
૭ ઘરમાં હતો. ત્યારે એક બાયડી જેની કને આ-
લાબાસ્તરની સીસીમાં ઘણું મુલ્યવંત અત્તર હતું,
તે તેની પાસે આવી, ને તે જમવા બેઠો હતો
૮ એટલામાં તેના માથા પર તેણીએ તે રેડયું. પણ
તેના શિષ્યોએ દીઠું ત્યારે ગુસ્સે ભરાઈને કહ્યું કે,

તેને પરસ્વાધીન કરવાનું કહ્યું, માટે તેમનો ઇરાદો બદલી ગયો.

૬-૧૩. માર્ક ૧૪; ૩-૯. યો. ૧૨; ૧-૮ વાંચો. કાળમાન વિધા પ્રમાણે માત્થી આ વાત લખતો નથી. યોહાનના લખ્યા પ્રમાણે "પાસ્ખા પર્વથી છ દહાડા આગાઉ" આ બનાવ બન્યો. લુ. ૭; ૩૬-૩૯ માં આના જેવો એક બીજો બનાવ વાંચવામાં આવેછે.

૬. સીમોનનો રોગ મટી ગયો હતો, તોપણ તેને સીમોન કોહોડિયો કહ્યો. તે ઘણું કરી ઇશુનો એક શિષ્ય તથા લાજરસનો એક મિત્ર હતો.

૭. આ નરી જટામાંસીનું એક શેર અત્તર હતું. તેથી ઇશુને પગે પણ ચોળ્યું. યો. ૧૨; ૩.

આ બાયડી લાજરસની બેહેન મરિયમ હતી. માત્થી તથા માર્ક લાજરસ અથવા મરિયમનું નામ આપતા નહોતા, એવી બિહીકથી કે કદાચિત તેમને નુકશાન થાય. પણ યોહાને તેનું પુસ્તક રચ્યું, ત્યારે તેઓ મરી ગયેલા હતા, માટે યોહાનની સુવાર્તામાં નામ લખવામાં આવ્યાં.

આલાબાસ્તર આરસપાહાણના જેવું છે.

૮. આ બનાવ વિશેષે કરીને યહુદાને ખોટો લાગ્યો, કારણ કે શિષ્યો તથા ઇશુના પૈસા તે રાખતો, માટે

૯ એ નુકશાન શા માટે? કેમકે એ અત્તર ઘણા
૧૦ મુલ્યથી વેચાત, ને દરિદ્રીઓને અપાત. ત્યારે
ઇશુએ એ જાણીને તેઓને કહ્યું કે, એ બાયડીને
તમે કેમ તસ્દી દોછો? કાંજે એણે તો મારે સારૂ
૧૧ ઉત્તમ કામ કીધું છે. કેમકે દરિદ્રી સદા તમારી
૧૨ સાથે છે, પણ હું સદા તમારી સાથે નથી. તેણે
એ અત્તર મારા શરીર પર રેડવું એ તો મને
૧૩ દાટવા સારૂ તેણે કીધું. હું તમને ખચિત કહુંછું
કે, આ સુવાર્ત્તા આખા જગતમાં જયાં કહીં પ્ર-
સિદ્ધ કરાશે ત્યાં એણે જે કીધું તે પણ એના
સંભારણને સારૂ કેહવાશે.

વિચાર ઉઠયો કે આ અત્તરના પૈસા મારા હાથમાં આવત તો એક બાગ ચોરી લેવાનો પ્રસંગ મળત. યો. ૧૨; ૬: ૧૩; ૨૯ જુઓ.

૯. આ અત્તરનું મૂલ ત્રણશે દીનાર કરતાં વધારે હતું (માર્ક ૧૪; ૫). એક દિવસને વાસ્તે મજૂરેને એક દીનાર મળતું (અ. ૨૦; ૨), માટે એક દીનાર ત્રણ આના ગણીએ તો ચાલે, અને ત્રણશે દીનાર આશરે ૫૬ રૂપીઆ થાય.

૧૦. નવા કરારની અંદર કોઇ બીજા માણુસને એવી શાબાશી મળી નથી. મરિયમનો વિશ્વાસ ઉંડો હતો એમ માલૂમ પડેછે, કારણ કે ઇશુ મરી જવાનો છે એમ જાણ્યાં છતાં તે માનતી હતી કે ઇશુ રાજા છે.

૧૨. લાશ ઉપર શુગંધની વસ્તુઓ નાંખવાનો યહુદીઓનો રીવાજ હતો. ૨ કા. ૧૬; ૧૪. માર્ક ૧૬; ૧ જુઓ.

૧૩. ઇશુનું મરણ પાસે આવ્યું હતું, તો પણ મારૂં રાજ્ય બહુ ફેલાઇ જશે, એમ તે જાણતો હતો.

૧૪ ત્યારે યહુદા ઇસકારીઓત કહેવાએલો તે બાર-માંના એકે મુખ્ય યાજકોની પાસે જઇને કહ્યું

"આ સુવાર્ત્તા" ઘણું કરીને જેમતી વખતે ઈ-શુની સુવાર્ત્તા વિષે વાત ચાલતી હતી.

૧૪-૧૬. માર્ક ૧૪; ૧૦, ૧૧. લુ. ૨૨; ૩-૬ વાંચો.

ઉપરનો બનાવ બન્યા પછી યહુદા દગો કરવા લાગ્યો, એમ માર્ક પણ જણાવે છે. ઇશુ દાટવામાં આવશે એમ યહુદાએ સાંભળ્યું, વળી એટલા બધા પૈસા ખરચી નાંખ્યા, તોપણ તેના હાથમાં એક પૈ પણ નહિ આવી તે તેને ખોટું લાગ્યું; માટે ઇશુ રાજા થશે, અને એમાં મને ઘણો ફાયદો થશે, તે આશા ભાંગી પડી. ઇશુ મરી જવાનો છે, તે વાત જાણવામાં આવી ત્યારે મરિયમનો વિશ્વાસ તથા યહુદાનો વિશ્વાસ કેવો છે, તે એકદમ દેખાયું. ચોરી કરવાનો પ્રસંગ મળતો અને ઇશુ તેનું રાજ્ય સ્થાપન કરશે ત્યારે તેની અંદર હું એક અમલદાર થઈ જઈશ એવી આશા હોવાથી યહુદા ઇશુની પાછળ ચાલ્યો. ઇશુ ઘણો મોટો છે, એમ તે સમજતો હતો. પણ પછી તેના જાણવામાં આવ્યું કે ઈશુને ઘણા દુશ્મનો છે અને તેમનો નાશ નહિ થાય તે. તેઓ ઇશુને મારી નાંખશે. તો પણ ઇશુ પોતાના મરણ વિષે વાત કરેછે, અને ઉઘાડી રીતે રાજા થવાનો નથી, માટે જરૂર તે તેના દુશ્મનોના હાથમાં પડશે ત્યારે તેને મારી નાંખવામાં આવશે. કદાચિત તેના શિષ્યોનો નાશ પણ થશે. પણ ઇશુ તેના કહ્યા પ્રમાણે રાજ્ય સ્થાપન કરવાનો નથી, એમાં તેણે મને ઠગ્યો છે માટે હું એને પરસ્વાધીન કરૂં તો સારૂ, કારણ કે તેથી હું જોખમ-

૧૫ કે, તેને હું તમારે સ્વાધીન કરૂં તો તમે મને શું
આપશો ? ને તેઓએ તેની જોડે ત્રીસ શેકેલ
૧૬ પરખ્યા. અને ત્યારથી તેણે તેને પરસ્વાધીન ક-
રવાનો લાગ શોધ્યા કીધો.
૧૭ અને બેખમીર રોટલીના [પર્વને] પહેલે દહાડે
શિષ્યોએ ઇશુની પાસે આવીને તેને કહ્યું કે, અમે

માંથી નિકળીશ અને મને ઘણા પૈસા મળશે. એવા એવા ઘણા વિચાર યહુદાના મનમાં ઉઠ્યા હશે.

૧૫. "ત્રીસ શેકેલ" એટલે આશરે ૭૨ રૂપીઆ. તે એક દાસનુંમૂલ હતું (ન. ૨૧; ૩૨). યસફનું મૂલ વીશ શકેલ હતું (ઉત. ૩૭; ૨૮). આ મૂલમાં એક ભવિષ્યવાત પૂરી થઈ. જખ. ૧૧; ૧૨. ઘણું કરીને આ પૈસા ઇશુની કિમ્મતનો ફક્ત. એક ભાગ હતો. કામ પૂરૂં થયા પછી યહુદાને બીજા પૈસા મળવાના હતા.

૧૭– ૧૯. માર્ક ૧૪; ૧૨–૧૬. લુ. ૨૨; ૭–૧૩ વાંચો.

૧૭. આ વખતે ગુરૂવાર નિસાન માસનો ચૌદમો દિવસ હતો. તે દહાડે બધા ખમીરનો નાશ કરવાના હતા, તથા હલવાન મારી નાંખવાના હતા (લુ ૨૨; ૭), અને ઇશુ તૈયારી કરેછે. આ દિવસ ખરૂં જોતાં પાસ્ખા પર્વનો પહિલો દિવસ નહોતો, પણ લોક તેને પહેલો દિવસ ગણતા હતા. તે પછી બેખમીર રોટલીના સાત દહાડા આવ્યા. નિસાન માસને ચૌદમા દહાડાની સાંજરે હલવાન મારી નાંખતા, તથા પંદરમા દહાડાની શરૂઆતમાં રાત આવ્યા પછી તેનું માંસ ખાતા હતા. આ પ્રમાણે જ્યારે પ્રભુ ભોજન સ્થાપન કરવામાં આવ્યું ત્યારે ગુરૂવારની સાંજરે, એટલે પંદરમાં દહાડાની શરૂઆતમાં, પાસ્ખા પાળવા બેઠા હતા. યહુદી

તારે વાસ્તે પાસ્ખા ખાવા સારૂ ક્યાં તૈયારી કરિ-
૧૮ યે ? તારી શી ઇચ્છા છે ? ત્યારે તેણે કહ્યું કે, નગરમાં ફલાણાની પાસે જઈને તેને કહો, ઉપ-દેશક કહેછે કે, મારો સમય પાસે આવ્યો છે, હું મારા શિષ્યો સુદ્ધાં તારે ઘેર પાસ્ખા પાળીસ.

લોકના ગણવા પ્રમાણે ગુરૂવારની સાંજના ૭ વાગ્યાથી તે શુક્રવારની સાંજના ૭ વાગ્યા સુધી તે પંદરમા દહાડો હતો. ગુરૂવારની સાંજના ૭ વાગ્યા પછી તેઓ પાસ્ખા પર્વ પાળતા હતા. લુ. ૨૨; ૧૫ જુઓ. શુક્રવારે ઇશુનું મરણ થયું. આ પર્વને કોઈવાર બેખમીરી રોટલીનું પર્વ (પ્રે. ૧૨; ૩), કોઇ વાર પાસ્ખાપર્વ (લુ. ૨૨; ૧), કોઇ વાર પાસ્ખા તથા બેખમીરી રોટલીનું પર્વ (માર્ક ૧૪; ૧) કહેતા હતા. યોહાનના લખ્યા પ્રમાણે દેખાયછે કે શુક્રવાર ચૌદમો દહાડો હતો અને પાછળનો દિવસ પાસ્ખા પર્વ હતું; પણ યો. ૧૩; ૨૯: ૧૮; ૨૮માં પાસ્ખા પર્વ વિષે નહિ, પણ તેના સરખું એક બીજું પર્વ ચાગીગા નામે હતું તેના વિષે વાત લખેલી છે. યો. ૧૯; ૧૪ માં "પાસ્ખાની તૈયારી" એટલે પાસ્ખા પર્વનો આગળનો દિવસ એમ નહિ, પણ પાસ્ખા પર્વના અઠવાડીઆમાં સાબાથ દિવસનો આગળનો દિવસ તે.

૧૮. આ. ૨૧; ૩ જુઓ.

પીતર તથા યોહાન આ કામ પર ગયા. લુ. ૨૨; ૮. ઘર વિષે ઈશુએ તેમને આગળથી નિશાની આપી. લુ. ૨૨; ૧૦ જુઓ. આ માણસ ઈશુનો કોઇ મિત્ર અથવા શિષ્ય હતો. યરૂશાલેમના રહેવાશીઓમાં પાસ્ખા પર્વ પાળવા માટે બીજા માણસોને કોટડી આપવાનો રીવાજ હતો.

૧૯ અને ઇશુએ શિષ્યોને જેવી આજ્ઞા આપી હતી,
૨૦ તેવું તેઓએ કીધું, ને પાસ્ખા તૈયાર કીધું. અને
સાંજ પડ્યા પછી બારેની સાથે તે જમવા બેઠો.

૨૦-૩૦. માર્ક ૧૪; ૧૭-૨૬. લુ. ૨૨; ૧૪-૩૯. ૧ કરિં. ૧૧; ૨૩—૨૬ વાંચો. કોણ સહુથી મોટું છે, એવી તકરાર શિષ્યોમાં આ વેળા ઉઠી, એમ લુક જણાવેછે. ઈશુએ પ્રભુ ભોજન સ્થાપન કર્યું, તે વાત યોહાન મુકીદેછે, પણ શિષ્યેના પગ ધોવા વિષેની વાત લખેછે, અને અધ્યાય ૧૪-૧૭માં ઇશુનો ઘણો બોધ જણાવેછે.

૨૦. "તે જમવા બેઠો" ખરૂં જોતાં યહુદી લોકો જમતી વખતે અને વિશેષે કરીને પાસ્ખા પર્વને વખતે કોચ ઉપર અઢેલતા હતા.

પાસ્ખા પર્વની ક્રિયા વિષે કેટલીએક હકિકત નીચે લખવામાં આવી છે:—.

(૧) પહેલા વહેલાં પ્યાલામાં લાલ દ્રાક્ષારસ તથા પાણી ભરીને પીતા હતા. આ પહેલો પ્યાલો હતો. લુ. ૨૨; ૧૭ જુઓ. પછી બધાએ તેંગના હાથ ધોઇ નાંખતા. આ વખતે ઘણું કરી ઇશુએ શિષ્યોના પગ ધોયા હતા. યો. ૧૩; ૪, ૫.

(૨) પછી કડવાં શાક જે મિસર દેશની સખત ગુલામગીરી ઉપમાની રીતે બતાવતા અને બેખમીરી રોટલી અને ખારોસેથ નામે એક જાતની કઢી જેની અંદર ફળ તથા સરકો નાંખેલાં હતાં, તે પીરસતા હતા. આ કઢીની અંદર તેઓ બેખમીરી રોટલી તથા કડવાં શાક બોળીને ખાતા હતા. ક. ૨૩. ગો. ૧૩; ૨૬. જુઓ.

૨૧ અને તેઓ જમતા હતા ત્યારે તેણે કહ્યું, હું
તમને ખચિત કહુંછું કે, તમારામાંનો એક મને
૨૨ પરસ્વાધીન કરશે. ત્યારે તેઓ ઘણા શોકાતુર
થયા, ને તેઓમાંનો હરેક તેને કહેવા લાગ્યો કે
૨૩ પ્રભુ, શું તે હું છું? અને તેણે જવાબમાં કહ્યું
કે, મારી સાથે થાળીમાં જે હાથ ઘાલેછે તેજ મને
૨૪ પરસ્વાધીન કરશે. માણસના દીકરા સંબંધી જે-
મ લખ્યું છે તેમ તે જાયછે ખરો; પણ જે મા-

(૩) દ્રાક્ષારસનો એક બીજા પ્યાલા પર આશિર્વાદ દ-
ઇને પીતા. ત્યારે બાપ આ ક્રિયાનો ખુલાસો આપેછે.
નિ. ૧૩;૮ જુઓ. પછી "હાલ્લેલ" નો પહેલો ભાગ,
એટલે ગીત ૧૧૩, ૧૧૪ ગાતા હતા.
(૪) હલવાન પીરસતા હતા.
(૫) દ્રાક્ષારસનો ત્રીજો પ્યાલો જેને આશિર્વાદવાળો પ્યાલો
કહેતા, કારણ કે તે પર વિશેષ આશિર્વાદ દેતા
હતા, તે પીતા. આ વખત ઈશુએ પ્રભુ ભોજન સ્થાપન
કર્યું. ક. ૨૭. લુ. ૨૨; ૨૦. ૧ કર. ૧૧; ૨૫ જુઓ.
(૬) દ્રાક્ષારસનો ચોથો પ્યાલો પીધા પછી "હાલ્લેલ"
નો બીજો ભાગ, એટલે ગીત ૧૧૫—૧૧૮
ગાતા હતા. ક. ૩૦.

૨૩. આ જબાબ ફક્ત પીતરે તથા યોહાને જાણ્યો. પછી
ઇશુએ કોળીઓ યહુદાને આપ્યો. યો. ૧૩;
૨૪–૨૬ જુઓ.

"થાળીમાં" એટલે ખારોસેથ નામની કઢીમાં.

૨૪. અ. ૧૮; ૭ જુઓ.

"જેમ લખ્યું છે તેમ" એટલે ગી. ૨૨મા તથા
યશ. ૫૩ મામાં, ઇત્ય.

માણસથી માણસનો દીકરો પરસ્વાધીન કરાયછે,
તેને અફસોસ; જો તે માણસ જનમ્યો ન હોત,
૨૫ તો એ તેને સારૂં હોત. ત્યારે તેને પરસ્વાધીન
કરનાર યહુદાએ જવાબમાં કહ્યું, રાબ્બી, શું તે
૨૬ હું છું? તે તેને કહેછે કે તેં પોતેજ કહ્યું. અને
તેઓ ભોજન કરતા હતા ત્યારે ઇશુએ રોટલી
લઇને, તથા આશિર્વાદ દઇને ભાંગી, ને શિષ્યો-
ને આપીને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂં શરીર
૨૭ છે. અને તેણે વાટકો લઇને, તથા સ્તુતિ કરીને
તેઓને આપતાં કહ્યું કે, તમે સહુ એમાંથી પી-
૨૮ ઓ. કેમકે એ નવા કરારનું મારૂં લોહી છે, જે
પાપોના નિવારણ થવાને માટે ઘણાને લીધે

---

૨૫. "તેં પોતેજ કહ્યું" એટલે હા. ફક્ત યહુદાએ આ જવાબ સાંભળ્યો.

૨૬. યો. ૬; ૫૧–૫૭ જુઓ.

આ વેળા યહુદા હાજર નહોતો. યો. ૧૩; ૨૬–૩૦ જુઓ.

"રોટલી લઇને" આ ખમીર વગરની રોટલી હતી. પુ. ૧૬; ૩.

"આશિર્વાદ દઇને" ૧ કર. ૧૧; ૨૪માં લખ્યું છે તે પ્રમાણે ઇશુએ સ્તુતિ કરી. બેઉ વાત થઇ હશે.

"ભાંગી" નમુના રૂપે તેના શરીરનું ભાંગવું એમ બનાવેલું હતું. ઇશુએ પોતે પ્રભુ ભોજન ખાધું, એવો સંભવ છે. ક. ૨૯ જુઓ.

"એ મારૂં શરીર છે" એટલે ઉપમાની રીતે આ રોટલી મારૂં શરીર છે, આ વેળા ઇશુનું શરીર તેમની નજરે હતું.

૨૮ "એ નવા કરારનું મારૂં લોહી છે" અર્પણ કરેલા જના-

૨૯ વહેવડાવાય છે. અને હું તમને કહું છું કે, હું મારા
બાપના રાજ્યમાં તમારી સાથે નવો પીશ, તે
દહાડા સુધી દ્રાક્ષારસ હવેથી હું પીનારજ નહિ.
૩૦ પછી તેઓ ગીત ગાઇને જૈતુનના પહાડ પર
૩૧ બહાર ગયા. ત્યારે ઇસુ તેઓને કહેછે કે, તમે
સહુ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો; કાંજે

વરનું લોહી જુના કરારની મુદ્રા હતી પણ દ્રાક્ષારસ નવા કરારની મુદ્રા છે. એવા લાલ દ્રાક્ષારસને દ્રાક્ષનું લોહી કહેતા હતા. જુનો કરાર જાણવાસારૂ નિ. ૨૪; ૩–૮. હેબ. ૯; ૧૯–૨૧ જુઓ. નવો કરાર જાણવાસારૂ યર. ૩૧; ૩૧–૩૪. હેબ. ૮મો તથા ૯મો અધ્યાયો જુઓ.

૨૯. ઉપમાની રીતે સ્વર્ગનું રાજ્ય એક મોટા જમણના સરખું છે કે જેની અંદર લોક દ્રાક્ષારસ પીને ઘણો આનંદ પામેછે. લુ. ૨૨; ૩૦.

"નવો" જ્યારે બધું નવું થશે ત્યારે એક નવી જાતનો આનંદ પણ થશે.

૩૦. "ગીત ગાઇને" એટલે ગી. ૧૧૫—૧૧૮. ક. ૨૦ પરની ટીકા જુઓ.

સવાર પહેલાં બહાર જવાની મના જે હતી તે બંધ થઈ હતી. નિ. ૧૨; ૨૨.

૩૧–૩૫. માર્ક ૧૪; ૨૬–૩૧. લુ. ૨૨; ૩૨–૩૪. યો. ૧૬; ૩૨ વાંચો.

૩૧. જખ. ૧૩; ૭ જુઓ. તેનાં ઘેટાંનાં પાપને લીધે ઘેટાંપાળક મારી નંખાય છે.

એમ લખ્યું છે કે હું ઘેટાંપાળકને મારીશ, ને
૩૨ ટોળાનાં ઘેટાં વિખરાઈ જશે. પણ મારા ઉઠયા
૩૩ પછી હું તમારી અગાઉ ગાલીલમાં જઈશ. ત્યારે
પીતરે જવાબમાં તેને કહ્યું, જો બધા તારા સંબં-
ધો ઠોકર ખાશે, તો પણ હું કદી નહિ ઠોકર
૩૪ ખાઈશ. ઈશુએ તેને કહ્યું, હું તને ખચિત કહુંછું
કે આજ રાત્રે મરઘો બોલ્યા અગાઉ, ત્રણવાર
૩૫ તું મને નકાર કરીશ. પીતર તેને કહેછે, જો તારી
સાથે મારે મરવું પડે તો પણ હું તને નકાર ન-
હિજ કરીશ. બધા શિષ્યોએ પણ એમજ કહ્યું.

---

૩૨. અ. ૨૮; ૭, ૧૦, ૧૬ જુઓ. આ વાત શિષ્યો તેમના મનમાં નહિ લાવ્યા.

૩૪. પીતરના નકાર વિષે ઈશુ ભવિષ્ય કરેછે. તે બનાવ માત્થી તથા માર્કના લખ્યા પ્રમાણે ઘરમાંથી નિકળ્યા પછી થયો, પણ લુક તથા યોહાનના લખ્યા પ્રમાણે નિકળ્યા પહેલાં એમ થયું. ઘણુંકરી લુક તથા યોહાન બરાબર લખેછે કારણ કે ઘણીવાર માત્થી કાળમાન વિધા પ્રમાણે વાત નથી લખતો.

માર્ક ૧૪; ૩૦ માં "મરઘો બે વાર બોલ્યા અગાઉ" એમ લખેલું છે. પણ માત્થીના લખવાનો અર્થ એ છે કે રાતના જે ભાગને "મરઘો બોલવાનો વખત" (માર્ક ૧૩; ૩૫) કહેછે તે અગાઉ. તે વખતે મરઘો બીજીવાર બોલ્યો.

૩૫. યો. ૧૧; ૧૬ જુઓ.

૩૬—૪૬. માર્ક ૧૪; ૩૨—૪૨. લુ. ૨૨; ૪૦—૪૬. યો. ૧૮; ૧ વાચો. ફકત લુક જણાવે છે કે તેને બળ આપતો એક દુત તેને દેખાયો, અને બીજું કે પ્રાર્થના કરતી વખતે લોહીના ટીપાં જેવો તેનો પરસેવો હતો.

૩૬ ત્યારે ઇશુ તેઓની સાથે ગેથસેમાની કહેવા-
એલે ઠેકાણે આવેછે, ને શિષ્યોને કહેછે કે, હું
ત્યાં જઇને પ્રાર્થના કરૂં ત્યાં સુધી તમે હિયાં
૩૭ બેસો. અને પીતરને તથા જબ્દીના બે દીકરા-
ને સાથે લઇને પોતે શોકાતુર તથા ઉદાસ થવા
૩૮ લાગ્યો; ત્યારે તે તેઓને કહેછે કે, મારો જીવ
મરવા જેવો ઘણો શોકાતુર છે, તમે હિયાં રહી-
૩૯ ને મારી સાથે જાગતા રહો. પછી તેણે થોડે
આઘે જઇને ઉંધે મોહોડે પડીને પ્રાર્થના કરતાં
કહ્યું કે, ઓ મારા બાપ, જો બની શકે તો આ
સંકટ મારાથી દૂર કર; તો પણ મારી ઇચ્છા પ્ર-
માણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ.
૪૦ પછી શિષ્યોની પાસે તે આવેછે, ને તેઓને ઉં-
ઘતા દેખીને પીતરને કહેછે, શું તમે એક ઘડી
૪૧ પણ મારી સાથે જાગતા રહી નથી શકતા? તમે

---

૩૬. "ગેથસેમાની" આ નામનો અર્થ "તેલવાળો સાંચો" એવો થાયછે. કીદ્રોન નાળાની પહેલી પાર જેતુનના પહાડ ઉપર તે એક વાડી હતી.

૩૭. બીજી બે વાર એજ ત્રણ શિષ્યો ઈશુની સાથે એ-કલા હતા. અ. ૧૭; ૧. માર્ક ૫; ૩૭ જુઓ.
"શોકાતુર" યશા. ૫૩; ૪ જુઓ.

૩૮. "મારી સાથે જાગતા રહો" ઈશુ માનવી દિલાસો માગેછે.

૩૯. હેબ. ૫; ૭ જુઓ. પછી ઈશુને દિલાસો મળ્યો. લુ. ૨૨; ૪૩.

૪૧. "તમે જાગતા રહો" અ. ૨૪; ૪૨: ૨૫; ૧૩. ૧ કરી. ૧૬; ૧૩. કલ. ૪; ૨ જુઓ.

જાગતા રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં
ન આવો; આત્મા તત્પર છે ખરો, પણ શરીર
૪૨ બળરહિત છે. વળી બીજીવાર તેણે જઇને પ્રાર્થના
કરતાં કહ્યું, ઓ મારા બાપ, જો આ વાટકો
મારા પીધા વગર મારી પાસેથી દૂર થઇ નહિ
૪૩ શકે તો તારી ઇચ્છા થાય. ત્યારે તેણે આવીને
બીજીવાર તેઓને ઉંઘતા દીઠા; કેમકે તેઓની
૪૪ આંખો ઉંઘથી ભારે થઇ હતી. પછી તેણે તેઓને
મુકયા ને ફરી જઇને ત્રીજીવાર તેજ વાત કેહેતાં
૪૫ પ્રાર્થના કીધી. ત્યારે તે પોતાના શિષ્યોની પાસે
આવીને તેઓને કેહેછે કે, હવે ઉંઘયા કરો, ને
વિશ્રામો ખાઓ; જુઓ, ઘડી પાસે આવી છે,
ને માણસનો દીકરો પાપીઓના હાથોમાં
૪૬ પરસ્વાધીન કરવામાં આવશે. ઉઠો, આપણે જ-
ઇએ; જુંઓ, મને જે પરસ્વાધીન કરેછે તે
પાસે આવ્યો છે.

૪૭ અને તે એમ કેહેતો હતો, એટલામાં જુઓ,

"આત્મા તત્પર .....બળરહિત છે" ગલ. ૫; ૧૭ જુઓ.

૪૨. "આ વાટકો" એટલે આ સંકટ.

૪૪. "તેજ વાત કહેતાં" પ્રાર્થનામાં ખરા મનથી એજ વિનંતી ઘણી વાર કરીએ તો એમાં કંઇ હરકત નથી. અમથો લવારો કરવો (અ. ૬; ૭) તે જુદી વાત છે.

૪૬. "ઉઠો" ઈશુ "ઉંઘ્યા કરો" એમ બોલી ચુકયો હતો, ત્યારે યહુદા નજરે પડયો માટે તે "ઉઠો" કહેછે.

૪૭–૫૬. માર્ક ૧૪; ૪૩–૫૦. લુ. ૨૨; ૪૭–૫૩. યો. ૧૮; ૩–૧૧ વાંચો.

૪૭. આ ટોળાની અંદર (૧) કેટલાએક રૂમી સિપાઇઓ

તે બારેમાંનો એક, એટલે યહુદા, આવ્યો; ને
તેની જોડે મુખ્ય યાજકોની તથા લોકોના વડ-
ડીલોની પાસેથી ઘણા લોક તરવારો તથા સોટા
૪૮ લઇને આવ્યા. ત્યારે તેને પરસ્વાધીન કરનારે
તેઓને નિશાની આપતાં કહ્યું કે, હું જેને ચુ-
૪૯ મીશ તેજ તે છે; તેને પકડી લો. અને તરત
તેણે ઇશુની પાસે આવીને કહ્યું, રાબ્બી, સુખી
૫૦ રેહ; ને તેને ચુમ્યો; ને ઇશુએ તેને કહ્યું કે, મિત્ર,
તું શા માટે આવ્યો છે? ત્યારે તેઓએ પાસે
આવીને, ઇશુ પર હાથ નાંખીને, તેને પકડી
૫૧ લીધો. પછી જુઓ, ઇશુના સાથીઓમાંના એક
હાથ લાંબો કરીને પોતાની તરવાર કહાડી, ને

હતા. યો. ૧૮; ૩; (૨) કેટલાએક મંદિરના ચોકી
દારો હતા. લુ. ૨૨; ૫૨; અને (૩) કેટલાએક ફરા-
શીઓ તથા સાંહેદ્રીનના મેંબરો હતા.

૪૮. "હું જેને ચુમીશ" ઘણું કરી શિષ્યોને ચુંમી કરવાની આદત હતી. રૂ. ૧૬; ૧૬. ૧ થેસ. ૫; ૨૬ જુઓ.

૫૦. "મિત્ર" આ. ૨૦; ૧૩ પરની ટીકા જુઓ.

૫૧. પીતરે માલખાનો કાન કાપી નાંખ્યો (યો. ૧૮; ૧૦). પણ તેને નુકસાન ન લાગે માટે માત્થી તેનું નામ આપતો નથી. ઇશુએ કાન સાજો કર્યો (લુ. ૨૨;૫૧). પીતરની તરવાર બેમાંની એક હતી. લુ. ૨૨; ૩૮ જુઓ.

પ્રમુખ્ય યાજકના ચાકરને મારીને તેનો કાન
૫૨ કાપી નાંખ્યો. ત્યારે ઈશુ તેને કહેછે કે, તારી
તરવાર તેની મીઆનમાં પાછી ઘાલ ; કેમકે
જે સઘળા તરવાર પકડેછે તેઓ તરવારથીજ નાશ
૫૩ પામશે. શું તું ધારેછે કે હું એવો શક્તિમાન નથી
કે જો બાપની પાસે હમણાં માગું, તો તે દૂતો-
ની બાર ફોજ કરતાં વધારે મારી પાસે મોકલી
૫૪ દેશે નહિ? તો જે ધર્મલેખો પ્રમાણે એવું થવાની
૫૫ જરૂર છે, તે કેમ પુરા થશે? તેજ વેળા ઈશુએ
લોકોને કહ્યું કે, તમે તરવારો તથા સોટા લઇને
જેમ લૂટારાને તેમ મને પકડવા બહાર આવ્યા
છો શું? હું નિત્ય મંદિરમાં તમારી પાસે ઉપદેશ
કરતાં બેસતો હતો; ને તમે મને નહિ પકડયો;
૫૬ પણ ભવિષ્યવાદીઓના લેખો પુરા થવાસારૂ એ
બધું થતું જોઇએ. ત્યારે બધા શિષ્યો તેને મુ-
કીને નહાઠા.

૫૨–૫૪. આ વાત ફકત માત્થીની શુભવાર્ત્તામાં વાંચવામાં આવે છે.

૫૨. મતલબ. બળાત્કારથી ખ્રીસ્તી ધર્મ નહિ ફેલાવવો, તથા તેનું રક્ષણ નહિં કરવું. એવી રીતે કરીએ તો આપણું કામ પાણીમાં જશે. ૨ કર. ૧૦; ૪. આ વખતે જોર નહિ ચલાવવાનું એક બીજું કારણ યોહાન બતાવે છે, એટલે પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે આ દુઃખ વેઠવું પડેછે તેથી. યો. ૧૮; ૧૧.

૫૫. "બેસતો હતો" અ. ૫; ૨ પરની ટીકા જુઓ.

૫૬. "ભવિષ્યવાદીઓના લેખો પૂરા થવા સારૂ" ગી.

૫૭ પછી જેઓએ ઇશુને પકડયો હતો, તેઓ જયાં શાસ્ત્રીઓ તથા વડીલો એકઠા થયા હતા ત્યાં

૨૨ મું. યશા. ૫૩મો અધ્યાય. જખ. ૧૩; ૭ જુઓ. ૫૭–૬૮. માર્ક ૧૪; ૫૩–૬૫. લુ. ૨૨; ૫૪, ૬૩–૬૫ વાંચો.

નીચે લખ્યા પ્રમાણે આ બનાવ બન્યાઃ—

(૧) ગેથસેમાની વાડીમાંથી ઇશુને અન્નાની આગળ લઇ ગયા. થોડી તપાસ કરીને ત્યાંથી તેને કાયાફા પાસે મોકલ્યો. યો. ૧૮; ૧૯–૨૪ જુઓ.

(૨) કાયાફા તથા સાંહેદ્રીનના કેટલાએક મેંબરોની આગળ નિયમ વિરૂધ્ધ રાતની વખતે ઇશુની પહેલી તપાસ થઇ. ક. ૫૭–૬૮ જુઓ.

(૩) શુક્રવારની મોટી સવારે સાંહેદ્રીનની આગળ નિયમ પ્રમાણે ઇશુ ઉપર કામ ચાલ્યું. અ. ૨૭; ૧. માર્ક ૧૫; ૧. લુ. ૨૨; ૬૬–૭૧ જુઓ.

(૪) પીલાતની આગળ પહેલી વાર ઈશુને લઈ ગયા. અ. ૨૭; ૧૧–૧૪ જુઓ.

(૫) પીલાતે ઇશુને હેરોદની આગળ મોકલ્યો. લુ. ૨૩; ૭–૧૧ જુઓ.

(૬) છેલ્લી વાર તપાસ કરીને પીલાતે ઇશુને મારી નાંખવાનો હુકમ આપ્યો. અ. ૨૭; ૧૯–૨૬ જુઓ.

ઇશુ વિષે તપાસ બરાબર થઇ કે નહિ?

ઉત્તર. (૧) યહુદી લોકના નિયમની મતલબ પ્રમાણે તપાસ બરાબર થઇ નહિ, કારણકે માણસનો નાશ કરવા એમ નહિ, પણ માણસનો બચાવ કરવા તે સાંહેદ્રીનનું કામ હતું; અને ફકત સભાસદોનો બે તૃતીયાંશ ભાગ મત આપે તોજ કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવે. વળી કોઈ માણસ હાજર

કયાફા પ્રમુખ્ય યાજકની પાસે તેને લઇ ગયા.
૫૮ અને પીતર આઘો આઘો તેની પાછળ પ્રમુખ્ય
યાજકની કચેરી સુધી ચાલ્યો, ને માંહે જઇને
૫૯ અંત જોવાને ભાલદારોની સાથે બેઠો. અને મુ-
ખ્ય યાજકોએ તથા વડીલોએ તથા આખી ન્યા
યસભાએ, ઇશુને મારી નાંખવાને તેને ઉલટી
૬૦ જુઠી શાહેદી શોધી; પણ તેઓને ન જડી. ઘણા
જુઠા સાક્ષી આવ્યા, તોપણ ન જડી; અંતે બે

નહિ હોય તો તેને ગુન્હેગાર ઠરાવવામાં નહિ આવે. બીજું, કોઈ માણસ જુઠા સાક્ષીને ઉભો કરે તો તે મરણને પાત્ર થાય (પુ. ૧૯; ૧૬—૨૧), અને જે દિવસે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવે તેજ દિવસે તેનું મરણ ન થાય.

(૨) યહુદી લોકના લખેલા કાયદા પ્રમાણે પણ ઈશુ વિષે તપાસ બરાબર થઈ નહિ, કારણ કે (ક) સાક્ષીઓ નહોતા તો પણ આજ્ઞાએ તપાસ કરી; (ખ) રાતની વખતે તપાસ થઇ; (ગ) તપાસ કરવાને પહેલે દિવસે ઠરાવ થયો; (ઘ) મરણની શિક્ષા પમાડે એવા ગુન્હા વિષે સાબાથવારને આગલે દિવસે તપાસ થઇ; (ઙ) જુઠા સાક્ષીઓને ઉભા કરવામાં આવ્યા; (ચ) પ્રમુખ્ય યાજકે બારોબાર પૂછપાછ કરી.

૫૮. "માંહે જઇને" યોહાનની મારફતે પીતર પેઠો. યો. ૧૮; ૧૬ જુઓ.

૫૯. "જુઠી સાહેદી શોધી" ઉપરની ટીકા જુઓ. નિયમની મતલબ પ્રમાણે સાચી શાહેદી પણ શોધવી તે ઉચિત નહોતું.

૬૦. "બે" પુ. ૧૯; ૧૫.

૬૧ જુઠા સાક્ષીઓએ આવીને કહ્યું કે, એણે કહ્યું,
હું દેવના મંદિરને પાડી નાંખવાને, તથા ત્રણ દ-
૬૨ હાડામાં તેને પાછું બાંધવાને સમર્થ છું. ત્યારે
પ્રમુખ્ય યાજકે ઉઠીને તેને કહ્યું, શું તું કંઈ ઉત્તર
નથી દેતો? એઓ તારે ઉલટી શી શાહેદી આ-
૬૩ પેછે? પણ ઈશુ છાનો રહ્યો. ત્યારે પ્રમુખ્ય યા-
જકે જવાબમાં તેને કહ્યું, હું તને જીવતા દેવના સમ
દઉંછું કે, તું ખ્રીસ્ત જે દેવનો દીકરો તેજ છે કે
૬૪ નહિ, એ અમને કહે. ઈશુ તેને કહેછે કે, તેં કહ્યું
તેજ; વળી હું તમને કહુંછું કે હવે પછી માણ-
સના દીકરાને પરાક્રમના જમણા હાથપર બે-
સતો, તથા આકાશના મેઘો પર આવતો તમે

૬૧. યો. ૨; ૧૯ સરખાવો. "હું દેવના મંદિરને પાડી નાંખવાને સમર્થ છું" એમ નહિ, પણ "આ મંદિરને પાડી નાંખો" એમ ઈશુ બોલ્યો હતો.

"તેને પાછું બાંધવાને સમર્થ છું" એમ નહિ, પણ "હું એને ઉભું કરીશ" એમ ઈશુ બોલ્યો હતો. માણસથી નહિ બને એવા કામ કરવાનું ઈશુએ કહ્યું હતું, માટે પોતાને પરમેશ્વરના સરખો ગણીને દુર્ભાષણ કરેછે એમ સાબીત કરવાનો યાજકોનો ઇરાદો હતો. પણ ઘણુંકરી ઈશુના કહેવાનો અર્થ તેઓ બરાબર સમજતા હતા. અ. ૨૭; ૬૩ જુઓ. આ બે માણસની વાત મળી નહિ. માર્ક ૧૪; ૫૯ જુઓ.

૬૨. "ઈશુ છાનો રહ્યો"; યશા. ૫૩; ૭.

૬૪. "તેં કહ્યું તેજ" ક. ૨૫ પરની ટીકા જુઓ.

૬૫ દેખશો. ત્યારે પ્રમુખ્ય યાજકે પોતાનાં લૂગડાં
ફાડીને કહ્યું કે, એણે દુર્ભાષણ કર્યું છે; આ-
પણને બીજા શાહેદીઓની શી જરૂર છે? જુઓ,
૬૬ હવે તમે એનું દુર્ભાષણ સાંભળ્યું છે. તમે શું ધા-
રોછો? ને તેઓએ જવાબમાં કહ્યું કે, એ મરણ
૬૭ દંડ જોગ છે. ત્યારે તેઓએ તેના મોહોપર થુંકો
ને તેને મુક્કી મારી; ને બીજાઓએ તેને થબડા
૬૮ કો મારતાં કહ્યું કે, ઓ ખ્રીસ્ત, તને કોણે માર્યો
એ અમને કહે.
૬૯ અને પીતર બહાર ચોકમાં બેઠો હતો, ત્યારે
એક દાસીએ તેની પાસે આવીને કહ્યું કે,

"માણસના દીકરાને......તમે દેખશો" દા. ૭; ૧૩. અ. ૧૬; ૨૭: ૨૪; ૩૦: ૨૫; ૩૧ જુઓ.

૬૫. દુર્ભાષણ સાંભળ્યું ત્યારે લૂગડાં ફાડયાં. યહુદી લોકોમાં એવો રીવાજ હતો. ૨ રા. ૧૮; ૩૭: ૧૯; ૧. પ્રે. ૧૪; ૧૪ જુઓ.

તો પણ પ્રમુખ્ય યાજકને એમ કરવાની મના હતી. લે. ૧૦; ૬: ૨૧; ૧૦ જુઓ.

૬૬. યહુદી લોકોને ગુન્હેગારોને મારી નાંખવાનો અધિકાર નહોતો માટે ઇશુને પીલાત પાસે મોકલ્યો. યો. ૧૮; ૩૧ જુઓ.

૬૭. યશ. ૫૦; ૬.

૬૮. આ વેળા ઈશુનું મોહો ઢાંકેલું હતું. માર્ક ૧૪; ૬૫ જુઓ. શેતાનનાં કહ્યાં પ્રમાણે ઈશુ ચમત્કાર ન કરે (અ. ૪; ૩) તે પ્રમાણે તેનાં દુશ્મનોનાં કહ્યાં પ્રમાણે તે ભવિષ્ય ન કહે.

૬૯—૭૫. માર્ક ૧૪; ૬૬—૭૨. લુ. ૨૨; ૫૫—૬૨. યો.

૭૦ તું પણ ગાલીલના ઇશુ જોડે હતો. પણ
તેણે સહુની આગળ નકાર કરતાં કહ્યું કે, જે
૭૧ તું કહેછે તે હું કંઈ જાણતો નથી. અને તે બહાર
પરશાળમાં આવ્યા પછી બીજીએ તેને દેખીને
જેઓ ત્યાં હતા તેઓને કહ્યું કે, એ પણ ઇશુ
૭૨ નાઝારીની જોડે હતો. પણ તેણે શમ ખાતાં
ફરીથી નકાર કીધો કે, તે માણસને હું ઓળખતો
૭૩ નથી. અને થોડી વાર પછી ઉભા રેહેનારાઓ
એ પાસે આવીને પીતરને કહ્યું કે, ખરાખરજ
તું પણ તેઓમાંનો છે, કાંજે તારી બોલીથી પણ
૭૪ તું જણાયછે. ત્યારે તે શાપ દેવા તથા શમ ખાવા
લાગ્યો કે, હું તે માણસને ઓળખતો નથી. એ
૭૫ તરતજ મરઘો બોલ્યો. ને જે વાત ઇશુએ પીત-
રને કહી હતી કે, મરઘો બોલ્યા અગાઉ ત્રણ-
વાર તું મારો નકાર કરીશ, તે તેણે સંભારી; ત્યા
રે બહાર જઇને તે બહુ રડયો.

૧૮; ૧૫—૧૮, ૨૫-૨૭ વાંચો. લુક જણાવેછે કે
તેનો નકાર કર્યા પછી ઈશુએ ફરીને પીતર ઉપર
જોયું. યોહાન જણાવે છે કે માલખાના એક સગાએ
પીતરને સવાલ પૂછ્યો.

૭૦. શરમ લાગી તેથી અને બીક લાગી તેથી પીતરે
ઇશુનો નકાર કર્યો. અ. ૧૬; ૨૨માં પીતરની શરમ
તથા અ. ૧૪; ૩૦. ગલ. ૨; ૧૨માં તેની બીક
માલૂમ પડેછે.

૭૩. "તારી બોલીથી" ગાલીલના રહેવાસીઓ કંઠસ્થાની
અક્ષર બરાબર બોલી શકતા નહોતા.

પ્રશ્નો.

૧. યહુદી લોકો કયા ત્રણ મોટા પર્વ પાળતા હતા? આ પર્વો વર્ષના કયા કયા ભાગમાં આવતા?
૨. બેથાનીયા કયાં આવ્યું? ત્યાં કોણ રહેતાં હતાં? ગેથ્સેમાની કયાં આવ્યું?
૩. આ વખતે પ્રમુખ્ય યાજક કોણ હતો? તે વિષે કંઈ ખુલાસો આપવાની વાત છે?
૪. ઇશુએ તે બાયડીને શા વાસ્તે એટલી બધી શાબાશી આપી?
૫. યહુદા જે ભુંડો માણસ હતો, તે શા વાસ્તે ઇશુની પાછળ ચાલ્યો? પછી તેને શા વાસ્તે પરસ્વાધીન કર્યો?
૬. ઇશુના મૂળ વિષે કોણે ભવિષ્ય કર્યું? શાસ્ત્રમાં એક બીજા માણસનું મૂલ વાંચવામાં આવેછે તે કોણ?
૭. મરઘો બોલવા વિષે એક ખુલાસો આપવાની વાત છે તે કઇ?
૮. ઇશુના વખતમાં પાસ્ખા પર્વ પાળવામાં કયા કયા ફેર થયા હતા?
૯. ઇશુ વિષે જે તપાસ થઈ, તે કઇ કઇ વાતમાં નિયમ વિરૂદ્ધ હતી?
૧૦. કોણ કોણ આગળ ઇશુ વિષે તપાસ થઇ?
૧૧. ઇશુ ઉપર તેલ છાંટયો એવી બે વાત છે તે કઇ કઇ?
૧૨. પ્રભુ ભોજન પાસ્ખા પર્વની રાત્રે સ્થાપન કરવામાં આવ્યું કે કેમ?

૨૭ અને સવાર થઇ, ત્યારે સર્વ મુખ્ય યાજકોએ
તથા લોકોના વડીલોએ ઇશુને મારી નાંખવાસારૂ
૨ તેને ઉલટો મનસુબો કીધો. પછી તેઓએ તેને
બાંધ્યો ને તેને લઇ જઇને પંતિયસ પીલાત
હાકેમને સોંપ્યો.

અધ્યાય ૨૭ મો.

૧. માર્ક ૧૫; ૧. લુ. ૨૨; ૬૬—૭૧ વાંચો.

૨. માર્ક ૧૫; ૧. લુ. ૨૩; ૧. યો. ૧૮; ૨૮ વાંચો.

પંતિયસ પીલાત આ વખતે યહુદા પ્રાંતનો રૂમી હાકેમ હતો. આર્ખેલાઉસનો દેશ નિકાલ થયા પછી યહુદા પ્રાંત બારોબાર રૂમી રાજ્યના તાબા-માં હતો. અં. ૨; ૧ ૫રની ટીકા જુઓ. તીબે-રયસ કાઇસારની કારકીર્દિનાં છેલ્લાં દશ વરસમાં પીલાત યહુદામાં અમલ ચલાવતો હતો. ઈ. સ. ૩૫ અથવા ૩૬માં સમારીઆ લોક તરફ તે ક્રૂરતાથી વર્ત્યો હતો એ તહોમતનો જવાબ આપવા સારૂ તે રૂમ શેહેર ગયો. ત્યાં પહોંચ્યા પહેલાં તીબેરયસ મરી ગયો તેથી પીલાત વિષેની તપાસ મુલતવી રાખી. છેવટે પીલાતે આપઘાત કર્યો એમ લોક કહેછે. તે ક્રુર, કમઅક્કલ તથા અણસમજુ હતો. તેનું ક્રુરપણું જાણવાસારૂ લુ. ૧૩; ૧ જુઓ.

કેટલાંએક કારણોને લીધે યહુદી લોકો પીલાત ઉપર ગુસ્સે થયા હતાઃ—(૧) ઘણું કરીને રૂમી હાકેમ લશ્કરનું મુખ્ય મુકામ કાઇસારમાં રાખતો હતો, પણ પીલાતે તે મુકામ યરૂશાલેમમાં બદલી નાંખ્યું.

૩ જ્યારે તેને અપરાધી ઠરાવવામાં આવ્યો, એવું જોઇને, તેને પરસ્વાધીન કરનાર યહુદાએ પસ્તાવો કીધો, ને તે ત્રીશ રૂપીઆ મુખ્ય યાજકોની તથા વડીલોની પાસે પાછા લાવીને કહ્યું કે;

તે વખતે જે વાવટા ઉપર કાઈસારની મૂર્તિ હતી તે વાવટા સિપાઇઓ તેમની સાથે યરૂશાલેમની અંદર લાવ્યા; (૨) યરૂશાલેમ માંહેલા તેના મહેલમાં પીલાત કેટલાંએક રસેલી ઢાલ ઉપર ખોટા દેવ દેવીઓનાં નામ લખીને રાખતો હતો. પછી તીબેરયસના હુકમથી આ ઢાલ લઇ જવામાં આવી; (૩) મંદિરના ભંડારમાંથી પૈસા કહાડીને પીલાતે યરૂશાલેમ પાસે એક પાણીનો નળ બંધાવ્યો; અને (૪) પીલાતે કેટલાએક ગાલીલના માણુસોને હોમ કરતી વખતે મારી નંખાવ્યા હતા. લુ. ૧૩; ૧ જુઓ.

૩–૧૦. આ કલમોની અંદર જે વાત લખેલી છે, તે ફક્ત માત્થીની સુવાર્ત્તામાં વાંચવામાં આવેછે.

પ્રે. ૧; ૧૮, ૧૯માં જે હકિકત આપેલી છે તેમાં ફેર જણાયછે, એટલે (૧). યાજકોએ નહિ (ક.૭) પણ યહુદાએ તે ખેતર વેચાતું લીધું; (૨) યહુદાએ ફાંસી ખાધી (ક.૫) એમ લખેલું નથી, પણ તે ઉંધો પડ્યો અને વચમાંથી તેના શરીરના બે ભાગ થઇ ગયા, ને તેની સર્વે આંતરડીઓ નિકળી પડી એમ લખેલું છે; (૩) ઇશુના લોહીના મૂલથી તે ખેતર વેચાતું લીધું એ કારણને લીધે નહિ (ક.૮), પણ યહુદાનું લોહી ત્યાં પડ્યું તે કારણને લીધે, તે ખેતર પોતાની એટલે આરેમેઇક (એક જાતની હેબ્રી) ભાષામાં આકલદમા, એટલે લોહીનું ખેતર, કહેવાયું. તેનો

૪ નિરપરાધી લોહી પરસ્વાધીન કરવાથી મેં પાપ
કીધું છે. ત્યારે તેઓએ કહ્યું કે તેમાં અમારે શું?
૫ તે તું જાણ. પછી મંદિરમાં રૂપીઆ ફેંકી દઇને
૬ તે નિકળ્યો; ને જઇને ફાંસી ખાધી. ત્યારે મુખ્ય
યાજકોએ તે રૂપીઆ લઇને કહ્યું કે, એ લોહીનું
મૂલ છે, માટે ભંડારમાં એ મુકવું ઉચિત નથી.
૭ પછી તેઓએ મનસુબો કરીને પરદેશીઓને દા-
૮ ટવા સારૂ તેથી કુંભારનું ખેતર વેચાતું લીધું. તે
માટે આજ સુધી તે ખેતર લોહીનું ખેતર કહેવાય

---

* ખુલાસો એવો છે કે જે ત્રીશ રૂપીઆથી યાજકોએ તે ખેતર વેચાતું લીધું હતું તે યહુદાના હતા, માટે લોક તે ખેતર યહુદાનું રાખેલું ગણતા. બીજું, ઘણું કરી જ્યારે યહુદા ફાંસી ખાવા જતો હતો, ત્યારે દોરડું તુટયું ને તેને એટલો બધો આંચકો લાગ્યો કે વચમાંથી તેના શરીરના બે ભાગ થઇ ગયા. વળી ઈશુના લોહીના મૂલથી તે ખેતર વેચાતું લીધું એટલુંજ નહિ, પણ ત્યાં યહુદાનું લોહી નિકળ્યું એ બઉ કારણોને લીધે "ખેતરનું લોહી" એવું નામ આપવું લોકોને ઠીક લાગ્યું.

૩. "યહુદાએ પસ્તાવો કીધો" આ ખરો પસ્તાવો નહોતો. ૨ કર. ૭; ૧૦.

૬. પુ. ૨૩; ૧૮ જુઓ.

"ભંડારમાં" માર્ક ૧૨; ૪૧–૪૪. લુ. ૨૧; ૧–૪ જુઓ.

૭. "પરદેશીઓને દાટવા સારૂ" ઘણું કરી આ પરદેશીઓ યહુદીઓ નહોતા પણ વિદેશીઓ હતા.

૯ છે. યરેમીઆ ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે
ત્યારે પુરૂં થયું કે, "મૂલ ઠરાવેલું, જેનું મૂલ
ઈસ્રાએલના લોકે ઠરાવ્યું, તેના ત્રીશ રૂપીઆ
૧૦ તેઓએ લીધા; ને જેમ પ્રભુએ મને હુકમ કીધો
તેમ કુંભારના ખેતરને સારૂ આપ્યા."
૧૧ અને ઈશુ હાકેમની સામો ઉભો રહ્યો, ને હા-
કેમે તેને પુછતાં કહ્યું કે, શું યહુદીઓનો તું

---

૯. આ ભવિષ્યવાત યરેમીઆના પુસ્તકમાં નહિ પણ જખ. ૧૧; ૧૩માં વાંચવામાં આવેછે. ઘણું કરી અસલ લેખની નકલ કરતી વખતે જખરીઆને બદલે "યરેમીઆ" ભૂલથી લખવામાં આવ્યું છે.

૧૧—૨૬. માર્ક ૧૫; ૨–૧૫. લુ. ૨૩; ૨—૭, ૧૩–૨૪. યો. ૧૮; ૨૯—૧૯; ૧૬ વાંચો.

લુ. ૨૩; ૨માં જે ત્રણ વાત વિષે તેઓએ ઇશુપર તહોમત મૂકયું તે વાંચવામાં આવેછે. તેઓએ એવો આરોપ મૂકયો કે (૧) તે લોકોને ભમાવેછે, (૨) તે કાઇસારને ખંડણી નહિ આપવાની સલાહ આપેછે, અને (૩) તે કહે છે કે હું પોતે, ખ્રીસ્ત, રાજા છું. હવે આમાંથી બીજું તહોમત તદન ખોટું હતુ (અ. ૨૨; ૨૧); અને પહેલા તથા ત્રીજા તહોમતમાં એટલુંજ ખરૂં હતું કે લોકના ધારવા પ્રમાણે તથા ઈશુના કહેવા પ્રમાણે ઇશુ એક રાજ્ય સ્થાપન કરવાનો છે. પણ ઇશુએ પીલાતને જણાવ્યું કે મારૂં રાજ્ય બીજા રાજ્યોના સરખું થવાનું નથી, કારણકે "મારૂં રાજ્ય આ જગતનું નથી" (યો. ૧૮; ૩૬, ૩૭). તેથી પીલાત સમજ્યો કે આ માણસ ધર્મ

૧૨ રાજા છે? ત્યારે ઇશુએ તેને કહ્યું કે તું કહેછે તેજ.
ને મુખ્ય યાજકોએ તથા વડીલોએ તેનાપર બટો
૧૩ મુક્યા છતાં તેણે કંઈ ઉત્તર ન દીધો. ત્યારે પી-
લાત તેને કહેછે કે તારે ઉલટી તેઓ કેટલી શા-
૧૪ હેદી આપેછે, એ શું તું નથી સાંભળતો?" પણ
તેણે તેને એક શબ્દનો પણ ઉત્તર ન દીધો;
૧૫ એથી હાકેમ ઘણો અચરત થયો. હવે પર્વમાં જે
એક બંધીવાનને લોકો ચાહે, તેને તેઓને સારૂ

વિષે વાત કરેછે માટે રૂમી રાજ્ય વિરૂદ્ધ બંડ કરવાનો નથી. એમ સમજીને તેણે કહ્યું કે "હું તેનામાં કાંઇ અપરાધ દેખતો નથી" (યો. ૧૮; ૩૮).

સાનેદ્રીનની આગળ અને પીલાતની આગળ જે તહોમત ઇશુ પર મૂકવામાં આવ્યાં એ જૂદાં હતાં, કારણ કે સાનેદ્રીનની આગળ દુર્ભાષણ કરવાનું તહોમત મૂકવામાં આવ્યું, પણ પીલાતની આગળ કાઇસાર મહારાજાની વિરૂદ્ધ તે બોલ્યો હતો એવો આરોપ તેના પર મૂકયો. જે ગુન્હો ન્યાયાધીશને ખોટો લાગે, એવા ગુન્હા વિષેનો આરોપ મૂકવાની તેમની યુક્તિ હતી.

૧૧. "શું યહુદીઓનો તું રાજા છે?" ઈશુનો પૂરો જવાબ જાણવા માટે યો. ૧૮; ૩૩–૩૭ વાંચો. વળી ૧ તીમ. ૬; ૧૩ જુઓ.

૧૨. "તેણે કંઈ ઉત્તર ન દીધો" યશા. ૫૩; ૭ જુઓ.

૧૫. આ રીત ક્યારે અથવા ક્યાંથી દાખલ થઈ તે વિષે ખબર નથી; રૂમ શેહેરમાં કેટલાએક પર્વની વખતે બંધીવાનોને છોડી મૂકવાની રીત હતી.

૧૬ મુકી દેવાની હાકેમની રીત હતી. અને તે વેળા
બારાબ્બા કહેવાએલો તેઓનો એક પ્રખ્યાત બં-
૧૭ ધીવાંન હતો. તે માટે તેઓ એકઠા થયા, એટલે
પીલાતે તેઓને કહ્યું, તમે કોને ચાહોછો કે હું
તમારે સારૂ મુકીદઉં? બારાબ્બાને, કે ઇશુ જે ખ્રી
૧૮ સ્ત કહેવાયછે તેને? કેમકે તેણે જાણ્યું કે તેઓએ
૧૯ અદેખાઇથી તેને સોંપ્યો હતો. અને ન્યાયાસન
પર તે બેઠો, ત્યારે તેની બાયડીએ તેને કેહેવાડી
મોકલ્યું કે તે ન્યાયીને તું કંઈ કરતો ના, કાંજે

---

૧૬. "બારાબ્બા" તેનો અર્થ બાપ અથવા રાબીનો દીકરો એવો થાયછે. એવું જણાયછે કે બારાબ્બા કોઇએક વિદ્વાન અથવા રાબીનો દીકરો હતો. યહુદી લોકો શાસ્ત્રમાં ભણેલા માણસને રાબી એટલે બાપ કહેતા. તેણે દંગો તથા ખૂન કર્યા હતાં (લુ.૨૩; ૧૯.પ્રે. ૩;૧૪).

"તેઓનો" એટલે લોકોનો. ખરૂ જોતાં બારાબ્બા પીલાતનો બંધીવાન હતો, પણ તે લોકો માંનો એક હતો.

૧૭. પીલાત ઇશુને મૂકી દેવાને ચહાતો હતો (લુ. ૨૩; ૨૦. પ્રે. ૩; ૧૩), માટે તેણે લોકોને એમ પૂછ્યું; કારણ કે તેનો વિચાર એવો હતો કે જરૂર એક ખૂની માણસને બદલે તેઓ ઈશુને માગશે.

૧૯. "ન્યાયાસન" "ફરસબંધી કહેવાએલી જગ્યા જે હેબ્રી બોલીમાં ગાબ્બાથા કહેવાય છે, ત્યાં" (યો. ૧૯; ૧૩). આ ન્યાયાસન આવેલું હતું. ઠરાવ કરતી વખતે આ ન્યાયની ગાદી પર બેસવાની જરૂર પડતી.

"તેની બાયડીએ" તેનું નામ કલાદીઆ પ્રકયુલા.તેના

આજ સ્વપ્નમાં તેને લીધે હું ઘણું દુઃખ પામી છું.
૨૦ પણ મુખ્ય યાજકોએ તથા વડીલોએ લોકને સ-
મજાવ્યા, કે તેઓ બારાબાને માગે, ને ઈશુને
૨૧ મારી નંખાવે. હાકેમે જવાબમાં તેઓને કહ્યું
કે, તમે તે બેમાંથી કોને ચાહોછો કે હું તમારે
સારૂ મુકીદઉં? ને તેઓએ કહ્યું કે બારાબાને.
૨૨ પીલાત તેઓને કહેછે, તો ઇશુ જે ખ્રીસ્ત કહે-
વાયછે તેને હું શું કરૂં? સર્વે તેને કહેછે કે, વધસ્તંભે
૨૩ જડાય. ત્યારે હાકેમે કહ્યું, શા માટે? તેણે શું
ભુંડું કીધું છે? પણ તેઓએ વધતી બૂમ પાડીને
૨૪ કહ્યું કે, વધસ્તંભે તેને જડો. અને પીલાતે જોયું
કે પોતાનું કંઇજ ચાલતું નથી, પણ વની ગડ-
બડ થાયછે, ત્યારે તેણે પાણી લઇને લોકોની
આગળ પોતાના હાથ ધોઇને કહ્યું કે, એ ન્યા-
યીના ખૂન સંબંધી હું નિર્દોષી છું; તમે જાણો.

સ્વપ્ન વિષે ફક્ત માથ્થીની સુવાર્તામાં લખેલું છે
જ્યારે રૂમી અમલદારો પરદેશ રહીને અમલ ચલા-
વતા હતા ત્યારે તેમની વહુ રૂમ શહેરમાં રહે,
એવો સાધારણ નિયમ હતો; પણ આ નિયમ
ઉપયોગમાં લેતા નહોતા.

૨૦. પ્રે. ૩; ૧૪; ૧૫ જુઓ.

૨૩. થોડા દહાડા પહેલાં ઈશુ યરૂશાલેમમાં પેઠો
હતો ત્યારે લોકોએ તેને ઘણું માન આપ્યું હતું
(અ. ૨૧; ૮, ૯); પણ આ લોકો જે "વધસ્તંભે
તેને જડો" એમ કહેતા હતા તેઓ ઘણું કરી
જુદા હતા.

૨૪. "તેણે પાણી લઇને......હું નિર્દોષી છું" આ વાત

૨૫ ત્યારે સર્વ લોકોએ જવાબમાં કહ્યું કે, એના ખૂ-
નનું પાપ અમારાપર તથા અમારા સંતાન પર
૨૬ ભલે આવે. પછી તેણે બારાબાને તેઓને સારૂ
મુકી દીધો, ને ઇશુને કોરડા મરાવીને વધસ્તંભે
જડવા સારૂ સોંપ્યો.
૨૭ ત્યારે હાકેમના સિપાઇઓએ ઇશુને મેહેલમાં

ફક્ત માત્થી લખેછે. યહુદી લોકોમાં એવી વેળાએ હાથ ધોવાનો રીવાજ હતો. પુ. ૨૧; ૬. ગી. ૨૬; ૬ જુઓ. પીલાત કબૂલ કરેછે કે ઈશુ નિર્દોષી છે, તોપણ તેણે તેનું મરણ નીપજાવ્યું.

૨૫. "એના ખૂનનું પાપ......આવે" ફક્ત માત્થીની સુવાર્તામાં આ વાત લખેલી છે. પીતરના કહેવા પ્રમાણે લોકે અજ્ઞાનપણાએ ઈશુને મારી નાંખ્યો (પ્ર. ૩; ૧૭). ઈ. સ. ૭૦માં યરૂશાલેમનો નાશ થયો, ત્યારે યહુદી લોકોને તે બદ્દલ યોગ્ય સજા ... [illegible] પાપને લીધે છોકરાં શિક્ષા પામેછે, તો પણ તેમને એ પાપનો દોષ નથી લાગતો. નિ. ૨૦; ૫. હજ. ૧૮; ૨, ૨૦. મં. ૨૩; ૩૫ પરની ટીકા જુઓ.

૨૬. "ઈશુને કોરડા મરાવીને" યશ. ૫૦; ૬. વધસ્તંભે જડાવ્યા પહેલાં ગુન્હેગારોને કોરડા મારવાનો રીવાજ હતો. જેમ યહુદી નિયમ પ્રમાણે ફક્ત "ચાળીશ ફટકાનો માર ખવડાવે, વધારે નહિ" (પુ. ૨૫; ૩), તેમ રૂમી લોકોમાં એવી હદ બાંધેલી નહોતી.

૨૭-૩૦. માર્ક ૧૫; ૧૬-૧૯ વાંચો.

૨૭. "મેહેલમાં" એટલે "પ્રેતોરિયમ નામે કચેરીમાં"

લઇજઇને, આખી પલટણ તેની આસપાસ એ
૨૮ કઠી કીધી. પછી તેઓએ તેનાં લૂગડાં ઉતારીને
૨૯ કીરમજી ડગલો તેને પેહેરાવ્યો. ને કાંટાનો મુ-
ગટ ગુંથીને તેના માથાપર મુકયો, ને તેના જ-
મણા હાથમાં સોટી આપી, ને તેની સામા
ઘુંટણીએ ટેકીને તેના થઠા કરતાં કહ્યું કે, અરે
૩૦ યહુદીઓના રાજા, સુખી રેહે. પછી તેઓએ તેના
પર થુંકીને, તે સોટી લઇને તેના માથાપર મારી.
૩૧ અને તેના થઠા કરી રહ્યા, ત્યારે ડગલો તેનાપ-
રથી ઉતારીને તેનાંજ લૂગડાં તેને પેહેરાવ્યાં, પછી
વધસ્તંભે જડવાને તેઓ તેને લઇ ગયા.

(માર્ક ૧૫; ૧૬).

"આખી પટલણ" આસરે બસેં માણસ.

૨૮. "કીરમજી ડગલો" તે કોઇ સિપાઇનો હતો.

"સોટી આપી" રાજદંડને ઠેકાણે.

યો. ૧૯; ૧૪, ૧૫ જુઓ.

૩૦. "તેના પર થુંકીને" યશ. ૫૦; ૬.

૩૧, ૩૨. માર્ક ૧૫; ૨૦, ૨૧. લુ. ૨૩; ૨૬–૩૧. યો. ૧૯; ૧૬, ૧૭ વાંચો.

લુક લખી જણાવે છે કે આ વખતે લોકનું તથા બાયડીઓનું મોહોટું ટોળું ઈશુની પાછળ ચાલ્યું, અને બાયડીઓ ઘણો વિલાપ કરતી હતી. તેમને આવનાર દુ:ખ વિષે ઇશુએ ચેતવણી આપી.

૩૧. આ વખતે ઇશુને છોડવાની ઇચ્છા રાખીને પીલાતે તેનું કંઇ શિક્ષા કરવાનો વિચાર રાખ્યો, એવા હેતુથી કે

૩૨. અને તેઓ બહાર જતા હતા ત્યારે કુરેનીનો સીમોન નામે એક જણ તેઓને મળ્યો, ત્યારે

લોકોને તેનાપર દયા આવે (લુ. ૨૩; ૧૬, ૨૨). પીલાત ન્યાય આપવાને ઇચ્છતો હતો, અને તેને ઈશુ સારો લાગ્યો; પણ તેજ વેળા તે યહુદી લોકોથી તથા કાઇસારથી બ્હીતો હતો, માટે તેના મનમાં સવાલ ઉત્પન્ન થયો કે હું શું કરૂં? લોકના મનમાં દયા ઉપજાવવા માટે તેણે ઇશુને કોરડા મરાવ્યા, તથા કાંટાનો મુગટ પહેરાવી લોકોની આગળ તેને ઉભો કર્યો (યો. ૧૯; ૧, ૫). ત્યારે ઇશુએ પોતાને પરમેશ્વરનો દીકરો ઠરાવ્યો છે એમ સાંભળીને પીલાત વધતો બ્હીધો (યો. ૧૯; ૭, ૮). પણ જ્યારે યાજકોએ કહ્યું કે, "જો તમે એ માણસને છોડી દો તો તમે કાઇસારના મિત્ર નથી: જે કોઇ પોતાને રાજા ઠરાવેછે, તે કાઈસારની વિરૂદ્ધ બોલે છે" (યો. ૧૯; ૧૨), ત્યારે ઇશુને તેના દુશ્મનોને સોંપ્યો.

૩૨. "તેઓ બહાર જતા હતા" યહુદી લોકોમાં શહેર બહાર માણસોને મારી નાંખતા હતા. ગણ. ૧૫; ૩૫, ૩૬. ૧ રા. ૨૧; ૧૩. પ્રે. ૭; ૫૮. હેબ. ૧૩; ૧૨ જુઓ.

"કુરેનીનો સીમોન" કુરેની આફ્રિકા ખંડના ઇશાન ખુણામાં એક પ્રખ્યાત શેહેર હતું. પ્રે. ૨; ૧૦: ૬; ૯: ૧૧; ૨૦ જુઓ. આ સીમોનના બે દીકરા આલેકસાંદર તથા રૂફસ હતા (માર્ક ૧૫; ૨૧). રૂ. ૧૬; ૧૩ મામાં જે રૂફસનું નામ

તેઓ તેનો વધસ્તંભ તેની પાસે વેઠે ઉંચકાવી
33 લઈ ગયા. અને ગલગથા નામે એક જગ્યા, જે

વાંચવામાં આવે છે તે એજ રૂફસ હશે.

ઘણું કરીને એટલું બધું દુઃખ વેઠચાથી ઇશુ ક્ષીણ થઇને રીત પ્રમાણે પોતાનો વધસ્તંભ ઉચકી શકતો નહોતો, માટે તેને સહાય જોઇતી હતી. અહીં સીમોન વધસ્તંભ ઉંચકીને લઈ ગયો, એમ જણાવેલું છે; પણ યો. ૧૯; ૧૭માં ઈશુ પોતાનો વધસ્તંભ ઉંચકીને લઇ ગયો, એમ વાંચવામાં આવેછે. એ ઉપરથી માલૂમ પડેછે કે સીમોન તથા ઇશુ, બંને જણુ, તે કામમાં હતા.

૩૩–૫૦. માર્ક ૧૫; ૨૨–૩૭. લુ. ૨૩; ૪૯. યો. ૧૯; ૧૮—૩૦ વાંચો.

સિપાઇઓએ ઇશુની ઠઠ્ઠા કરી તે, અને બે લૂટારા જેને ઈશુની પાસે વધસ્તંભે જડયા હતા, તેઓએ એક બીજાની સાથે તથા ઇશુની સાથે શી વાત કરી તે લુક લખી જણાવેછે. ઇશુના માથાની ઉપર જે લખેલું હતું તે ગાજકોએ બદલી નાંખવાની માગણી કરી; ઇશુએ તેની મા યોહાનને સોંપી; લૂટારાના ટાંટિયા ભાંગ્યા; ઇશુની કૂખ ભાલાથી વીંધેલી હતી; આ ચાર વાત યોહાન લખી જણાવેછે.

૩૩. "ગલગથા" તેનો અર્થ "ખોપરી" એવો થાયછે, કારણ કે તેનો આકાર એક ખોપરીના જેવો હતો. ગલગથા કોટ બહાર (હેબ. ૧૩; ૧૨), પણ શેહેર પાસે હતો (યો. ૧૯; ૨૦). ત્યાં એક વાડી હતી, અને વાડીમાં એક નવી કબર હતી (યો. ૧૯; ૪૧).

ઓપરીની જગ્યા કહેવાય છે, ત્યાં પહોંચ્યા.
૩૪ ત્યારે તેઓએ પીત ભેળેલો સરકો તેને પીવાને
આપ્યો, પણ ચાખ્યા પછી તેણે પીવા મરજી
૩૫ કરી નહિ. ને તેને વધસ્તંભે જડયા પછી, તેઓ-
એ ચિઠ્ઠી નાંખીને તેનાં લૂગડાં વહેંચી લીધાં,
એ માટે કે ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તે પૂરૂં
થાય કે, "મારાં લૂગડાં તેઓએ માહોમાંહે વહેં-

---

૩૪. "પીત ભેળેલો સરકો" "બોળ ભેળેલો દ્રાક્ષારસ" (માર્ક ૧૫; ૨૩). એવી વખતે દુઃખ જરા ઓછું થાય માટે ખાટા દ્રાક્ષારસમાં કોઈ ઉંઘ તથા શાંતિ આણવાની વસ્તુ નાંખીને તે ગુન્હેગારોને પીવાને આપતા હતા. પણ તેનું દુઃખ ઓછું કરવા તથા બેભાન જેવો થઈ જવા ઇસુ ખુશી નહોતો, પણ આપણાં પાપને લીધે તેને પૂરૂં દુઃખ વેઠવું પડયું.

૩૫. "તેને વધસ્તંભે જડયા પછી" વધસ્તંભ † આવા આકારનો હતો. તે ઉભો કરીને તે પર ગુન્હેગાર માણસને ચઢાવીને, તેના હાથ પગ લાંબા કરીને, હાથમાં બે ખીલા તથા પગમાં બે ખીલા મારતા. ઈસુને એમ થયું (જખ. ૧૨; ૧૦. યો. ૨૦; ૨૫, ૨૭), એથી એક ભવિષ્યવાત પૂરી થઈ. ગી. ૨૨; ૧૬ જુઓ.

એ મરણ બહુ દુઃખદાયક હતું, કારણ કે ઘણું કરીને એક બે દહાડા જીવતા રહીને, વધતી પીડા તથા અતિશય તરશ ગુન્હેગારોને લાગતી હતી. ઘણું કરી ફક્ત નીચ માણસોને તથા ગુલામોને એવા મરણની સજાએ પહોંચાડતા. કોઈ માણસ એવી રીતે મરણ પામે

તો યહુદી લોકો તેને દેવનો શાપિત ગણતા (પુ. ૨૧; ૨૩). જ્યારે મુસાએ રાનમાં સર્પને ઉંચો કીધો ત્યારે ઇશુનો એક નમુનો બતાવવામાં આવ્યો (યો. ૩; ૧૪). વધસ્તંભે ઇશુને ચઢાવ્યો તે વખતે તે બોલ્યો, "હે બાપ, તેઓને માફ કર, કેમકે જે કરેછે તે તેઓ જાણતા નથી" (લુ. ૨૩; ૩૪). ઘણું કરી સિપાઈઓને વાસ્તે એટલુંજ નહિ, પણ બધા તેના દુશ્મનોને વાસ્તે ઇશુએ એવી પ્રાર્થના કીધી (પ્રે. ૭; ૧૭). શુક્રવારને દિવસે આસરે સવારના નવ વાગ્યે ઇશુને વધસ્તંભે જડવામાં આવ્યો, અને સાંજના આસરે ત્રણ વાગ્યે તેનું મરણ થયું. માર્ક ૧૫; ૨૫, ૩૪ જુઓ. યહુદી લોકો સૂર્યોદયની વખતથી, એટલે પાસ્ખા પર્વની વખતે આસરે સવારના છ વાગ્યાથી, દિવસના કલાક ગણતા. પણ યોહાન રૂમી લોકોની ગણવાની રીત પ્રમાણે ગણતાં, એટલે મધરાતથી ગણતાં, એમ લખી જણાવેછે કે ઇસુનું મરણ ઠરાવ્યું ત્યારે બપોરનો વખત હતો, એટલે સવારના છ વાગ્યે (યો. ૧૯; ૧૪).

"મારાં લૂગડાં........ચિઠ્ઠી નાંખી" ગી. ૨૨; ૧૮ જુઓ.

વધસ્તંભ પાસે ચાર સિપાઇઓ (યો. ૧૯; ૨૩) તથા એક જમાદાર (ક. ૫૪) હતા. યો. ૧૯; ૨૩, ૨૪ ઉપરથી માલૂમ પડેછે કે તેઓએ ઇશુનાં લૂગડાંના ચાર વાંટા પાડયા, હરેક સિપાઈને વાસ્તે એક; પણ ડગલો શીવણ વગર ઉપરથી પૂરો વણેલો હતો, માટે તે ફાડયો નહિ, પણ તે કોણ લે, એ સંબંધી ચિઠ્ઠી નાંખી. જે સિપાઇઓ ચોકી કરતા હતા, તેમને ગુન્હેગારોનાં લૂગડાં મળતાં એવો રીવાજ હતો.

ચી લીધાં, ને મારા ડગલાપર ચિઠ્ઠી નાંખી."
૩૬ પછી તેઓએ ત્યાં બેસીને તેની ચોકી કીધી.
૩૭ અને તેનું લખેલું તહોમત તેના માથાની ઉપર
જડ્યું કે, ઇશુ જે યહુદીઓનો રાજા, તે એજ
૩૮ છે. ત્યારે તેઓએ તેની જોડે બે લૂટારાને વધસ્તંભે

---

૩૬. "તેની ચોકી કીધી" રખેને કોઇ મિત્ર તેને લઇ જાય.

૩૭. હેલની તથા રૂમી તથા હેબ્રી ભાષામાં આ લેખ (ખરૂં જોતાં તે તહોમત નહોતું) લખેલો હતો (લુ. ૨૩; ૩૮), એવા હેતુથી કે બધા લોકો વાંચી સકે; તે પ્રમાણે આ મુલકમાં કંઇ લખાણ ઉર્દુ તથા અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં લખવામાં આવે તો બધા લોકો વાંચી શકે; કારણ કે હેલેની ઊર્દુના જેવી વેપારી તથા ભણેલા લોકોની ભાષા હતી અને ઘણે ઠેકાણે ફેલાઇ ગઇ હતી, રૂમી અંગ્રેજીના જેવી ઘણા સિપાઇઓની તથા અમલદારોની ભાષા હતી, અને હેબ્રી ગુજરાતીના જેવી દેશી ભાષા હતી. રૂમી લોકોમાં [illegible] ગુન્હેગારોના માથાની ઉપર જડવાનો એવો રીવાજ હતો. જે લખેલું હતું તે યાજકોને ખોટું લાગ્યું (યો. ૧૯; ૨૧), કારણકે તેથી તેમનું અપમાન થયું. તે લેખ પ્રમાણે યહુદીઓના રાજાને બે લૂટારાની વચ્ચે વધસ્તંભે જડવામાં આવ્યો હતો! શબ્દે શબ્દ એમ નહિ, પણ ફક્ત લેખનો સાર જણાવવાનો ઈરાદો હતો, માટે ચાર સુવાર્તામાં લેખના સંબંધમાં થોડો ફેર માલૂમ પડેછે. વળી આ લેખ ત્રણ ભાષામાં લખવામાં આવ્યો, ત્યારે ઘણું કરીને દરેક ભાષામાં જુદી જુદી રીતે ફક્ત સાર આપેલો હતો. માર્ક ૧૫; ૨૬. લુ. ૨૩; ૩૮, યો ૧૯; ૧૯ સરખાવો.

૩૮. યશા. ૫૩; ૧૨. એવા ગુન્હા કરવાથી લોકો બીહે,

જડ્યા, એકને જમણીગમ ને બીજાને ડાબીગમ.
૩૯ અને પાસેથી જનારાઓએ પોતાનાં માથાં હલા-
૪૦ વતાં તથા તેની નિંદા કરતાં કહ્યું કે, મંદિરના પા
ડનાર તથા ત્રણ દહાડામાં બાંધનાર, અરે તું
પોતાને બચાવ; જો તું દેવનો દીકરો છે તો વ-
૪૧ ધસ્તંભપરથી ઉતરી આવ. ને તેજ રીતે પણ
મુખ્ય યાજકોએ શાસ્ત્રીઓ તથા વડીલો સુદ્ધાં
૪૨ ઠઠ્ઠા કરતાં કહ્યું કે, બીજાઓને તેણે બચાવ્યા,
તે પોતાને બચાવી નથી શકતો; જો તે ઈસ્રાઇ-
લનો રાજા છે તો હમણાં વધસ્તંભપરથી ઉત-

તે માટે કદાચિત પર્વની વખતે જ્યારે ઘણાં માણુસ ભેગાં થયાં સારે ગુન્હેગારોને મારી નાંખતા.

૩૯. ગી. ૨૨; ૭.
૪૦. "મંદિરના પાડ........ .. ... પરની ટીકા જુઓ.

"જો તું દેવનો દીકરો છે" ઈશુને ખીજવવા માટે "જો" એવો શબ્દ વાપરતા. તે પ્રમાણે શેતાને તેનું પરીક્ષણ કીધું હતું. મ. ૪; ૬. મા. ૪; ૩ પરની ટીકા જુઓ.

૪૧. તે પ્રમાણે સિપાઇઓએ પણ તેની ઠઠ્ઠા કરી (લુ. ૨૩; ૩૭). જેમ એક વખતે કાયાફાએ (યો. ૧૧; ૫૦, ૫૧), તેમ આ વખતે યાજકોએ તથા શાસ્ત્રીઓએ શાક્ષી આપી કે ઇશુ ખરો મશીહ છે; કારણ કે બીજાઓને બચાવવા સારૂ ઇશુ આ પૃથ્વીપર આવ્યો. મ. ૨૦; ૨૮ જુઓ.

૪૩ રી આવે, ને અમે તેનાપર વિશ્વાસ કરીશું. તેણે
દેવપર ભરોસો કીધો, જો તે તેને ચાહેછે તો હમ-
ણાં તેનો છુટકો તે કરે; કેમકે તેણે કહ્યું કે હું
૪૪ દેવનો દીકરો છું. અને જે લૂટારાને તેની જોડે
વધસ્તંભે જડયા હતા, તેઓએ પણ તેમજ તે-
ની નિંદા કીધી.
૪૫ અને છઠ્ઠી હોરાથી નવમી હોરા સુધી આખા

---

૪૩. તે જાણ્યા વગર યાજકોએ એક ગીત જે મશીહ વિષે લખેલું હતું તેમાંથી આ વાકય કાઢીને તે ઈશુને લાગુ પાડયું. ગી. ૨૨; ૮ જુઓ.

૪૪. પણ લુક લખી જણાવે છે કે પછી એક લૂટારાએ બીજાને ઠપકો દીધો. તે લૂટારાને તારણ મળ્યું. લુ. ૨૩; ૪૦–૪૩ જુઓ..

૪૫. એટલે બાર વાગ્યાથી તે સાંજના ત્રણ વાગ્યા સુધી આ અંધકાર રહ્યો. ક. ૩૫ પરની ટીકા જુઓ. આ વેળા ગ્રહણ થયું એમ નથી, કારણ કે ગ્રહણની વખતે અંધકાર ત્રણ કલાક સુધી નથી રહેતો. વળી પાસ્ખા પર્વની વખતે પુનેમ હતી માટે સૂર્યગ્રહણ ન થાય, કારણ કે પુનેમની વખતે પૃથ્વી સૂરજ તથા ચંદ્રની વચ્ચે આવેછે.

"આખા દેશમાં" લુ. ૨૩; ૪૪માં "આખી પૃથ્વીમાં" તેને ઠેકાણે "આખા દેશમાં" તે તરજુમો. વધારે સારો છે.

૪૬ દેશમાં અંધકાર પડ્યો. અને આસરે નવમી હોરાએ ઈશુએ મોટે ઘાંટે હાંક મારીને કહ્યું કે, એલી, એલી, લામા શાબાખ્થાની, એટલે ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મુકી દીધો છે?

---

૪૬. જે ગીત મશીહ વિષે લખેલું હતું, તેમાંથી ઈશુએ આ વાકય કહાડયું. ગી. ૨૨; ૧. ક. ૪૩ પરની ટીકા જુઓ.

અહીં "એલી" શબ્દ લખેલો છે, પણ માર્ક ૧૫; ૩૪માં "એલોઇ" એવો શબ્દ વાંચવામાં આવે છે. બંનેનો અર્થ સરખો છે, પણ "એલી" હેબ્રી શબ્દ અને "એલોઈ" આરેમેઈક (એક જાતની હેબ્રી) શબ્દ છે. ૨૨ મા ગીતમાં અસલ શબ્દ "એલી" છે, પણ ઈશુ આરેમેઈક ભાષા વાપરતો માટે "એલોઈ" એમ તે બોલ્યો. બે વાર નામ બોલીને ઈશુ ઘણી દલગીરી બતાવે છે. અ. ૨૩; ૩૭ જુઓ. ઈશુ પરમેશ્વરનો ખરો અવતાર હતો, તોપણ તેણે માણસનો દેહ ધારણ કીધો હતો, માટે ઘણી વાર તેને ભૂખ, તરશ, તથા થાક લાગતો, એટલુંજ નહિ પણ દુઃખ તથા નબળાઈને લીધે આ વખતે તે એવો લાચાર થઈ ગયો કે આ વિચાર ઉઠયો કે મારા બાપે મને મૂકી દીધો છે. અ. ૨૪; ૩૬ પરની ટીકા. ફિલ. ૨; ૭, ૮ જુઓ. અલબત પરમેશ્વર પોતાના દીકરાને કોઈ દિવસ મૂકી નહિ દે.

ઈશુ વધસ્તંભે જડાયેલો હતો ત્યારે તેણે ઘણી વાત કરી હશે, પણ ફક્ત સાત વાત આપણા વાંચવામાં આવેછે. તેમની હકિકત નીચે લખેલી છેઃ—

૪૭ અને જેઓ ત્યાં ઉભા હતા તેઓમાંથી કેટલા-
એકે સાંભળીને કહ્યું કે, એલીયાને તે બોલાવેછે.
૪૮ અને તરત તેઓમાંથી એક દોડીને વાદળી લ-
ઇને સરકાથી ભીંજવી, ને લાકડીપર બાંધીને,

૧. "હે બાપ, તેઓને માફ કર, કેમકે જે કરેછે તે તેઓ જાણતા નથી." લુ. ૨૩; ૩૪.
૨. "હું તને ખચિત કહુંછું કે આજ તું મારી સાથે સ્વર્ગમાં હોઇશ." લુ. ૨૩; ૪૩.
૩. "બાઈ, જો, તારો દીકરો." "જો, તારી મા." યો. ૧૯; ૨૬, ૨૭.
૪. "એલી, એલી, લામા શબાખ્થાની." મા. ૨૭; ૪૬. માર્ક ૧૫; ૩૪.
૫. "મને તરશ લાગી છે." યો. ૧૯; ૨૮.
૬. "સંપૂર્ણ થયું" યો. ૧૯; ૩૦.
૭. "ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપુંછું." લુ. ૨૩; ૪૬.

માત્થી તથા માર્કની સુવાર્ત્તામાં ફક્ત ઉપરની ચોથી વાત લખવામાં આવી છે.

૪૭. "એલીયાને તે બોલાવે છે" ઘણું કરીને મશ્કરીમાં નહિ, પણ ભૂલથી તેઓ એમ બોલ્યા. તેઓએ તેની વાત બરાબર નહિ સાંભળી હશે, અથવા કદાચિત તેઓ હેબ્રી ભાષા સમજતા નહોતા. એલીયાના આવવા વિષે લોક ઘણા વિચાર કરતા (અ. ૧૬; ૧૪: ૧૭; ૧૦), માટે એવી ભૂલ થઇ.

૪૮. વધસ્તંભે જે માણસોને જડવામાં આવતા તેમને ઘણી તરશ લાગતી, માટે ઘણુંકરીને તેમને પાવા સારૂ આ વાદળી રાખેલી હતી. આગળ ઇસુ સરકો

૪૯ તેને ચૂસવા આપી. પણ બીજાઓએ કહ્યું કે,
"રહેવાદો, આપણે જોઇએ કે એલીયા એને છો-
૫૦ ડાવવાને આવેછે કે નહિ. પછી ઇશુએ-ફરી

ન પીએ (ક. ૩૪ પરની ટીકા જુઓ); પણ આ સરકામાં કોઇ ઉંઘ આણવાની વસ્તુ નહોતી, માટે ઇશુએ તે પીધો (યો. ૧૯; ૩૦). આ વખત પહેલાં સિપાઇઓ મશ્કરીમાં તેને સરકો આપતા હતા (લુ. ૨૩; ૩૬).

૪૯. "રહેવા દો" એટલે સબુર કરો. તેને પીવાનું નહિ આપો, એવો તેનો અર્થ નથી; કારણ કે જે માણસે સરકો આપ્યો તે પણ એમ બોલ્યો (માર્ક. ૧૫; ૩૬). આ માણસે એક બીજાને કહ્યું કે ધીરજ રાખો, એલીયા આવશે કે નહિ તે આપણે જોઇએ.

૫૦. "પ્રાણ મૂક્યો" કેટલાએક વિદ્વાનો કહેછે કે આ બે શબ્દ ઉપરથી માલૂમ પડેછે કે ઇશુએ પોતાની ખુશીથી પ્રાણ મૂકી દીધો. ઈશુએ આપણે લીધે પોતાનો પ્રાણ આપ્યો, અને તેની મરજી હોત તો તે નહિ મરત, આ વાત ખરી છે (યો. ૧૦; ૧૭, ૧૮); પણ "પ્રાણ મૂક્યો" તેનો અર્થ એટલોજ છે કે તે મરી ગયો. દુઃખને લીધે ઈશુનું હૃદય ફાટી ગયું એમ દેખાયછે, કારણ કે તેનું હૃદય ફાટી ગયું ન હોત તો તેની કુખમાંથી પાણી તથા લોહી નીકળત નહિ. યો. ૧૯; ૩૪ જુઓ.

૫૧—૫૬. માર્ક ૧૫; ૩૮—૪૧. લુ. ૨૩; ૪૫,૪૭—૪૯ વાંચો. લુક લખી જણાવે છે કે જે લોક જોવા સારૂ એકઠા થયા હતા તેઓ બહુ દલગીર થયા.

૫૧ બાર મોટે ઘાંટે હાંક મારીને પ્રાણ મૂક્યો. ત્યારે
જુઓ મંદીરના પડદાના ઉપરથી તળે સુધી
ફાટીને બે ભાગ થઈ ગયા, ને ધરતી કંપી, ને
૫૨ ખડકો ફાટી ગયા, ને કબરો ઉઘડી ગઇ, ને ઉંઘે-
૫૩ લા પવિત્રોનાં ઘણાં શરીર ઉઠયાં, ને તેના પાછા
ઉઠયા પછી તેઓ કબરોમાંથી નીકળીને પવિત્ર

ધરતી કંપી તથા કબરોમાંથી ઘણા મરી ગયેલા પવિત્ર લોકો ઉઠયા, આ બે વાત ફક્ત માત્થીની સુવાર્ત્તામાં વાંચવામાં આવેછે.

૫૧. આ પડદો મંદિરના બે ભાગની વચ્ચે, એટલે પવિત્ર સ્થાન તથા પરમપવિત્ર સ્થાનની વચ્ચે હતો. પડદામાં થઇને હરવરસે એકજવાર એકલો પ્રમુખ્ય યાજક પરમપવિત્ર સ્થાનમાં જતો. અ. ૨૪; ૧ પરની ટીકા જુઓ. પડદો ફાટી ગયો, એથી ઉપમાની રીતે જણાવ્યું કે ઇશુનું મરણ થયું છે, માટે તેના લોહીથી શુદ્ધ થઇ પરમેશ્વરની પવિત્ર હજુરમાં માણસ જઇ શકેછે. હેબ. ૯; ૭–૧૨: ૧૦; ૧૯–૨૧ જુઓ.

"ધરતી કંપી" યશ. ૨૪; ૧૯, ૨૦. આ. ૧; ૧. જખ. ૧૪; ૫ માં એક બીજા ધરતીકંપ વિષે વાંચવામાં આવેછે. વળી અ. ૨૮; ૨ જુઓ.

૫૩. ફક્ત ઇશુના પુનરૂત્થાન પછી તેઓ યરૂશાલેમમાં આવ્યા.

"પવિત્ર નગરમાં" એટલે યરૂશાલેમમાં. અ. ૪; ૫ જુઓ.

૫૪ નગરમાં ગયા, ને ઘણાઓને દેખાયા. ત્યારે જ-
માદારે તથા તેની સાથે જેટલા ઇશુની ચોકી
કરતા હતા, તેઓએ ધરતીકંપ તથા જે જે
થયું, તે જોઇને બહુ બીહિતાં કહ્યું કે, ખરેખર
૫૫ એ દેવનો દીકરો હતો. અને ત્યાં ઘણી બાયડી
ઓ આઘેથી જોયા કરતી હતી, જેઓ ઇશુની
સેવા કરતી ગાલીલથી તેની પાછળ આવી હતી.
૫૬ તેઓમાં મરિયમ માગદાલેણ, ને યાકુબની ત-
થા યોસીની મા મરિયમ, તથા ઝબીદીના દી-
કરાઓની મા હતી.

---

૫૪. "જેટલા ઇશુની ચોકી કરતા હતા" ચાર સિપાઇઓ હતા (યો. ૧૯; ૨૩). ઘણુંકરી એક પહેરામાં ચાર સિપાઇઓ હતા (પ્રે. ૧૨; ૪).

"ખરેખર એ દેવનો દીકરો હતો" તેઓ બધા એમ બોલ્યા; પણ જમાદાર એમ પણ બોલ્યો કે "આ માણસ ખરેખર ન્યાયી હતો" (લુ. ૨૩; ૪૭). "દેવનો દીકરો" એવું વાક્ય તેઓએ સાંભળ્યું હતું (ક. ૪૦, ૪૩), પણ તેનો ખરો અર્થ તેઓ ન સમજ્યા. તેમના કહેવાનો અર્થ એટલોજ હતો કે આ માણસ દેવના જેવો છે.

૫૫. માર્ક ૧૫; ૪૧. લુ. ૮; ૨, ૩ જુઓ. ઇશુના સઘળા ઓળખીતાઓ પણ ત્યાં હતાં (લુ. ૨૩; ૪૯).

૫૬. "મરિયમ માગદાલેણ" ગાલીલના સમુદ્ર પાસે માગદાલા નામનું ગામ હતું (અ. ૧૫; ૩૯), ઘણુંકરી ત્યાંનો રહેવાસી. તેનામાંથી ઇશુએ સાત ભૂત કહાડયાં હતાં (માર્ક ૧૬; ૯. લુ. ૮; ૨).

૫૭. અને સાંજ પડી એટલે યુસફ નામે આરીમ-

"યાકુબની તથા યોસીની મા મરિયમ" ઘણુંકરીને તે કલ્યોપાસની વહુ હતી (યો. ૧૯; ૨૫). તે નાના યાકુબની મા હતી (માર્ક ૧૫; ૪૦), માટે ઘણુંકરીને તેના ધણીનું બીજું નામ અલ્ફી હતું અને આ યાકુબ ઇશુનો એક શિષ્ય હતો. અ. ૧૦; ૩ જુઓ. બીજો યાકુબ તથા યોસી હતા. અ. ૧૩; ૫૫ જુઓ.

"ઝબદીના દીકરાઓની મા" તેનું નામ સાલોમે હતું (માર્ક ૧૫; ૪૦). તેના દીકરા યાકુબ તથા યોહાન ઇશુના શિષ્યો હતા (અ. ૪; ૨૧). એક વખતે ઇશુ પાસે વિનંતી કરવા આવી હતી (અ. ૨૦; ૨૦). કદાચિત તે ઇશુની મા મરિયમની બહેન હશે. યો. ૧૯; ૨૫ જુઓ. તે ઠેકાણે ત્રણ નહિ પણ ચાર બાયડીઓ વિષે લખવામાં આવ્યું છે. યોહાન જેમ પોતાનું નામ (યો. ૧૩; ૨૩: ૧૯; ૨૬, ઇ૦.) તેમ તેની માનું નામ લખતો નથી.

૫૭–૬૬. માર્ક ૧૫; ૪૨—૪૭. લુ. ૨૩; ૫૦–૫૬. યો. ૧૯; ૩૮—૪૨ વાંચો.

ક. ૬૨–૬૬ માં જે વાત લખેલી છે તે ફક્ત માંથ્થીની સુવાર્તામાં વાચવામાં આવેછે.

૫૭. "યુસફ નામે આરીમથાઇનો" નીકોદેમસ, જે સાંહેદ્રીનમાંનો એક સભાસદ હતો (યો. ૩; ૧), તે તેનો મદદગાર હતો (યો. ૧૯;૩૯). યુસફ પણ સાંહેદ્રીનમાંનો એક સભાસદ હતો, અને તે દેવના રાજ્યની વાટ જોતો હતો (માર્ક ૧૫; ૪૩). યાજકોએ ઇશુને

થાઈનો એક દ્રવ્યવાન આવ્યો, જે પોતે પણ
૫૮ ઈશુનો શિષ્ય હતો, તેણે પીલાત પાસે જઈને
ઈશુની લાસ માગી, ત્યારે પીલાતે લાસ સોંપ-

મારી નાંખવાનો મનસુબો કીધો ત્યારે તેણે તેમની સાથે નહોતો (લુ. ૨૩; ૫૧). આરીમથાઈનાં બીજાં નામ રામાથિમ સોફિમ તથા રામા હતાં (૧ સમ. ૧; ૧, ૧૯). તે યરૂશાલેમ પાસે હતું. ત્યાં સમુએલ ભવિષ્યવાદીનો જન્મ થયો.

"એક દ્રવ્યવાન" યશ. ૫૩; ૯; ક. ૬૦ જુઓ.

૫૮. "ઈશુની લાસ માગી" જો કે પીલાતે તે ત્રણ જણના ટાંટિયા ભાંગી નાંખવાનો હુકમ આપ્યો હતો (યો. ૧૯; ૩૧, ૩૨), તોપણ તે અચરત પામ્યો કે, શું ઈશુ એટલામાં મરી ગયો હશે? (માર્ક ૧૫; ૪૪); કારણ કે ઘણુંકરીને ગુન્હેગાર લોક વધસ્તંભે એક બે દહાડા જીવતા રહ્યા: રૂમી લોકના કાયદા પ્રમાણે જે માણસોને વધસ્તંભે જડવામાં આવ્યા, તેમનાં મુડદાં મહારાજાની રજા મળ્યા વગર દાટવામાં આવ્યાં નહોતાં. તે સડી જાય, અથવા પક્ષી તે ખાઈ જાય, ત્યાં સુધી મુડદાં વધસ્તંભપર રહેવા દેવાનો રીવાજ હતો. પણ યહુદીઓને વાસ્તે પુ. ૨૧; ૨૨, ૨૩માં એવો નિયમ ઠરાવેલો હતો, કે એવી લાસ આખી રાત વધસ્તંભપર રહેવા ન દેવી"(યહો. ૧૦; ૨૭ પણ જુઓ), માટે રૂમી લોક યહુદીઓને મુડદાં દાટવા દેતા. વિશેષે કરીને આ વખતે એવી રજા આપવાની જરૂર હતી, કારણકે પાછળનો દિવસ વિશ્રામવાર હતો (યો. ૧૯; ૩૧). આ ત્રણ જણ જલદી મરણ

૫૯ વાની આજ્ઞા કીધી. પછી યુસફે લાસ લઈને
૬૦ સણને ઉજળે લૂગડે તે વિંટાળી. અને ખડકમાં
ખોદાએલી પોતાની નવી કબરમાં તેને મૂકી,
ને, એક મોટો પથ્થર કબરના મોહોપર ગબ-
૬૧ ડાવીને તે ચાલ્યો ગયો. ત્યારે મરિયમ માગદા
લેણ, તથા બીજી મરિયમ ત્યાં કબરની સામે
બેઠી હતી.
૬૨ અને સિદ્ધીકરણને બીજે દહાડે, મુખ્ય યાજ

પામે અને તેમનાં મુડદાં વિશ્રામવારે વધસ્તંભપર ન રહે, એવા હેતુથી તેમના પગ ભાંગી નાંખવાને હુકમ આપેલો હતો. ત્યાર પહેલાં ઈશુ મરી ગયો, માટે તેના પગ ભાંગવાની જરૂર નહોતી, તોપણ તેનું મરણ નક્કી કરવાસારૂ એક સિપાઇએ બાલાથી તેની કુખ વીંધી (યો. ૧૯; ૩૧–૩૪).

૫૯. "સણને ઉજળે લૂગડે" યો. ૨૦; ૫, ૬, ૭ જુઓ. વળી યો. ૧૧; ૪૪ જુઓ.

૬૦. એક પાસેની વાડીમાં આ કબર હતી (યો. ૧૯; ૪૧). લાઝરસની કબર પણ એવી ગુફામાં હતી, અને તે પર પણ એક પત્થર મૂકેલો હતો (યો. ૧૧; ૩૮).

૬૧. "બીજી મરિયમ" એટલે યાકુબ તથા યોસીની મા. માર્ક ૧૫; ૪૭. ક. ૫૬ પરની ટીકા જુઓ.

ત્યાર પછી આ બાયડીઓ સુગંધી પદાર્થો તથા અત્તરો સિદ્ધ કરવા પાછી ગઈ (લુ. ૨૩; ૫૬).

૬૨. "સિદ્ધીકરણને બીજે દહાડે" એટલે વિશ્રામવારને દહાડે, કારણ કે સિદ્ધીકરણનો દહાડો વિશ્રામવારની અગાઉનો દહાડો હતો. માર્ક ૧૫; ૪૨ જુઓ. શુ-

ો તથા ફરોશીઓએ પીલાત પાસે એકઠા થ-
૬૩ ઇને કહ્યું કે, સાહેબ અમને યાદ છે કે, તે ઠગ
જીવતો હતો ત્યારે કહેતો હતો કે, ત્રણ દંહાડા,
૬૪ પછી હું ઉઠીશ. એ માટે ત્રણ દહાડા સુધી
કબરની સંભાળ કરવાની આજ્ઞા કર,
રખે તેના શિષ્યો રાત્રે આવીને તેને ચોરીજાય,
ને લોકોને કહે કે, મુએલાઓમાંથી તે ઉઠ્યો છે,
૬૫ માટે છેલી ભૂલ પહેલી કરતાં મોટી થશે. ત્યારે
પીલાતે તેઓને કહ્યું કે, ચોકીદારો તમારી પાસે
છે, તમે જાઓ, ને તમારી સમજમાં આવે તે

ક્રવારના સાંજના છ વાગ્યાથી તે શનીવારના સાંજના છ વાગ્યા સુધી યહુદી લોકો વિશ્રામવાર ગણતા. ઇશુના દુશ્મનો તે વિશ્રામવાર બરાબર પાળતા નહોતા, પણ તેના મિત્રોએ ચોથી આજ્ઞા પ્રમાણે વિશ્રામ કીધો (લુ. ૨૩; ૫૬).

૬૩. અ. ૨૬; ૬૧ પરની ટીકા તથા યો. ૨; ૧૯, ૨૧ જુઓ. એમ દેખાયછે કે તેઓ ઈશુની વાત બરાબર સમજ્યા, પણ જાણીજોઇને સાંહેદ્રાનની આગળ તેનો ખોટો અર્થ પાડ્યો.

"ઠગ" યો. ૭; ૧૨.

"ત્રણ દહાડા" અ. ૧૨; ૪૦ પરની ટીકા. અ. ૧૬; ૨૧: ૧૭; ૨૩: ૨૦; ૧૯ જુઓ.

૬૪. ઈશુ કબરમાંથી ઉઠશે એવી આશા શિષ્યો રાખતા નહોતા (માર્ક ૧૬; ૧૧. લુ. ૨૪; ૧૧. યો. ૨૦; ૨૪, ૨૫), માટે મુડદું લઈ જવાનો વિચાર તેમના મનમાં નહિ આવે.

૬૫. અ. ૨૮; ૧૪ ઉપરથી માલૂમ પડેછે કે આ ચોકીદારો રૂમી હતા. માટે યાજકો પીલાતની રજા માગતા હતા.

૬૬ પ્રમાણે સંભાળ કરાવો. પછી તેઓ ગયા, ને પત્થરપર મોહોર કરીને, ને ચોકી રાખીને કબરની સંભાળ કરાવી.

પ્રશ્નો.

૧. યહુદાના મરણ વિષે, તથા આકલદમાના વેચાતું લેવા તથા તેના નામ વિષે, જૂદી જૂદી હકિકત જે લખવામાં આવી છે, તેમાં શો શો ફેર દેખાયછે? તેમનો ખુલાસો કરો.

૨. ક. ૯ મીમાં સેહેલાઇથી નહિ સમજાય એવી વાત છે, તે કઇ? તેનો ખુલાસો કરો.

૩. સાંહેદ્રીનની આગળ તથા પીલાતની આગળ યાજકોએ ઈશુ ઉપર જૂઠાં તહોમત મૂકયાં, તે કયાં? એવાં જૂઠાં તહોમત મૂકયાં, તેનું કારણ શું?

૪. પહેલી વાર (ક. ૩૪) ઈશુએ સરકો નહિ પીધો, પછી તેણે સરકો પીધો (યો. ૧૯; ૩૦), તેનું કારણ શું?

૫. ઈશુના વધસ્તંભ ઉપર શું લખેલું હતું? ચાર સુવાર્તામાં આ વિષે ફેર માલૂમ પડે છે, તેનો ખુલાસો કરો.

૬. પીલાતની વહુનું નામ શું?

૭. ઈશુનાં લૂગડાં વિષે એક ભવિષ્યવાત પૂરી થઇ, તે કઇ તથા કોની?

૮. વધસ્તંભ ઉપર ઇશુ જડાએલો હતો ત્યારે જે સાત વાત તે બોલ્યો તે લખેલી છે, તે કઇકઇ?

૨૮ અને વિશ્રામવારની આખેર અઠવાડીઆ-
ના પહેલા દહાડાનો પોહો ફાટવા લાગ્યો, ત્યારે
મરિયમ માગદાલેણ તથા બીજી મરિયમ કબ-

અધ્યાય ૨૮ મો.

૧-૮. માર્ક ૧૬; ૧-૮. લુ. ૨૪; ૧-૧૨. યો. ૨૦; ૧-૧૮ વાંચો.

માર્ક લખી જણાવેછે કે સાલોમે પણ હતી. લુક લખી જણાવેછે કે યોઆના તથા બીજી બાયડીઓ પણ હતી. યોહાન ફક્ત મરિયમ માગદાલેણનું નામ આપેછે. લુક તથા યોહાન લખી જણાવેછે કે પીતર કબર જોવા ગયો. યોહાન લખેછે કે તે વેળા પીતરની સાથે "જે બીજા શિષ્યપર ઈશુએ પ્રેમ કીધો" (એટલે તે પોતે) તે હતો. વળી યોહાન લખી જણાવેછે કે મરિયમ માગદાલેણ વાડીમાં એકલી હતી ત્યારે ઈશુ તેને દેખાયો. ઘણુંકરીને નીચે લખ્યા પ્રમાણે બનાવ બન્યા:—

(૧) મરિયમ માગદાલેણ તથા બીજી મરિયમ તથા બીજી બાયડીઓ મોટી સવારે કબર પાસે આવી. તેઓએ દૂતની સાથે વાત કીધી તથા ખાલી કબર જોઈ.

(૨) તેઓ પીતરને તથા બીજા શિષ્યોને ખબર આપવા દોડી.

(૩) પીતર તથા યોહાન કબર પાસે આવીને પાછા ગયા.

(૪) મરિયમ માગદાલેણ એકલી રહી ત્યારે ઈશુ તેને દેખાયો.

(ખ) મરિયમ માગદાલેણુ સાથે બીજી બાયડીઓ હતી ત્યારે ઇશુ બીજી વાર દેખાયો.

નીકોદેમસે બોળ તથા અગર એકઠાં કરીને તે ઇશુનાં મુડદા ઊપર નાંખ્યાં હતાં (યો. ૧૯; ૩૯, ૪૦); પણ બાયડીઓ સુગંધી વસ્તુઓનો એક ભાગ શુક્રવારની સાંજરે વિશ્રામવાર પહેલાં (એટલે ૭ વાગ્યા પેહેલાં) વેચાતો લઈને (લુ. ૨૩; ૫૬), તથા બીજો ભાગ શનીવારની રાત્રે વિશ્રામવાર પછી (એટલે ૭ વાગ્યા પછી) લઇને (માર્ક ૧૬; ૧), તે કબર પાસે લેતી આવી. યહુદી લોકોમાં એવી દાટવાની રીત હતી. અ. ૧૬; ૧૨ પરની ટીકા તથા યો. ૧૯; ૪૦ જુઓ. તેમને માલૂમ નહોતું કે ત્યાં ચોકીદારો છે, માટે એવો વિચાર ઉઠયો કે અમારે વાસ્તે કબરના મોહોઆગળથી પત્થર કોણ ગબડાવશે? (માર્ક ૧૬;૩).

૧. "વિશ્રામવારની આખરે" એટલે રવિવારની સવારે આશરે ચાર પાંચ વાગ્યા. અહીં હમેશાં પ્રમાણે રાત દિવસ (અ. ૨૭; ૩૫ પરની ટીકા જુઓ) એમ નહિ, પણ દિવસ રાત મળીને એક દહાડો ગણે છે; કારણ કે તેના લખવા ઉપરથી માલૂમ પડે છે કે રવિવારની સવારનો સૂર્યોદય વિશ્રામવારની આખર તથા અઠવાડીઆના પેહેલા દહાડાની શરૂઆત હતી.

"મોહો ફૂટવા લાગ્યો" આ વખતે બાયડીઓ નીકળી આવી. કબર પાસે તેઓ પહોંચી ગઈ ત્યારે સૂરજ ઉગ્યો હતો. (માર્ક ૧૬; ૨).

"બીજી મરિયમ" અ. ૨૭; ૫૬ પરની ટીકા તથા અ. ૨૭; ૬૧ જુઓ. ૧

1 રને જોવા આવી. અને જુઓ મોટો ધરતીકં-
પ થયો, કાંજે પ્રભુનો દૂત આકાશથી ઉતર્યો,
ને પાસે આવીને, કબરના મોહોપરથી પત્થરને
3 ગબડાવીને તેપર બેઠો. અને તેનું રૂપ વિજળી
4 જેવું, ને તેનુ લૂગડું બરફના જેવું ઉજળું હતું. અને
તેના ધાકથી ચોકીદારો ધ્રુજ્યા ને મરણ તોલ
5 થઇ ગયા. ત્યારે દૂતે જવાબમાં તે બાયડીઓને
કહ્યું,તમે બીહોમા, કેમકે વધસ્તંભે જડાએલા ઇ-
6 શુને તમે શોધોછો, એ હું જાણુંછું. તે હિયાં નથી,
કેમકે તેણે જેમ કહ્યું હતું તેમ તે ઉઠ્યો છે, તમે

---

૨. ફક્ત માત્થીની સુવાર્તાંમાં આ ધરતીકંપ વિષે લખેલું છે.

"દૂત આકાશથી ઉતર્યો" બાયડીઓના આવ્યા પહેલાં આ દૂત ઉતર્યો હતો. દૂતોએ શી રીતે ઇશુની સેવા કીધી તે જાણવા માટે અ. ૪; ૧૧. લુ. ૨૨; ૪૩ જુઓ. વળી તે આકાશમાં ચડી ગયો ત્યારે બે દૂતો દેખાયા (પ્રે. ૧; ૧૦). આ વખતે ખરૂં જોતાં ઘણા દૂતો હતા, પણ કોઇવાર એક (માર્ક ૧૬: ૫) કોઈવાર બે દેખાયા (લુ. ૨૪; ૪. યો. ૨૦; ૧૨).

૩. "તેનું રૂપ વિજળી જેવું" દા. ૧૦; ૬ જુઓ.

"તેનું લૂગડું બરફના જેવું ઉજળું" દા. ૭; ૯. માર્ક ૯; ૩ જુઓ.

૫. "તમે બીહોમા" એટલે ચોકીદારોના જેવી તમે બીહિતી ના.

૬. "તેણે જેમ કહ્યું હતું" અ. ૧૬; ૨૧: ૧૭; ૨૩: ૨૦; ૧૯. યો. ૨; ૧૯, ૨૧ જુઓ.

આવો, જ્યાં પ્રભુ સુતો હતો તે જગ્યા જુઓ.
૭ અને વેહેલા જઇને તેના શિષ્યોને કહો કે, મુએ
લાંઓમાંથી તે ઉઠ્યો છે. ને જુઓ, તે તમારી
અગાઉ ગાલીલમાં જાયછે, ત્યાં તમે તેને દેખશો;
૮ જુઓ, મેં તમને કહ્યું છે. ત્યારે તેઓ બીહિકે
તથા ઘણા હરખે, કબરની પાસેથી વેહેલી નીક-
ળીને તેના શિષ્યોને ખબર આપવાને દોડી.
૯ અને તેઓ તેના શિષ્યોને ખબર આપવા જતી
હતી, એટલામાં જુઓ ઇશુએ તેઓને મળીને
કહ્યું, સુખી રહો, ત્યારે તેઓએ પાસે આવીને

"તે ઉઠ્યો છે" પોતાની શક્તિથી ઈશુ ઉઠ્યો. યો. ૨; ૧૯, ૨૧: ૧૦; ૧૭, ૧૮ જુઓ.

"તે જગ્યા જુઓ" એટલે તમને પૂરી ખાતરી થાય કે તે ઉઠ્યો છે એ માટે.

૭. "તેના શિષ્યોને કહો" "તથા પીતરને" એમ માર્ક વધારે લખેછે. ઘણુંકરીને માફી મળવા માટે ઇશુને જોવાનું પીતરને ઘણું મન હતું.

"તે તમારી અગાઉ ગાલીલમાં જાયછે" અ. ૨૬; ૩૨. ક. ૧૦, ૧૬ જુઓ.

ઇશુના શિષ્યો ગાલીલના રેહેવાસીઓ હતા માટે પાસ્ખા પર્વ પૂરૂં થયા પછી ઘરે પાછા જવાના હતા.

૯, ૧૦. મરિયમ માગદાલેણ તથા બીજી બાયડીઓને ઇશુ દેખાયો, તે ફક્ત માત્થીની સુવાર્તામાં વાંચવામાં આવેછે. આ વખત પેહેલાં એકલી મરિયમ માગદાલેણને તેણે દર્શન આપ્યું હતું (યો. ૨૦; ૧૪). હમણાં તેની સાથે બીજી મરિયમ, સાલોમે, યોઆ-

ના તથા બીજી બાયડીઓ હતી (માર્ક ૧૬; ૧. લુ. ૨૪; ૧૦). પીતર તથા યોહાનને ખબર મળી હતી; પણ તેઓ બીજા શિષ્યોને ખબર આપવા જતી. ક. ૧–૮ પરની ટીકા જુઓ.

તેના ઉઠયા પછી ઈશુ ચાળીશ દિવસની અંદર કોને દેખાયો તેની હકિકત નીચે લખેલી છેઃ—

(૧) એકલી મરિયમ માગદાલેણુને. યો. ૨૦; ૧૪. માર્ક ૧૬; ૯.

(૨) મરિયમ માગદાલેણુ, બીજી મરીયમ તથા બીજી બાયડીઓને. મા. ૨૮; ૯.

(૩) પીતરને. લુ. ૨૪; ૩૪. ૧ કર. ૧૫; ૫.

(૪) ઈમાશ કહેવાએલા ગામ તરફ જતા કલીઓપાસ તથા એક બીજા માણુસને. લુ. ૨૪; ૧૩–૩૫.

(૫) યરૂશાલેમમાં શિષ્યોને; તે વખતે થોમા નહોતો. માર્ક ૧૬; ૧૪. લુ. ૨૪; ૩૬. યો. ૨૦; ૧૯.

(૬) યરૂશાલેમમાં અગીઆર શિષ્યોને. યો. ૨૦; ૨૬.

(૭) તીબેરયસના સમુદ્રને કાંઠે પીતર, થોમા, નાથાનાએલ, યાકુબ, યોહાન તથા બીજા બે શિષ્યોને. યો. ૨૧; ૧–૨૪.

(૮) ગાલીલના એક પહાડપર અગીઆર શિષ્યોને. મા. ૨૮; ૧૬.

(૯) પાંચસે કરતાં વધારે ભાઇઓને. કદાપિ (૮) તથા (૯) એજ છે. ૧ કર. ૧૫; ૬.

(૧૦) પ્રભુના ભાઈ યાકુબને. ૧ કર. ૧૫; ૭.

(૧૧) યરૂશાલેમ પાસે આકાસમાં ચઢતી વખતે

૧૦ તેના પગ પકડયા, ને તેનું ભજન કીધું. ત્યારે ઇશુ તેઓને કહેછે બીહોમા, જાઓ, મારા ભાઇઓને કહો કે, તેઓ ગાલીલમાં જાય, ને ત્યાં તેઓ મને દેખશે.

૧૧ અને તેઓ જતી હતી, ત્યારે જુઓ, ચોકીદારોમાંથી કેટલાએક નગરમાં જઇને, જે જે

આગીઆર શિષ્યોને. માર્ક ૧૬; ૧૯, ૨૦. લુ. ૨૪; ૫૦. પ્રે. ૧; ૩–૧૨. ૧ કર. ૧૫; ૭.

૯. "તેના પગ પકડયા" ઇશુએ મરિયમ માગદાલેણને કહ્યું હતું કે મને અડક મા (યો. ૨૦; ૧૭); તોપણ આ વખતે બીજી બાયડીઓની સાથે ઘણી પ્રીતિને લીધે તેણે એમ કર્યું.

"તેનું ભજન કીધું" ફક્ત પરમેશ્વરનું ભજન કરવું યોગ્ય છે. પ્ર. ૧૦; ૨૫, ૨૬: ૧૪; ૧૩, ૧૫. પ્રક. ૧૯; ૧૦: ૨૨; ૮, ૯ જુઓ. ઈશુ પોતે પરમેશ્વર છે.

૧૦. "મારા ભાઇઓને" એટલે મારા શિષ્યોને. અ. ૧૨; ૪૯, ૫૦. રૂ. ૮; ૨૯. હેબ. ૨; ૧૧ જુઓ.

"ત્યાં તેઓ મને દેખશે" ક. ૧૬ જુઓ. તોપણ ત્યાર પહેલાં યહુદાહમાં ઇશુએ તેમને દર્શન આપ્યું. ૧ક. ૯, ૧૦ પરની ટીકા જુઓ.

૧૧–૧૫. અહીં જે વાત લખેલી છે તે ફક્ત માત્થીની સુવાર્તામાં લખવામાં આવેછે.

૧૧. "મુખ્ય યાજકોને" અ. ૨; ૪ પરની ટીકા જુઓ. ઇશુ મરી ગએલાઓમાંથી ઉઠયો છે, એ વાત વિશેષે કરીને મુખ્ય યાજકોને આફતે ભરેલી લાગે, કારણ કે તેમનો ઘણોખરો ભાગ સાદુકીના પંથમાં હતો (પ્રે. ૫; ૧૭),

૧૨ થયું, તે સઘળું મુખ્ય યાજકોને કહ્યું. ત્યારે તે-
ઓએ વડીલો સુદ્ધાં એકઠા થઇને તથા મનસુ-
બો કરીને, તે સિપાઇઓને ઘણું નાણું આપી
૧૩ ને કહ્યું કે, તમે એમ કહો, અમે ઉંઘતા હતા
ત્યારે તેના શિષ્યો રાત્રે આવીને તેને ચોરી ગયા.
૧૪ અને જો એ વાત હાકેમના કાનમાં પહોંચશે,
૧૫ તો અમે તેને સમજાવીને તમને બચાવીશું. પછી
તેઓએ નાણું લીધાં, ને શીખવ્યા પ્રમાણે કી
ધું; ને એ વાત યહુદીઓમાં પ્રગટ થઇ ને આજ
સુધી ચાલતી આવેછે.

માટે તેમના મત પ્રમાણે પુનરુત્થાન નથી. અ. ૨૨; ૨૩. પ્રે. ૪; ૧, ૨ જુઓ.

૧૨. એટલે સાંહેદ્રીનની એક સભા ભરવામાં આવી.

૧૩. રૂમી કાયદા પ્રમાણે કોઈ સિપાઇ ચોકી કરતી વખતે ઉંઘે તો તે મરણને પાત્ર થતો. ક. ૧૪. પ્રે. ૧૨; ૧૯ જુઓ.

ઉપરથી ચોકીદારોની વાત જૂઠી જણાય છે, કારણ કે (૧) તેઓ ઉંઘતા હતા તો શું થયું, તે તેઓ શી રીતે જાણે? (૨) શિષ્યો મુડદું નહીં લઇ જાય એવાજ હેતુથી કબરની સંભાળ રખાવી હતી (અ. ૨૭;૬૪); (૩) ઈશુ કબરમાંથી ઉઠશે એવી આશા શિષ્યો રાખતા નહોતા (માર્ક ૧૬; ૧૧. લુ. ૨૪; ૧૧. યો. ૨૦; ૨૪, ૨૫), માટે મુડદું લઈ જવાનો વિચાર તેમના મનમાં નહીં આવે; (૪) મુડદું લઈ જવાની હિંમત તેમનામાં નહોતી (અ. ૨૬; ૫૬).

૧૪. "તેને સમજાવીને" એટલે લાંચ આપવાથી.

૧૫. "એ વાત" એટલે ઇશુના શિષ્યો રાત્રે આવીને તેને ચોરી ગયા (ક. ૧૩) તે વાત.

૧૬ ત્યારે અગીઆર શિષ્યો ગાલીલમાં એક પહાડ
પર જ્યાં ઇશુએ તેઓને [જવાનું] ઠરાવ્યું હતું,
૧૭ ત્યાં ગયા. અને તેઓએ તેને જોઇને તેનું ભજન

"યહુદીઓમાં...... આજસુધી ચાલતી આવેછે" વિશેષે કરીને યહુદીઓને વાસ્તે માત્થીએ તેનું પુસ્તક રચ્યું, માટે જે ખરી વાત બની તે તેણે લખી. એવી જૂઠી વાતને લીધે ઇશુની સુવાર્ત્તા ફેલાઇ જવામાં અડચણ પડી.

૧૬, ૧૭. આ વખતે ઇશુ અગીઆર શિષ્યોને દેખાયો તે વાત ફક્ત માત્થીની સુવાર્ત્તામાં વાંચવામાં આવે છે.

૧૬. આ પહાડપર તેમનું જવાનું ઇશુએ કયારે ઠરાવ્યું તે વિષે ખબર નથી. અ. ૨૬; ૩૨. ૨૮. ૭, ૧૦ ઉપરથી એટલુંજ માલૂમ પડેછે કે તેણે તેમને ગાલીલમાં જવાનું કહ્યું હતું.

૧૭. "કેટલાએક સંદેહ લાવ્યા" એમ જણાયછે કે તેના ઉઠયા પછી ઇશુનો દેખાવ બદલી ગયો હતો, કારણ કે એકવાર મરિયમ માગદાલેણે, બીજીવાર તેના શિષ્યોએ ઇશુને નહીં ઓળખ્યો (યો. ૨૦; ૧૪: ૨૧; ૪). આ વખતે જ્યારે ઈશુ છેટેથી આવતો ત્યારે કેટલાએક શિષ્યો એકદમ તેને ઓળખી કાઢતા, પણ કેટલાએક આ ઇશુ છે કે નહિ એવા શકમાં પડયા. ઇશુ પાસે આવ્યો ત્યારે અલબત તેમનો શક જતો રહ્યો: ઇશુ ઉઠયો હતો તે તેઓ જાણતા હતા (ક. ૯, ૧૦ પરની ટીકા જુઓ). પહેલવહેલાં ઈશુના ઉઠયા વિષે તેના શિષ્યો અને વિશેષે કરીને થોમા શકમાં

૧૮ કીધું, પણ કેટલાએક સંદેહ લાવ્યા. ત્યારે ઇસુએ
પાસે આવીને તેઓને કહ્યું કે, આકાશમાં તથા
૧૯ પૃથ્વીપર સર્વ અધિકાર મને મળ્યો છે. એ માટે
તમે જઇને મારા શિષ્ય થઈ રહે તેવી રીતે સર્વ
દેશનાઓને શીખવો; બાપ, તથા દીકરો તથા પ

પડ્યા હતા (માર્ક ૧૬; ૧૧. લુ. ૨૪; ૧૧. યો. ૨૦; ૨૪, ૨૫).

૧૮. આ વખતે જે વાતચિત થઈ તે બધી અહીં લખેલી છે, એમ નહિ સમજવું (યો. ૨૧; ૨૫).

"સર્વ અધિકાર મને મળ્યો છે" અ.૧૧;૨૭.ફિલ. ૨; ૯, ૧૦ જુઓ.

૧૯. "સર્વ દેશનાઓને" વિશેષે કરીને યહુદીઓને વાસ્તે માથ્થીએ તેનું પુસ્તક રચ્યું, તોપણ તે લખી જણાવે છે કે ઇશુની સુવાર્તા વિદેશી લોકોની આગળ પણ પ્રગટ થવાની છે. પહેલીવાર ઇશુએ તેના શિષ્યોને સુવાર્તા પ્રગટ કરવા બહાર મોકલ્યા, ત્યારે તેણે તેમને વિદેશી અથવા સમારી લોકો પાસે જવાની મના કીધી હતી (અ. ૧૦; ૫).

"બાપ.....બાપ્તિસ્મા આપતા જાઓ" આ વાત ઉપરથી માલૂમ પડે છે કે દેવપણામાં ત્રણ 'જે' અને તેઓ સર્વ રીતે સરખા છે. ૨ કર. ૧૩; ૧૪ જુઓ.

બાપ્તિસ્મા વિષે જાણવા માટે અ. ૩; ૬ પરની ટીકા જુઓ. યહુદી થએલાં માણસોને યહુદી લોકો બાપને નામે બાપ્તિસ્મા આપતા, પણ ખ્રીસ્તી લોક આ ત્રણ નામે બાપ્તિસ્મા કરતા. યોહાન બાપ્તિસ્મા કરનારની વખતે બાપ્તિસ્મા ફક્ત પસ્તાવો કરવાની

વિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આ-
૨૦ પતા જાઓ. મેં તમને જે જે આજ્ઞા કીધી તે
સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; ને જુઓ,
જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું:
આમેન.

નિશાની હતી, પણ હમણાં પરમેશ્વરની સાથે મેળા-
પ થયો છે એમ તે બતાવતું. અહીં ત્રણ નામે બા-
પ્તિસ્મા આપવાનો હુકમ છે, તોપણ પ્રે. ૨; ૩૮: ૮;
૧૯: ૧૦; ૪૮: ૧૯; ૫ માં એમ લખેલું છે કે ખ્રી-
સ્તને નામે લોકનું બાપ્તિસ્મા થતું હતું. તેનું કારણ
એ છે કે ત્રણ નામે અથવા ફક્ત ખ્રીસ્તને નામે
બાપ્તિસ્મા આપવું તે સરખુ છે; કેમકે ખ્રીસ્તમાં દે-
વપણાની સર્વ સંપૂર્ણતા રહેલી છે (કલ. ૨; ૯).
૨૦. "આમેન" આ શબ્દનો અર્થ "એમ થાઓ" એવો
થાયછે. તેના ઉઠયા પછી ઇશુ પૃથ્વીપર ચાળીશ દ-
હાડા રહીને આકાશમાં ચહડી ગયો (પ્રે. ૧; ૩, ૯),
તે વાત માત્થી લખતો નથી.

પ્રશ્નો.

૧. કોણ કોણ બાયડીઓ ઈશુની કબર જોવા ગઇ?

૨. મરિયમ માગદાલેણ, સાલોમે, યોઆના, "બીજી મરીયમ," તે કોણ કોણ હતી?

૩. તેના ઉઠયા પછી ઈશુ કોને કોને દેખાયો?

૪. ઈશુની કબર પાસે કેટલા દૂતો હતા?

૫. બાપ્તિસ્માનો સંસ્કાર ક્યારે ને શી રીતે સ્થાપન થયો?

૬. ફેરિતોનાં કૃત્યના પુસ્તકમાં કોના બાપ્તિસ્મા વિષે વાંચવામાં આવેછે? બાપ તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે તેમનું બાપ્તિસ્મા થયું કે નહીં? નહીં થયું તો શા વાસ્તે?

૭. જે ખબર ચોકીદારોએ આપી તે મુખ્ય યાજકોને ઘણું કરીને બહુ ખરાબ લાગી, તેનું કારણ બતાવો.

શુદ્ધિ પત્રક.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧	૧૫	વાતો.	વાતો નીચે લખવામાં આવ્યાં છે:—
૧૪	૨	ગાલક્ષ	ગાલીલ
૨૧	છેલ્લી	સૂળ	મૂળ
૨૪	૧૩	બે ઉજુદા	બેઉ જુદા
૨૭	૧૭	એને	એ અને
૨૮	૧૦	લુકનો	લુકની
૩૦	૨૦	માક	માર્ક
૩૨	૨	જકાને	જકોને
૩૯	૨૧	માસણુ	માણુસ
૪૦	૧૦,૧૧	આશા	આશાની વાત
૪૨	૧૧	હાલવાનાર	હોલવાનાર
૪૬	૫	રોટીથી	રોટલીથી
૪૭	૨૦	વિશ્વવાસ	વિશ્વાસ
૫૧	૧૯	૩ જન સભાના	ત્રણ જણ સભાના
,,	,,	માર્ક ૫;૨.	માર્ક ૫; ૨૨.
,,	૨૩	૩.	ત્રણ
૫૩	૪	જ્	જે
,,	૧૧	"તે બેઠાપર"	" તે બેઠો "
૫૫	૨૩	પોતાને	પોતે
૫૯	૧૯	તેમને	(રદ કરો)
૬૦	૪	ખાઓ;	ખાઓ.
,,	૨૫-૨૭	(કંઈજ- - -જોઇએ.)	(આ બધું રદ કરો)
૬૩	૧૦	આ લીટી આગળ ૪૫ મુકવું.	

૬૩	૧૧	૪૫	(રદ કરો)
૯૨	૨૨	શોકને	શોક ને
૯૫	૫	આ	એ
,,	૧૯	રેતીને	રેતી ને
૯૯	૨૬	એજ માણસ.	એજ માણસનાં એવાં ત્રણ નામ છે
૧૦૩	૬	પેરણા	પ્રેરણા
૧૦૫	૧	બધાઓ	ધાબાઓ
૧૦૭	૧	ખાશે	ખોશે
૧૧૦	૨૪	જોરયી	જોરથી
[illegible]	૮	ક	કે
૧૧૯	૨	અ	એ
,,	૧૩	છુંદલું	છુંદેલું
૧૨૦	૧૫	તેતુ	તેનું
૧૫૨	૯	જાણુતી	જાણુતી નહોતી
૧૫૪	૨૫	એટલે છોકરાંના ધણીઓ.	(રદ કરો)
૧૫૭	૨૦	બનેછે	બનેછે, જેમકે દુઃખ, વિપત્તિ વગેરે,
૧૬૮	૧૫,૧૬		આ બે લીટી રદ કરો
૧૯૭	૬	કોઇઅ	કોઇએ
,,	,,	ક	કે
૨૦૦	૭,૮	બાયડીએ ન	બાયડીઓને
૨૦૫	૨	તેના	તેના
૨૩૧	૧૩	જાણિગે	જાણિયે
૨૩૭	છેલ્લી બે	એ મુાખ્નાવી	એક માનતી
૨૩૯	૨૨	કરી	પાળી

૨૭૮	૧૭	પરમશ્વરનો	પરમેશ્વર તો
૨૮૦	૮	પરઇશ્વરની	પરમેશ્વરની
૨૯[illegible]	૧૧	હેખ	હેખ
૩૦૦	૧૧	એક	એક
૩૦૭	૨૦	છાંટયો	છાટયું
૩૨[illegible]	૧૪	ડબલો	ડગલો
૩૨[illegible]	૮	થઠા	દહા
૩૨[illegible]	૨૨	દેશામાં	દેશમાં
૩૩૦	૪	તેણે	તે
,,	૨૪	દેતો	દેતા
૩૪૧	૭	ફેલ ઈ	ફેલાઈ

સમાપ્ત.